# હઝરત અલી (અલ.)ના મોઅજિઝાઓ

: લેખક :

મૌલાના સૈયદ

મોહમ્મદ સરદારઅલી

# : લેખક :

# ઈબ્રાહીમ બી. પટેલ,

# ભરુચ


: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| મોઅજિઝા | વિગત | પેજ નં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૨૩ |
| ૧ | આપની વિલાદતથી પહેલાંનો (જન્મ અગાઉનો) મોઅજિઝો | ૪૨ |
| ૨ | અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.)ના માટે ખાનએ કાબાની દીવાલ ફાટી ગઈ અને દરવાજો બની ગયો | ૪૬ |
| 3 | અલી (અલ.)ના નામ મુબારકની લોહ (તખ્તી) જન્નતથી આવી | ૫૦ |
| ૪ | સિંહ અબુતાલિબના પગોમાં આળોટવા લાગ્યો | ૫૩ |

| | | |
|---|---|---|
| ૫ | હઝરત અલી (અલ.)ના દુશ્મન ઉપર આકાશમાંથી પથ્થર પડ્યો અને પેટની નીચેથી નીકળી ગયો | ૫૬ |
| ૬ | હઝરત ઈમામ હસન (અલ.)ની માંગણી ઉપર જન્નતથી અનાર મંગાવી દીધાં | ૬૬ |
| ૭ | તે પથ્થર શોધી આપો, જેના ઉપર છ અંબિયાના નામો કોતરેલાં છે. જો આપ ઈમામ હોય | ૬૮ |
| ૮ | શુશ નામના શહેરમાં હઝરત દાનિયાલ (અલ.)ની લાશ બહાર આવી તેની | ૭૩ |

| | | |
|---|---|---|
| | પરિસ્થિતિનો સંપૂર્ણ અહેવાલ હઝરત અલી (અલ.) એ બતાવી આપ્યો | |
| ૯ | કબરમાંથી ઊઠી મુરદાએ કહ્યું: અસ્સલામો અલયકૂમ યા વસીઉલ્લાહ | ૭૯ |
| ૧૦ | મધમાખીએ હઝરત રસૂલે ખુદાની રિસાલત અને હઝરત અલી મુરતઝાની વિલાયતની સાક્ષી આપી | ૮૪ |
| ૧૧ | જાદુગર સ્ત્રી એક જ રાતમાં ઈરાકથી હિંદુસ્તાન જાય છે | ૮૭ |
| ૧૨ | નેહરે ફુરાતની માછલીઓએ આપની વિલાયત અને ખુદા તરફથી હુજ્જત (દલીલ) | ૯૨ |

| | | |
|---|---|---|
| | હોવાની ગવાહી આપી | |
| ૧૩ | અલી (અલ.)થી અદાવત રાખનારા વ્યક્તિનું મોં કાળું થઈ જવું | ૯૬ |
| ૧૪ | ઈમામતનો ઈન્કારી ઝાલીમ અને કંજુસ પુરુષમાંથી કૂતરો બની ગયો | ૯૮ |
| ૧૫ | હઝરત સલમાન ફારસી રઝિયલ્લાહો તઆલા અન્હોની નમાઝે જનાઝા હઝરત અલી (અલ.) એ પઢાવી | ૧૧૩ |
| ૧૬ | આશ્ચર્યચકિત કરી દે એવો એક ઐતિહાસિક ચૂકાદો | ૧૨૧ |
| ૧૭ | હઝરત અમીરૂલ | ૧૩૨ |

| | | |
|---|---|---|
| | મોઅમેનીનનો એક બાળપણનો મોઅજિઝો | |
| ૧૮ | હઝરત અલી (અલ.)નો દુશ્મન મસ્જિદમાં ગયો, તરત જ આંધળો થઈ ગયો | ૧૩૪ |
| ૧૯ | લોખંડનો મોટો ખૂંટો હઝરત અલી (અલ.) ના હાથમાં આવતાં મુલાયમ થઈ ગયો | ૧૩૬ |
| ૨૦ | મોઢું (શકલ) કૂતરા જેવું પરંતુ કાન ઈન્સાનો જેવા | ૧૪૨ |
| ૨૧ | હઝરત અલી (અલ.)ના હુકમથી પેટની અંદરના બાળકે બધું જ બતાવી દીધું | ૧૫૨ |
| ૨૨ | હબશી ગુલામના કપાયેલા હાથ જોડી આપ્યા | ૧૬૨ |

| | | |
|---|---|---|
| ૨૩ | રસુલુલ્લાહ (સલ.)ના હુકમથી અલી (અલ.)એ મુરદાને જીવતાં કર્યાં | ૧૬૭ |
| ૨૪ | લશ્કરની સંખ્યા ૧૨૦૦૧ હતી | ૧૬૯ |
| ૨૫ | અમીરૂલ મોઅમેનીન (અલ.)ની સાથે જુઠું બોલનારો આંધળો થઈ ગયો | ૧૭૧ |
| ૨૬ | અલી (અલ.)એ કહ્યું : જા કૂતરા ! મારાથી દૂર થઈ જા, તે કૂતરો બની ગયો | ૧૭૩ |
| ૨૭ | સુબ્હાનલ્લાહિલ અઝીમ | ૧૭૭ |
| ૨૮ | ઊંટના માથા જેટલું અજગરનું મોઢું હતું | ૧૮૦ |
| ૨૯ | કદીપણ અલીની બરાબરી ન | ૧૮૯ |

| | | |
|---|---|---|
| | કરશો નહીં તો બરબાદ થઈ જશો | |
| ૩૦ | સાપે જનાબ અલી (અલ.)ની સાથે વાતચીત કરી | ૧૯૧ |
| ૩૧ | ખોપરીવાળી મસ્જિદ | ૧૯૪ |
| ૩૨ | હિજરતની રાતે હઝરત અલી (અલ.)ની અજોડ કુરબાની - અલી બિસ્તરે રસૂલ ઉપર એવી રીતે સૂતા કે લોકો રાતભર એમ સમજતા રહ્યા - પેગંબર સૂતેલા છે | ૧૯૬ |
| ૩૩ | મલઉન અઝલી મર્ઈહ બિન કૈસની કતલ | ૨૦૩ |
| ૩૪ | એક પ્યાલા પાણી વડે સમગ્ર લશ્કરની પ્યાસ છીપાવી | ૨૦૫ |

| | | |
|---|---|---|
| | દીધી | |
| ૩૫ | હઝરત અલી (અલ.)ની સાથે અદાવત રાખનારને સજા મળી | ૨૦૯ |
| ૩૬ | અહીં લૂલા લંગડા બધા જ ઠીક થઈ જાય છે | ૨૨૬ |
| ૩૭ | શમઉન અસ્સેફાની ભવિષ્યવાણી | ૨૨૯ |
| ૩૮ | હઝરત અલી (અલ.)ની સાથે વૃક્ષો પણ નમાઝ પઢવા લાગ્યા | ૨૩૨ |
| ૩૯ | કમાન હઝરત અલી (અલ.)ના હાથમાંથી પડતાં જ અજગર બની ગઈ | ૨૩૪ |
| ૪૦ | ફકીરે જ્યારે મુઠ્ઠી ખોલી તો | ૨૩૭ |

| | | |
|---|---|---|
| | દસ દિનાર સૂર્ખ (લાલ) એની મુઠ્ઠીમાં હતા | |
| ૪૧ | નાસેબી કૂતરાની શકલમાં ફેરવાઈ ગયો | ૨૪૧ |
| ૪૨ | હઝરત અમીરૂલ મોઅમેનીનને બુરૂં કહેનારને ઊંટે કચડી નાખ્યો | ૨૪૫ |
| ૪૩ | હઝરત અલી (અલ.)ની સમક્ષ જુઠ બોલનારો આંધળો થઈ ગયો | ૨૪૬ |
| ૪૪ | શેરના ઝખ્મી પંજાને મૌલા અલીની કબર ઉપર આરામ મળી ગયો | ૨૪૮ |
| ૪૫ | હઝરત અલી (અલ.)ના રોઝા મુબારકની સાથે | ૨૫૧ |

| | | |
|---|---|---|
| | બેઅદબી કરનાર હબશી ગુલામના શરીરનું ગોશ્ત ફાટી ગયું | |
| ૪૬ | હઝરત અલી (અલ.)ની કબર મુબારકની કરામાત જોઈને બાદશાહ હારૂન રશીદ આશ્ચર્યચકિત થઈ ગયો | ૨૫૯ |
| ૪૭ | અમારી સાથે ખુદાનો સિંહ છે જેનું નામ અલી છે | ૨૬૪ |
| ૪૮ | હઝરત અલી (અલ.)નું મુલકે અઝીમની સૈર કરાવવું | ૨૭૪ |
| ૪૯ | હઝરત અલીના લુઆબે દહનનો (મોંના થુંકનો) મોઅજિઝો | ૨૭૮ |
| ૫૦ | ફૂરાત નદીના તોફાનથી | ૨૮૧ |

| | | |
|---|---|---|
| | શહેરવાસીઓને બચાવી લીધા | |
| ૫૧ | સ્ત્રીઓની ફરિયાદ ઉપર હઝરત અલી (અલ.)એ મદદ કરી | ૨૮૪ |
| ૫૨ | અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) ઘોડા ઉપર સવાર થતાં થતાં પુરૂં કુઆર્ન પઢી લેતા હતા | ૨૯૧ |
| ૫૩ | હઝરત અલી (અલ.)ના હાથોમાં કાંકરીઓ મોતી બની ગઈ | ૨૯૪ |
| ૫૪ | શેરનું હઝરત અલી (અલ.)ને સિજદો કરવું | ૨૯૬ |
| ૫૫ | હઝરત અલી (અલ.)એ | ૨૯૭ |

| | | |
|---|---|---|
| | પારણામાં સાપનું મોં ચિરી નાખ્યું | |
| ૫૬ | અમીરૂલ મોઅમેનીને જિન્નો પાસેથી યહુદીનો માલ પાછો અપાવ્યો | ૨૯૯ |
| ૫૭ | હઝરત અલી (અલ.) નું પોતાના ઘરની છત ઉપરથી જિબ્રઈલના પરોની અવાજ સાંભળવું | ૩૦૪ |
| ૫૮ | હઝરત અલી (અલ.) મદદ ન કરત તો સિંહ ખાઈ જાત | ૩૦૬ |
| ૫૯ | અલી (અલ.)ને જોઈને જિન ઘટીને ચકલીના સ્વરૂપમાં આવી ગયો | ૩૧૦ |
| ૬૦ | હઝરત અલી (અલ.)ની | ૩૧૩ |

| | | |
|---|---|---|
| | નમાઝ માટે બે વખત સુરજ પલટી આવ્યો | |
| ૬૧ | આજે પણ હઝરત અલી (અલ.)નું નામ સાંભળીને ઝાલિમ ઈન્કારીના ઝખ્મ (ઘાવ) ફાટી જાય છે | ૩૨૦ |
| ૬૨ | દરેક લાશ ઉપર ફક્ત એક જ તલવારના વારનું નિશાન હતું | ૩૨૩ |
| ૬૩ | અલીનું નામ લેતાં જ કૂવાનું પાણી ઉછળવા લાગે છે. મોજાં ઉત્પન્ન થાય છે. | ૩૨૭ |
| ૬૪ | દેવબંદી વિચાર ધારાના પ્રખ્યાત મવલાના અશરફઅલી થાનવીની માને | ૩૩૨ |

| | | |
|---|---|---|
| | એક અલ્લાહવાળાએ કહ્યું હતું કે હવે પછી જે બાળક પેદા થાય તેને અલીને સોંપી દેજો, જીવતું રહેશે | |
| ૬૫ | અલીની મન્નતનો દોરો જ્યારથી પહેર્યો છે, મારા જીવનમાં એક નવી શક્તિનો સંચાર અને પ્રકાશ પેદા થયા છે. એક ઈસાઈ ખાતુનનો ઈન્ટરવ્યુ | ૩૩૭ |
| ૬૬ | મૌલા અલીના રોઝા મુબારક “નજફ-ઈરાક” માં આજે પણ મોઅજિઝા થાય છે | ૩૪૧ |
| ૬૭ | હઝરત અમીરૂલ મોઅમેનીને જન્નત અને જહન્નમની જલક | ૩૯૦ |

| | | |
|---|---|---|
| | બતાવી | |
| ૬૮ | યા અલી ! તમારા દુશ્મનોને હલાક કેમ નથી કરતા ? અગર આપ બા-કરામાત છો! | ૩૯૨ |
| ૬૯ | અમીરૂલ મોઅમેનીને એલાન ફરમાવ્યું : રસુલુલ્લાહ (સલ.)નો કોઈ વ્યક્તિથી કોઈ વાયદો હોય અથવા કરઝ હોય તો તે માણસ મારી પાસે આવે. | ૪૦૦ |
| ૭૦ | હું સાત આસમાનો, ફરિશ્તા અને અંબિયાને જોઉં છું | ૪૦૮ |
| ૭૧ | બદબખ્ત ઈબ્ને મુલજિમને સજા | ૪૧૦ |
| ૭૨ | મરહબ પહેલવાનની દાયાની | ૪૧૬ |

| | | |
|---|---|---|
| | ભવિષ્યવાણી | |
| ૭૩ | ખલીફાનું સ્વપ્ન | ૪૨૦ |
| ૭૪ | અમીરૂલ મોઅમેનીનની ભવિષ્યવાણી | ૪૨૩ |
| ૭૫ | હઝરત અલીએ ફરમાવ્યું : અજગરનો ભય મરતાં સુધી ઉમરના દીલમાં રહેશે | ૪૨૭ |
| ૭૬ | અમીરૂલ મોઅમેનીનના ખ્વાબી મોઅજિઝા | ૪૩૯ |
| ૭૭ | હઝરત અમીરૂલ મોઅમેનીનનું સૂરજની સાથે વાતચીત કરવું | ૪૪૨ |
| ૭૮ | પ્યાલાનું વર્ણન | ૪૪૯ |
| ૭૯ | જાજમવાળી હદીસ અને અસહાબે કહફ | ૪૫૪ |

| | | |
|---|---|---|
| ૮૦ | બાદશાહ નૌશેરવાનનું જીર્ણ - જર્જરીત માથું વાતચીત કરતું થયું | ૪૬૪ |
| ૮૧ | બે નવાઈ પમાડે એવી માછલીઓ | ૪૭૧ |
| ૮૨ | મુશ્કિલ કુશાઈ | ૪૭૫ |
| ૮૩ | મુદરક બિન હનઝલાને ફરીથી જીવતા કર્યા | ૪૮૮ |
| ૮૪ | હઝરતનું ઊંટ પાસે ફેંસલો કરાવવું | ૫૦૪ |
| ૮૫ | હઝરતનું શેતાનના પરપૌત્રને કતલ કરવું | ૫૦૮ |
| ૮૬ | એક આશ્ચર્યજનક કિસ્સો મઆવીયાની મૂછોના બાલ તોડી નાખ્યા | ૫૧૯ |

| | | |
|---|---|---|
| ૮૭ | સયરફીના ચહેરાનું ખરાબ થઈ જવું | ૫૨૪ |

# પ્રસ્તાવના

**બિસ્મીલ્લા હિર્રહમા નિર્રહીમ**

હઝરત અલી(અલ.) એક મોઅજિઝાનુમા શખ્શીયત હઝરત અલી (અલ.) સ્વયં અલ્લાહનો એક મોઅજિઝો છે. આ એક પ્રખ્યાત અને માન્ય હદીસ છે કે પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું :

"અલી એ તમામ અંબિયાની મદદ ગાએબાના (અદૃશ્ય રહીને) કરી છે. પરંતુ મારી મદદ આપે શરીર અને રૂહ સાથે કરી છે."

હઝરત અલી (અલ.)એ અલ્લાહના હુકમથી તમામ નબીઓની મદદ અદૃશ્ય રહીને કરી છે, જ્યારે પેગંબરે ઈસ્લામની મદદ પ્રત્યક્ષ રીતે કરી છે.

હદીસે નૂર પ્રખ્યાત છે, જે હદીસ શીયા સુન્ની બંને બિરાદરીની કિતાબોમાં મોજુદ છે. પેગંબરે ઈસ્લામ (સલ.)એ ફરમાવ્યું :

"આદમના પેદા થતાં અગાઉ ચાર હજાર વર્ષથી હું અને અલી અલ્લાહની સમક્ષ એક જ નૂરમાં હતા. જ્યારે અલ્લાહે આદમને પેદા કર્યા ત્યારે અમે તેમની પીઠમાં હતા, જ્યારે ઈબ્રાહીમને આગમાં નાખવામાં આવ્યા ત્યારે અમે તેમની પીઠમાં હતા, આ જ રીતે અમને અલ્લાહતઆલા પાક અને પવિત્ર પીઠોમાંથી પાક અને પવિત્ર અરહામોમાં (રહમ એટલે પેટ - અરહામ બહુ વચન છે) ફેરવતો રહ્યો. અહીં સુધી કે અમે બંને અમારા બુઝૂર્ગ જદ્દ (દાદા) અબ્દુલ મુત્તલિબની પીઠમાં આવ્યા. અહીંથી આ નૂર બે ભાગમાં વહેંચાઈ ગયું. હું મારા બુઝૂર્ગ વાલીદ (પિતાજી) હઝરત

અબ્દુલ્લાહ (અલ.)ની પીઠમાં અને અલી મારા ચાચા (કાકા) અબુ તાલિબ (અલ.)ની પીઠમાં ફેરવાયા." અલી રૂહાનીયતનો ખજાનો છે.

અત્યારનું ભૌતિકવાદી વિશ્વ રૂહાનિયતનો વિરોધ કરે છે. એટમી દુનિયાનો ઈન્સાન ખુદાએ બુઝુર્ગની કુદરતો, મોઅજિઝા અને કરામતોનો ઈન્કાર કરતો થયો છે. અમને એવા લોકોની કોઈ પરવા નથી. આવા માથાફરેલ ભૌતિકવાદીઓ રૂહાનિયત અને મોઅજિઝાનો વિરોધ કરતા હોય તો કર્યા કરે.

મોઅજિઝા હક છે. અંબિયા, અવસિયા અને અવલીયાને અલ્લાહે મોઅજિઝા અને કરામાતોથી નવાઝયા છે. વિશ્વની તમામ વિલાયતોનો શ્રોત-કેન્દ્ર સ્થાન - પાવર હાઉસ અલી-ફાતેમાનું ઘર છે. તમામ અંબિયાએ પંજેતનના સદકાથી દુઆ

માંગેલી છે. એ જ વિલાયતોનું મૂળ સ્થાન છે. એમને છોડીને અને એમની બહાર ગૂમરાહી અને અંધકાર છે.

અલી-ફ઼ાતેમાના દુશ્મનો કદી જન્નતમાં જઈ શકે નહિ. મુસલમાનોની સિહાહ - સિત્તા - સૌથી સાચી ગણાતી કિતાબોની હદીસોનો અભ્યાસ કરો.

**સહીહની હદીસ છે** :

-ફ઼ાતેમા સલામુલ્લાહ અલયહા જન્નતની ઓરતોના સરદાર છે.

-ઈમામ હસન અને હુસૈન અલયહેમુસ્સલામ જન્નતના જવાનોના સરદાર છે.

સરદાર આપણે કોને કહીશું ? સરદાર એટલે માલિક, કબજો ધરાવનાર, જેના તાબામાં છે તે. આ હદીસો તો સુન્ની બિરાદરીની કિતાબોની છે.

હવે પેગંબરે ઈસ્લામની ફક્ત બે ત્રણ હદીસોનો જે શીયા તરીકાથી રિવાયત પામી છે તેનો અભ્યાસ કરીએ.

-અલીનો ઝિક્ર ઈબાદત છે.

-અલીનો ચેહરો જોવું ઈબાદત છે.

-અલી તમે જન્નત અને જહન્નમની વહેંચણી કરનારા છો.

બતાવો હવે અલી-ફાતેમાના દુશ્મનો કેવી રીતે જન્નતમાં જઈ શકશે ?

જન્નતમાં તમામ લોકો સ્ત્રી-પુરુષો બધા જ યુવાન હશે. કોઈ વૃદ્ધ તો હશે જ નહિ. હવે પેગંબરે ઈસ્લામની હદીસ જુઓ. હસન અને હુસૈન જન્નતના યુવાનોના સરદાર છે અને તેમના બુઝૂર્ગ વાલીદહ મોહતરમા સૈયેદા ફાતેમા (સલા.) જન્નતની સ્ત્રીઓના સરદાર છે.

સંપૂર્ણ જન્નતની સરદારી આ ત્રણ પાસે છે. પછી એમના દુશ્મનો, એમની સાથે કીનો કપટ રાખનારાઓ, એમના દુશ્મનોની તારીફ કરનારાઓ, એમના દુશ્મનોથી મહબ્બત રાખનારાઓ, યઝીદના ગુનાહને હલકો સમજનારા, યઝીદ લાનતુલ્લાહથી મહબ્બત કરનારા, યઝીદીયતનો પ્રચાર કરનારા જન્નતમાં કેવી રીતે જશે ? જ્યારે હઝરત અલી (અલ.) જન્નત અને જહન્નમની વહેંચણી કરનારા છે.

વહાબીઓનો તો પોતાનો બનાવેલો દીન છે. આ લોકો પોતે ઘડેલા પોતાના દીનને કુઆર્ન હદીસથી સાબિત કરવાની બાલિશ કોશીશ કરે છે. તવહીદ અને શીર્કના બૂમબરાડા પાડીને ઉમ્મતને ગૂમરાહ કરે છે. જાણે કે શીર્ક બિદઅતમાં જાતે જ પી.એચ.ડી. બની ગયા છે. આ વહાબીઓ પેગંબર (સલ.)ની અવલાદના અને ખાસ અમીરૂલ

મોઅમેનીન અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ના કટ્ટર દુશ્મન છે.

આ લોકોને પોતે માની લીધેલા પોતાના કહેવાતા આલિમો અને બુઝૂર્ગોની કરામતો અને મોઅજિઝા તો કબૂલ મંજૂર છે. પરંતુ જો તમે એમની સમક્ષ હઝરત અલી (અલ.), જનાબે ફાતેમા (સલા.), ઈમામ હસન (અલ.) અને ઈમામ હુસૈન (અલ.)નો કોઈ મોઅજિઝો વર્ણવો તો એમના પેટમાં તેલ રેડાઈ જાય છે કારણ કે આ બુઝૂર્ગો માટે એમના દીલોમાં કપટ કૂટી કૂટીને ભરેલો છે.

આ વહાબીઓને મક્કા કે મદીનાની કોઈ બદ્દુ ઓરત જેનું નામ પણ ન હોય તો વાંધો નહિ. એક બીબી નામ હોય, તો તેનો મોઅજિઝો કબૂલ છે. આ વહાબીઓ તેનું પગથી માથા સુધી યકીન કરી લેશે. પરંતુ એમને જન્નતની ઓરતોના સરદાર

જનાબે ફાતેમા (સલા.)નો કોઈ મોઅજિઝો વર્ણવશો તો એમનું મોં જોવા જેવું થશે. તમે ધ્યાનથી જોશો, સાંભળશો અને સમજશો તો યકીન કરશો કે આ વહાબીઓ પોતાની તકરીરોમાં જનાબ અલી (અલ.), જનાબ ફાતેમા (સલા.) અને ઈમામ હસન (અલ.) કે ઈમામ હુસૈન (અલ.) આ ચાર બુઝૂર્ગવારોના નામ પોતાની જીભથી ભાગ્યે જ ઉચ્ચારશે. વળી એમના દુશ્મનોના નામ તો વારંવાર લેશે, દીલોનો કપટ ચોખ્ખો દેખાઈ આવશે. એટલા જ માટે વહાબીઓમાં, એમના પુરા સમાજમાં હઝરત અલી, ફાતેમા, હસન, હુસૈન અલયહેમુસ્સલામના મોઅજિઝા કે કરામતોનો ઝિક્ર કદી જોવા નહીં મળે.

દીન અલ્લાહનો છે. હક અને બાતીલમાં હકની હિમાયત અલ્લાહ કરે છે. હકની હિફાઝતનો

વાયદો પણ અલ્લાહનો છે. માટે હકની હિમાયત કરનારાઓએ કદીપણ માયુસ થવાની જરૂર નથી. પરંતુ શરત આ છે કે આપણે હકની હિમાયત માટે જદ્દોજહદ કરીએ. અલ્લાહ પોતાના નેક બંદાઓથી જદ્દોજહદ તો ઈચ્છે જ છે.

હઝરત અલી (અલ.) મઝહરૂલ અજાએબ છે. એટલે કે એવી જગ્યા જ્યાંથી આશ્ચર્યો જાહેર થતાં હોય. આપથી બેહિસાબ મોઅજિઝાત અનુભવાયા છે, તે સમયના બુઝૂર્ગોએ ઘણાંબધા મોઅજિઝાતને કલમબદ્ધ પણ કરેલા છે.

વિશ્વમાં લાખોની સંખ્યામાં અવલીયાઓ છે. લોકો તેમની મઝારો ઉપર જાય છે અને પોતાની મન્નતો પુરી કરે છે. આ તમામ અવલીયાએકિરામનો રૂહાની સંબંધ અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની

સાથે છે. જો વિશ્વના આ તમામ અવલીયાનો રૂહાની સંબંધ અલી-ફાતેમા સાથે નથી તો પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.) સાથે પણ નથી અને અલ્લાહ સાથે પણ નથી.

વિશ્વની તમામ વિલાયતોનું કેન્દ્ર-સ્થાન-પાવર હાઉસ, શ્રોત અલી-ફાતેમાનું ઘર છે, વિશ્વના તમામ સૂફીયોનો સંબંધ અલી સાથે છે.

જેમના માટે પેગંબરે ઈસ્લામે જન્નત અને જહન્નમની વહેંચણી કરનાર છે એમ ફરમાવ્યું. એમના મોઅજિઝાતનું તો પુછવું જ શું ! આપથી એવા એવા લાજવાબ મોઅજિઝાત અસ્તિત્વમાં આવ્યા છે કે દુનિયા હયરાન થઈ જાય !

મોઅજિઝો એટલે ઈન્સાનને આજિઝ કરી દે, ઈન્સાન આમ કહેવા પર મજબુર થઈ જાય કે આવું બની જ ન શકે, આ તો શક્ય જ નથી. જે

વસ્તુ શક્ય હોય અને નબી કે ઈમામ કરી બતાવે તો તે મોઅજિઝો કેવી રીતે માનવામાં આવશે. ઈન્સાનની બુદ્ધિની સમજમાં ન આવે તે મોઅજિઝા કહેવાય.

કેટલાક નાસમજ માણસો પ્રશ્ન કરે છે કે જ્યારે આ લોકો પાસે આટલા બધા અને આવા મોટા મોઅજિઝા હતા તો પછી એમણે મોઅજીઝા દ્વારા દુશ્મનોને કચડી કેમ ન નાખ્યા, કેટલાક વળી એતેરાઝ કરતાં કહે છે જ્યારે આટલા બધા મોઅજિઝા થઈ રહ્યા હતા તો લોકો ઈમાન કેમ ન લાવ્યા ! અરે ભાઈ આ તો કોઈ વાત છે !

તેનો જવાબ આ છે કે પેગંબરે ઈસ્લામના મોઅજિઝા અબુજહલે, અબુ લહબે, ઉતબા અને રબીયાએ નજરો નજર જોયા હતા. છતાં ઈમાન ન લાવ્યા. ફિરઓન ગર્ક થતાં અગાઉ અનેક

મોઅજિઝા હઝરત મુસા (અલ.)ના જોઈ ચૂક્યો હતો. જાણી-સમજી ચૂક્યો હતો છતાંય ઈમાન ન લાવ્યો. અહીં સુધી કે હઝરત નૂહ (અલ.) એ પોતાની કોમને ચેતવ્યા હતા. પાણીનુ પુર-તોફાન આવશે. તમે ડૂબી જશો. પુર આવ્યું, હઝરત નૂહ કશ્તીમાંથી બેટાને અવાજ આપે છે. અઝાબ ચાલુ છે. છતાંય બેટો ઈમાન ન લાવ્યો. બાદશાહ નમરૂદે હઝરત ઈબ્રાહીમ (અલ.)ને આગમાં નાખ્યા. આપના માટે આગ ગુલઝાર બની ગઈ. આટલો મોટો સ્પષ્ટ મોઅજિઝો નજરોનજર જોયો છતાં નમરૂદ ઈમાન ન લાવ્યો. અરે ! શયતાને પોતે અલ્લાહનો મોઅજિઝો જોયો હતો. માટીના પુતળામાં હઝરત આદમની રૂહ ફૂંકવામાં આવી છતાં શયતાન અલ્લાહ ઉપર ઈમાન ન લાવ્યો. આ લઅનતીએ

કસમ ખાધી કે તે આદમની અવલાદને ગૂમરાહ કરશે.

હવે બીજી વાત અંબિયા કે અવસિયા કે અવલિયા અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની મરજીથી જ મોઅજિઝા બતાવી શકે છે. અલ્લાહ ઈચ્છે તો જ મોઅજિઝાનો ઝુહુર થાય છે. મોઅજિઝો અલ્લાહની ઈચ્છા ઉપર જ અવલંબિત છે. અલ્લાહ ઈચ્છે કે મારો બંદો માદ્દીયતથી કામ લે, દુન્યવી સાધન સામગ્રીથી કામ લે, તો અંબિયાએ કે અવસિયાએ તેનાથી કામ લેવું પડે. જુઓ બદરમાં અલ્લાહે માદ્દીયતથી કામ લીધું. યુદ્ધની સાધન સામગ્રી સાથે બહાર કાઢ્યા, મેદાનમાં આણ્યા. સામે પક્ષે ત્રણ ગણું લશ્કર હતું. વિપુલ શસ્ત્રો હતાં, ખુશહાલી હતી, ખાવા, પીવા વગેરેની સાધન સામગ્રી હતી. આ તરફ ઘોડા ન હતા, તલવારો પણ ઘણી ઓછી

હતી, બખ્તરો ન હતાં, હિફાઝતનો સામાન સુદ્ધાં ન હતો. ગરીબાઈ હતી, પગોમાં પહેરવાની મોજડીઓ પણ દુરસ્ત ન હતી. ભૂખ્યાં પેટો હતાં. ભૂખ્યા કુટુંબોને છોડીને આવ્યા હતા.

અલ્લાહ પોતાના નબીને ફરમાવે છે કે લડો. માદ્દીયતથી કામ લીધું. પરંતુ અલ્લાહે પોતાના નેક બંદાઓની પીછેહઠ ન થવા દીધી. અલ્લાહે નબીની દુઆ ઉપર ઈમાનના બીજોનું રક્ષણ કર્યું. ફરિશ્તાઓનો નુઝૂલ કર્યા. ફતેહ અપાવી. ફરીશ્તાઓનો નુઝૂલ નબીનો મોઅજિઝો હતો.

મતલબ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યારે અલ્લાહ પોતાના બંદાઓથી મોઅજિઝાનો ઝુહુર ફરમાવે છે. જ્યાં અલ્લાહ નથી ઈચ્છતો, મોઅજિઝા નથી થતા.

તેથી જ અમે કહીએ છીએ કે ભૌતિકવાદી દુનિયા ચાહે મોઅજિઝાનો ઈન્કાર કરે તો કરતી રહે, મોઅજિઝા હક છે. અલ્લાહે પોતાના માસુમ દોસ્તોના સદકામાં આ બ્રહ્માંડનું સર્જન કર્યું, તે કોઈ પણ પ્રકારે પોતાના મહબૂબ-પ્યારા બંદાઓના હાથે મોઅજિઝા દેખાડીને એલાન કરે છે કે વિશ્વ ખતમ થઈ શકે છે, જમીનોઆસમાન ફના થઈ શકે છે. પરંતુ અલ્લાહ તબારક વ તઆલાનો અટલ કાનૂન નથી મીટી શકતો. તે કાનૂન આ છે.

**ઈન્નલ લઝીન કાલૂ રબ્બોનલ્લાહોષુમ્મસ તકામુ**
**ફલા ખવફૂન અલયહિમ વલાહુમ યહઝનૂન**

(સૂરએ અહકાફ આયત નં. ૧૩)

"ચોક્કસ તે લોકો જેમણે કહ્યું, અમારો પરવરદિગાર અલ્લાહ છે પછી તેઓ અડગ રહ્યા. ન

પછી તેમના ઉપર કોઈ ખોફ રહેશે ન તો તેઓ ગમગીન થશે.”

આ તો અલ્લાહનો વાયદો છે. પોતાના નેક બંદાઓને, બસ અડગતાથી કામ કરો. મજબૂત રહો, નિરાશા ન અનુભવો, ખોફ ન અનુભવો. બસ તમે અમારા બંદા હોવાની સાબિતી આપો. તમારા રક્ષણનો, તમારી હિફાઝતનો વાયદો અમારો છે. અલ્લાહે સવાલાખ નબીઓ સાથે, ચૌદહ માસુમીન સાથે અને કરોડો અવલીયાઓ સાથે પોતાનો વાયદો પૂરો કર્યા છે.

આ મુકદ્દસ અતિ પવિત્ર હસ્તીઓ છે. જેમની હયાત અને મોત બંને બરાબર છે. જેમની હયાતીમાં પણ લોકો તેમના દસ્તરખાન ઉપર ખાવાનું ખાતા હતા અને તેમના દુનિયાથી પડદે થયા પછી પણ લોકો તેમની મઝારો ઉપર સેંકડોની

સંખ્યામાં ખાવાનુ ખાય છે. આ મુબારક હસ્તીઓ દુન્યવી હયાતીમાં તો લોકોને રિઝક આપતા હતા. દુનિયાથી પડદે થયા પછી પણ રિઝ્ક આપે છે. આ બુઝૂર્ગાની તો હયાત અને મોત બંને બરાબર છે.

આ મુકદ્દસ હસ્તીઓની મોત પછી પણ તેમની હયાતીની જેમ જ અજીબોગરીબ મોઅજિઝાત જાહેર થાય છે. આ બુઝૂર્ગા પૂર્વ અને પિશ્ચમમાં બનનારા બધા જ બનાવોથી બાખબર હોય છે.

ખાદિમે રસૂલ હઝરત અલી (અલ.) મઝહરૂલ અજાએબ છે. જ્યાંથી અજાએબ જાહેર થાય છે. અલ્લાહની સિફતોને વિશ્વ સમક્ષ જાહેર કરનાર છે અલ્લાહની ઈતાઅત - તાબેદારી અને પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.)ની તાલીમ તથા માર્ગદર્શનના કારણે આપની અંદર એવી

સિફતો પેદા થઈ ગઈ, જેનું વર્ણન કરવું ઈન્સાનની અક્કલના બહારની વાત છે.

હૈદરે કર્રાર, મુશ્કીલ કુશાએ આલમની સીરત, કાર્યા, આપની આદતો, ખસલતો, મોઅજિઝાત અને કરામતોને ઉઠાવી લેવાની, છુપાવવાની, જુઠલાવવાની નાપાક કોશીશો દરેક સમયગાળામાં થઈ છે અને થતી રહી છે, અને આજે પણ આવા નાપાક લોકો આવી કોશીશ કરી જ રહ્યા છે. પરંતુ હકને સાબિત કરનાર સિંહ દુનિયાના દરેક સમયગાળામાં મઝહરૂલ અજાએબ રહ્યા છે.

વહાલા વાચકો, મૌલાએ કાએનાત, અમીરૂલ મોઅમેનીનના મોઅજિઝાતની આ કિતાબ, જેનાથી આપ બખૂબી એવો અંદાજ લગાવી શકશો કે મારા મૌલાએ કોની કોની સાથે અને ક્યાં ક્યાં, કેવી કેવી પરિસ્થિતિઓમાં મોઅજિઝાતી બનીને

મદદ ફરમાવી છે. આપ લોકોની ભલી દુઆઓનો મોહતાજ છું.

આ મુબારક કિતાબ તૈયાર કરવા માટે મેં ઘણી બધી નાની મોટી કિતાબોથી મદદ લીધી છે. ખાસ કરીને જે તે કિતાબોના નામો જે તે જગ્યાએ મોઅજિઝાની શરૂઆતમાં લખી દીધાં છે. છતાંય મુખ્ય ત્રણ કિતાબો વધુમાં વધુ ફાયદો ઉઠાવ્યો છે.

(૧) કન્ઝુલ મોઅજિઝાત અલ ખરાઇજ વલ જરાએ

(૨) ઓયુનુલ મોઅજિઝાત

(૩) મોઅજિઝાતે અલી મોહંમદવસીખાન

# મોઅજિઝા – ૧
# આપની વિલાદતથી પહેલાંનો (જન્મ અગાઉનો) મોઅજિઝો

બેહારૂલ અનવારના કર્તા લખે છે કે જ્યારે અમીરૂલ મોઅમેનીન પોતાની માતાના પેટમાં હતા, ત્યારે જનાબ રસૂલે ખુદા આપની વાલીદહની પાસે આવતા રહેતા હતા. તો આપ જનાબે રસૂલેખુદાની તઅ્ઝીમમાં ઊભાં થઈ જતાં હતાં.

જનાબ રસૂલે ખુદા (સલ.)એ કહ્યું : ચચી અમ્મા ! આપ તો મારાં મા જેવાં છો. બુઝૂર્ગ છો આપ તો મોટા દરજ્જાના છો. મારી તાઅ્ઝીમ માટે શા માટે ઊભાં થઈ જાવ છો ?

ચચી અમ્માએ જવાબ આપ્યો : બેટા મોહંમદ ! જ્યારે આપ આવો છો ત્યારે આ બાળક

જે મારા પેટમાં છે તે મને ઊભા થવા માટે મજબુર કરી દે છે.

**નોંધ** : હઝરત અલી (અલ.)ના વાલીદહનું નામ મુબારક ફાતેમા બિન્તે અસદ હતું. અસદ આપના પિતાજીનું નામ છે. જેઓ હઝરત અલી (અલ.)ના “નાના” થાય. અસદ કિલાબ બિન્તે આમીર (મા) અને હઝરત હાશિમના ફરઝંદ હતા. આ સગાઈ સંબંધ પ્રમાણે જનાબે ફાતેમા બિન્તે અસદ હઝરત હાશિમના પોત્રી અને પેગંબરે ઈસ્લામ ફોઈ થાય. વળી આપ હઝરત અબુતાલિબ (અલ.)ના નિકાહમાં આવ્યાં, તેથી આપ જનાબ પેગંબરે ઈસ્લામના કાકી પણ બન્યાં.

આપ (સલ.) માના પેટમાં હતા ત્યારે, આપના વાલીદ મોહતરમ (બાપ) હઝરત અબ્દુલ્લાહ (અલ.)નો ઈન્તિકાલ થઈ ગયો. આપ

(સલ.) છ વર્ષના થયા ને આપના વાલીદહ મોહ્તરમા (મા) નો ઈન્તિકાલ થઈ ગયો. આપ (સલ.) દાદા અબ્દુલ મુત્તલિબ (અલ.)ની પરવરિશમાં આવ્યા. બે વર્ષ પછી એટલે રસુલે ખુદાની ઉંમર આઠ વર્ષની થઈ ત્યારે દાદા અબ્દુલ મુત્તલિબની પણ વફાત થઈ.

આઠ વર્ષની ઉંમરથી આપ (સલ.) કાકી અને કાકા - ફાતેમા બિન્તે અસદ અને જનાબ અબુતાલિબની પરવરિશમાં આવ્યા. તેથી આપ (સલ.) કાકીને પોતાની મા જ ગણતા હતા. જુઓ અમારી કિતાબ : હઝરત અલી (અલ.)નું મુબારક જીવન ભાગ-૧ - પ્રકરણ-૩૧ અને બીજી કિતાબ પેગંબરે ઈસ્લામનું મુબારક જીવન ચરિત્ર ભાગ-૧. પ્રકરણ-૧૬. આપ (સલ.)નું બાળપણ.

હઝરત અબ્દુલ મુત્તલિબ (દાદા)

એક જ મૂળ - એક જ નૂરના બે ભાગ

(૧) હઝરત અબ્દુલ્લાહ

(૨) હઝરત અબુતાલિબ

હઝરત મોહંમદ (સલ.)  હઝરત અલી (અલ.)

# મોઅજિઝા – ૨

# અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.)ના માટે ખાનએ કાબાની દીવાલ ફાટી ગઈ અને દરવાજો બની ગયો

અલ્લામા મોહંમદ બિન યુસુફ શાફેઈ ગંજી પોતાની પ્રખ્યાત કિતાબ "મનાકિબે કિફાયુત્તાલિબના પેજ નં. ૬૯ ઉપર લખે છે કે :

હઝરત અલી (અલ.)ના વાલીદહ મોહતરમા ફાતેમા બિન્તે અસદ અલયહસ્સલામ ખાનએ કાબાનો તવાફ કરી રહ્યા હતાં. અચાનક આપને દર્દે ઝેહ (પ્રસવપીડા) શરૂ થયું. આપ તે જ વખતે તવાફ કરતાં કરતાં એક જગ્યા ઉપર રોકાઈ ગયાં. કાબાની દિવાલના સહારે ઊભાં રહ્યાં. એકદમ તરત જ ખાનએ કાબાની દીવાલ ચીરાઈ ગઈ અને

આપને અંદર દાખલ થવાનો અલ્લાહ રબ્બુલ ઈઝઝત તરફથી હુકમ થયો. આપ અંદર દાખલ થઈ ગયાં. કાબાની દીવાર તે જ વખતે બંધ થઈ ગઈ જેવી પહેલાં હતી.

હઝરત અલી (અલ.)ની વિલાદત (જન્મ થયો) થઈ, ત્રણ દિવસ સુધી ખાનએ કાબામાં જ રહ્યાં. જન્નતના મેવા આપનો ખોરાક હતો. ત્રીજા દિવસે અલ્લાહના રસૂલ ખાનએ કાબામાં તશરીફ લઈ ગયા. ચચીજાનની ગોદમાંથી અલીને લીધા. પ્યાર કર્યા. ત્યારે ચચીજાને કહ્યું : આ બાળકે ત્રણ દિવસથી ન આંખ ખોલી છે, ન કંઈ ખાધું છે.

રસૂલે અકરમ (સલ.)એ ઈરશાદ ફરમાવ્યો:

"આ અલ્લાહનો વલી છે, અને અમારો નાઈબ છે. એનો પહેલો ખોરાક લોઆબે દહને રસુલ છે. (રસુલુલ્લાહનું થુંક છે) આ દુનિયામાં એને જે

કંઈ જોવાનું છે તેમાં સૌપ્રથમ મારો ચહેરો જોવાનો છે. અલીએ આંખો ખોલી દીધી. તરત જ અલ્લાહના રસૂલે પોતાની જીભ મુબારક અલીના મોંમાં આપી દીધી. થોડીવાર સુધી આંખો આંખોમાં અલી અને રસૂલમાં વાતચીત થઈ. બાળકને માની ગોદમાં પરત આપ્યું. આ સૌપ્રથમ બે મોઅજિઝા હતા. જે દુનિયામાં આવતાં જ હઝરત અલી (અલ.)એ રજૂ કર્યા.

(૧) કાબતુલ્લાહમાં આપનો જન્મ

(૨) કાબતુલ્લાહની દીવાલનું ચીરાઈ જવું અને પછી બંધ થઈ જવું, સીવાઈ જવું.

(૩) ત્રણ દિવસ સુધી ન કંઈ ખાવું-પીવું કે આંખો ખોલવી.

(૪) પેગંબરે ઈસ્લામની મુબારક આવાઝ સાંભળતાં જ ત્રણ દિવસ પછી આંખો ખોલી પ્રથમ રસુલનો

ચહેરો જોવું. દુનિયામાં આવતાં દુનિયાની કોઈ વસ્તુ ન જોવું સિવાય કે પેગંબરે ઈસ્લામનો મુબારક ચહેરો જોવું.

(૫) ત્રણ દિવસ સુધી આ વલીઉલ્લાહનું દુનિયાની કોઈ વસ્તુ ન ખાવું. આપનો પ્રથમ ખોરાક પેગંબરે ઈસ્લામનું લોઆબે દહન (થુંક મુબારક) ખાવું. રસુલુલ્લાહની જીભ મુબારકને ચુસવું.

મારી દૃષ્ટિએ તો આ ઘટનામાં પાંચ મોઅજિઝા સમાયેલા છે.

# મોઅજિઝા – 3

## અલી (અલ.)ના નામ મુબારકની લોહ (તખ્તી) જન્નતથી આવી

અલ્લામા મજલિસિ આઅ્લલ્લાહો મકામોહુની એક ઘણી જ ઉમદા કિતાબ જિલાઉલ ઓયુન છે તેમાં વર્ણન છે કે :

જે રાતના હઝરત અલી (અલ.) પેદા થયા, આપને હઝરત અબુતાલિબ (અલ.) એ છાતી સાથે લગાવ્યા. પછી કાબતુલ્લાહના દરવાજામાં આવી આપે થોડાક શેઅર પઢયા. અય પેદા કરનાર મારા પરવરદિગાર ! રોશન રાતના પેદા થયેલ મારા આ ફરઝંદનું શું નામ રાખું ? તરત જ વાદળની જેમ કોઈ ચીજ જમીનમાંથી બહાર આવી. હઝરત અબુતાલિબ (અલ.)ની પાસે આવી. હઝરત

અબુતાલિબે તેને ઉઠાવી લીધી. ઘેર આવ્યા. જ્યારે સવાર થઈ, જોયું તો તે લોખંડની તખ્તી છે. સબ્ઝ (લીલા) રંગની છે. આ તખ્તી ઉપર શએર લખ્યા હતા. તેનો મતલબ આ છે :

અય અબુતાલિબ ! તમે અને ફાતેમા ! આ ફરઝંદ પાક-પાકીઝા છે. બરગુઝીદા (ઈઝ્ઝતવાળો) અને પસંદીદા (અલ્લાહને પ્યારો) છે. અલ્લાહ અને તેના રસૂલનો પ્યારો છે. આ બાળકનું નામ “અલી” રાખજો, અને ખુદાવંદ તઆલાએ એના નામને મારા નામ સાથે જોડી દીધું છે. તે જ સમયે અબુતાલિબે આપનું નામ અલી રાખ્યું. પછી પેલી તખ્તીને કાબાની ઉપર જમણીબાજુ લટકાવી દીધી. આ લોહ બરાબર વરસો સુધી ત્યાં લટકતી રહી.

બની ઉમય્યાનો હાકેમ હિશ્શામ બિન અબ્દુલમલિક સત્તા ઉપર આવ્યો ત્યારે તેણે પોતાના શાસન દરમ્યાન આ લોહને ઉતારી દીધી. ત્યારબાદ તે ગાયબ થઈ ગઈ. હિશ્શામના શાસનનો સમયગાળો હિજરી સન ૧૦૫ થી ૧૨૫ સુધીનો છે. ઈ. સ. ૭૨૪ થી ૭૪૩.

# મોઅજિઝા – ૪
# સિંહ અબુતાલિબના પગોમાં આળોટવા લાગ્યો

એક રિવાયતમાં છે કે જંગલ અને રણવિસ્તારના ફાડી ખાનાર જાનવરો હઝરત અલી (અલ.)ના વાલીદ મોહતરમ હઝરત અબુતાલિબ (અલ.)થી ઘણા ડરતા હતા. જ્યારે પણ હઝરત અબુતાલિબ (અલ.) સહરામાંથી પસાર થતા તો આ ફાડી ખાનાર જાનવરો આપને જોઈને દૂર ભાગતા હતા. કદીપણ આપની સામે જોવાની કે આપની નજીક આવવાની હિંમત ન કરતા.

એક દિવસની વાત છે. હઝરત અબુતાલિબ (અલ.) તાઈફથી મક્કા આવી રહ્યા હતા. અચાનક રસ્તામાં એક સિંહનો ભેટો થઈ ગયો. જ્યારે સિંહે

હઝરત અબુતાલિબ (અલ.)ને જોયા તો ભાગ્યો નહિ. આપના હ્દયમાં તો કોઈપણ ફાડી ખાનાર જાનવર કે ઝેરી જાનવરનો ડરખોફ હતો જ નહિ. કારણ કે આપ નબુવ્વતનું રક્ષણ કરનાર હતા. વળી ઈમામત અને વિલાયતના નૂરના માલિક હતા. હઝરત અલી (અલ.)ના બાપ હતા.

આપ પણ તે સિંહને જોઈને ઊભા રહી ગયા. સિંહ આપને જોઈને નજીક આવ્યો. મોં માટી ઉપર ઘસવા લાગ્યો. પૂંછડી જમીન ઉપર ઘસવા લાગ્યો. આ રીતે તે હઝરત અબુતાલિબ (અલ.)ની સમક્ષ નમ્રતા બતાવવા લાગ્યો.

હઝરત અબુતાલિબ (અલ.) એ તેને કહ્યું : હું તને અલ્લાહની કસમ આપું છું કે જેણે તને પેદા કર્યા છે. તું શા માટે મારી સમક્ષ આ રીતે આજીજી કરે છે ?

સિંહ ખુદાની કુદરતથી બોલતો થયો, કહ્યું : આપ શેરે ખુદા અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ના બાપ છો અને પેગંબરે ખુદા હઝરત મોહંમદ મુસ્તફા (સલ.)નું પાલનપોષણ અને મદદ કરનાર છો.

(જિલાઉલ ઓયુન 'અલ્લામા મજલિસી' પેજ નં. ૩૩)

# મોઅજિઝા – ૫

# હઝરત અલી (અલ.)ના દુશ્મન ઉપર આકાશમાંથી પથ્થર પડ્યો અને પેટની નીચેથી નીકળી ગયો

ઈમામ જઅફર સાદીક (અલ.) પોતાના વાલીદ ઈમામ મોહંમદ બાકિર (અલ.)થી રિવાયત કરે છે કે જ્યારે રસુલે ખુદા (સલ.) એ ગદીરે ખુમના સ્થળે હઝરત અલી (અલ.)ને બુલંદ કરીને (ઊંચા ઉઠાવીને) ફરમાવ્યું હતું :

**મન કુન્ત મૌલાહો ફહાઝા અલીય્યુન મૌલાહો.**

**અર્થાત** : હું જેમનો મૌલા (આકા અને સરદાર) છું, અલી પણ તેમના મૌલા (આકા અને સરદાર) છે.

ત્યાર પછી પેગંબરે ઈસ્લામે હાથ ઉઠાવ્યા, દુઆ ફરમાવી

**અલ્લાહુમ્મ વાલે મન વાલા હો.**

બારે ઈલાહ ! જે અલીની સાથે મહબ્બત રાખે તું તેની સાથે મહબ્બત રાખ.

**વ આદે મન આદાહો**

જે એમનો દુશ્મન હોય તું તેનો દુશ્મન થઈ જા.

**વ અહબ્બહુ મન અહબ્બહુ**

અને જે એમની સાથે મહબ્બત રાખે તેમની સાથે તું પણ મહબ્બત કર.

**વ અબગઝઅ્ મન અબગઝહુ**

અને જે એમની સાથે દુશ્મની રાખે તું પણ તેમની સાથે દુશ્મની રાખ.

**વખઝુલ મન ખઝલહુ**

અને જે એમને છોડી દે તું પણ તેમને છોડી દે.

**વનસુર મન નસરહુ**

અને જે એમની મદદ કરે તું એમની મદદ કર.

**વઅદ્રીલ હક્કે હયસોમા દાર**

હક્કને તે તરફ લઈ જા, જે તરફ અલી જાય.

ગદીરે ખૂમની ઉપરોક્ત ઘટના પેગંબરે ઈસ્લામ (સલ.)ના છેલ્લી હજથી પાછા ફરતાં અમલમાં આવી. હજ્જતુલ વિદાઅથી પાછા ફરતાં આપ (સલ.)ની સાથે સવા લાખ સહાબા હતા. રિવાયતોમાં આ સંખ્યા એક લાખ અને એક લાખથી ઓછી પણ નોંધાઈ છે. એક ચોરાહા - ચાર રસ્તા જ્યાંથી દરેક કબીલા એકબીજાના રહેઠાણો તરફ છૂટા પડતા હતા. આપ (સલ.) એ તમામ સહાબાને ત્યાં રોકવાનો હુકમ આપ્યો. જેઓ આગળ નીકળી ચૂક્યા હતા તેમને પાછા બોલાવ્યા. જેઓ પાછળ હતા, તેમની રાહ જોવામાં આવી. જ્યારે સર્વે લોકો

એકત્ર થઈ ગયા તો એક ઊંચો મિમ્બર બનાવવાનો હુકમ આપ્યો. અમૂક ઝાડો કાપી સહાબાએ ત્યાં મિમ્બર બનાવ્યો.

આપ (સલ.)એ સવા લાખ સહાબાને તે મિમ્બર ઉપર ઊભા રહીને ઉદ્બોધન કર્યું. હઝરત અલી (અલ.)ના પોતાના પછી ખલીફા હોવાનું જાહેર એલાન કર્યું. જે શબ્દોમાં અમીરૂલ મોઅમેનીનની ખિલાફતનું એલાન આપને ઊંચા કરીને કરવામાં આવ્યું તે એલાનના શબ્દો આ હતા.

**મન કુન્ત મૌલાહો ફહાઝા અલીય્યુન મૌલાહો.**

ત્યારબાદ આપ (સલ.) એ દુઆ પણ ફરમાવી જે અમોએ રજૂ કરી દીધેલ છે.

ગરમીનો સમય હતો. લોકો સખત ગરમીમાં પરેશાન હતા.

આવી પરિસ્થિતિમાં આવી કાંટાળી જગ્યા ઉપર સહાબાને રોકી જે એલાન કરવામાં આવ્યું તે એલાન માટે અલ્લાહના રસૂલને હુકમ આપવામાં આવ્યો હતો.

**યા અય્યોહર્રસુલો બલ્લિગ મા ઉન્ઝેલઅ્ એલયકઅ્ મિર્રબ્બેકઅ્ વ ઈલ્લમ તફઅલ ફમા બલ્લગતઅ્ રેસાલતહુ વલ્લાહો યઅ્સેમોકઅ્ મેનન્નાસ.**

(સુરએ માએદહ આયત નં. ૬૭)

**અર્થાત્** : "અય રસૂલ ! તમારા પરવરદિગાર તરફથી જે હુકમ તમારી ઉપર ઉતારવામાં આવ્યો છે, તેને પહોંચાડી આપો. અને જો તમે એવું ન કર્યું તો જાણે તમે (અલ્લાહનો) કોઈ જ પયગામ નથી પહોંચાડ્યો. અને અલ્લાહ દરેક પરિસ્થિતિમાં તમને લોકોથી (લોકોના ત્રાસથી) સુરક્ષિત રાખશે."

આ ધમકીરૂપ આદેશ છે. જેમાં ઠપકો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. જેમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે જો તમે આ હુકમ ન પહોંચાડ્યો તો જાણે તમે કોઈ જ હુકમ નથી પહોંચાડ્યો. બીજું અલ્લાહ આલિમુલ ગયબ્ જાણતો હતો કે મારો નબી આ હુકમ પહોંચાડવામાં મુશ્કેલી અનુભવે છે. ડરખોફ અનુભવે છે. જેથી સાથે સાથે આશ્વાસન પણ આપી દીધું કે તમે ડરો નહિ, અલ્લાહ તમને સુરક્ષિત રાખશે.

આ હુકમ પછી રસૂલે ઈસ્લામે ગદીરે ખૂમના સ્થળે સહાબાને ધોમધખતા તાપમાં ત્રણ દિવસ રોકી રાખી ઉપરોક્ત એલાન ફરમાવ્યું, જે હઝરત અલી (અલ.)ની ખિલાફતનું એલાન હતું.

આ એલાન સાંભળીને નોઅમાન બિન હારિષ ફહરી નામનો એક વ્યક્તિ પેગંબરે ઈસ્લામની પાસે આવ્યો, કહેવા લાગ્યો :

અય મોહંમદ ! આપે અલ્લાહનો પયગામ સંભળાવ્યો કે અમે અલ્લાહ ઉપર અને આપની રીસાલત ઉપર ઈમાન લાવીએ. તો અમે આ વાતને માની લીધી.

આપે પાંચ વખતની નમાઝ પઢવાનો હુકમ આપ્યો, અમે આ વાતને પણ કબૂલ કરી લીધી. આપે ઝકાત આપવાનો હુકમ આપ્યો, અમે એ વાતને પણ કબૂલ રાખી. તો આપ આટલી વાતો ઉપર રાજી ન થયા ! અહીં સુધી કે એક યુવાનને અમારા ઉપર હાકેમ બનાવી દીધો !

“મન કુન્ત મૌલાહો ફહાઝા અલીય્યુન મૌલાહો” કહી દીધું !

આ હુકમ શું આપ તમારી તરફથી આપી રહ્યા છો અથવા અલ્લાહતઆલાનો હુકમ અમને સંભળાવી રહ્યા છો.

પેગંબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું :

કસમ તે ઝાતેપાકની જેના સિવાય કોઈ મઅબુદ નથી. આ હુકમ અલ્લાહ ઈઝ્ઝ વ જલની તરફથી છે.

આમ કહીને નોઅમાન પોતાની સવારી તરફ આમ બોલતા બોલતાં ચાલ્યો કે અય અલ્લાહ! જો આ વાત તારી તારા તરફથી હક છે તો મારી ઉપર આસમાનથી પથ્થર વરસાવ અથવા મને દર્દનાક (કષ્ટદાયક)અઝાબ દે."

આમ કહીને નોઅમાન પોતાની સવારી સુધી હજી પહોંચ્યો જ હતો કે અલ્લાહની કુદરતથી એક પથ્થર તેના માથા ઉપર પડ્યો, માથામાં ઘુસીને બે પગોની વચ્ચેથી નીકળી ગયો.

આ મલઉન તે જ વખતે જહન્નમમાં પહોંચી ગયો. અલ્લાહતઆલા તરફથી નીચેની આયત નાઝિલ થઈ :

“એક માગનારે અઝાબની પોતે જ માંગણી કરી જે કાફિરો ઉપર ચોક્કસ ઉતરે છે.”

અલ્લાહતઆલા તરફથી વિલાયત અને ખિલાફતનો ઈન્કાર કરનારને સજા થઈ. તેને કોઈ રોકી શકતું નથી.

(અયવાનુલ મોઅજિઝાત)

**સઅલઅ્ સાએલૂમ બે અઝાબીંવ વાકેઇન,**

**લિલ કાફેરીન લયસ લહુ દાફેઉન.**

(સૂ. મઆરિજ. આ. નં. ૧)

આ આયતની ઉપરોક્ત તફસીર મજમૂલ બયાનમાં જનાબ ઈમામ જઅફર સાદીક (અલ.)થી મનકૂલ છે.

ઉપરોક્ત આયત ગદીરની હક્કાનિયતને સાબિત કરવા માટે ઊતરી છે.

# મોઅજિઝો – ૬

## હઝરત ઈમામ હસન (અલ.)ની માંગણી ઉપર જન્નતથી અનાર મંગાવી દીધાં

મસાબેહુલ કોલુબમાં રિવાયત છે કે એક દિવસ ઈમામ હસન (અલ.) એ મસ્જિદે નબવીમાં જનાબ અમીરૂલ મોઅમેનીન (અલ.) પાસે માંગણી કરી કે અય બાબા ! મારે અનાર ખાવા છે. હઝરત અલી (અલ.) એ પોતાનો હાથ મસ્જિદના થાંભલા તરફ લંબાવ્યો. તેમાંથી એક ઝાડની ડાળી બહાર આવી તેના ઉપર ચાર અનાર લટકી રહ્યાં હતાં. આપે અનાર તોડીને ઈમામને આપ્યાં, ફરમાવ્યું : કે તમારી મા પાસે લઈ જાઓ.

હાજર લોકો આશ્ચર્યમાં ગરકાવ થઈને પુછવા લાગ્યા : અમીરૂલ મોઅમેનીન “આ અનાર ક્યાંના છે ?” ફરમાવ્યું : “આ જન્નતના છે.” પછી આ

લોકોએ પુછ્યું : “શું આપ આ વાત ઉપર શક્તિમાન છો કે જન્નતથી અનાર મંગાવી લો.”

ફરમાવ્યું : હા, જરૂર, શું તમને લોકોને આ હદીસ યાદ નથી ? જે અલ્લાહના રસૂલે મારા માટે ફરમાવી છે : “અય અલી ! તમે જન્નત અને જહન્નમની વહેંચણી કરનારા છો.” પછી ફરમાવ્યું : “અલ્લાહનો જે વસી હોય છે તે દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે, અને આ જ રસૂલના ઉત્તરાધિકારીની શાન હોય છે.

# મોઅજિઝો - ૭

## તે પથ્થર શોધી આપો, જેના ઉપર છ અંબિયાના નામો કોતરેલાં છે. જો આપ ઈમામ હોય.....

હઝરત અમ્માર યાસીર રઝિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે હું અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની સેવામાં હાજર હતો. અચાનક આપ મને લઈને કૂફાની બહાર તશરીફ લાવ્યા. બે ફરસખ (ફરસખ તે સમયનું એક લંબાઈનું માપ છે. ૧ ફરસખ = 3 માઇલથી થોડુંક વધારે ગણાય. હવે માઇલ પણ વહેવારમાં નથી ૫ માઇલ = ૮ કિલોમીટર થાય  આ રીતે બે ફરસખના ૬ માઇલ માની લઈ ૭ કિ. મીટર જેટલું સમજો.) દૂર

(લગભગ અત્યારના સાતેક કિ.મીટર) દૂર પહોંચ્યા હતા. ત્યાં બજલા નામના સ્થળે કેટલાક યહુદીઓ આપની સેવામાં હાજર થયા. કહેવા લાગ્યા કે અય અલી ! જો આપ ઈમામ છો તો અમે આપથી કેટલાક પ્રશ્નો પુછવા ઇચ્છીએ છીએ. આપે તેના ઉત્તરો આપવા પડશે.

અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : બેશક હું ઈમામ છું મિનજાનિબિલ્લાહ ! તમે લોકો જે કંઈ પુછવા ઇચ્છતા હોય તે ખુદાના હુકમથી હું જરૂર બતાવીશ.

યહુદીઓએ કહ્યું : અમારા પાછલા બુઝૂર્ગોની પાસે એક પથ્થર હતો. તેના ઉપર છ અંબિયાના નામો લખેલાં હતાં. અમે લોકો તે પથ્થર શોધી રહ્યા છીએ. ઘણી શોધખોળ પછી પણ તે પથ્થર અમે શોધી શક્યા નથી. જો આપ તે પથ્થર

મને શોધી આપો તો અમે આપના શુક્રગુજાર બનીશું.

હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું : મારી સાથે ચાલો, હઝરત અમ્માર કહે છે કે તે લોકો અમારી પાછળપાછળ આવ્યા. અહીં સુધી કે એક સૂકી જગ્યામાં રેતીના મોટા પહાડ જેવા ઢગલા પાસે આવ્યા. હઝરત અમીરૂલ મોઅમેનીને ખુદાના હુકમથી હવાને ફરમાવ્યું : અય હવા, આ રેતીના ઢગલાને આ જગ્યાએથી ઉડાવીને લઈ જા. જેથી જમીન નઝર આવે. થોડીવારમાં રેતીને હવા ઉડાવીને લઈ ગઈ. નીચે એક મોટો પથ્થર દૃષ્ટિમાન થયો.

હઝરતે ફરમાવ્યું : આ છે તમારો પથ્થર. લોકોએ પથ્થરને જોયો. કહેવા લાગ્યા કે તે પથ્થર આ નથી. તેના ઉપર તો છ અંબિયાના નામો

કોતરેલાં હતા. નામો તો દેખાતાં નથી, જે વાત અમે અમારી કિતાબોમાં વાંચી હતી, વળી પાછલા દાદા પરદાદાઓથી આ વાત સાંભળતા પણ આવ્યા છીએ.

અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : આ તે જ પથ્થર છે. અને એના ઉપર નામો પણ કોતરેલાં છે. જરા એ પથ્થરને ઉલટો કરી દો. હાજર જનોમાંથી ઘણાં બધાએ તે પથ્થરને ઉલટાવવાની કોશીશ કરી પરંતુ કામ્યાબ ન રહ્યા. પછી અલ્લાહના સિંહે તે પથ્થરને ઉલટાવી દીધો. ખરેખર તે પથ્થર ઉપર છ અંબિયાએ કિરામના નામો આ રીતે લખેલાં હતાં. જેઓ સાહિબે શરીઅત પેગંબર હતા. (મતલબ જેઓને નવી શરીઅત આપવામાં આવી હતી.)

(૧) હઝરત આદમ (અલ.)

(૨) હઝરત નૂહ (અલ.)

(૩) હઝરત ઈબ્રાહીમ (અલ.)

(૪) હઝરત મુસા (અલ.)

(૫) હઝરત ઈસા (અલ.)

(૬) હઝરત મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

યહુદીઓનો તે સમૂહ જે આપની સાથે હતો, તેઓએ એક અવાઝે કહ્યું : અમે ગવાહી આપીએ છીએ કે અલ્લાહતઆલાના સિવાય કોઈ મઅબુદ નથી, હઝરત મોહંમદ (સલ.) અલ્લાહના રસૂલ છે અને આપ અમીરૂલ મોઅમેનીન સૈયેદુલ વસીય્યીન, ખલીફએ બરહક અને જમીન ઉપર અલ્લાહની હુજ્જત (દલીલ) છો.

(ઓયુનુલ મોઅજિઝાત)

# મોઅજિઝો – ૮

# શુશ નામના શહેરમાં હઝરત દાનિયાલ (અલ.)ની લાશ બહાર આવી તેની પરિસ્થિતિનો સંપૂર્ણ અહેવાલ હઝરત અલી (અલ.) એ બતાવી આપ્યો

તારીખે આઝમે કૂફી પેજ નંબર ૮૯ ઉપર બીજા ખલીફા ઉંમર સાહેબની હુકુમતની આ ઘટના છે. તે સમયે અબુ મુસા અશઅરી સહાબીએ સોસ (શુશ અત્યારે પણ છે. તે ઈરાનમાં ઈરાક તરફની બોર્ડર ઉપર આવેલું એક સુંદર શહેર છે. હઝરત દાનિયાલ (અલ.)ની કબર પણ છે. ઘણો જ સુંદર મકબરો છે.) શહેર ઉપર હુમલો કર્યો. શહેર ફતેહ થયું. અબુ મુસા જ્યારે દરવાજામાંથી અંદર દાખલ થયા તો જોયું કે એક મોટો પથ્થર પડેલો છે. તેના

ઉપર એક વ્યક્તિની લાશ પડેલી છે. લાશ ઉપર કીંમતી કપડાનું કફન વિટાળાયેલું છે. લાશનું માથું ખુલ્લું છે. અબુ મુસા અને તેના સાથીઓ આ લાશની મોટાઈ જોઈને આશ્ચર્યમાં પડી ગયા. અબુ મુસાએ આ લાશનું નાક માપ્યું તો તેની લંબાઈ એક હાથ બરાબર થઈ.

અબુ મુસાએ શહેરવાસીઓને આ લાશના વિષયમાં પુછપરછ કરી. આ વ્યક્તિ કોણ છે. વળી તેના મૃત્યુને કેટલો સમય થયો છે. કારણ કે લાશ તરોતાજા સલામત હતી. બલકે આ લાશ જાણે જીવતો વ્યક્તિ હોય એવી હતી.

લોકોએ જણાવ્યું કે આ માણસ ઈરાકનો રહેવાસી હતો. ત્યાનાં લોકો આ વ્યક્તિના વસીલાથી વરસાદ ન હોય તો વરસાદ માટેની દુઆ કરતા હતા. જો કોઈ મુસીબત આવી પડતી

હતી તો આ વ્યક્તિ તે મુસીબત દૂર કરવા માટે વસીલો બની જતો હતો.

એક વખત અમારા (સોસ) શહેરમાં વરસાદ ન પડ્યો. દુષ્કાળ પડ્યો. લોકોએ કહ્યું : આ વ્યક્તિને ઈરાકથી બોલાવીને દુઆ કરાવવામાં આવે. પરંતુ ઈરાકવાસીઓએ તેને સોસ મોકલવાની મંજૂરી ન આપી. અમે અમારા ૫૦ માણસોને જામીન બનાવીને ઈરાકવાસીઓ પાસે મૂક્યા ત્યારે તે લોકોએ આ વ્યક્તિને અમારે ત્યાં આવવાની મંજૂરી આપી.

તેણે દુઆ કરી તો ખૂબ જ સારો વરસાદ પડ્યો. દુષ્કાળની મુસીબત ટળી ગઈ. પરંતુ પછી અમે  માણસને અહીંથી ઈરાક ન જવા દીધો. આ નેક માણસને અહીં જ રોકી રાખ્યો. અમારા ૫૦ માણસોને અમે ઈરાકમાં જ છોડી દીધા. આ નેક

વ્યક્તિની બરકતોથી ફાયદો ઉઠાવતા રહ્યા. અહીં સુધી કે તેનું મૃત્યુ અહીં જ થયું. આ તે જ વ્યક્તિની લાશ છે.

અબુ મુસાએ સોસ ઉપરના પોતાના હુમલા અંગેની વિગતો સાથે આ લાશની માહિતી પણ બીજા ખલીફા સાહેબને મોકલી આપી. ઉમર સાહેબે સહાબાને એકત્ર કર્યા. લાશ અંગેની જાણકારી માંગી. કોઈ કંઈપણ બતાવી શક્યું નહિ. બધાએ પોતાની અજ્ઞાનતા જાહેર કરી. છેલ્લે બીજા ખલીફા ઉમર સાહેબ હઝરત અલી (અલ.) ને તશરીફ લાવવા અને આ લાશ અંગેની જાણકારી માટે વિનંતી કરી. હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું કે આ હઝરત દાનિયાલ (અલ.)ની લાશ છે. આદિકાળમાં બાદશાહ બખ્તે નસરના જમાનામાં દાનિયાલ હકીમ એક પેગંબર ગુજર્યા છે. ત્યાર પછી

હઝરત અલી (અલ.) એ હઝરત દાનિયાલ નબી વિશેની પહેલેથી છેલ્લે સુધીની ઘણી બધી વિગતો જણાવી ફરમાવ્યું કે તમે મુસા અશઅરીને લખો કે તે લાશને તે પથ્થર પરથી ઊઠાવીને તેમની નમાઝે જનાઝા પઢો. પછી તેને કોઈ એવી જગ્યાએ દફન કરો કે લોકોને તેમની કબરની જગ્યાની ખબર ન પડે.

બીજા ખલીફા ઉમર સાહેબે હઝરત અલી (અલ.)ના ઇરશાદ મુજબ અબુ મુસા અશઅરીને બધી જ વિગતો લખી જણાવી. મુસાએ ઉમરનો પત્ર વાંચી સોસની નદીનો પ્રવાહ રોકી દિશા ફેરવી નાખી. હઝરત દાનિયાલ (અલ.)ની લાશને ત્યાંથી ઉપાડી બીજું કફન પહેરાવી નમાઝે જનાઝા અદા કરી, પછી જે દરિયાની (નદીની) દિશા બદલી નાખી હતી તે જગ્યાએ એક ઘણી મજબુત કબર

બનાવી. પછી દરિયાને તે જગ્યાએ ફરીથી ચાલુ કરી દીધો.

આવા હોય છે ઈલ્મે લદુન્નીના જાણકારો.

ઈલ્મે લદુન્ની એટલે ખુદાદાદ ઈલ્મ - અલ્લાહે આપેલું ઈલ્મ.

# મોઅજિઝા – ૯

# કબરમાંથી ઊઠી મુરદાએ કહ્યું : અસ્સલામો અલયકૂમ યા વસીઉલ્લાહ

મિસબાહુલ કોલુબમાં જનાબ ઉમ્મે સલમા રઝિયલ્લાહો તઆલા અન્હાથી રિવાયત છે કે એક દિવસ અરબના મુશરીકોમાં ત્રણ વ્યક્તિ પેગંબરે ઈસ્લામ હઝરત મોહંમદ (સલ.)ની સેવામાં હાજર થયા. આપ (સલ.)ને કહેવા લાગ્યા : અય મોહંમદ તમારો દાવો છે કે હું ઈબ્રાહીમ પેગંબર, મુસા પેગંબર અને ઈસા પેગંબર ત્રણેથી અફઝલ છું. જો કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ હતા, (અલ્લાહના દોસ્ત હતા) હઝરત મુસા કલીમુલ્લાહ હતા. (અલ્લાહ સાથે વાત કરનાર) અને ઈસા રૂહુલ્લાહ

હતા. (અલ્લાહની ફૂંકેલી રૂહ) આપ ઝાહેરી રીતે-પ્રત્યક્ષ જોતાં તો કશું જ નથી.

આપ (સલ.) એ ફરમાવ્યું : ઈબ્રાહીમ ખલીલુલ્લાહ હતા તો હું હબીબુલ્લાહ (અલ્લાહને પ્યારો) છું. કારણ કે હબીબ ખલીલથી બેહતર હોય છે. મુસા (અલ.) એ કોહે તુર ઉપર અલ્લાહની સાથે કલામ (વાત) કરી હતી તો મેં શબે મેઅરાજ અર્શે આઝમ ઉપર હકતઆલા સાથે વાતચીત કરી છે. તેમાં શરીઅત, તરીકત અને હકીકતના ભેદોની નેવુ હજાર વાતો ખુદાએ મને શીખવી.

ત્યારબાદ પેગંબરે ઈસ્લામે પોતાની જીભને મોઅજિઝો બનાવ્યો. હાથ પર હાથ મારી ફરમાવ્યું : યા અલી મારી ખબર લો. હઝરત અમીરૂલ મોઅમેનીન તરત જ હાજર થઈ ગયા. આપ (સલ.) એ અત્યંત ખુશ થઈને અલીની પેશાની

ચુમી પછી પુછ્યું : મારા ભાઈ, મારા વસી તમે ક્યાં હતા ?

જનાબ અલી (અલ.) એ જણાવ્યું : યા રસુલ્લાહ ! હું એક નખલીસ્તાનમાં (ખજૂરના ઝાડોવાળો વિસ્તાર) હતો. આપે યાદ ફરમાવતાં અહીં આવી ગયો. પછી આપ (સલ.) એ ઇરશાદ ફરમાવ્યો. અય અલી ! તમે મારું ખમીસ પહેરી આ ત્રણ વ્યક્તિઓને સાથે લઈ યુસુફ બિન કઅબની કબર ઉપર જાઓ, ત્યાં જઈ દુઆ કરો. તમારી દુઆની બરકતથી હકતઆલા તેમને જીવતા કરી દે.

અમીરૂલ મોઅમેનીને જનાબ સૈયેદુલ મુરસલીનનું ખમીસ પહેર્યું. પેલા ત્રણ માણસોને સાથે લઈ યુસુફ બિન કઅબની કબર તરફ પ્રયાણ કર્યું. ઉમ્મે સલમા કહે છે કે પેગંબરે ઈસ્લામની ઈજાઝતથી હું પણ ત્યાં પહોંચી. અલી ઈબ્ને અબી

તાલીબ (અલ.) ઈબ્ને કઅબની ભાંગેલી તૂટેલી કબર ઉપર જઈને ઊભા રહ્યા, ફરમાવ્યું : અય કબરવાળા અલ્લાહતઆલાના હુકમથી ઊઠ.

કબર હાલવા લાગી, ફાટી અને તેમાંથી એક વૃદ્ધ બહાર આવ્યા. આવતાંની સાથે જ કહ્યું : અસ્સલામો અલયક યા વસીયુલ મુરસલીન. જનાબ અલી (અલ.) એ ફરમાવ્યું : તું કોણ છે ? તેણે જવાબ આપ્યો, હું યુસુફ બિન કઅબ છું. આ દુનિયા છોડવાને મને ત્રણસો વર્ષ થયાં છે. આ વખતે મારા કાનમાં આવાઝ આવી. કોઈ વ્યક્તિ કહી રહ્યો છે. અય યુસુફ ! ઊઠ, અને ખાતેમુલ અંબિયા, મોહમંદ મુસ્તુફા (સલ.)ની રિસાલતની ગવાહી આપ. ત્રણે મુશ્રીકો આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. અંદરોઅંદર વિચારવા લાગ્યા કે કંઈ એવું ન બને કે કુરૈશને આ વાતની ખબર પડી જાય કે મોહંમદ

(સલ.) એ અમારા કારણે આ મોઅજિઝો બતાવ્યો, તેમનું ઈમાન વધારે મજબુત થઈ જાય. તેમણે અમીરૂલ મોઅમેનીનને અરજ કરી. “અય અલી ! આ વ્યક્તિને કહી દો તે પોતાના સ્થળે પાછો ચાલ્યો જાય. તરત જ હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું : તમે તમારી જગ્યાએ સૂઈ જાઓ, સમજો કે કિયામત નજીક છે. તેઓ કબરમાં ચાલ્યા ગયા. પછી કબર આપ મેળે સરખી થઈ ગઈ.

# મોઅજિઝા – ૧૦

# મધમાખીએ હઝરત રસૂલે ખુદાની રિસાલત અને હઝરત અલી મુરતઝાની વિલાયતની સાક્ષી આપી

યનાબેઉલ મોવદ્દત એક મશહુર અને વિશ્વાસપાત્ર કિતાબ છે. તેના લેખક છે અલ્લામા જલીલ શેખ હુસૈની બલખી કન્દુજી. હનફી સુન્ની મુફતીએ આઝમ કુસ્તુન તુનીયા લખે છે કે :

જાબીર બિન અબ્દુલ્લાહ અનસારીની રિવાયત છે કે હું એક દિવસ રસૂલેખુદાના સંગાથે જઈ રહ્યો હતો. પેગંબરે ઈસ્લામની સાથે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) પણ હતા. ગલી સાંકડી હતી. અલીનો હાથ રસૂલના હાથમાં હતો. હું બનેની પાછળ જ ચાલતો હતો.

આ ગલીમાં ઘણી બધી મધમાખીઓ હતી. જે ગલીની દીવાલો ઉપર બેઠેલી હતી. અમે એક મધમાખી પાસેથી પસાર થયા. તે માખીએ ઊંચા અવાજે કહ્યું : આ મોહંમદ છે જે અંબિયાના સરદાર છે. આ અલી છે જે અવસીયાના સરદાર છે, અને અઈમ્માએ તાહેરીનના બાપ છે.

અમે તો ગલીમાં આગળ ચાલતા જ હતા. ફરી એક બીજી મધમાખી પાસેથી પસાર થયા. માખીએ ઊંચા અવાજથી કહ્યું : આ મોહંમદ (સલ.) હિદાયત પામેલા છે અને આ અલી હિદાયત કરનારા છે.

અમે હજીય ગલીમાં આગળ વધતા હતા. હવે ગલીના નાકે-છેડે આવવાની તૈયારીમાં હતા કે અમે એક ત્રીજી મધમાખી પાસેથી પસાર થયા. તે મધમાખીએ ઊંચા અવાજે કહ્યું : આ મોહંમદ

(સલ.) છે. જે અલ્લાહના રસૂલ છે. અને આ અલી છે. જે અલ્લાહની તલવાર છે.

(યનાબેઉલ મોવદ્દત પેજ નં. ૨૧૧ પ્રકરણ-૪૬)

# મોઅજિઝા – ૧૧

# જાદુગર સ્ત્રી એક જ રાતમાં ઈરાકથી હિંદુસ્તાન જાય છે

મિસબાહુલ કોલુબમાં હુબયરહ બિન અબ્દુલ્લાહથી રિવાયત છે કે તેઓ એક દિવસ મૌલાએ કાએનાત અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.)ની સેવામાં આવ્યા. જનાબ અમીરૂલ મોઅમેનીને ઈરશાદ ફરમાવ્યો : અય હુબયરહ ! શું તમારૂં દિલ તમારા કુટુંબને જોવા-મળવાની ઇચ્છા ધરાવે છે ? જેઓ હાલ મદીનામાં છે.

હુબયરાહે કહ્યું : હાં, યા અમીરૂલ મોઅમેનીન ! જો આવું બની શકે તો તો ઘણું સારૂં કહેવાય. મારા હ્રદયને શાંતિ મળે. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : બાદ નમાઝે ઈશાં તમે મારા

ઘેર આવજો. ઈન્શાઅલ્લાહ તમારી મુરાદ પૂરી થશે. હુકમ પ્રમાણે હું બીજી વખત હઝરતના ઘેર પહોંચ્યો તો આપ મને પોતાના ઘરની છત ઉપર લઈ ગયા. મને ફરમાવ્યું કે તમારી આંખો બંધ કરો. થોડીવાર પછી આપે ઈરશાદ ફરમાવ્યો : આંખો ખોલી નાખો. હું શું જોઈ રહ્યો છું ! હું મદીનામાં મૌલાની સાથે મારા ઘરની છત ઉપર હતો. આપે ફરમાવ્યું : જાઓ, બાળકોને મળી લો. હું બાળકોને મળવા ગયો. થોડીવાર પછી પાછો ફર્યો. મૌલાએ ફરીથી ફરમાવ્યું : હવે આંખો બંધ કરો. મેં આંખો બંધ કરી. તરત જ ફરમાવ્યું : આંખો ખોલી નાખો. જોઉં છું તો હું અને મૌલાએ કાએનાત કૂફા (ઈરાક)માં આપના ઘરની છત ઉપર હતા.

આપે ફરમાવ્યું : અય હુબયરહ ! લોકો કહે છે કે જાદુગર સ્ત્રી એક રાતમાં ઈરાકથી હિંદુસ્તાન

જાય છે. તે કાફિર હોવા છતાં આ પ્રમાણે કરી શકે છે. જ્યારે આપણે ઈમાનદાર થઈને કેમ આમ કરવા ઉપર શક્તિમાન ન હોઈએ.

અય હુબયરહ ! યાદ રાખો કે મોહંમદ મુસ્તફા ખયરૂલ મુરસલીનનો (રસૂલોમાં ઉચ્ચ) વસી છું. તેમનો ઉત્તરાધિકારી અને ખલીફાએ બરહક છું. મને ચારેય આસમાની કિતાબોનું સંપૂર્ણ ઈલ્મ છે. પછી બતાવો કે હું કેમ મારી ઇચ્છાઓને પૂર્ણ કરવા માટે શક્તિમાન ન હોઉં.

નોંધ :- કેટલીક ચમત્કારિક ઘટનાઓ, જાદુ વગેરે નફસકુશી, નફસને દબાવવું, મેહનત, મનોનિગ્રહ, તપસ્યા વગેરે દ્વારા બિન-મુસ્લિમો પણ બતાવી શકે છે. સાધુબાવાઓ અમૂક પ્રકારની તપસ્યા દ્વારા આવી મહારત હાસિલ કરી લેતા હોય છે. ઈમામ જાફર સાદિક (અલ.)ના સમયમાં એક

આવો જ વ્યક્તિ હતો. જે બધાંને તેના ભવિષ્યની વાતો બતાવી દેતો હતો. તે સાચી પડતી. કોઈ એને કંઈ પુછવા જાય તો એ કહી દેતો કે તારું આવું થશે તો તે થઈ જ જતું. ઈમામ આલી મકામ સુધી આ વાત પહોંચી. આપે તેને બોલાવ્યો. પછી પુછ્યું, તે આ વસ્તુ કેવી રીતે પ્રાપ્ત કરી, તેણે કહ્યું તપસ્યા દ્વારા, હું મારા નફસના કહેવા ઉપર ચાલતો નથી. નફસ કહે તેનાથી વિરુદ્ધ કાર્ય કરું છું.

આપે ફરમાવ્યું : તું ઈમાન કેમ નથી લાવતો ? તેણે કહ્યું : ના મને ઈમાન લાવવાનું ગમતું નથી. મને ઈસ્લામ નથી ગમતો. આપે ફરમાવ્યું : તું આ બાબતમાં તારા નફસના વિરુદ્ધ કેમ નથી વર્તતો. તે એકદમ ચોંકી ઊઠ્યો. વિચારમાં પડી ગયો. આપે ફરમાવ્યું : શું વિચારે છે? તારો આ જ સિદ્ધાંત તું ઈમાન લાવવાની

બાબતમાં કેમ અપનાવતો નથી. તે મુસ્કુરાયો અને આપના હાથ ઉપર જ ઈમાન લઈ આવ્યો.

ઈમાન લાવ્યા પછી તે વ્યક્તિમાંથી પેલી શક્તિ ચાલી ગઈ. કોઈક એને ભવિષ્યની વાત પૂછે અને એ જવાબ આપે તો તે સાચી ન પડતી. તે ફરીથી ઈમામની ખિદમતમાં આવ્યો. અરજ કરી કે અય ફરઝંદે રસૂલ ! મારી સાથે આવું કેમ થયું ? આપે ફરમાવ્યું : ઈમાન અગાઉ તારી તપસ્યા અને નફસકુશીનો બદલો તને ખુદા દુનિયામાં આવી વાતો બતાવી આપવાના રૂપમાં આપી દેતો હતો. હવે તારા નફસની રિયાઝતનો બદલો આખેરતમાં તને જન્નતના રૂપમાં મળશે.

# મોઅજિઝા – ૧૨

# નેહરે ફુરાતની માછલીઓએ આપની વિલાયત અને ખુદા તરફથી હુજ્જત (દલીલ) હોવાની ગવાહી આપી

સીરતે અમીરૂલ મોઅમેનીન એક ઘણી જ વિશ્વાસપાત્ર કિતાબ છે. સૈયદ અતા અબ્બાસ રિઝવી તેના કર્તા છે. તેના પેજ નં. ૫૫૪ ઉપર આ મોઅજિઝાનું વર્ણન છે. આ વિદ્વાન લેખકે મઝકુર મોઅજિઝાને એક ઘણી જ પુરાની કિતાબ તેહઝીબુલ મતીન પેજ નંબર ૧૭૮ના સંદર્ભથી લીધો છે. તેહઝીબુલ મતીનના કર્તાએ આ મોઅજિઝાને એક ઘણી જ પુરાની કિતાબ ખરાઇઝુલ જરાએહથી પોતાની કિતાબમાં લીધો છે.

લખે છે કે અમીરૂલ મોઅમેનીન સિફ્ફીનનીજંગથી પરવાર્યા પછી પાછા ફરતાં દરિયાએ ફુરાતના (ફુરાત નદીના) કિનારે પહોંચ્યા. આપે ત્યાં ઊભા રહી એક તીર પોતાના તીરકાશમાંથી કાઢી એક પીળા રંગની લાકડી લઈને ફુરાતના મોજાઓ ઉપર મારી પછી ફરમાવ્યું : અય આબે ફુરાત (અય ફૂરાતના પાણી) ફાટી જા. તો તેમાંથી બાર મોટાં મોટાં ઝરણા અલગ થઈને દૃશ્યમાન થયાં. આ જોઈને બધા જ સૈનિકો અચંબામાં ગરકાવ થઈ ગયા. પછી આપ કંઈક પઢ્યા. જે કોઈને પણ સમજાયું નહિ. તે જ વખતે પાણીમાંની બધી જ માછલીઓ પાણીની સપાટી ઉપર આવી ગઈ. વળી આ બધી જ માછલીઓએ આસમાનની તરફ મોં કરીને તકબીર અને તેહલીલ

અલ્લાહો અકબર અને સુબ્હાનલ્લાહની અવાજો બુલંદ કરી.

(અત્રે આ વાત યાદ રહે કે સિફ્ફીનની જંગ મઆવીયા અને અમીરૂલ મોઅમેનીન અલી (અલ.) વચ્ચે સિફ્ફીનના મેદાનમાં થઈ હતી. મઆવીયાએ ખુલ્લી બગાવત કરી હતી. મઆવીયા હારવાની અણી ઉપર હતો. તે વખતે તેના સાથી અમર બિન આસ સાથે મશ્વિરો કરી ધોકાબાજી દ્વારા જંગ બંધ કરાવી. વાયદા ખિલાફી અને ખુલ્લી છેતરપીંડી કરી. જુઓ અમારી કિતાબ હ. અમીરૂલ મોઅમેનીન અલી (અલ.)નું જીવનચરિત્ર ભાગ-૫. મોમીનોની સામે આ વાતોને હું વારંવાર એટલા માટે લાવું છું કે દલીલ યાદ રહી જાય. યકીન પુખ્તા થઈ જાય.)

તકબીરની અવાજો પૂરી કરી આ માછલીઓએ અમીરૂલ મોઅમેનીનની તરફ મોં

કરીને કહ્યું : સલામ થાય તમારી ઉપર અય હુજ્જતે ખુદા, ખલકે ખુદા પર, ખુદાના બંદાઓની વચ્ચે આ કોમે તમારી મદદ કરવાનું છોડી દીધું. જેવી રીતે બની ઈસરાઇલ મુસા (અલ.) પછી હારૂન બિન ઈમરાનની મદદ કરવાનું છોડી દીધું હતું.

અલી બિન અબિતાલિબ (અલ.) એ લશ્કરને ઉદ્દેશીને ફરમાવ્યું : તમે લોકોએ આ માછલીઓની વાત સાંભળી ? હવે પછી સાક્ષી બનજો આ બાબત, આ મારી હુજ્જત છે જેની આ માછલીઓએ સાક્ષી આપી.

# મોઅજિઝા – ૧૩

# અલી (અલ.)થી અદાવત રાખનારા વ્યક્તિનું મોં કાળું થઈ જવું

અલ્લામા ઈબ્ને શહર આશુબની એક કિતાબ છે. મજમઉલ ફઝાએલ વલ મનાકિબ. તેમાં હાશિમીની રિવાયત છે. તેમણે મુલકે શામમાં એક વ્યક્તિને જોયો જેનું અડધું મોં કાળું પડી ગયું હતું. તેને જ્યારે પુછવામાં આવ્યું કે તારું મોં આવું કેવી રીતે થઈ ગયું ? તેણે જણાવ્યું કે હું અલીથી અદાવત રાખતો હતો. જ્યાં પણ આપનો ઝિક્ર થાય તો ગમે તેમ એલફેલ બોલી નાખતો. આ મારી આદત બની ગઈ હતી. ઘણાં લોકો મને રોકતા કે તું આમ શા માટે બોલ બોલ કરે છે ? ખામોશ કેમ

રહેતો નથી. છતાંય હું જિદ્દ બનીને હઝરત અલી (અલ.) ના માટે ગમેતેમ એલફેલ બોલતો રહેતો.

એક રાતે હું સૂઈ રહ્યો હતો. સ્વપ્નમાં શું જોઉં છું કે કોઈ વ્યક્તિ આવ્યો. તેણે આવાઝ આપી. તું તે જ છે જે અલીની બુરાઈ કરે છે. આમ બોલતાની સાથે જ તેણે મારા મોઢા ઉપર તમાચો માર્યો. જેનાથી મને ઘણી જ તકલીફ થઈ. સવારમાં મેં મારું મોં જોયું તો આ પ્રમાણે થઈ ગયું હતું.

## મોઅજિઝા – ૧૪

## ઈમામતનો ઈન્કારી ઝાલીમ અને કંજુસ પુરુષમાંથી કૂતરો બની ગયો

કૌકબે દુર્રીના લેખક અલ્લામા સૈયદ અલી વાઇઝ લખે છે કે :

સરવરે કાએનાત હઝરત મોહંમદ મુસ્તફા (સલ.) ની વફાત પછી એક દિવસ જનાબ અમીરૂલ મોઅમેનીન અલી (અલ.) મસ્જિદમાં વાએઝ (ઉદ્બોધન) ફરમાવી રહ્યા હતા. આપે ફરમાવ્યું : અય લોકો ! પેગંબરે ઈસ્લામ આ દુનિયાથી કુચ ફરમાવી ગયા. ત્યાર બાદ બહુકમે પરવરદિગાર હું આપનો વસી છું. (ઉત્તરાધિકારી, ખલીફા મિનજાનિબિલ્લાહ - અલ્લાહ તરફથી નિયુક્ત થયેલ) આપનો કાઇમ મુકામ અને નાએબ છું.

તમને કોઈ પણ મુશ્કેલી પેદા થાય - દીની દુન્યવી કોઈ પણ ક્ષેત્રમાં હોય, તમો મારી પાસે આવો. હું અલ્લાહના હુકમથી એનો ઉકેલ કરી શકું છું. કારણ કે છૂપી વાતો મારા સમક્ષ ઉઘાડી છે, ઝાહિર છે, ખુલ્લી છે,. મને ભૂત, વર્તમાન અને ભવિષ્ય દરેક કાળનું સંપૂર્ણ જ્ઞાન છે. જે મારા ખુદા તરફથી મને અર્પણ થયેલ છે. હું દરેક શહેર, ગામ, વસ્તી અને દરિયાના રહેવાસીઓની ઈબાદતથી ખૂબ જ વાકેફ છું.

ઈમામ અલી (અલ.) પોતાનું વકતવ્ય ચાલુ રાખતાં ફરમાવે છે કે હું ઇચ્છું તો પૂર્વને પશ્ચિમ બનાવી દઉં અને પુરુષને સ્ત્રી.

એક મુશ્રીક પણ તે શ્રોતાઓમાં બેઠેલો હતો. જેની પાસે કારૂનનો ખજાનો હતો. (અર્થાત માલદાર પરંતુ હદથી વધીને કંજુસ હતો) તેની પાસે ખૂબ જ

માલ હોવાથી ખૂબ જ તકબ્બુર કરતો હતો. જ્યારે હઝરતના ઉપરોક્ત કલામ સાંભળ્યા તો દીલમાં ઈનકાર કર્યો. બહાર નીકળીને પણ હઝરતના કલામનો ખુલ્લો વિરોધ કરવા લાગ્યો. હઝરતે પોતે તો આ વાતની કોઈ નોંધ ન લીધી. પરંતુ અલ્લાહતઆલાના અઝાબે એને ઘેરી લીધો. ઝુલ્મ, તકબ્બુર, કંજુસાઈ આ બધા દુર્ગુણો સાથે હઝરત અલી (અલ.)થી નફરત - આ એવા બુરા અમલો છે કે ખુદા તેની પકડ જરૂર કરે છે. અંબિયાની દુશ્મની કરનારાઓને અલ્લાહે બોચીમાંથી પકડ્યા છે. તો આ તો સય્યેદુલ અવસીયા હતા. અંબિયાથી પણ ઊંચો દરજ્જો આપનો છે. બાદ હઝરત મોહંમદ (સલ.) આપ સૌથી ઉચ્ચ દરજ્જે છે.

આ માણસ અલી (અલ.)ની દુશ્મનીમાં ઝુલ્મ પર ઊતરી પડ્યો. ચકલે-ચૌટે-બજારમાં-

રસ્તાઓ ઉપર ગમે ત્યાં અને ગમે તેમ બકબક કરતો. અલ્લાહનો અઝાબ એની ઉપર ઊતરી પડ્યો. મસ્જિદમાંથી બહાર નીકળતાં જ અલ્લાહે એની સુરત-શકલ ફેરવી નાખી કૂતરો બનાવી દીધો. જ્યારે પોતાનો આ હાલ જોયો તો ઘણો જ પસ્તાવો કર્યો. કોઈને આ વાતની ખબર પણ ન પડી. કૂતરાની શકલમાં અમીરૂલ મોઅમેનીન એના આ હાલને દૂર કરે અને માફી આપે આ હેતુથી પાછો મસ્જિદમાં આવ્યો.

જ્યારે મસ્જિદમાં દાખલ થયો. તો મોમીનોએ તેને ધુતકારીને બહાર કાઢ્યો. ઘેર ભાગ્યો. પોતાના ઘેર જઈ નરમ-નરમ મખમલના બિસ્તરા ઉપર જઈને સૂઈ ગયો. જ્યારે તેની પત્નીએ જોયું કે પોતાના પતિના બિસ્તરા ઉપર એક કુતરૂં સૂતેલું છે. તો બાંદીઓને કહ્યું કે એને મારીને

બહાર કાઢો. આ તો કેટલું બેશરમ કૂતરું છે કે ઘરની અંદર અને તે પણ મારા પતિના પલંગ ઉપર સૂઈ ગયું.

કૂતરાની શકલમાં પોતે ઘરનો માલિક હતો પરંતુ વાચા છીનવાઈ ગઈ હતી. એને કોણ સમજે? જેથી માર ખાઈને પણ જતો ન હતો. એના કહેવાનો હેતુ આ હતો કે હું ઘરનો માલિક છું. એ જ્યારે વાચા ધરાવનાર ઈન્સાનો ઉપર ઝુલમ કરતો ત્યારે એ ઈન્સાનોની આજીજી અને કાલાવાલા, માફી વગેરેને સમજી શકતો ન હતો. જ્યારે અત્યારે એની પાસે તો વાચા જ ન હતી. જેથી એની વાત કોણ સમજી શકે ! બાંદીઓએ ડંડા વડે એના દાંત તોડી નાખ્યા. છેવટે ઘેરથી ભાગ્યો જ્યારે મહોલ્લામાં ગયો તો મહોલ્લાના કૂતરાઓએ એને બચકાં ભરીને લોહીલુહાણ કરી દીધો.

છેવટે આ કૂતરો શહેરની બહાર ચાલી ગયો. જ્યારે આ મુનાફિક ગૂમ થઈ ગયો તો એની કોમ અને કબીલાના લોકોએ શોધખોળ શરૂ કરી. પરંતુ કંઈ પત્તો લાગ્યો નહિ. એની પત્ની અને સગાંઓએ ઘણા નાણાં ખર્ચ કર્યા કે પોતાનો પતિ ક્યાંકથી મળી આવે. પણ ક્યાંથી મળે ? જ્યારે કે તે ઈન્સાની શકલમાં જ ન હતો. છેવટે આ લોકોએ એમ માની લીધું કે કોઈ દુશ્મનોએ એને મારી નાખ્યો હશે. તેના ઉપર માતમ કરવામાં આવ્યું. તઅઝીયતની રસમ પણ કરવામાં આવી - દિલાસો-સહાનુભૂતિ શોક વગેરે થયો.

આ કંજુસ ઝાલીમની એક પત્ની મોમીના હતી. ઘણી જ પાક-પાકીઝા હસીન-જમીલ-નેક ઓરત હતી. ખૂબ રડતી, રડ્યા જ કરતી. અમૂક સ્ત્રીઓએ એને કહ્યું કે તુ યુવાન અને ખુબસૂરત છે.

તને એકથી એક બેહતર પતિ મળી શકે છે. પરંતુ આ મોમીના એહલેબયતે મોહંમદ (સલ.)ની ચાહક હતી. એનું દીલ આ વાત માનતું ન હતું કે પોતે બીજી શાદી કરે.

એક દિવસ ખૂબ જ ગમમાં બેઠી હતી. એને ખ્યાલ આવ્યો કે શા માટે પોતે મુશ્કીલ કુશા, શાહે મરદાં, શેરે યઝદાં, કુવ્વતે પરવરદિગારની ખિદમતમાં નથી જતી ? એકદમ યાદ આવતા શાહે ઈમામ આલી મુકામની સેવામાં હાજર થઈ. હૈયાફાટ રૂદન કરવા લાગી, હલ્લાલે મુશકીલાતે કહ્યું કે તારી મુશકીલ બયાન કર કે જેને હું હલ કરૂં. પોતાની વિતક, પતિનું ગૂમ થઈ જવું, લોકોનું અને કુટુંબ-કબીલાનું તેને મૃત્યુ પામેલા માની લેવું વગેરે વાતો જણાવી. સાથે અરજ કરી કે પોતાનું દીલ તે મૃત્યુ પામ્યો છે તેમ કબૂલ કરતું નથી.

અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : અય ઓરત ! તારો પતિ જીવંત છે. પરંતુ ઘણો બદહાલ અને પરેશાન છે. ખાવાનું તૈયાર કર, અને બર્રે મજનૂનના રસ્તે જા. છ સાત કિલો મીટર ચાલીને એક રેતીનો ઢગલો આવશે. તેના ઉપર તને તેની મુલાકાત થશે.

પેલી મોમીનાએ ખાવાનું બનાવ્યું. સાથે કેટલીક સ્ત્રીઓને લીધી. નિશ્ચત સ્થળે પહોંચી ત્યાં આ કૂતરો દૃશ્યમાન થયો. તે આ ઓરતના પગોમાં આવીને બેહોશ થઈ ગયો. કૂતરાને ખાવાનું પાણી આપ્યાં. પરંતુ કમજોરીને લીધે ખાઈ-પી શક્યો નહિ. આ જોઈને ઓરત આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. કહેવા લાગી કે અય ખાલીકે અર્ઝ વ સમાં, તું દાતા અને જોવાવાળો છે. મને સમજ નથી પડતી કે આ શું બાબત છે ! મને તો અમીરૂલ મોઅમેનીને કહ્યું છે

કે બર્રે મજનૂનની જગ્યાએ જા ત્યાં તને તારો પતિ મળશે. અમીરૂલ મોઅમેનીનનું ફરમાન તો કદી ગલત હોઈ શકતું નથી. પરંતુ અહીં તો આ કૂતરા સિવાય કાંઈ પણ દેખાતું નથી.

પેલી મોમીના અમીરૂલ મોઅમેનીનની ખિદમતમાં પાછી ફરી. પોતાની વિતક કહી સંભળાવી. કહ્યું કે ત્યાં તો એક કૂતરા સિવાય કોઈ જ નથી. હઝરતે જણાવ્યું કે તે કૂતરો તારો પતિ છે. સ્ત્રી હઝરતના પગોમાં પડી રડવા લાગી. કહ્યું : કે મોમેનીન અને મોમેનાતના ઈમામ ! અય મુત્તકીઓના સરદાર ! મને આ રાઝ સમજાવો, ભેદ ખોલો.

ફરમાવ્યું : તારો પતિ મુશરીક હતો. તે ખુદા અને તેના નબી સાથે સખ્ત દુશ્મની રાખતો હતો. મારી વિલાયતમાં શક કરતો હતો. જાહેરમાં

મારો વિરોધ કરતો હતો. ખુદાતઆલાએ એને કુતરાની શકલમાં ફેરવી દીધો.

પેલી સ્ત્રી હૈયાફાટ રૂદન કરતાં બોલી. અય વલીએ બરહક આપને આપની વિલાયત અને ઈમામતનો વાસ્તો, મારા પતિને માફ કરો, એને ઈન્સાની શકલમાં પાછો લાવી આપો. ફરમાવ્યું : જા, તેના ગળામાં રસ્સી નાખીને મારી સમક્ષ લઈ આવ.

જ્યારે આ કૂતરો અમીરૂલ મોઅમેનીનની સેવામાં હાજર થયો તો શરમથી નીચું મોં કરી રડવા લાગ્યો. આંખોમાંથી આંસુ  જારી થયાં. હઝરતે અલ્લાહની બારગાહમાં દુઆ માટે હાથ ઊંચા ફરમાવ્યા. તે તરત જ અસલ સુરતમાં આવી ગયો. તે જ લિબાસમાં, પઘડી સાથે જમીન ઉપર પડી ગયો. હઝરતના કદમોમાં રડવા લાગ્યો. કહેવા

લાગ્યો કે મેં આપના ઉપર શક કર્યો, આપને બુરુ-ભલું કહ્યું, મને સજા મળી. હવે હું શીર્કથી બેઝાર છું. મારી ઉપર રહમ ફરમાવો. મને હિદાયતનો રસ્તો બતાવો. અલીએ પોતાની ઝબાન મુબારક તલકીન માટે ખોલી તેને ઈમાનની તાલીમ આપી. તે વ્યક્તિ દીને હક ઉપર યકીન લાવ્યો અને ઈમાનમાં દાખલ થઈ ગયો.

**નોંધ** :- વહાલા વાંચકો : આપણો કુઆર્નથી સંબંધ ઘણો જ ઓછો છે. આપણે નબુવ્વતને જ સમજી શકતા નથી. નબીના રૂબરૂ, નબીની પ્રત્યક્ષ નબુવ્વતનો ઇન્કાર બહુ જ મોટો ગુનો છે. નબીઓના જમાનામાં કેટલાય એવા કાફિરો હતા જે એમ બોલતા જણાય છે કે અગર એ સાચો નબી છે તો આપણી તરત જ પકડ થશે. માટે આપણે

ખામોશ રહેવું જ બેહતર છે. આપણે ઈમાન નથી લાવવું. પણ કશું બોલવું પણ નથી.

બીજી વાત નબીની નબુવ્વતને બચાવવી, નબુવ્વતને સાચી ઠેરવવી, તેની હિફાઝત કરવી, અલ્લાહનું કાર્ય છે. જેથી નબીનો પ્રત્યક્ષ, મોઢામોઢ, તેમની સામે, પબ્લીકના સમૂહમાં વિરોધ કરનારા અલ્લાહની સામે સીધા ટકરાય છે. સખતમાં સખત અઝાબમાં સપડાય છે.

નબુવ્વત પછી તરત જ નબુવ્વતના જ બદલારૂપ ઈમામત શરૂ થાય છે. જેમ આખરી નબીનો દરજ્જો તમામ નબીઓથી અફઝલ છ ેતેમ તેમના બાર ખલીફાઓનો દરજ્જો પણ મોહંમદ (સલ.)ને બાદ કરતાં તમામ નબીઓથી અફઝલ છે. નબીઓના જમાનામાં નબીઓની બેઈઝ્ઝતી કરવા ઉપર તેમને જુઠલાવવા ઉપર,

મોઢામોઢ તેમને એલફેલ બોલવાથી તે કોમો ઉપર જ અઝાબો આવ્યા, જેની નોંધ કુઆર્ને પાકે કરી છે. બીલકુલ આ જ રીતે, આજ પદ્ધતિથી સુન્નતુલ્લાહ ચાલી આવે છે, જેથી ઈમામની બેઇઝઝતી કરનારાઓને ઈમામતનો મોઢેમોઢ, પબ્લીકમાં, વિરોધ કરનારાઓને અલ્લાહ તરત જ બોચીમાંથી પકડે છે. અલ્લાહ ઈમામને હુકમ આપે છે કે મોઅજિઝો બતાવો. એને બોચીમાંથી પકડો. મતલબ આ સુન્નતુલ્લાહ (અલ્લાહની સુન્નત) હઝરત આદમ (અલ.)થી ચાલી આવે છે. અલ્લાહનો તરીકો (સુન્નત) બદલાતો નથી. જુઓ સુરએ ફાતિરની ૪૩મી આયત, અલ્લાહતઆલા ફરમાવે છે કે,

**ફલન તજેદઅ લેસુન્નતિલ્લાહે તબ્દીલા, વલન તજેદઅ લેસુન્નતિલ્લાહે તહવીલા.**

"જો કે તમે અલ્લાહની સુન્નતમાં હરગિઝ કોઈ ફેરફાર ન જોશો. અને ન કદી તમે અલ્લાહની સુન્નતને ફેરવાયેલી (નિયમ ફરી જવો) જોશો."

બસ આ જ બાબત છે. આપણા ઈમામોને પણ આવા જ સમયે મોઅજિઝા બતાવવાની જરૂરત ઊભી થઈ. તો તે જ વખતે હુકમે ખુદાથી બતાવી દીધા.

આવો જ એક મોઅજિઝો ઈમામ હસન (અલ.)નો છે. આપ એક મોમીનોના સમૂહને સંબોધન ફરમાવી રહ્યા હતા. આપ મિમ્બર ઉપર બેઠેલા હતા. આપની મુબારક જીભથી મોમીનો અલ્લાહની તારીફ સાંભળી રહ્યા હતા. તેમાં એક વાંકો માણસ પણ બેઠો હતો. વક્ર સ્વભાવનો, વાકું જોનારો, વાંકુ વિચારનારો, આવા વક્ર માણસો દરેક સમાજમાં હોય છે. તેણે ઊભા થઈ આપ ઉપર

એતેરાઝ કરી દીધો. ઈમામના ચેહરા મુબારક ઉપર નારાઝગીની રેખાઓ સ્પષ્ટ દેખાઈ. તરત જ આપની મુબારક જીભ ઉપરથી આ શબ્દો સરી પડ્યા. “આ ઓરત કેમ અહીં મરદોમાં બેઠી છે” બસ હઝરતનું આટલું બોલવું હતું અને તરત જ પેલો વાંકો ઓરતમાં ફેરવાઈ ગયો. મજમુઆમાંથી ઊઠીને ભાગ્યો, ઘેર ગયો, જોયું તો તેની પત્ની પુરુષમાં ફેરવાઈ ગઈ હતી. પેલી વ્યક્તિના તોબા કરવા ઉપર હઝરતે તેને માફી આપી ફેરવી નાખ્યો.

ઈમામ મઝલૂમે પોતાનો ફેસલો આપી દીધો. શક્ય છે કે પેલા વાંકા બળદીયામાં ઓરતના જેવા કોઈ ગુણો કે ચાલઢાલ હોય. ઈમામે તે પ્રમાણેની સજા ફરમાવી દીધી.

# મોઅજિઝા – ૧૫

# હઝરત સલમાન ફારસી રઝિયલ્લાહો તઆલા અન્હોની નમાઝે જનાઝા હઝરત અલી (અલ.) એ પઢાવી

ઉમર ઈબ્ને ખત્તાબના શાસનકાળમાં હઝરત અમીરૂલ મોઅમેનીન મસ્જિદે મદીનામાં તશરીફ લાવ્યા. ફરમાવ્યું : આજે રાતે પેગંબરે ઈસ્લામે સ્વપ્નમાં મને ફરમાવ્યું છે : અય ભાઈ ! સલમાન ફારસીએ આ આલમે ફાનીમાંથી ઈન્તિકાલ કર્યો છે. ત્યાં જાઓ, તેમના ગુસલ કફન-દફનની વ્યવસ્થા કરો, નમાઝ પઢો.

આપ (સલ.)ની વસીય્યત પ્રમાણે હું મદાઈન જઈ રહ્યો છું. જેથી તેમના કફન-દફન

વગેરેની વિધિ પતાવું. કેટલાક લોકોએ આપની વાતોને સાચી માની જ્યારે કેટલાકે ઈન્કાર કર્યો.

એક વ્યક્તિએ ધૃણા-અપમાન-અનાદરના હેતુથી મજાકમાં રમૂજ કરતા હોય એ રીતે કહ્યું : યા અલી ! તેમનું કફન બયતુલમાલમાંથી લઈ જાઓ. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : તે બુઝુર્ગવાર આ પ્રકારના કફનથી બેનિયાઝ છે. તેઓને આ કફનની જરૂરત નથી. કેટલાક અસહાબો મદીનાની બહાર સુધી આપની સોહબતમાં ચાલ્યા.

હઝરત અમીરૂલ મોઅમેનીન એક જ સેકન્ડમાં તેઓની દૃષ્ટિથી ગાયબ થઈ ગયા. પછી ઝોહરની નમાઝથી અગાઉ પોતાના નખલીસ્તાનમા પાછા આવી ગયા. જ્યારે આપ મદીના પધાર્યા લોકોને ફરમાવ્યું : કે હું મદાઈનમાં સલમાનને દફનાવીને પાછો ફર્યો છું.

કેટલાક ઇન્કારીએ આ તારીખને યાદ રાખી, અહીં સુધી કે એક મુદ્દત પછી મદાઈન થી આ બાબતનો એક પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે સલમાન આ તારીખે અને આ દિવસે ગુજરી ગયા. ત્યારે જંગલ તરફથી એક વ્યક્તિ આવતા દેખાયા તેમણે તેઓની કફન-દફન વિધિ કરી, નમાઝે જનાઝા પણ અદા ફરમાવી. વળી નવાઈની વાત આ છે કે આ વ્યક્તિ આપને દફન કરીને તરત જ અમારી દૃષ્ટિથી ગૂમ થઈ ગયા.

**નોંધ** : આ મોઅજિઝામાં ઉલ્લેખ છે કે અમીરૂલ મોઅમેનીન મદીનામાં આવ્યા. તો કોઈને પ્રશ્ન થાય કે શું આપ મદીનામાં ન હતા ? મદીના એક મોટું શહેર હતું. આસપાસના પહાડી ઈલાકાના કબીલાઓ, છુટી છવાઈ વસ્તીઓ, અનેક ખાનાબદોશ પહાડીઓમાં રહેતા - અસ્થાયી માઇલો

સુધી પથરાયેલાં રહેઠાણોમાં આબાદ સેંકડો લોકો વગેરેને પણ મદીનામાં જ ગણવામાં આવશે.

આપણા દેશમાં મોટા શહેરોમાં દૂરસૂદૂર ફેલાયેલી નવી આબાદીઓ એ શહેરની જ ગણાતી હોવા છતાં બોલચાલની ભાષામાં જ્યારે આવા દૂરના ઈલાકામાં રહેનાર લોકો જૂના અસલ શહેરમાં જાય ત્યારે તે શહેરનું નામ બોલાય છે. દૃષ્ટાંતરૂપે જોગેશ્વરી કે બાંદરામાં રહેનાર લોકો મુંબઈમાં ગણાતા હોવા છતાં એ લોકો મુંબઈ સેન્ટ્રલમાં - અસલ જુના શહેરમાં જાય ત્યારે બોલે છે કે હું મુંબઈ ગયો હતો. આ જ પ્રમાણે હઝરત અમીરૂલ મોઅમેનીન મદીના આવ્યા, એમ કહેવાય.

મદીનાથી દૂરના ઈલાકામાં આપની ખેતી પણ હતી. આપની પાસે ફળાઉ ઝાડોની વાડીઓ પણ હતી. આપની ખેતી-જાગીરમાં આપ અનાજ

પકવતા હતા. આપ ખુદાની મખલુકના મિનજાનિબિલ્લાહ ઈમામ હોવા છતાં આપે ઘણાબધાં રચનાત્મક કાર્યો પણ કર્યાં છે. આપે શાહરાહ (રાજમાર્ગો) પણ બનાવ્યા છે. આપે શાહરાહની બંને બાજુએ વૃક્ષો પણ રોંપાવ્યાં છે. આપની સાથે આપની મદદ કરનારા સેંકડોની સંખ્યામાં મોમીનો પણ હતા. આજે પણ મદીના શહેરની ૪૦ ટકા વસ્તી શીયા છે. તેઓ ખામોશી સાથે જીવન વ્યતિત કરી રહ્યા છે. મક્કાની ૨૦ ટકા વસ્તી શીયા છે.

અમીરૂલ મોઅમેનીન મદીનાના કોઈપણ એરિયામાં હોય, કોઈપણ વાડી ઈલાકામાં કે પહાડી ઈલાકામાં હોય, અમીરૂલ મોઅમેનીન જ્યાં પણ હોય મોમીનોનો એક મોટો સમૂહ હંમેશા આપની સાથે રહેતો. આપ પોતે ઈમામત કરી જ્યાં પણ

નમાઝનો સમય થાય, નમાઝ અદા ફરમાવતા. આપ ઈમામુલ અઈમ્મા હોઈ આપે કદીપણ કોઈ ખલીફાની પાછળ નમાઝ પઢી નથી. ન તો આપને મસ્જિદે નબવીમાં નમાઝ અદા કરવા આવવાની જરૂરત હતી. આપ દિવસ-રાત ઈસ્લામની હિફાઝતના કાર્યોમાં લાગેલા રહેતા.

આપની વાએઝો, તકરીરો, બયાનો દરરોજ અને તે પણ દિવસમાં અનેક સમયે ચાલુ જ રહેતાં. તેમને લખનારા કલમબદ્ધ કરતા રહેતા. આપ પ્રથમ ત્રણ ખલીફાઓની હુકુમતના ૨૫ વર્ષ ઈસ્લામની તબ્લીગ કરતા રહ્યા. ઈસ્લામની ડુબતી નૈયાને બચાવવાનું કાર્ય કરતા રહ્યા.

ખલીફા અબુબકર અને ખલીફા ઉમર સાહેબોની હુકુમતના ૧૩ વર્ષ સુધી તમામ બની હાશિમને મદીનાની બહાર જવા દેવામાં આવતા ન

હતા. તેઓના કિશોરો સુદ્ધાં ઉપર આ બંને ખલીફા સાહેબોએ મદીનાની બહાર જવાની સખ્ત પાબંદી લગાવી હતી. આ ખલીફા સાહેબોને એવો ડર લાગતો હતો કે જો રસૂલના ખાનદાનના લોકો મદીનાની બહાર જશે તો હુકુમતમાં બળવો ઊભો થઈ જશે. બહારના લોકો કહેશે કે હુકુમત તો તમારી પાસે હોવી જોઈએ. આ લોકો કેવી રીતે હાકેમ બની ગયા ? બલકે બની હાશિમના સરદાર ઉપર તો ખાસ નજર રાખવામાં આવતી કે આપ શું બોલે છે? શું કરે છે ? ક્યાં જાય છે ? સતત જાસુસી થતી રહેતી.

જુઓ, ઘણી જ જુની કિતાબ ઈબ્ને અસાકિરમાં શાઅબીની રિવાયત છે. આ જ રિવાયતને તબ્લીગી જમાતના બીજા હઝરતજી મો. યુસુફ કાંધલવીએ પણ પોતાની કિતાબ

હયાતુસ્સહાબા ભાગ-૪ પેજ નં. ૪૧ ઉપર નોંધી છે. તેમાં સ્પષ્ટ છે કે બની હાશિમને પ્રથમ બે ખલીફાઓના રાજ્યઅમલ દરમ્યાન મહ્સુર રાખવામાં આવતા હતા. મહ્સુર એટલે નજરકેદ - બહાર જવાની પાબંદી.

હયાતુસ્સહાબા જિલ્દ-૨ ભાગ-૪ પેજ નં. ૪૧. પ્રકાશન ઈદારા ઈસાઅતે દીનીયાત - દેવબંદ યુ. પી. હઝરતજીની આ કિતાબ ૩ જિલ્દોમાં ૧૦ ભાગમાં મારી લાયબ્રેરીમાં છે.

# મોઅજિઝા – ૧૬

# આશ્ચર્યચકિત કરી દે એવો એક ઐતિહાસિક ચૂકાદો

બીજા ખલીફા ઉમર સાહેબના શાસનકાળમાં અબુ અબ્દુલ્લાહ અનસારીનું મૃત્યુ થયું. તેમણે વારસામાં ૮૦ એંશી હજાર દિનાર (સોનાના સિક્કા) છોડ્યા. સાથે સાથે એક ત્રણ વરસનો છોકરો પણ હતો. તેમની પત્ની નવયુવાન હોઈ એક લાંબી જિંદગી જીવવાની હોઈ બીજી શાદી કરી લીધી.

જ્યારે આ છોકરો બારેક વર્ષનો થયો, થોડીક અક્કલ આવી, યુવાનીની નજીક પણ પહોંચ્યો. થોડાં શરીઅતના કાનૂનોથી પણ વાકેફ થયો. ત્યારે એક દિવસ એણે જોયું કે પોતાની મા પોતાના બાપના માલમાંથી થોડાક દિરહમ એના

પતિને આપી રહી છે. તો આ કિશોરે પોતાની માને કહ્યું : “લાયસતહ્યી મિનલ્લાહ !” તમને શરમ નથી આવતી કે મારા પૈસા બીજાને આપો છો !

સ્ત્રીને હવે એમ લાગવા માંડ્યું કે ધીરે ધીરે આ છોકરો યુવાન થઈ રહ્યો છે. અને પોતાનું જીવન હવે કડવું કરી નાખશે, મતલબ પોતાના માટે હવે મુસીબતો ઊભી કરશે. પોતાના જીવનમાં આ છોકરો પ્રકાર પ્રકારની દખલગીરી કરશે.

ઓરતે છોકરાને ક્હ્યું : તું અબ્દુલ્લાહની નસલ અને મારા પેટથી નથી. બલકે તું તો ખરીદેલો ગુલામ છે. અબુ અબ્દુલ્લાહે તને મોહંમદ મુસ્તુફાના ગાઝીઓ પાસેથી ખરીદ્યો હતો. પછી ફરઝંદ તરીકે જાહેર કરી દીધો હતો.

છોકરાએ આ બાબતની ફરિયાદ ખલીફા ઉમર સાહેબને કરી. જ્યારે આ ઓરતને જાણ થઈ

કે છોકરાએ ફરિયાદ કરી છે. તો તેણે પોતાની ખોટી વાતને સાબિત કરવા માટે સાતસો દિનાર ખર્ચીને સાત જુઠા ગવાહો ઊભા કર્યા. જ્યારે આ છોકરાએ ખલીફા સમક્ષ પોતાની પરિસ્થિતિ રજૂ કરી ત્યારે ખલીફાએ આ સ્ત્રીને બોલાવવા સરકારી માણસ મોકલ્યો. જ્યારે તે આવી તો ખલીફાએ પુછ્યું : અય ઓરત ! તું આ છોકરાના માલને કેમ ખર્ચ કરે છે ? જે કંઈ તારી મહેર છે તે અને કુલ માલનો આઠમો ભાગ લઈ લે અને બાકીનો માલ તું આ છોકરાને હવાલે કરી દે.

(મુસલમાનો જેઓ સહાબાના પુજારીઓ છે. તેઓ વિચારે, આ મરનાર અબુ અબ્દુલ્લાહ અનસારી પણ સહાબી છે. આ સ્ત્રી પણ સહાબીયા છે. આ સાતેય ગવાહો પણ સહાબા છે. જેઓ ૧૦૦/૧૦૦ દિનાર લઈને જુઠ બોલવા ઊભા થઈ

ગયા છે. હઝરત ઉમર સાહેબની ખિલાફતને હજી એકાદ વર્ષ થયું છે. આ ઘટના મદીનાની છે. રસૂલના ઈન્તિકાલને હજી સાડાત્રણ વર્ષ થયાં છે. જેઓ સહાબાના સમૂહને માસુમ જેવા માને છે તેઓને અમે આવા તો સેંકડો દૃષ્ટાંતો આપી શકીએ છીએ. જુઠી હદીસો ઘડનારા સહાબા, રસૂલના મા-બાપને જહન્નમી હોવાની હદીસો ઘડનારા સહાબા, રસૂલના દરજ્જાને ઘટાડી બીજા લલ્લુ પંજુઓના દરજ્જાને વધારી દેનારા સહાબા, ખલીફાઓની જુઠી તારીફમાં હદીસો ઘડનારા સહાબા. અમારી પાસે પુષ્કળ દૃષ્ટાંતો છે. મોમીન સહાબા તો બહુ થોડા હતા. મુનાફિક સહાબા ઘણાં હતા. તે બધા જ મુનાફિક સહાબાને પણ એહલે સુન્નત હઝરાત પૂજનીય અને આદરણીય ગણે છે, કારણ કે તેમના

અકીદાની ઈમારતનો આધાર જ આવા સહાબા ઉપર છે.)

તેણે ઉત્તર આપ્યો : આ છોકરો અબુ અબ્દુલ્લાહનો ખરીદેલો ગુલામ છે. ખલીફાએ ગવાહોની માંગણી કરી. સ્ત્રીએ પેલા સાતેય જુઠા ગવાહોને કોર્ટમાં હાજર કરી દીધા. પેલાઓએ આ સ્ત્રીના કહેવા પ્રમાણે ગવાહી આપી. ખલીફાએ પેલાઓની સાક્ષીને કબૂલ કરીને પેલા છોકરાને કેદખાનામાં મોકલી આપ્યો.

આ છોકરો બે મહિના અને એક બીજી રિવાયત પ્રમાણે ચાર મહિના કેદમાં રહીને ઘણો જ કમજોર થઈ ગયો. બલકે બીમાર પડીને મરી જવા જેવો થઈ ગયો. એક દિવસ ઘણા જ દુ:ખદર્દ સાથે કેદખાનાના સંતરીને કહ્યું : અય ખ્વાજા, મારી મોત નજીક છે, જો તમે મને દરવાજો ખોલી આપો તો હું

બહાર આવી જરા તાજી હવા લઉં. મને જરા સારૂં લાગે. તમે જોઈ રહ્યા છો કે મને ખોરાક પણ ચાલતો નથી. બીમાર રહું છું.

કેદખાનાના સંતરીને દયા આવી. વાત સાચી પણ હતી. તેણે દરવાજો ખોલી નાખ્યો. આ છોકરો દરવાજાની બહાર નીકળી ખુલ્લી હવામાં બેઠો. જ્યાંથી કોઈક આવનાર-જનાર પણ દૃષ્ટિમાન થાય.

અચાનક અબુ શહમા બિન ઉમર ખત્તાબ (ખલીફા - સાહેબનો બેટો) ત્યાંથી પસાર થયો. તે આ છોકરાને ઓળખતો હતો. તેના ગળામાં સાંકળ (તોક) જોઈને પુછ્યું : અય છોકરા, તું કયા ગુનાને કારણે જેલમાં આવ્યો છે ?

છોકરાએ ખલીફા ઉમરના છોકરાને જવાબ આપ્યો. મેં ગુનો તો કોઈ જ કર્યો નથી. પરંતુ તારા

બાપે મારા બાપનો વારસો પાયમાલ કરી દીધો. વળી મને જેલમાં પણ મોકલી દીધો.

અબુ શહમા ઈબ્ને ઉમર ખત્તાબે તેને કહ્યું : જો તું ગુનેહગાર નથી તો અલી મુરતઝાની પાસે જા. તેમની દરમ્યાનગીરીથી જ તારો છૂટકારો થશે. તે છોકરાએ કહ્યું : મને જવા નહીં દેવાય. અબુશહમાએ જામીન બનીને પેલા છોકરાને છોડાવ્યો. જ્યારે આ છોકરો અમીરૂલ મોઅમેનીનના હુજરાની પાસે પહોંચ્યો ત્યારે કમજોરીના કારણે તેનો પગ લપસ્યો અને જમીન ઉપર ફસડાઈ પડ્યો.

(વિચારો ! ખલીફા ઉમર સાહેબનો પુત્ર શું કહે છે ? દુશ્મનો જેમની ઈલ્મીયત, જેમની મહાનતા, જેમની સદાકત, જેમની બુદ્ધિશક્તિ અને જેમના ન્યાયની તારીફ કરે. તેમનું શું પુછવું ?

પોતાના બાપ પાસેથી અન્યાય પામેલી વ્યક્તિને અહીં મોકલ્યો.)

અમીરૂલ મોઅમેનીને તેને જમીન પરથી ઉઠાવ્યો. તેની સાથે ખૂબ જ મહેરબાનીનો વર્તાવ કરી તેની હાલત પૂછી. તેણે જણાવ્યું કે હું મશ્હુર સહાબી અબુ અબ્દુલ્લાહ અનસારીનો પુત્ર છું. પછીની બધી જ વિગતો વિસ્તારથી કહી સંભળાવી.

અમીરૂલ મોઅમેનીન અબુ અબ્દુલ્લાહનું નામ સાંભળીને રડી પડ્યા. પછી ફરમાવ્યું : તારા બાપે રસુલુલ્લાહની હાજરીમાં સિત્તેર કુઆર્ન ખતમ કર્યાં હતાં. પછી કમ્બરને કંઈક હુકમ આપ્યો. કમ્બરે તે પ્રમાણે અમલ કર્યો. આપે પેલા છોકરાનો હાથ પોતાના હાથમાં પકડી ખલીફાની સમક્ષ આવીને ફરમાવ્યું : અય અબુલ હફ્સ ! (ખલીફા ઉમરની કુન્નીયત હતી અબુલ હફ્સ.) તમે આ યતીમનો

માલ બીજાઓને આપી દીધો ? આવું કેમ કર્યું ? ખલીફા ઉમર સાહેબે બધી જ હકીકત બયાન કરી.

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબે ખલીફાને ફરમાવ્યું ! તે સ્ત્રીને બોલાવો. જ્યારે તે આવી તો આપે ફરમાવ્યું : અય ઓરત ! તું તારા સગા દીકરાની કેમ દુશ્મન બની ગઈ છે ? તે પોતાના નિવેદન ઉપર કાયમ રહી, જે તેણે ખલીફાના દરબારમાં આપ્યું હતું. હઝરત અલી (અલ.) એ ગવાહોને બોલાવ્યા. તે સાતેય ગવાહોએ તે જ પ્રમાણેની ગવાહી આપી જેવી અગાઉ આપી હતી. ખલીફા ઉમરે કહ્યું : અય અબુલ હસન ! (હઝરત અલી (અલ.)ની કુન્નીયત. અબુલ હસન.) હું વગર કારણે કોઈને તકલીફ નથી આપતો.

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબે સ્મિત સાથે ફરમાવ્યું : નસ્તર લગાવનારને

બોલાવો. લોહી ટેસ્ટ લેવા માટે. થાળી લાવો. જ્યારે નસ્તર લગાવનારો આવી ગયો તો ફરમાવ્યું : છોકરાના જમણા હાથમાંથી લોહી લો. અને તેની માના ડાબા હાથમાંથી લોહી લો. હુકમ મુજબ બંનેનું લોહી એક થાળીમાં ભેગું કર્યું. આપે રિદાએ મુબારક (ચાદર) થાળી ઉપર ઢાંકી અલ્લાહના નામોમાંથી એક નામ પઢી દમ કર્યો. તરત જ લોહીમાં જોશ પેદા થયો. અવાઝ આવી. યા અમીરૂલ મોઅમેનીન! યા વસીયે ખયરૂલ મુરસલીન ! હું આ છોકરાની સગી મા છું. નફસની ખ્વાહિશાત અને દુન્યવી ગરજોના કારણે મેં તેનાથી અલગતા જાહેર કરી હતી. ઘટના સ્થળે ઉપસ્થિત જન-સમૂહ આ જોઈને આશ્ચર્યચક્તિ થઈ ગયો. પછી અમીરૂલ મોઅમેનીનના હુકમથી આ સ્ત્રી અને જુઠા ગવાહોને સજા આપવામાં આવી. અને શરીયતના હુકમ

પ્રમાણે અબુ અબ્દુલ્લાહના રૂપિયા બેટાને સોંપી દેવામાં આવ્યા.

# મોઅજિઝા – ૧૭

# હઝરત અમીરૂલ મોઅમેનીનનો એક બાળપણનો મોઅજિઝો

કિતાબ મુસતતાબ મજમઉલ કસાઈલ મનાકિબ અલ્લામા ઈબ્ને શહર આશુબ તરજુમા મૌલાના સૈયદ ઝફર હસન સાહેબ પેજ નં. ૩૦૨ ઉપર જઅફીથી રિવાયત છે. હઝરત અલી (અલ.)ના દાઈ જેઓ આપની દેખભાળ કરતાં હતાં. તેનો સંબંધ બની હિલાલ કબીલા સાથે હતો. એક દિવસ તે આપને પોતાના તંબૂમાં લઈ ગયાં. તેમનો પોતાનો નાનો બાળક પણ અગાઉથી ત્યાં હતો. આ બાળક રમતાં રમતાં નજીકના એક કૂવા પાસે ચાલ્યો ગયો. તે જમાનામાં તો મોટા ભાગે કૂવાઓ ખુલ્લા જ રહેતા હતા. આ બાળક કૂવામાં લટકી

પડ્યો. એનું માથું અને એક પગ અંદર લટકી પડ્યાં. હઝરત અલી (અલ.) પોતે પણ હજી એક બાળક જ હતા. દાઈના છોકરા જેટલા જ હતા. હઝરત અલી (અલ.) એ તે બાળકને હાથ પકડીને બહાર ખેંચી લીધો. તેની માએ પોતે આ દૃશ્ય જોયું. દૂરથી પોતાના બાળકને કૂવામાં લટકેલો જોઈને એના તો હોશકોશ ઉડી ગયા હતા. તે પોતાના કબીલાના લોકોને પોકારી પોકારીને કહેતી હતી કે મુબારક બચ્ચાને તો જુઓ, એણે મારા છોકરાની જાન બચાવી છે. આ સ્ત્રી વારંવાર આમ બોલતી હતી. લોકો આશ્ચર્યચકિત થઈને હઝરત અલી (અલ.) ને જોતા હતા.

## મોઅજિઝા – ૧૮

## હઝરત અલી (અલ.)નો દુશ્મન મસ્જિદમાં ગયો, તરત જ આંધળો થઈ ગયો

કિતાબ “મનાકિબ” ઈબ્ને શહર આશુબમાં ઈબ્ને કલીદ જેઓ એહલેબયતના વિશ્વાસપાત્ર રાવી છે. રિવાયત કરે છે કે તેઓ એક દિવસ દમિશ્કની મસ્જિદમાં બેઠેલા હતા. આપે જોયું કે મોહંમદ બિન સુફયાન પોતાના દોસ્તોની સાથે મસ્જિદમાં દાખલ થયો. ઘણી જ ઝડપી ચાલે મિમ્બરની પાસે પહોંચ્યો. તરત જ પાછો ફર્યો, એવી હાલતમાં કે બે માણસો તેને પકડીને ચાલતા હતા. તે આંધળો થઈ ગયો હતો.

ઈબ્ને કલીદ કહે છે કે મને વિચાર આવ્યો કે હજી હમણાં તો આ વ્યક્તિ જોઈ શકતો હતો, દોડતો દોડતો તે મિમ્બર તરફ ગયો હતો. જેથી મેં

પુછ્યું તો ખબર પડી કે એ ખુત્બો આપવા માટે મિમ્બર પર જઈ રહ્યો હતો. તેણે ઉદ્બોધન કર્યું “જે વ્યક્તિ હઝરત અલી અલયહિસ્સલામ ઉપર ગાલીગલોચ અને લઅનત નહીં કરે તેના ઉપર હું ગાલીગલોચ અને લઅનત કરીશ.”

તેનું આમ બોલવું હતું કે તેની બંને આંખોની રોશની ચાલી ગઈ. તે ચિલ્લાવા લાગ્યોે, અય લોકો મને પકડો, મને પકડો, મારી તો આંખોની રોશની ચાલી ગઈ છે. લોકોએ તેને જોયો તો તેની ઉપર લઅ્નત કરવા લાગ્યા. તેના સાથીઓ તેને પકડીને ઘેર લઈ ગયા.

## મોઅજિઝા – ૧૯

# લોખંડનો મોટો ખૂંટો હઝરત અલી (અલ.) ના હાથમાં આવતાં મુલાયમ થઈ ગયો

હઝરત અબુ સઈદ ખુદરી હઝરત જાબીર બિન અબ્દુલ્લાહ અનસારી અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે ખાલિદ બિન વલીદે ઉપરોક્ત ત્રણે વ્યક્તિને નીચેની ઘટના વર્ણવી.

ખાલીદ કહે છે કે રદ્દહ વાસીઓની કતલ કરીને એક મોટા લશ્કર સાથે તે પાછો ફરી રહ્યો હતો, ત્યારે અલી ઈબ્ને અબી તાલિબ લશ્કરની વચ્ચે થઈ મારા તરફ આવી રહ્યા હતા. ખાલીદ કહે છે કે મને એમને જોઈને જ ગુસ્સો અને નફરતની ભાવના પેદા થઈ. મેં એમના ઉપર ખરાબ શબ્દપ્રયોગ કર્યો. મારા આ શબ્દો કોઈ વ્યક્તિએ હઝરત અલી સુધી પહોંચાડી દીધા.

મારા અપશબ્દો સાંભળતાં જ હઝરત અલી (અલ.) સિંહની જેમ હમહમાવીને મારી ઉપર ત્રાટક્યા. જાણે કોઈ સિંહ શિકાર પર ત્રાટકતો હોય એમ મારી નજીક આવ્યા, મને પુછ્યું : આ ગુસ્તાખી તેં કરી છે ? મેં કહ્યું : હા મેં આમ કહ્યું છે. આપે મને કહ્યું : તું મારા ઉપર કેવી રીતે પ્રધાનતા મેળવી શકે છે ? મારું નામ તારા હલકમાં ઊતારવાની હિંમત તું કેવી રીતે કરે છે ? આપે મને ઘોડા ઉપરથી જ પકડીને ખેંચી લીધો. હું તેમને રોકી શક્યો નહિ. મને ખેંચતા ખેંચતા હારિષ બિન કલદહની

(જે એમના ચાહક હતા) એક પુરાની ચક્કીની પાસે લઈ ગયા. જે ચક્કી બંધ પડી હતી.

આપે ચક્કીની કીલ જે મોટા ખુંટા જેવી હતી તેને તાકાતથી ચક્કીની પાટમાંથી કાઢી લીધી. તેને

વાળીને મારી ગરદનમાં પટાની જેમ પહેરાવી દીધી, જેવી રીતે કોઈ ચામડીને વાળીને પહેરાવી દે. મારા લશ્કરના લોકો એટલા બધા ડરી ગયા હતા કે જાણે કોઈ મલેકુલ મવતને જોતા હોય. મેં આપને ખુદા રસૂલની કસમ આપી કે મને માફ કરી દો. પરંતુ હું માફીના શબ્દો બોલું તે પહેલાં તો આપ મારી ગરદનમાં લોખંડનો તોક પરોવી ચૂક્યા હતા કારણ કે માફી માંગવામાં મેં વાર લગાડી હતી. આપે કહ્યું : તું વહેલા બોલ્યો હોત તો ઠીક હતું. હવે તું આ તોકને લાયક જ છે.

હું પરેશાન થઈ અબુબકરની પાસે આવ્યો. તો અબુબકરે લુહારોને બોલાવ્યા. જેથી તેઓ લોખંડના તોકથી મને છૂટકારો અપાવે. લુહારોએ કહ્યું કે ગરમ કર્યા વગર અમે આ તોકને ગરનદમાંથી છૂટા કરી શકતા નથી. ન તો કાપી

શકીએ છીએ. આ જ પરિસ્થિતિમાં હું ઘણા દિવસ રહ્યો. લોકો મને જોઈને હસતા હતા. શરમનો માર્યો હું ઘરની બહાર નીકળતો ન હતો. છતાંય મદીનામાં આ વાત હવાની જેમ ફેલાઈ ચૂકી હતી.

મારા દોસ્તો અને સગાવહાલાઓ વારંવાર અબુબકર ઉપર દબાણ કરતા કે આ તોક છૂટો કરવાનું કામ અલીનું જ છે. બીજો કોઈ આ તોક છૂટો કરી શકશે નહિ. એટલું જાડું અને મજબૂત લોખંડ હતું કે લુહારોએ તેને કાપવું પણ શક્ય ન માન્યું. હઝરત અલી (અલ.) મદીનાની આસપાસના કોઈ ઈલાકામાં સફરમાં ગયા હતા. તેઓ જ્યારે મદીના આવ્યા ત્યારે અબુબકરે તથા બીજા અનેક લોકોએ આપને વિનંતી કરી કે મને આ મુસીબતથી છોડાવે.

હઝરતે ફરમાવ્યું : એણે લશ્કરની સંખ્યા ઉપર પોતે સેનાપતિ હોેવા ઉપર ગુરૂર કરીને એમ ઈચ્છ્યું કે મને એની બરાબરીનો સમજે જેથી મેં એના ઘમંડને ધૂળમાં ભેળવી દીધું. જે ઈરાદો એના દીલમાં હતો મને ઝલીલ કરવાનો, મેં તેને અમલમાં ન આવવા દીધો. મેં એને એના લશ્કરની સામે તથા સમગ્ર મદીનામાં ઝલીલ કરી દીધો. હું એને આ તોકથી આઝાદી આપવાનો ન હતો પરંતુ લોકોની વિનંતી અને અબુબકરની વિનંતી ઉપર એને આઝાદ કરું છું. કારણ કે હું નમ્રદીલ છું.

હઝરત અલી (અલ.) એ લોખંડના તોકના બંને છેડાઓને પકડી ધીરે ધીરે પહોળા કરી જાડો લોખંડનો પાટ સીધો કરી ફેંકી દીધો. મારી ગરદન આઝાદ થઈ ગઈ.

હઝરત અબુઝર ગિફારીએ પણ આ ઘટનાની નોંધ કરી છે.

## મોઅજિઝા – ૨૦

# મોઢું (શકલ) કૂતરા જેવું પરંતુ કાન ઈન્સાનો જેવા

કિતાબ “અનવારે ઉમ્મત તાકિયામત” માં પેજ નં. ૯૯ ઉપર વાકદીથી રિવાયત છે. લખે છે કે એક દિવસ હું ખલીફા હારૂન રશીદની પાસે ગયો. ત્યાં કેટલાક આલિમો બેઠેલા હતા. હારૂન રશીદે શાફેઈને પુછ્યું : અય ઈબ્ને અમ્મ ! ફાઝાઈલે અલી (અલ.) ના વિષયમાં તમને કેટલી હદીસો યાદ છે? શાફેઇએ જવાબ આપ્યો. પાંચસોથી થોડીક વધારે. પછી હારૂન રશીદે બીજા આલિમ મોહંમદ બિન ઇસ્હાકને પુછ્યું ! તેમણે ઉત્તર આપ્યો. હજારથી વધારે. ત્યાર પછી મોહંમદ ઈબ્ને યુસુફને ઉદ્દેશીને પુછ્યું : તમે બતલાઓ. તેમણે કહ્યું : મારી જાનની સલામતિ અને અમાનનો વાયદો આપો તો જણાવું. હારૂન રશીદે ઘણાં જ ટૂંકમાં કહ્યું : “અમન છે” આ

સાંભળીને મોહંમદ બિન યુસુફે કહ્યું : પંદર હજારથી વધારે વિશ્વાસપાત્ર હદીસો મારી સુધી પહોંચી છે. ત્યારબાદ વાકદીને પુછવામાં આવ્યું : તેણે કહ્યું : મોહંમદ બિન યુસુફથી વધારે નહિં તો ઓછી પણ નહિ.

ત્યાર પછી ખલીફા હારૂનરશીદે કહ્યું : ભાઈઓ ! જે ફઝીલતે અલી મેં જોઈ છે તેના કારણ મેં અવલાદે અલી ઉપર ઝુલમ કરવાનું છોડી દીધું છે, બયાન કરૂં. બધાંએ બાદશાહને કહ્યું : જરૂર બયાન ફરમાવો. હારૂને કહ્યું : યુસુફ બિન હજ્જાજ જે દમિશ્કમાં મારો ગવર્નર છે. તેણે મને લખ્યું કે દમિશ્કમાં એક ખતીબ છે. જે અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) ને જાહેરમાં મિમ્બર ઉપર ગમે તેમ - એલફેલ બોલે છે. ગાલીગલોચ કરે છે. મના કરવા છતાં રોકાતો નથી. તેના વિષયમાં તમારો શું

હુકમ છે ? મેં જણાવ્યું કે તેની ધરપકડ કરીને મારી પાસે મોકલી આપો. જ્યારે તે આવ્યો તો મેં તેને પૂછ્યું : તું અલીની બુરાઈ શા માટે કરે છે ? તેણે કહ્યું : કે હું અલીની બુરાઈ એટલા માટે કરૂં છું કે તેમણે મારા પૂર્વજોને કતલ કર્યા છે.

હારૂન રશીદે કહ્યું : અલીએ તેમને કતલ કર્યા હશે તો ખુદા અને તેના રસૂલના હુકમથી કર્યા હશે. હું તને કહું છું કે તું આ પ્રવૃત્તિ બંધ કર. નહીં તો હું તને સખત સજા આપીશ. પરંતુ તે મલઉને તોબા કરવાથી ઈન્કાર કર્યો.

હારૂન રશીદે હુકમ કર્યો કે એને ૧૦૦ કોરડા લગાવો. પછી તેને એક મકાનમાં કેદ કરી દેવામાં આવ્યો. હારૂન રશીદે કહ્યું : હું રાતે આ વિષયમાં વિચારતાં વિચારતાં સૂઈ ગયો કે આવતીકાલે એને

શું સજા આપવામાં આવે, જેથી એ પોતાની આ પ્રવૃત્તિ બંધ કરે, આવી ઝલીલ હરકતથી તોબા કરે.

તે દરમ્યાન ખ્વાબમાં હું શું જોવું છું કે આસમાનના દરવાજા ખૂલી ગયા છે. રસૂલે ખુદા (સલ.) હઝરત અલી (અલ.) અને જિબ્રઈલ વગેરે મોજુદ છે. જિબ્રઇલના હાથમાં એક જામ પીવાનું વાસણ છે. રસૂલે ખુદાએ ફરમાવ્યું : અય જિબ્રઇલ ! આ જામ અલીને આપી દો અને અલીના ચાહકોને આવાઝ આપો. જેથી ચાલીસ માણસો અલીના દોસ્તોમાંથી આવ્યા. જેમને હું ઓળખતો હતો. અલીએ આ જામમાંથી બધાને પીવડાવ્યું. પછી ફરમાવ્યું : પેલા દમિશ્કી મુલ્લાને લાવો. જ્યારે તેને હાજર કરવામાં આવ્યો તો વસીએ મુસ્તુફાએ અલ્લાહના રસૂલને કહ્યું : યા રસુલલ્લાહ ! આ

વ્યક્તિને આપ નહીં પૂછો કે મને શા માટે ગાળો ભાંડે છે ?

અલ્લાહના રસૂલે તે દમિશ્કી ખતીબને ઉદ્દેશીને ફરમાવ્યું : શું આ વાત સાચી છે ? તે મલઉને કહ્યું : હા, પેગંબરે ઈસ્લામે દુઆ માટે હાથ ઉઠાવ્યા. કહ્યું : અય અલ્લાહ આ મલઉનને મસખ (વિકૃત કરવું, ચેહરો મોઢું બદલી નાખવું, શરીરમાં ફેરફાર કરી નાખવો) કરી દે, અને અલીનો બદલો લે, એને હંમેશના અઝાબમાં નાખી દે. આ દરમ્યાન મારી આંખ ખૂલી ગઈ.

મેં હુકમ આપ્યો કે પેલા ખતીબને મારી સમક્ષ હાજર કરો. જ્યારે તેને લાવવામાં આવ્યો તો તેની શકલ-સુરત વિકૃત થઈને કુતરા જેવી થઈ ગઈ હતી. ફક્ત તેના કાનો ઈન્સાનો જેવા હતા. તેની આંખોમાંથી આંસુ પડતાં હતાં. વારંવાર

પોતાનું માથું અને પુંછડી હલાવતો હતો. જાણે કે માફી માગી રહ્યો છે. મેં હુકમ કર્યો એને પાછો તે જ ઓરડામાં બંધ કરી દો.

લોકોની માંગણી ઉપર તેને બીજી વખત દરબારમાં લાવવામાં આવ્યો. દરબારીઓ તેને જોઈને ગમગીન થઈ ગયા.

શાફેઈએ કહ્યું : આ વિકૃત થઈ ચૂક્યો છે. તેને વધુ કોઈ સજા ન આપો. જેથી તે જ ઓરડામાં ફરીથી બંધ કરી દેવામાં આવ્યો. થોડાક જ સમયમાં એક દર્દનાક આવાઝ સંભળાઈ. જ્યારે તેહકીક કરી તો ખબર પડી કે તે ઓરડાની છત તોડતી એક વીજળી આસમાનથી પડી. તે કુતરાને બાળી નાખ્યો.

આ જોઈને હારૂનરશીદે દરબારીઓને કહ્યું : તમે બધા સાક્ષી રહેજો મેં અલીના ખાનદાન ઉપર ઝુલમ અને સખ્તી કરવાથી તોબા કરી લીધી છે.

**નોંધ** :–આ મોઅજિઝા ઉપર એક નોંધ જરૂરી સમજુ છું.

(૧) આ મોઅજિઝાના હક હોવામાં કોઈ શક નથી. અમીરૂલ મોઅમેનીન તો મઝહરૂલ અઝાઈબ હતા. આપના મુબારક જીવનમાં અને તે પહેલાં તથા વફાત બાદ પણ અજીબોગરીબ મોઅજિઝા થયા છે.

(૨) આ મોઅજિઝાને હારૂનરશીદ બાદશાહની સાથે કોઈ હારૂન રશીદના ચાહકે જોડી દીધો છે. આ બાદશાહ સાદાતનો કટ્ટર દુશ્મન હતો. સાદાતોને દિવાલોમાં જીવતા ચણી લેવાની ઘટનાઓ પણ એના શાસનમાં લખાઈ છે.

(૩) બની અબ્બાસનો આ પાંચમો બાદશાહ છે. એણે ૨૩ વરસ હુકુમત કરી છે. આટલા લાંબા સમયગાળામાં કોઈપણ ઈતિહાસકારે એણે સાદાત ઉપરના ઝુલમથી તોબા કરી હોય એવું લખાણ મળતું નથી.

(૪) ચોથી વાત, બાદશાહો રાજકારણી તો હોય છે જ. કોઈ વખત કોઈક કોમને રાજી કરવું જરૂરી લાગે, વિદેશો અને વિધર્મીઓમાં પોતાની બદનામી થતી દેખાતી હોય ત્યારે દરબાર ભરી નાટકો કરવાં રાજકારણીઓ માટે એક સહજ વાત છે.

(૫) કેન્દ્રમાં ભાજપ સત્તા ઉપર આવ્યો ત્યારે તરત જ બે મુસ્લિમ રાજ્યકક્ષાના પ્રધાનોને અરબ અમીરાતના દેશોના પ્રવાસે ખાસ આ હેતુસર મોકલવામાં આવ્યા હતા કે ત્યાં જઈને અરબોમાં આ પ્રકારનો પ્રચાર કરે કે અમે ભાજપ સરકારમાં ઉચ્ચ

હોદ્દા ઉપર છીએ અને અમારો પક્ષ મુસ્લિમ દુશ્મન નથી.

(૬) આ બાદશાહવાળા મોઅજિઝામાં એક વાત આ છે કે પેલા દમિશ્કીનો ચેહરો-શરીર મસખ થઈ ગયા પહેલાંથી બાદશાહે તોબા કરી લીધી હોય એવું ફલિત થાય છે. જ્યારે બાદશાહનો ઈકરાર છે કે મેં આ ઘટના પછી તોબા કરી લીધી. બાદશાહે હજ્જાજ યુસુફ દમિશ્કના ગવર્નરના જણાવવા ઉપર કે ખતીબ હઝરત અલીને ગાળો ભાંડે છે. બાદશાહ તેને પોતાની પાસે મોકલી દેવાનું કહે છે. પછી તેને ૧૦૦ કોરડા ફટકારે છે. જેલમાં મોકલી આપે છે. આ વિરોધાભાસ છે.

(૭) વળી આ અતિ ઝાલિમ જેના ઝુલ્મો ઉપર એક મોટું પુસ્તક લખાય, જે તેણે સાદાત અને શીયાઓ ઉપર કર્યા છે. સ્વપ્નમાં હઝરત પેગંબર (સલ.)

હઝરત અલી (અલ.) અને જિબ્રઈલ ત્રણે આવે છે. આ રીતે બાદશાહની ઈઝ્ઝત ઉપર પણ ચાર ચાંદ લાગી જાય છે. આપણા એક પણ ઈતિહાસકારે આ ઝાલિમ બાદશાહનાં તોબા કરવાની વાતનું વર્ણન કર્યું નથી. જેથી એવું લાગે છે કે બાદશાહના કોઈ આશિકે આ મોઅજિઝો બાદશાહ સાથે જોડી દીધો હોય.

# મોઅજિઝા – ૨૧

## હઝરત અલી (અલ.)ના હુકમથી પેટની અંદરના બાળકે બધું જ બતાવી દીધું

મખ્દુમ જહાંનીયા ગશ્ત કુદ્દિસ સિર્રહુના મલકુઝાતમાં લખ્યું છે એક દિવસ ઉમર બિન ખત્તાબ પોતાની ખિલાફતના જમાનામાં અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબ (અલ.) ના દવલતખાનામાં બેઠા હતા ત્યારે એક કાફલો મક્કા મોઅઝ્ઝમા માટે રવાના થયો. તેમાં સાબિત નામના એક નવજવાન અને ખૂબસુરત સહાબી પણ હતા. તેઓ અમીરૂલ મોઅમેનીન અલી બિન અબિ તાલિબને મળવા આવ્યા. આપથી મુલાકાત કરી, સાથે ઉમર બિન ખત્તાબ ખલીફાથી પણ મુલાકાત થઈ ગઈ.

કાફલાવાળાઓ સાબિતની ખૂબ જ ઈઝ્ઝત કરતા હતા કારણ કે આ નવયુવાન ઘણો જ ઈબાદતગુજાર હતો. એને અલ્લાહે ખૂબસુરતી પણ આપી હતી. કાફલામાં એક નવયુવાન સ્ત્રી પણ હતી. તેના મગજમાં શયતાને પ્રવેશ કર્યો. તે સાબિત તરફ આકર્ષાઈ. પરંતુ સાબિત તો પરહેઝગાર અને નેકસીરત યુવાન હતો. આ સ્ત્રી ઉપર દૃષ્ટિપાત પણ કરતો ન હતો.

એક દિવસ અડધી રાતના આ સ્ત્રી સાબિત પાસે પહોંચી ગઈ અને પોતાની ઇચ્છા પૂર્ણ કરવા ઇચ્છ્યું. પરંતુ સાબિતે સદંતર ઈન્કાર કર્યો. આ સ્ત્રી ગુસ્સામાં સમસમી ઊઠી અને એણે સાબિતને કહ્યું કે હું તને તોહમતમાં ફસાવી દઈશ. આ સ્ત્રીએ કોઈ ગુલામ સાથે મોં કાળુ કર્યું છતાંય એની નફરત સાબિત ઉપર ઓછી ન થઈ. એણે એક રાતે

પોતાના ઘરેણાનો ડબો સાબિતના સામાનના થેલામાં એવી રીતે ગોઠવી દીધો કે  સાબિતને આ વાતની ખબર ન પડે.

એક દિવસ આ સ્ત્રીએ બુમરાણ મચાવી કે મારાં ઘરેણાનો ડબો ચોરાયો છે. સાલારે કાફલાએ કહ્યું : તું ફિકર ન કર. આપણે જંગલમાં છીએ. ગણતરીના માણસો છીએ. અહીં કોઈ બહારનું તો છે જ નહી. માટે તારો ઘરેણાંનો ડબો ક્યાંય જવાનો નથી. સાલારે હુકમ આપ્યો, કોઈપણ વ્યક્તિ પોતાની જગ્યાએથી બહાર ના જાય. પછી બધાનો સામાન તલાશ કરવાનું શરૂ કર્યું. કોઈના પણ સામાનમાં ડબો મળ્યો નહિ. આ સ્ત્રીએ કહ્યું : કે સાબિતનો સામાન પણ તલાશ કરવામાં આવે. લોકોએ કહ્યું કે આ પરહેઝગાર માણસની બેઈઝ્ઝતી થાય છે. છતાં એ માની નહિ. છેવટે

સાબિતના સામાનની તલાશી લેવામાં આવી તો ઘરેણાનો ડબો તેમાંથી નીકળ્યો.

મક્કાથી પાછા મદીના પહોંચતા આ સ્ત્રીએ સાબિત ઉપર બીજી તોહમત પણ મૂકી કે મને હમલ છે. અને આ હમલ પણ સાબિતનો છે, કાફલાવાળાઓ આ સ્ત્રીને ઓળખતા હતા. એની બદમાશીઓથી થોડા ઘણા પરિચિત પણ હતા. છતાંય મજબૂર હતા. ડબો જ સાબિત પાસેથી મળી આવ્યો પછી આ લોકો શું બોલે ?

આ સ્ત્રીએ મદીના પહોંચી ઉમર બિન ખત્તાબના દરબારમાં ફરિયાદ દાખલ કરી, જેમાં પોતાનો ઘરેણાનો ડબો ચોરાયાની તથા એક રાતના ઝબરદસ્તીથી ઝિના કર્યાની બે તોહમતો સાબિત ઉપર લગાવવામાં આવી. સાબિતે ઈન્કાર કર્યો છતાં

ઉમર ઈબ્ને ખત્તાબે તેમને સંગસાર કરવાનો હુકમ જારી કર્યો.

મદીનામાં ખળભળાટ મચી ગયો. અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ને આ વાતની જાણ થઈ કે સાબિતને સંગસાર કરવાની સજા થઈ છે. અમીરૂલ મોઅમેનીને હઝરત ઈમામ હસન (અલ.)ને મોકલ્યા કે પોતે દરબારે ખિલાફતમાં આવી રહ્યા છે. માટે સાબિતની સજા હાલ પુરતી રોકી રાખે.

પાછળ પાછળ જ આપ પહોંચી ગયા. ઉમર ઈબ્ને ખત્તાબને કહ્યું કે તમે કત્લના મામલામાં સમજી વિચારીને હુકમ લાગુ કરો. પછી તે સ્ત્રીને બોલાવી.

સ્ત્રીએ પુછ્યું, મને કોણે બોલાવી છે. કહેવામાં આવ્યું, અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને

અબી તાલિબ (અલ.) એ. ગભરાઈ ગઈ. વિચારવા લાગી કે હવે મારી રૂસવાઈનો સમય આવી ગયો. જ્યારે તે દરબારમાં હાજર થઈ તો અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : મને ઓળખે છે ? હું અલી ઈબ્ને અબી તાલિબ છું. મારી સમક્ષ સાચું સાચું કહી દે. બતાવ સાચી વાત શું છે ? આ હમલ કોનો છે ? તે બોેલી સાબિતનો. પછી બોલી કે ખલીફાના દરબારમાં ચોરી સાબિત થઈ ચૂકી છે.

અમીરૂલ મોઅમેનીને જોયું કે સ્ત્રી સાચું બોલતી નથી અને પોતાના બયાનને વળગી રહી છે. ત્યારે આપે ઈમામ હસન (અલ.) ને ફરમાવ્યું : પેલો લાકડાનો ટૂકડો અને જાડા કપડાનો કટકો જે ફલાણી જગ્યાએ પડ્યો છે. તે ઘેર જઈને લઈ આવો ઈમામ હસન (અલ.) બંને વસ્તુઓ લઈ આવ્યા. ફરીથી જનાબ અમીરૂલ મોઅમેનીને તે સ્ત્રીને સાચુ

બોલી હકીકત ન છુપાવવાની તાકીદ કરી, પૃછા કરી પરંતુ પેલી સ્ત્રી એકની બે ન થઈ.

છેવટે આપે એક (પોલિસ) સ્ત્રીને બોલાવી પેલા જાડા કપડાનો ટૂકડો અને લાકડીનો કટકો આ સ્ત્રીના પેટ ઉપર મૂકવાનો હુકમ કર્યો. આપે પેટમાંના બચ્ચાને ઉદ્દેશી ફરમાવ્યું : અય બચ્ચા જે હક છે તે બયાન કર. બહુકમે ખુદા પેટમાંનું બાળક બોલ્યું : હું સાચું બોલું છું કે ખુદા એક - યકતા છે. મોહંમદ મુસ્તુફા ખાતેમુલ અંબિયા છે અને અલી મુરતઝા હઝરત મોહંમદ મુસ્તુફાના વસી બરહક ખલીફા છે.

અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : હું આ વાત જાણવા ઇચ્છું છું કે તું નુત્ફો કઈ વ્યક્તિનો છે. વળી પેલો ઘરેણાનો ડબો સાબિતના સામાનમાં કેવી રીતે પહોંચ્યો.

બાળકે પેટમાંથી જવાબ આપ્યો. અય વસીએ ખયરૂલ મુરસલીન ! આ સ્ત્રીએ પોતાની જાતને સાબિતની સામે રજૂ કરી પરંતુ તે બુઝૂર્ગ એની તરફ આકર્ષાયા નહિ તો એણે એક ગુલામની સાથે ઝિના કરી. હું તે ગુલામનો નુત્ફો છું. આ સ્ત્રીએ ગુસ્સામાં પોતાના ઘરેણાનો ડબો સાબિતના સામાનમાં છુપાવી દીધો.

અમીરૂલ મોઅમેનીનના આ મોઅજિઝાને જોઈને બધા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. ઉમરના હુકમથી તે સ્ત્રીને સંગસાર કરવાનો હુકમ આપવામાં આવ્યો. ઉમર ઈબ્ને ખત્તાબે અને અન્ય હાજરજનોએ પુછ્યું : યા અમીરૂલ મોઅમેનીન ! આ અડધી લાકડી અને કપડાનો ટૂકડો શું વસ્તુઓ છે ?

ફરમાવ્યું : હું એક દિવસ સરકારે દોઆલમની સેવામાં બેઠો હતો. તે દરમ્યાન સાબિત

ત્યાં આવ્યા. આપ (સલ.) સાબિત સાથે ઘણી જ મહબ્બતથી પેશ આવ્યા. સાબિત ઊઠીને ચાલતા થયા એટલે પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું : એક દિવસ એક સ્ત્રી સાબિતને ઝિના અને ચોરીની તોહમત લગાવીને ફસાવી દેશે. તેના માટે સંગસારનો હુકમ લગાવવામાં આવશે. મેં પુછ્યું : યા રસુલલ્લાહ ! તેના માટે છૂટકારાની તદબીર શું હશે ? ત્યારે આ લાકડી અને કપડું મને આપ્યું અને ફરમાવ્યું કે આ બંને વસ્તુઓ સ્ત્રીના પેટ ઉપર રાખશો તો નૂતફો જે રહમમાં છે તે વાત કરશે.

કહે છે કે ઉમર બિન ખત્તાબ ઊભા થયા. અમીરૂલ મોઅમેનીનની પેશાની મુબારક ચુમી, આપના બંને હાથ પોતાની આંખો પર ફેરવ્યા, પછી ફરમાવ્યું : ખુદાની કસમ ! યા અલી ! પેગંબરે ઈસ્લામના સાચા જાનશીન આપ જ છો, ન બીજું

કોઈ, ખુદાતઆલા આપના વગર ઉમરને એક મિનિટ પણ દુનિયામાં ન રાખે.

# મોઅજિઝા – ૨૨

# હબશી ગુલામના કપાયેલા હાથ જોડી આપ્યા

ઝહરતુર રિયાઝ અને કિફાયતુલ મોઅમેનીનમાં વર્ણન છે કે એક હબશી ગુલામે શાહે વિલાયત પનાહ અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબ (અલ.)ની સેવામાં આવીને વિનંતી કરી : યા અમીરૂલ મોઅમેનીન ! એક દિવસ લાલચી બનીને મારાથી બીજાના માલમાંથી ચોરી થઈ ગઈ. હું ઇચ્છું છું કે આપ મારી ઉપર ખુદાનો હુકમ લાગુ કરો, મને આ ગુનાહથી આ દુનિયામાં જ પાક કરી દો.

હઝરત અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : કદાચ તેં ચોરી કરેલો માલ હદ્દે શરઈ (હાથ

કાપવાની સજા) સુધી ન પહોંચ્યો હોય. હબશીએ કહ્યું : નહીં મૌલા હદ્દ શરઈ લાગુ થાય ત્યાં સુધી પહોંચી ચૂક્યો છે. તેણે લગાતાર ત્રણ વખત ઈકરાર કર્યો ત્યારે આપે તેની આંગળીઓ કાપવાનો હુકમ કર્યો. એક ખાદિમે તેના જમણા હાથની ચાર આંગળીઓ કાપી નાખી.

હબશી ગુલામ પોતાના હાથની કપાયેલી આગળીઓ લઈને ચાલ્યો. તેના હાથમાંથી લોહી ટપકી રહ્યું હતું. રસ્તામાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની મુલાકાત થઈ. પુછ્યું : તારો હાથ કોણે કાપી નાખ્યો ? તેણે જવાબ આપ્યો, અમીરૂલ મોઅમેનીન, વસી સૈયેદુલ મુરસલીન, મૌલાએ કાએનાત, મૌલાએ જિન વ ઈન્સ, ગાલિબ કુલ્લો ગાલિબ, અસદુલ્લાહ અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)એ ઈબ્ને અબ્બાસે કહ્યું : હઝરતે તો તારો

હાથ કાપ્યો અને તું તેમની તારીફ કરી રહ્યો છે ! તેણે જવાબ આપ્યો, હું કેમ તેમના વખાણ ન કરૂં. જ્યારે તેમની મહબ્બત મારા લોહી માંસમાં પેવસ્ત થઈ ગઈ છે. મારા હાથની આંગળીઓ હક વાત ઉપર હુકમે અલ્લાહ કાપવામાં આવી છે. હઝરત ઈબ્ને અબ્બાસે અમીરૂલ મોઅમેનીનની સેવામાં પહોંચીને જે કંઈ ગુલામથી સાંભળ્યું હતું, વિસ્તારથી વર્ણન કરી દીધું. હઝરત અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : ભાઈ ! અમારા કેટલાક દોસ્તો જો અમારી મહબ્બતમાં તેમના નાહક ટૂકડા ટૂકડા કરી દેવામાં આવે, તો પણ અમારી મહબ્બત તેમના દીલમાંથી નીકળતી નથી. જ્યારે કેટલાક દુશ્મન એવા છે કે જો અમે સંપૂર્ણ પ્યાર અને મહબ્બત સાથે તેમના ગળામાં ઊતરી જઈએ, તો પણ

અમારી અદાવત અને દુશ્મની સિવાય તેમના દીલોમાં કંઈ પણ મળશે નહિ.

આપે ઈમામ હુસૈન (અલ.)ને ઉદ્દેશીને ફરમાવ્યું : અય બેટા ! તમે જઈને તે હબશી ગુલામને લઈ આવો. ઈમામ આલી મકામે તે હબશીને શોધી લાવીને અમીરૂલ મોઅમેનીનની સેવામાં રજૂ કર્યો. આપે ફરમાવ્યું : અય બંદે ખુદા ! મેં તારો હાથ કાપ્યો અને તું મારી તારીફ અને વખાણ કરે છે ?

ગુલામે જવાબ આપ્યો. મૌલા ! મારી શું શક્તિ છે આપની બુઝુર્ગીની તારીફ કરી શકું. જેમની તારીફ અને વખાણ ખુદા અને તેના રસૂલે કરી છે.

હઝરતે તેની આંગળીઓ લીધી, કપાયેલી જગ્યાએ મૂકી, પછી પોતાની રિદા મુબારક (અબા) ઉપર ઓઢાડી દીધી, પછી સૂરએ ફાતેહા પઢીને દમ

કર્યો. તરત જ આંગળીઓ જોડાઈ ગઈ. આ ઘટનાને શૈખ અતાએ ઘણી સરસ રીતે એક બયતમાં વર્ણવી છે :

**મનકે બાશમ, સનાએ તો ગોયમ**

**કે ખુદા વ રસૂલ ગુફતે સનાત**

**અઝ દમે ઈસા કે ગર ઝિન્દહ હાલત**

**ઊબદમ દસ્તે બુરીદહ કરદે અસ્ત.**

*(કૌકબે દુર્રી, પેજ ૩૬૭)*

# મોઅજિઝા – ૨૩

# રસુલુલ્લાહ (સલ.)ના હુકમથી અલી (અલ.)એ મુરદાને જીવતાં કર્યાં

કિતાબ ઓયુન અખબાર અર્રેઝામાં ઈમામ અલી ઈબ્ને મુસર રઝા (અલ.)થી નકલ છે કે નસારા સાથેના વાદવિવાદમાં કુરૈશની એક જમાતે પેગંબરે ઈસ્લામ (સલ.)ની સેવામાં હાજર થઈ વિનંતી કરી કે તેમના મુરાદાંઓને જીવતાં કરે.

આપ (સલ.) એ અમીરૂલ મોઅમેનીનને ફરમાવ્યું : ઓ મારા ભાઈ ! તમે આ લોકોની સાથે એમના મુરદાંઓના મકબરાઓ ઉપર જઈને જે જે મુરદાં માટે આ લોકો કહે તેમને જીવતાં કરો. કેહજો કે રસુલ હુકમ આપે છે. ખુદાના હુકમથી ઊઠી જાઓ.

અમીરૂલ મોઅમેનીને ત્યાં જઈને મુરદાંઓને અવાજ આપ્યો તો તરત જ મુરદાંઓ ખાકમાંથી ઊભાં થવાં લાગ્યા. ઊઠતાં જ પેગંબરે ઈસ્લામ અને ઈમામુલ અવસીયા વસીએ રસૂલ અલી (અલ.)ની તારીફ શરૂ કરી દીધી.

આવા પ્રકારના ઘણા મોઅજિઝાઓ રસૂલની હયાતીમાં થતા હતા. ઈસ્લામનો ઇતિહાસ આવા મોઅજિઝાઓથી ભર્યો પડ્યો છે. આજે દુનિયા એને ન માને તો તેનું શું કરવામાં આવે ! અરે, તમે તમારી મુશ્કેલીઓમાં રસૂલ અને આલે રસૂલની મદદ માંગો. ખુદાની કસમ ! જરૂર આ લોકો તમારી મુશ્કેલીઓમાં તમારી મદદે આવશે. આ જ તો તેઓના મોઅજિઝાઓ છે.

# મોઅજિઝા – ૨૪

## લશ્કરની સંખ્યા ૧૨૦૦૧ હતી

શવાહેદુન્નબુવ્વતમાં નકલ છે કે હઝરત અલી બિન અબી તાલિબ (અલ.) એ કૂફાથી લશ્કર તૈયાર કર્યું તો કૂફાવાસીઓએ ઘણાં બધા વાંધાવચકા પેદા કરી છેવટે લશ્કર રવાના કર્યું. લશ્કર પહોંચતા પહેલાં આપ પોતાની મોઅજિઝાતી જીભથી ઈરશાદ ફરમાવી ચૂક્યા હતા કે લશ્કરમાં બાર હજાર એક આદમી આવશે. જનાબ અલી (અલ.)ના એક અસહાબ વર્ણવે છે કે જ્યારે મેં આ સાંભળ્યું તો હું મારા બે સાથીઓને લઈ લશ્કરના પસાર થવાની જગ્યાએ જઈને ગોઠવાઈ ગયો. અમે એક એક સિપાઈની ગણતરી કરતા ચાલ્યા, છેલ્લો સૈનિક ગણી ચૂક્યા તો સંખ્યા બરાબર તેટલી જ હતી, જેટલી કે આપની મુબારક જીભથી બોલાઈ

હતી. ૧૨૦૦૧, ન એક ઓછો ન એક વધારે. મેં મારા સાથીઓને કહ્યું : ખરેખર આ વિલાયતની જીભથી બોલાયેલી સંખ્યા છે.

## મોઅજિઝા – ૨૫

# અમીરૂલ મોઅમેનીન (અલ.)ની સાથે જુઠ્ઠું બોલનારો આંધળો થઈ ગયો

શવાહેદુન્નબુવ્વત તથા દલાએલુન્નબુવ્વત બંને કિતાબોમાં આ મોઅજિઝાનું વર્ણન મળે છે.

એક દિવસ અમીરૂલ મોઅમેનીને "રહબા" માં એક વ્યક્તિને એક પ્રશ્ન કર્યો. તેણે અમીરૂલ મોઅમેનીન (અલ.)ને ઘટનાથી વિપરીત ઉલટો-જુઠ્ઠો જવાબ આપ્યો. હઝરતે ફરમાવ્યું : અય શખ્સ! તું જુઠ્ઠું કેમ બોલે છે ? તેણે ફરીથી પોતાના જવાબને વળગી રહેતા તુમાખીભર્યા તૈવરથી જવાબ આપ્યો, હું કદી જુઠ્ઠું નથી બોલતો. આ રીતે તે ઈમામની સામે ફરીથી જુઠ બોલ્યો.

ઈમામ (અલ.) એ ફરમાવ્યું ! અચ્છા પછી તો હું તારા માટે બદદુઆ કરું છું. જો તું જુઠો હશે તો અલ્લાહતઆલા તને આંધળો કરી દેશે. તેણે

કહ્યું: આપ બદદુઆ કરો. જનાબ અમીરૂલ મોઅમેનીને બદદુઆ કરી. રાવી લખે છે કે ખુદાની કસમ તે કઝ્ઝાબ “રહબા” થી બહાર પણ નીકળવા પામ્યો ન હતો અને આંધળો થઈ ગયો.

## મોઅજિઝા – ૨૬

## અલી (અલ.)એ કહ્યું : જા કૂતરા ! મારાથી દૂર થઈ જા, તે કૂતરો બની ગયો

મસબગ બિન નબાતાથી રિવાયત છે કે એક દિવસ હું અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની પાછળ પાછળ જઈ રહ્યો હતો. એક કુરેશીએ હઝરતની પાસે આવીને કહ્યું : યા અલી ! તમે ઘણાંબધા પુરુષોને કતલ કર્યા અને ઘણાંબધા બાળકોને યતીમ બનાવ્યા છે.

તેની આવી બેઅદબભરી બેબાકી અને આક્ષેપબાજી સાંભળી હઝરત અલી (અલ.) એકદમ ગુસ્સામાં આવી ગયા. આપે ગુસ્સામાં તેને કહ્યું : ઓ કૂતરા ! મારાથી દૂર ચાલી જા. રાવી કહે છે કે ખુદાની કસમ ! મેં દૃષ્ટિ નાખી તો આ કુરેશી કાળા રંગના કૂતરામાં ફેરવાઈ ગયો હતો. પુછડી હલાવતો હલાવતો ગવ ગવ ભંવ ભંવ કરવા લાગી ગયો હતો. નવાઈ પમાડે એવી પરિસ્થિતિ પેદા થઈ ગઈ હતી. મૌલાને તેના ઉપર રહેમ આવી. ખુદાથી તે

મલઉનના માટે દુઆ કરી. તે તરત જ અસલ ઈન્સાની શકલમાં આવી ગયો. તેણે ઈન્સાન બનતાં જ હઝરત અસદલ્લાહુલ ગાલિબના પગોમાં માથું મૂકીને તોબા કરી.

હાજરજનો ઘણાં બધા ઊભા હતા. તેમાંથી એક વ્યક્તિએ વિનંતી કરી : અય ખયરૂલ મોમેનીનના વસી કાદિરે હકીકીએ આપને આવા આવા મોઅજિઝા અને કરામત ઉપર શક્તિ આપેલી છે તો શું કારણ છે કે મઆવીયા જે આપનો વિરોધી છે તેને ખતમ નથી કરતા ?

હઝરત અલી (અલ.) એ ઇરશાદ ફરમાવ્યો: અમે ખુદાની મહેરબાની અને તેની મરજી ઉપર રાજી રહેનારા બંદા છીએ. જે કંઈ મોઅજિઝા કે કરામત થાય છે તે તેના જ કરમથી, તેના જ હુકમથી થાય છે. તેના હુકમ વગર અમે કોઈ

કામની અગ્રેસરતા નથી કરતા. તેથી તેના હુકમ પ્રમાણે જ અમલ કરીએ છીએ. જો કોઈ અલ્લાહની ઇચ્છા વગર પોતાના નફસની ઇચ્છાને આગળ રાખીને કામ કરે તો તે આખેરતના અઝાબમાં ગિરફતાર થાય છે. વળી આખેરતનો અઝાબ અને તેની પકડ દુનિયાના અઝાબ અને પકડથી કંઈગણી વધારે હોય છે.

**નોંધ** :- અલ્લાહ જ્યારે એમ ઇચ્છે છે કે મારો બંદો માદ્દયતથી કામ લે. તેમાં અંબિયાની અને અવસિયાની કસોટી થાય છે. તેઓ અલ્લાહની સામે હૈયાફાટ રડે છે. દુઆઓ પણ માગે છે. હઝરત મુસા (અલ.) પાસે માદ્દયતથી કામ લેવડાવ્યું, દોડાવ્યા, ભગાડ્યા અને જ્યારે મોઅજિઝો બતાવવો હતો ત્યારે બતાવ્યો. જેટલો દરજ્જો ઊંચો તેટલી

કસોટી વધારે. આપણા ઈમામોની કસોટીઓને જ જોઈ લો.

## મોઅજિઝા – ૨૭

## સુબ્હાનલ્લાહિલ અઝીમ

કૌકબે દુર્રીમાં મૌલાએ કાએનાત અમીરૂલ મોઅમેનીન (અલ.)ની એક કરામત મનકબત ૪૮

ની નીચે નોંધાયેલી છે. સિફ્ફીનમાં આપનું વિજેતા લશ્કર ઘણા સમય થયાં પડ્યું હતું. રોકાણ દરમ્યાન લશ્કરે ખોરાક-પાણી અને ચીજોની કમી ની ફરિયાદ કરી, જાનવરોના ઘાસચારાની ફરિયાદ કરી, હવે આ લોકો પાસે અનાજ અને બીજી બધી જ સાધન સામગ્રી ખતમ થવા આવી હતી. ઊંટો, ઘોડા, ગધેડા વગેરેનો ચારો પણ વધારે ન હતો. લશ્કર ખૂબ જ પરેશાન હતું. લશ્કરે હઝરતને આ બાબત ફરિયાદ કરી.

હઝરત અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : ખુદા પર ભરોસો રાખો, તે જરૂરથી તમારી બધી જરૂરતોનો ઈન્તિઝામ કરી દેશે. બીજા દિવસે વહેલી સવારે અમીરૂલ મોઅમેનીન નમાઝે સુબહ પઢાવી એક ઊંચા ટેકરા ઉપર તશરીફ લઈ ગયા. ત્યાં જઈ લશ્કરની આ જાઈઝ માંગણી માટે, અનાજ,

ખાવાપીવાની બીજી જરૂરિયાતો, દુધાળાં અને માલવાહક જાનવરોના ઘાસ-ચારા વગેરે માટે અલ્લાહથી દુઆ ગુજારી પાછા તશરીફ લાવ્યા. હજી તો આપ પોતાના ઊતારે પહોંચ્યા પણ ન હતા કે ગયબથી એક મોટો વેપારી કાફલો ત્યાં આવી પહોંચ્યો. આ કાફલા પાસે બધી જ જરૂરિયાતો પૂર્ણ થાય એટલા વિપુલ પ્રમાણમાં સામાન હતો. ખાદ્ય સામગ્રી ખૂબ જ સસ્તી અને ઉચ્ચ દરજ્જાની હતી. વળી આ કાફલા પાસે અમૂક વિભાગમાં ઊંટો, ઘેટા-બકરાં, ઘોડા અને ગધેડા વગેરે જાનવરોને ખાવા માટેનું દાણ અને ચારો પણ હતાં.

લશ્કરને ઘણું જ આશ્ચર્ય થયું કારણ કે આ કાફલો ખરેખર ગયબથી જ ત્યાં આવી પહોંચ્યો હતો. જેમની પાસે ગોશ્ત, આટો, ખુરમા, સીવેલાં તૈયાર કપડાં, વગેરે ઈન્સાની જરૂરીયાતની બધી જ

સાધનસામગ્રી હતી. જ્યારે લશ્કરના માણસો પોતાની બધી જ જરૂરિયાતો ખરીદી ચૂક્યા ત્યારે કાફલાવાળા જંગલની તરફ રવાના થઈ ગયા. ત્યારબાદ લોકોને કોઈ જ જાણ ન થઈ કે તેઓ ક્યાં ચાલ્યા ગયા.

## મોઅજિઝા – ૨૮

## ઊંટના માથા જેટલું અજગરનું મોઢું હતું

કૌકબે દુર્રીમાં આ રિવાયત કિતાબ અહસનુલ કબારથી નકલ છે કે એક દિવસ જુમ્આના દિવસે અમીરૂલ મોઅમેનીન મિમ્બરે કૂફા ઉપર ખુત્બો ઇરશાદ ફરમાવી રહ્યા હતા. અચાનક

એક ઘણો જ મોટો અજગર જેનું મોઢું ઊંટના માથા જેવું હતું. મસ્જિદના દરવાજામાંથી દાખલ થયો. અસહાબમાં ખળભળાટ મચી ગયો. ગભરાઈ ગયા. પરંતુ અમીરૂલ મોઅમેનીને કહ્યું : એને આવવા દો. ગભરાટ ન અનુભવો. ચાલતાં ચાલતાં મિમ્બરના પાયા પાસે પહોંચ્યો. ઊંચો થયો અને અમીરૂલ મોઅમેનીનના કાન પાસે પોતાનું મોઢું લઈ જઈ કંઈક કહ્યું : જનાબ અમીરૂલ મોઅમેનીને તેની વાત સાંભળી, પછી તેની જ ભાષામાં જવાબ આપ્યો. પછી તે અજગર જે રસ્તેથી આવ્યો હતો તે જ રસ્તેથી પાછો મસ્જિદની બહાર નીકળી ગયો.

કેટલાક લોકો આ મોઅજિઝો અને કરામત જોઈને આપની ઇમામત પર ઇમાન લઈ આવ્યા. કેટલાકે જાદુ સમજી લીધો. હઝરત અમીરૂલ મોઅમેનીને ઇરશાદ ફરમાવ્યો : અય લોકો !

અલ્લાહતબારક વ તઆલાએ મોહંમદ મુસ્તુફા (સલ.) ને જીન અને ઈન્સાનો બંનેના નબી બનાવીને મોકલ્યા છે. જેથી હું પણ જિન અને ઈન્સ બંનેનો ઈમામ છું. આ અજગર કોમે જિનનો સરદાર અને કાઝી હતો. એનો બાપ કોમે જિનનો સરદાર હતો. તેના મૃત્યુ પછી કોમે જિનમાં ઝઘડો પેદા થયો હતો. આ તેનો પુત્ર હતો. સરદારના મૃત્યુ પછી નવી નિયુક્તિ માટે શરઈ હુકમ જાણવા તે મારી પાસે આવ્યો હતો. એ લોકોને ખબર છે કે હું રસુલુલ્લાહ (સલ.)નો વસી અને નાયબ છું. મેં તેની વાત સાંભળી અને તેને તેના બાપની જગ્યાએ સરદાર નિયુક્ત કર્યો. અલ્લાહના નિયુક્ત કરેલા ખલીફા આવા હોય છે.

**નોંધ** :- આ એક ઘણો જ રસિક અને દિલચસ્પ કિસ્સો છે. આ ઘટનાના તાણા-વાણા અને

નિશાનીઓ આજે ચૌદસો વરસ પછી પણ મોજૂદ છે. હું ઇચ્છું છું કે એનું વિગતે વર્ણન મારી ગુજરાતી મજાલિસની કિતાબ 'મોઅજિઝા અને કુઆર્ન' માંથી કરૂં.

સુલહે હોદબિયાથી પાછા ફરતાં એક સ્થળે રસૂલ રોકાયા હતા. અત્યારે ત્યાં એક મસ્જિદ બનેલી છે. તેને મસ્જિદે જિન કહેવાય છે. આ જગ્યાએ લશ્કરે ઇસ્લામ પાસે પાણી ખતમ થઈ ગયું. રસુલુલ્લાહે હુકમ કર્યો. પાણી લાવો. નજીકમાં કૂવો હતો. ઉમર બિન ખત્તાબ અને તેમના કેટલાક મિત્રો પાણી લેવા ગયા.

કૂવાની નજીક પહોંચતાં જ બૂમો પાડતા પાડતા ભાગી આવ્યા. કૂવામાંથી આગની લપેટ નીકળતી દેખાઈ. આગ જેવા શરીરો દેખાયા, કૂવામાંથી ચિખવાની અવાજો સાંભળી. આગમાં

સળગતા શરીરો દેખાયા. આ કૂવાનું નામ “બીરૂલ અલમ” હતું. બીજા કેટલાક અસહાબ ગયા તે પણ ભાગી આવ્યા. પેગંબરે ઈસ્લામે હઝરત અલી (અલ.) ને ફરમાવ્યું : અલી, તમે જાઓ. અમીરૂલ મોઅમેનીન તરત જ ચાલતા થયા.

કૂવામાં જોયું તો જિન્નાતો આપસમાં ઝઘડતા હતા. અને કોઈને પાણી લેવા દેતા ન હતા. હઝરતે બધાંને બહાર કાઢ્યા, અનેક બદમાશ જિન્નો જેમણે અલીનો મુકાબલો કર્યો. અલી (અલ.) એ તેમને મોતને ઘાટ ઊતાર્યા. જોનારાઓને હવામાં તલવારો વીંઝાતી દેખાતી હતી. અલી જિન્નો સાથે લડતા લડતા કૂવા પાસે ગયા. ડૉલ નાખી તો જિન્નાતોએ રસ્સી તોડી નાખી. અલી તલવાર લઈને કૂવામાં કૂદી પડ્યા.

આ બધી પરિસ્થિતિની ખબર પેગંબરે ઈસ્લામને આપના તંબૂમાં પહોંચાડવામાં આવતી હતી. આપ (સલ.) એ ફરમાવ્યું : આજે આ કાફિર જિન્નો કાં તો કતલ થઈ જશે અથવા કલિમા પઢી લેશે. તેમ જ થયું. જે લોકો કતલ થતાં બચી ગયા તે જિન્નો ઈમાન લઈ આવ્યા. જિન્નોની ઘણી મોટી વસ્તી આ જગ્યાએ અલી (અલ.) ના હાથ ઉપર મુસલમાન થઈ ગઈ.

અમીરૂલ મોઅમેનીને ઉમૈર નામના એક જિન્નને આ જિન્નાતોનો સરદાર બનાવી દીધો હતો તે ઉમૈરનો આજે દેહાંત થયો છે. તેનો બેટો જઅફરે જિન અલીની ઇજાઝત માટે આવ્યો છે કે સરદાર કોણ બને ? આપે જઅફરને સરદાર નિયુક્ત કર્યો. આ અજગર તે જઅફર હતો.

ફૂફાની મસ્જિદના એક દરવાજાનું નામ આજે પણ “બાબે સોબાન” છે. મલઉન મઆવીયા ખલીફા બન્યો ત્યારે કુફા ગયો. એને અલીના આ મોઅજિઝાની અને ફૂફાની મસ્જિદના આ દરવાજાના નામની ખબર હતી. એના દીલમાં જલન ધુસી ગઈ. આ દરવાજાનું નામ બદલી નાખીએ. પોતાની મહાનતાનો સિક્કો જમાવવા એણે એના શેતાન સાથીદારોના મશ્વિરાથી વિચાર્યું કે આપણે આ દરવાજાનું નામ “બાબે ફિલ” ફેરવી નાખીએ. એક મહાવત હાથીને તાલીમ આપે. પછી મઆવીયા મિમ્બર ઉપર બેસે તે વખતે હાથી આ જ “બાબે સોબાન” વાળા દરવાજેથી દાખલ થાય. મિમ્બર પાસે જાય, મઆવીયાના મોં પાસે સુંઢ લઈ જાય પછી પાછો ફરે. આ રીતની યોજના ઘડવામાં આવી, જેથી “બાબે સોબાન” (અજગરનો દરવાજો)

માંથી ફેરવીને “બાબે ફીલ” (હાથીવાળો દરવાજો) નામ પડી જાય. મઆવીયાનું નામ ચમકી જાય કે અમારા ખલીફા કેટલા મહાન છે. હાથી જેવા મહાકાય પ્રાણી સાથે પણ વાતચીત કરે છે. હાથી પણ જુમ્માના ખુત્બા દરમ્યાન ખલીફાને મળવા આવે છે.

આ જ પ્રમાણે પૂરી તાલીમ, યોજના પ્રમાણે હાથી લાવવામાં આવ્યો. ગંજાવર મોટો હાથી - એકદમ તરોતાજા, તંદુરસ્ત હાથી મહાવત સાથે “બાબે સોબાન” થી દાખલ કરવામાં આવ્યો. મઆવીયા મલઉન ફૂલાઈને ફાટી જાય એટલી ખુશીથી મિમ્બરે કૂફા ઉપર ગોઠવાયો હતો. આજના દિવસે લોકો પણ બીજી દરેક જુમ્આ કરતા વધારે આવ્યા હતા. દૂરસૂદૂર ગામડાં અને પહાડોની તળેટીઓમાં રહેતા લોકો પણ નેતાઓ જેવી રીતે

રેલીઓ અને ભાષણોના શો કરે છે એવો શો જોવા માટે વધુ પ્રમાણમાં આવ્યા હતા.

યોજના મુજબ હાથી દાખલ થયો. મહાવત તેને મિમ્બર સુધી લાવ્યો. પરંતુ આ હાથીને શું થયું? હાથી ભડક્યો. મહાવતે કોશિશ કરી કે હાથી પોતાની સૂંઢ મઆવીયાના મોઢા પાસે લઈ જાય. હાથી સૂંઢ તો લઈ ગયો પરંતુ મઆવીયાને સૂંઢમાં લપેટીને ઉંચક્યો, હાથી ભાગ્યો મસ્જિદની બહાર, અહીં સુધી કે મઆવીયાને બજારમાં લાવીને પટક્યો. સરકસનો હાથી સરકસ જ બતાવે તે મોઅજિઝો થોડો બતાવવાનો હતો ? કારણ કે મઆવીયા પોતે પણ સરકસનો જ માણસ હતો.

(જુઓ અમારી કિતાબ કુઆર્ન ઓર મોઅજિઝા ભાગ-૧ પેજ નં. ૧૯૨ થી ૧૯૬)

## મોઅજિઝા – ૨૯

## કદીપણ અલીની બરાબરી ન કરશો નહીં તો બરબાદ થઈ જશો

કિતાબ શવાહેદુન્નબુવ્વતમાં વર્ણન છે કે એક દિવસ અમીરૂલ મોઅમેનીન મિમ્બરે રસૂલ પર

ખુત્બો ફરમાવી રહ્યા હતા. ખુત્બા દરમ્યાન ફરમાવ્યુંઃ હું છું અલ્લાહનો બંદો અને રસૂલનો ભાઈ, અને વારિસે મુસ્તુફા, અને સૈય્યેદતુન્નીસાથી નિકાહ કરવાવાળો અને સરદારે અવસીયા, જે કોઈ મારા સિવાય દાવો કરે ખુદાતઆલા તેને અઝાબમાં ઘેરી લેશે.

એક વ્યક્તિએ ઊભા થઈને કહ્યું : એવો કોઈ છે જે આ વાત ભલી ન લાગે કે તે કહે કે હું અલ્લાહનો બંદો છું. રસૂલે ખુદાનો ભાઈ છું. તે ખુત્બા દરમ્યાન ઊભો થઈને આવા પ્રકારનો લવારો કરવા લાગ્યો. તરત જ તેના ઉપર એક પ્રકારનું ગાંડપણ સવાર થઈ ગયું. એવો બેહાલ થઈ ગયો કે લોકોએ તેને ટાંગાટોળી કરીને ઘસેડીને મસ્જિદની બહાર ખેંચી કાઢ્યો. તેની કોમના માણસોને પુછવામાં આવ્યું કે આવું કદી પહેલાં બન્યું છે ?

લોકોએ કહ્યું : કદી નહિ. આ છે અલીની વાતનો મુકાબલો કરવાની સજા.

## મોઅજિઝા – 30

## સાપે જનાબ અલી (અલ.)ની સાથે વાતચીત કરી

કિતાબ અહસનૂલકબારમાં હારિષથી નકલ છે કે એક દિવસ અમીરૂલ મોઅમેનીન મિમ્બર ઉપર

ખુત્બો આપી રહ્યા હતા. આપની દૃષ્ટિ એક ખૂણામાં પડી. કમ્બરને ફરમાવ્યું : પેલા ખૂણામાં જે કંઈ છે તેને મારી પાસે ઉઠાવી લાવો. કમ્બર મસ્જિદના ખૂણામાં ગયા, જોયું તો એક ઘણો મોટો સાપ પડ્યો છે. કમ્બર કમ્બર હતા. ઈમામના હુકમને અને ઈમામના ઈલ્મને જાણતા હતા. આપ આ પણ સમજતા હતા કે ઈમામને બરાબર ખબર છે કે ત્યાં શું છે ? આપે તો ઈમામના આ જ હુકમ ઉપર અમલ કરવાનો હતો કે જે કંઈ છે તેને ઉઠાવી લાવો.

કમ્બરે એક મોટા ભયજનક સાપને ઉપાડી લીધો. સાપ કમ્બરના હાથ પરથી કૂદીને મિમ્બર પર ઢગલો થઈ ગયો. પછી ઊંચો થઈને અમીરૂલ મોઅમેનીનના કાન પાસે પોતાનું મોં લઈ જઈ કંઈક વાત કરી. પછી મિમ્બર પરથી નીચે ઊતરી

ખૂણામાંથી કિનારે કિનારે જંગલમાં ગાયબ થઈ ગયો.

અમીરૂલ મોઅમેનીન થોડીક વાર વિચારમાં પડી ગયા. પછી આપની આંખોમાંથી આંસુ ટપક્યાં. લોકો ઘણા જ આશ્ચર્યચક્તિ થઈને આ બધું જોઈ રહ્યા હતા. આપે ફરમાવ્યું : અય લોકો ! તમે આશ્ચર્ય ન પામો. હઝરત અમે આશ્ચર્ય કેમ ન કરીએ. આ રીતનો કિસ્સો અમારી દૃષ્ટિ સમક્ષ બન્યો છે.

ફરમાવ્યું : આ સાપે પેગંબરે ઈસ્લામની સાથે ઈતાઅત કરવાની શરતે બયઅત કરી હતી. હું રસુલુલ્લાહનો વસી છું તેથી તે મારી બયઅત માટે આવ્યો હતો. અય લોકો ! મને તો તમારી ઉપર અફસોસ થાય છે. તમારો આ હાલ છે કે તમારામાંથી કેટલાક તો મારી ઈતાઅત કરો છો

અને કેટલાક નથી કરતા. ઘણી જ શરમજનક વાત છે કે તમે એક સાપના બરાબર પણ નથી.

## મોઅજિઝા – ૩૧

## ખોપરીવાળી મસ્જિદ

ઈમામ જઅફર સાદિક (અલ.)થી રિવાયત છે કે તેઓ એક દિવસ કોઈક જગ્યાએ જઈ રહ્યા હતા. જ્યારે કે આપ ઈરાકમાં તશરીફ ફરમાં હતા. રસ્તામાં એક ખોપરી પડેલી જોઈ રોકાયા, ઊભા રહી તે ખોપરીને ઉદ્દેશીને ફરમાવ્યું : અય ખોપરી, તું કોણ છે ? તેણે જવાબ આપ્યો, હું ફલાણો

ફલાણાનો બેટો છું. હું એક મુલકનો બાદશાહ હતો. જનાબ અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : હું અલી મુરતઝા જનાબ મોહંમદ (સલ.)નો વસી છું. મને વર્ણન કર જે કંઈ તે તારા જીવન દરમ્યાન જોયું.

ખોપરીએ જનાબ અમીરૂલ મોઅમેનીનની સાથે વાતચીત શરૂ કરી. તે કઈ જગ્યાનો બાદશાહ હતો. કેટલો સમય તેણે હુકુમત કરી, તેના જીવનમાં કયા કયા પ્રસંગો બન્યા. તે ખોપરીએ પોતાના જીવનના અનેક બનાવો જનાબ અમીરૂલ મોઅમેનીનને કહી સંભળાવ્યા. જનાબ અમીરૂલ મોઅમેનીન અલ્લાહનો શુક્ર અદા કરતા રહ્યા. જ્યારે ઘણીબધી વાતચીત ખતમ થઈ તો અમીરૂલ મોઅમેનીને તે ખોપરીને તે જ જગ્યાએ દફન કરી દેવાનો હુકમ કર્યો.

આપના પછી લોકોએ તે જગ્યાએ એક મસ્જિદ બનાવી. તેનું નામ ખોપરીવાળી મસ્જિદ રાખ્યું. આજે પણ ઈરાકમાં તે મસ્જિદ ખોપરીવાળી મસ્જિદના નામથી મશહુર છે. લોકો ત્યાં જાય છે. નમાઝ પઢે છે અને કાઝીઉલ હાજતથી દુઆઓ માગે છે. (કૌકબે દુર્રી)

## મોઅજિઝા – ૩૨

## હિજરતની રાતે હઝરત અલી (અલ.)ની અજોડ કુરબાની - અલી બિસ્તરે રસૂલ ઉપર એવી રીતે સૂતા કે લોકો રાતભર એમ સમજતા રહ્યા - પેગંબર સૂતેલા છે

હિજરતની રાત એક ઐતિહાસિક રાત છે. આ રાતનું એક ખાસ મહત્ત્વ છે. આપ (સલ.) ની

મદની જિંદગીની પ્રસ્તાવના છે. આ મુબારક રાત્રીએ હઝરત અલી (અલ.) એ રસૂલ ઉપર પોતાની જાન ન્યોછાવર કરી દીધી. ખુદાના રસૂલ સાથેની મહબ્બતનું એક એવું દૃષ્ટાંત પેશ કર્યું, જે કદી કોઈ પેશ ન કરી શકે. જેના કારણે મદીનામાં દીને ઈસ્લામના ફેલાવાને વેગ મળ્યો.

આપ (સલ.) અને અસહાબે રસૂલ ઉપર કુરેશે દરેક પ્રકારના ઝુલમો-સીતમ કર્યા. આપે બધાને મદીના હિજરત કરવાનો હુકમ આપ્યો. જેથી કેટલાક મઝલૂમો સિવાય લગભગ બધા જ માણસો હિજરત કરી ગયા. મક્કાના મુશ્રીકોએ જોયું કે મુસલમાન અમારા પંજામાંથી આઝાદ થઈ ગયા છે. મદીનામાં પોતાનો મજબુત અડ્ડો જમાવી રહ્યા છે. આ બાબતથી તેઓ ભય અનુભવતા હતા. તેમના હ્ય્દયમાં ખ્યાલ આવ્યો કે મુસલમાન સંગઠીત થઈ

રહ્યા છે. આ લોકો જો મજબુત થઈ જશે તો અમે ૧૩ વર્ષ સુધી જેમને સતાવ્યા છે તેનો બદલો લેશે.

આ બધી વાતો દૃષ્ટિ સમક્ષ રાખીને કુરેશના સરદારોએ એક મિટિંગનું આયોજન કર્યું. એક પ્રોગ્રામ બનાવીને નક્કી કરવામાં આવ્યું કે આજે રાતે જ પેગંબર મદીના જવાનું વિચારે તે પહેલાં કતલ કરી દેવા. આ કામ માટે દરેક કબીલાનો એક એક માણસ એકત્ર થાય. પછી બધા જ યુવાનો હથિયાર સાથે પેગંબરે ઈસ્લામના મકાનને ઘેરાવ કરી દે. સવાર થતાં જ બધા આપ ઉપર એક સાથે તલવારોથી હુમલો કરી ખતમ કરી દે.

અલ્લાહ તઆલાએ વહી દ્વારા હુઝુર અનવર સલ્લલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમને આ લોકોના આ મનસુબાથી વાકેફ કરી દીધા. સાથે

આપ (સલ.) ને અલ્લાહે હિજરતનો હુકમ પણ આપી દીધો. આપે રાતના ઘરેથી નીકળતી વખતે મુશરેકીનને શંકા પેદા ન થાય તે માટે હઝરત અલી (અલ.)ને પોતાના બિસ્તર ઉપર સૂવાનો હુકમ આપી દીધો.

આ ઘણો જ ખતરનાક સમય હતો. હઝરત અલી (અલ.) ને આ લોકોના મનસુબાથી વાકેફ કરી દેવામાં આવ્યા હતા. હઝરત અલી (અલ.) બખૂબી જાણતા હતા કે નબીનું આ ઘર કુરૈશના ૪૦ થી વધુ નવયુવાન બહાદુરોના ઘેરાવામાં છે. આ લોકો હથિયારો સાથે ઊભેલા છે. આપ આ પણ જાણતા હતા કે સવાર પડતાં જ આ લોકો રસૂલના બિસ્તર ઉપર એક સાથે તલવારોથી હુમલો કરશે. તે જ બિસ્તર ઉપર હઝરત (અલ.) ને સૂઈ જવાનો હુકમ આપવામાં આવ્યો. હિજરતની રાતે અલીની ઉમર

બરાબર ૨૩ વર્ષની હતી. આપ જાણતા હતા કે બિસ્તરે નબી ઉપર સૂઈ જવું એ પોતાના જીવની કુરબાની આપવું છે. હઝરત અલી (અલ.) પોતાના મહબૂબ આકા પર કુરબાન થવા માટે ખુશી ખુશી તૈયાર થઈ ગયા.

અમીરૂલ મોઅમેનીનનો આ એક એવો અમલ છે કે જેની આલમે મલકુતમાં પણ તારીફ થઈ છે. એહલે સુન્નત બિરદારીની તફસીર - તફસીરે કબીરના કર્તા મૌલાના અબ્દુલ હક પોતાની તફસીરમાં મુફસ્સિર ષોઅલબીના સંદર્ભથી લખે છે કે :

"હઝરત અલી (અલ.)ની જાન ન્યોછાવર કરી દેવાની ભાવનાના વખાણ કરતાં અલ્લાહે હઝરત જિબ્રઇલ અને મિકાઈલને ફરમાવ્યું : હું તમારા બંનેમાં ભાઈચારો કાયમ કરૂં છું. તમારા

બંનેમાં કોઈ છે ? પોતાનું જીવન પોતાના ભાઈને બક્ષી આપે. બંને મહાન ફરિશ્તાઓએ પોતપોતાની જિંદગીને વહાલી સમજી. કોઈ પોતાની જિંદગી બીજાને આપવા તૈયાર ન થયા.

આ બાબત અલ્લાહતઆલાએ ફરમાવ્યું : મેં મોહંમદ મારા પ્યારા નબી અને અલી બિન અબી તાલિબ બંને વચ્ચે ભાઈચારો કાયમ કર્યો છે. જુઓ આજ રાતે મોહંમદના બિસ્તર ઉપર અલી સૂતેલા છે. મારા નબી ઉપર પોતાની જાન કુરબાન કરી રહ્યા છે. તમે બંને અલીની જેમ પોતાના ભાઈની ઉપર જાન ન્યોછાવર કરનાર ન બન્યા. હવે તમે બંને જમીન ઉપર જાઓ, અને તેમની હિફાઝત કરો. દુશ્મનો કંઈપણ કરી શકે નહિ. આ હુકમ મળતાં જ બંને ફરિશ્તા જમીન પર ઉતર્યા. રાતભર હઝરત

જિબ્રઇલ હઝરત અલીના માથા પાસે અને હઝરત મિકાઈલ પગ પાસે ઊભા રહ્યા.

હઝરત જિબ્રઇલ જીભથી મુબારકબાદ આપી રહ્યા હતા. "અય અલી ઈબ્ને અબી તાલિબ ! આફરીન આફરીન, આફરીન, (શાબાશ, શાબાશ) અલ્લાહ તમારી જાત ઉપર ફખર કરે છે. (સંદર્ભ - મનાકિબે એહલેબયત તાલિફ મૌ. અઝીઝુલ હક કૌષર નદવી પેજ નં. ૧૩૩. તથા તફસીરે કબીર - ભાગ - ૪ પેજ નં. ૧૧૮)

તે રાતે અલી અલયહિસ્સલામ રસૂલના બિસ્તર ઉપર એવી રીતે સૂતા કે જાણે રસૂલ સૂઈ રહ્યા છે. આ હતો અલીનો મોઅજિઝો.

## મોઅજિઝા – 33

## મલઉન અઝલી મર્ઈહ બિન કૈસની કતલ

હઝરત અલી (અલ.)ની શહાદત પછીની આ ઘટના છે, એક કાફિર જેનું નામ મર્ઈહ બિન કૈસ હતું. તે કબર મુબારકને નુકસાન પહોંચાડી શરીર મુબારકની બેઅદબી કરવા માગતો હતો. આવા ખરાબ ઈરાદે તે કબર શરીફની પાસે ગયો અને કબર શરીફને અડકવા જતાં જ બે આંગળીઓ નીકળી, આ મલઉનના માથાને ધડથી જુદું કરી દીધું. ત્યારથી આજદિન સુધી કોઈએ આવી બુરાઈ

કરવાની હિંમત કરી નથી. આ તો આપની મૃત્યુ પછીની કરામત છે.

જનાબ અલી (અલ.) ના માથા તરફ આજે પણ બે સુરાખ છે. લોકોએ તે સુરાખોની આસપાસ હિરા જડી દીધા છે.

કિતાબ “તઝકેરહ ખાશાને ખુદા” મુસ્તુફાઈ બેગમ. આ કિતાબ શાહજહાંના સમયમાં લખાઈ છે. તેની તલખીસ પેજ નં. ૫ ઉપર આ મોઅજિઝા લખાયેલ છે.

# મોઅજિઝા – ૩૪
# એક પ્યાલા પાણી વડે સમગ્ર લશ્કરની પ્યાસ છીપાવી દીધી

હઝરત અમીરૂલ મોઅમેનીન જંગે નહરવાન ફતહ કરીને પાછા તશરીફ લાવી રહ્યા હતા. રસ્તામાં બે રસ્તા પડતા હતા. એક રસ્તો નેહરે ઈસા તરફ જતો હતો. બીજો તે તરફ જે તરફ હઝરતને જવું હતું. આ રસ્તામાં પાણી ન હતું. આપે ઘણી જ જડપ સાથે આ પાણી વગરના રસ્તાને પાર કર્યો. તે સમય દરમ્યાન હવા પણ ખૂબ જ ગરમ હતી. પાણી થોડું હતું. તે પણ ખૂટી ગયું. લશ્કર પ્યાસથી બેહાલ હતું. હજી થોડી મંઝિલ બાકી

હતી. નજીકમાં ક્યાંય પાણી મળવું શકય ન હતું. કેટલાક અધકચરા ઈમાનવાળા ગમે તેમ લવારો કરવા લાગ્યા. બેસબર લોકો કકળવા લાગ્યા. નેક મોમીનો હઝરતની સેવામાં હાજર થયા. લોકોની ફરિયાદની વાત કરી. પાણીની બૂમરાણ અંગે પણ માહિતગાર કર્યા.

અમીરૂલ મોઅમેનીને લોકોની વાતો સાંભળી. પછી તમામ લશ્કરને પડાવ નાખવાનો હુકમ કર્યો. ફરમાવ્યું : ખુદાની કુદરત જુઓ. આપે પણ એક જગ્યાએ લશ્કરની લગોલગ પોતાનો તંબૂ તણાવ્યો. કમ્બરને તંબૂની પાસે ખાબડખૂબડ જમીનને ખોદવાનો હુકમ આપ્યો. કમ્બરે એક ખાડો કરી જણાવ્યું કે એક પથ્થર આવ્યો છે. હઝરતે જાતે જ તે પથ્થરને ઉઠાવી દૂર ફેંકી દીધો.

તે પથ્થરની નીચે એક સીડી દેખાઈ. આપે કમ્બરને ફરમાવ્યું કે તેની નીચે જાઓ. ચારે તરફ જોઈ તપાસી પરિસ્થિતિ વર્ણવો. કમ્બર અંદર ઉતર્યા. પાછા ફરીને કહ્યું : કે હું ૨૫ પગથિયાં નીચે ઉતર્યો તો પથ્થરનો એક દરવાજો દેખાયો. તેના ઉપર તાળું લાગેલું છે. ખબર નથી તેની ચાવી ક્યાં છે ? તેને ખોલવું ઘણું મુશ્કેલ કાર્ય છે.

જનાબ અમીરૂલ મોઅમેનીને પોતાના અમામામાંથી એક ચાવી કાઢીને કમ્બરને આપી, ફરમાવ્યું : દરવાજા પાસે એક પ્યાલો દેખાશે તે લઈ લેજો. કમ્બરે દરવાજો ખોલ્યો તો અંદર પાણીનો એક હોઝ દૃશ્યમાન થયો. વળી તેના કિનારે સાકિયે હૌઝે કૌષરને જોયા, કમ્બર આ જોઈને નવાઈ પામ્યા. કશુંક બોલવા માંગતા હતા, પરંતુ કંઈપણ બોલી શક્યા જ નહિ. આશ્ચર્ય અને

વિમાસણમાં ડૂબી ગયા. અવાજ મોંથી નીકળી શકી જ નહિ.

અમીરૂલ મોઅમીનને એક પ્યાલો પાણી ભરીને કમ્બરને આપ્યું. ફરમાવ્યું કે આ પાણી લઈને જાઓ. કમ્બર પાણી લઈને પ્યાસાઓને પીવડાવવા માટે બહાર આવ્યા. પરંતુ હવે શું જુએ છે ? અમીરૂલ મોઅમેનીન મઝહરૂલ અજાએબ અહીં પણ હાજર છે. કમ્બર મોંથી કંઈક કહેવા માગતા હતા, પરંતુ ભેદ ખૂલતાં પહેલાં જ મવલાએ કાએનાતે ઈરશાદ ફરમાવ્યો : અય કમ્બર ! અઝરઝના રણનો કિસ્સો નથી સાંભળ્યો ? તું અહીં નવાઈ પામે છે ? પછી અમીરૂલ મોઅમેનીને તે પાણીના પ્યાલા વડે બધા જ લશ્કરને તથા બધા જ જાનવરોને જે સવારીઓ તરીકે હતાં, પેટ ભરીને પાણી પીવડાવ્યું છેલ્લે પ્યાલો એ જ રીતે પાણીથી ભરાયેલો રહ્યો.

# મોઅજિઝા – ૩૫
# હઝરત અલી (અલ.)ની સાથે અદાવત રાખનારને સજા મળી

કિતાબ "હબ્લુલ મતીન ફીલ મોઅજિઝાત બાદ દફને અમીરૂલ મોઅમેનીન" માંથી મુલ્લા મોહંમદ નકી ખાદીમે આ હિકાયત નકલ કરી છે. લખે છે કે બગદાદ અને મક્કાની વચ્ચે એક વસ્તી છે. તેનું નામ મજાવિલ છે. ત્યાં એક રૂમી વ્યક્તિ પોતાના જીવનના શરૂઆતના દિવસોમાં અલીના શીયાઓનો દુશ્મન હતો. ખૂબ જ દુશ્મની રાખતો, નફરત કરતો. તે પોતે  જ વર્ણવે છે કે બગદાદની જુમ્મા મસ્જિદનો ખતીબ જે એક મશહુર વ્યક્તિ

હતો, મારા ઘરની નજીક રહેતો હતો. તે સમાજમાં ઘણો મોટો માણસ ગણાતો હતો. અમારી એકબીજા સાથે ઉઠકબેઠક હતી. દોસ્તી જેવો સંબંધ હતો.

એક દિવસ તેણે મને કહ્યું કે જો આખેરતમાં છુટકારો મેળવવા માગતો હોય, સીધો જન્નતમાં જવા માગતો હોય તો ઈરાની ટોળીનો જો કોઈ માણસ તને મળી જાય તો એને કતલ કરી દેજે. અચાનક એક દિવસ હું મજાવિલથી આવી રહ્યો હતો. દિનારની થેલી પણ મારી પાસે હતી અને હું ઘોડા ઉપર સવાર હતો, બગદાદ તરફ જઈ રહ્યો હતો. અચાનક મારી દૃષ્ટિ એક ઈરાની ટોળી ઉપર પડી. તે ઈરાની ટોળીનો એક ઘરડો માણસ પાછળ રહી ગયો હતો. ઘડપણના કારણે સવારી ઉપર ચઢી શકતો ન હતો. પેશાબ-પાણી કંઈ પણ કામે ઊતર્યો હશે. આ રીતે તે કાફલાથી પાછળ રહી ગયો હતો.

મેં ઈરાદો કર્યો કે આને કતલ કરી દઉં. પ્રથમ વિચાર્યું કે તેને પૂછી તો લઉં કે તે એ જ ઈરાની કાફલો જે મને હમણા થોડે આગળ મળ્યો તેનો માણસ છે કે નહિ.

જ્યારે હું તેની નજીક પહોંચ્યો તો તેણે મને વિનંતી કરી કે હું તેને ઘોડા ઉપર ચઢવામાં મદદ કરૂં. મેં તેને પૂછ્યું : તું મોહિબ્બે અલી છો ? તેણે કહ્યું. હા, મોહિબ્બે અલી છું. મેં ચકાસણી પાકી કરવા કહ્યું : તમે જુઠું બોલો છો, મારા આમ કહેવા પર તેણે ગુસ્સો કર્યો, મોં બગાડયું. હવે મને પાકો વિશ્વાસ થઈ ગયો કે આ પેલા ઈરાની કાફલાનો જ માણસ છે. તરત જ મેં હાથથી તેનું ગિરેબાન પકડી લીધું, કમરમાંથી તલવાર બહાર ખેંચી જેથી તેને કતલ કરી દઉં. ખતીબના કહેવા પ્રમાણે સીધો જન્નતી બની જાઉં.

તરત જ પેલો વૃદ્ધ જનાબ અમીરૂલ મોઅમેનીન (અલ.)ની મદદ માંગવા લાગ્યો, અલીને ફરિયાદ કરી કે યા અમીરૂલ મોઅમેનીન મારી મદદ ફરમાવો. અચાનક એક માણસે મારા ગાલ ઉપર એટલા જોરથી તમાચો માર્યો કે હું બેહોશ થઈ ગયો. જ્યારે હું ભાનમાં આવ્યો ત્યારે મારું મોં મચકોડાઈ ગયું હતું. શકલ જ ખરાબ થઈ ગઈ હતી. મોં લકવાગ્રસ્ત જેવું બની ગયું હતું. મારા શરીરનો એકેએક અવયવ દર્દ કરતો હતો, હું બેભાન જેવો પડ્યો હતો. થોડીક રાહત થઈ, ઊભો થયો તો જોયું કે ન તો પેલો ઈરાની વૃદ્ધ વ્યક્તિ હતો, ન તો મારો ઘોડો હતો. હું પરેશાન થઈને રડવા લાગ્યો. મારામાં તો ચાલી શકાય એટલી શક્તિ પણ ન હતી. એટલીવારમાં એક પગપાળા

ચાલતો માણસ મારી પાછળથી આવ્યો. તેણે મને સહારો આપીને મારા ઘેર પહોંચાડ્યો.

મારા મોંના મચકોડાઈ જવાનો તથા દર્દ થયા કરવાનો ઈલાજ કરતો રહ્યો પરંતુ કોઈ જ દવા અસર કરતી ન હતી. મારા ગામમાં પણ મોહિબ્બે એહલેબયતના લોકોની વસ્તી હતી. જેઓ એહલેબયતના ચાહક હતા. તેમની સામે મેં કંઈ ન છુપાવતાં બધી જ વાત કહી દીધી. જેથી મને કોઈ રૂહાની ઈલાજ બતલાવે. બધાએ એક જ મશ્વિરો આપ્યો. જ્યાં સુધી નજફ જઈને તોબા નહીં કરો, આ બલાથી તમારો છુટકારો શક્ય બનશે નહિ. પછી તો નઝર-મન્નત માની કે હું અમીરૂલ મોઅમેનીનનો ગુલામ થઈ ચૂક્યો છું અને નજફે અશરફ આવી રહ્યો છું.

જ્યારે નજફની હદમાં પહોંચ્યો અને હઝરતના પવિત્ર રોઝા ઉપર નજર પડી ત્યારે મારા મોંનું દર્દ જેમાં જડબુ, કાન અને માથું બધું જ દર્દ કરતું હતું તે ઓછું થતુ ગયું. હું રોઝા મુબારકમાં દાખલ થયો, દુઆ કરી કે મૌલા મને આ મુસીબતથી છૂટકારો આપો. રોેઝામાંથી બહાર નીકળ્યો તો મારું મોં બરાબર સરખું થઈ ગયું હતું. દરેક અવયવનું દર્દ તદ્દન દૂર થઈ ગયું હતું. હું બિલકુલ તંદુરસ્ત થઈ ગયો હતો. હું રોઝા મુબારકની બહાર નીકળ્યો તો મારો ઘોડો ત્યાં જ હાજર હતો, અને પૈસાની થેલી જેવીને તેવી જ તેના ઉપર રાખેલી હતી.

મને જોઈને ઘોડો મારી પાસે ચાલી આવ્યો. મેં થેલીમાં જોયું તો રકમ બરાબર હતી. આ રકમમાંથી મેં ૧૦૦ રૂ. રોઝા મુબારકમાં આપ્યા.

પછી તો ત્યાંથી સીધો જ હું કરબલાએ મોઅલ્લા પહોંચ્યો. ત્યાં પણ દુઆઓ માંગી. મારૂં ઇમાનો યકીન મજબુત થઈ ગયું હતું. ત્યાં પણ મેં અમૂક રકમ ન્યાઝમાં આપી. ત્યાંથી કાઝમૈન શરીફ પણ ગયો. ત્યાં પણ મેં ન્યાઝની રકમ આપી. બધી જ ઝિયારતોથી પરવારી પાછો મારી વસ્તી તરફ આવવા નીકળ્યો.

ગામમાં લોકોને ખબર પડી તો લોકો મને મળવા આવ્યા. પેલો ખતીબ પણ આવ્યો. મેં તેને મારા ઘેર રોકી લીધો. જ્યારે રાત પડી તો મેં મકાનનો દરવાજો બંધ કરાવીને નોકરોને કહ્યું કે એની ખૂબ પીટાઈ કરો. જ્યારે તે બેહોશ થઈ ગયો ત્યારે મેં તેને મકાનમાંથી બહાર ગલીમાં ફેંકી દીધો. રાહદારીઓએ સવારમાં તેની આ હાલત જોઈને

તેના ઘેર પહોંચાડ્યો. આ રીતે એહલેબયતના દુશ્મનને સજા પણ આપી.

(કિતાબ કશ્તીએ નજાતમાંથી. મોઅલ્લીફ હુજ્જતુલ ઈસ્લામ આકા અલહાઝ શેખ અલી અકબર નહાવન્દી)

**નોંધ** :- અત્યારે ૨૦૦૮ની સાલમાં પણ અકીદાની નફરતની હદ વટીને માનસિકતા જોવા મળે છે. આપણા પડોશી દેશમાં જ્યાં આતંકવાદ ખૂબ જ ફાલ્યો ફૂલ્યો છે, જ્યાંનું લશ્કર જ આતંકવાદને પ્રોત્સાહન આપે છે, વળી ત્યાંના આલિમો આવા પ્રકારની ફતવાબાજી પણ કરે છે કે શીયાઓને મારી નાખવું ઘણો મોટો સવાબ છે. નફરતની પણ કોઈ સીમા હોેઈ શકે છે ? આપણી કબરમાં આપણે જ સૂવાના છીએ. તે તેની કબરમાં સૂવાનો છે. જો તેના ગુના ઉપર કોઈ અઝાબ

ઉતરશે તો તેની કબરમાં તેને થશે. આપણને તો તેનો અઝાબ થવાનો નથી, પછી આપણે શા માટે આટલી હદે પહોેંચી જવું.

બીજો મુદ્દો આલિમોની આવી જહાલતભરી વાતો ઉપર અમલ કરનારા તે જમાનામાં પણ હતા અને આજે પણ જોવા મળે છે. ઉપરોક્ત ઘટનામાં બગદાદની જુમ્મા મસ્જિદનો ખતીબ પેલા જાહીલને આવો ખોટો ફતવો આપીને બીજાને મારી નાખવાનું સમજાવે છે. જો તે ખતીબ પોતે હકીકતમાં પણ આવા પ્રકારની માન્યતા ધરાવતો હોય તો તે પણ જાહિલ છે અને આ પણ જાહિલ છે.

આપણને ઈસ્લામ નાનામાં નાના ઈન્સાન પર થયેલા ઝુલમની સજા વિષે આગાહ કરે છે. કાનના બદલામાં કાન, આંખના બદલામાં આંખ, ગાળના બદલામાં ગાળ, કોઈ બીજા કોઈને નખથી

ખરોચ પાડી દે તો તેની પણ એટલી જ નાની સજા શરીઅતમાં છે. આ સજા તો ઈન્સાનની ઈન્સાન સાથેની છે. ફક્ત મુસલમાનની મુસલમાન સાથેની વાત નથી. બલકે જાવનરોને સતાવવાની, મારવાની સજા પણ શરીઅતમાં છે.

ઈસ્લામ કેટલી રહમતવાળો મઝહબ છે કે તમે સવારીના કે ભાર ઊંચકનારા જાનવર ઉપર પણ તેની શક્તિ પ્રમાણેનું કામ લો. ભૂખ્યા જાનવર ઉપર સવારી ન કરો, તેને કામમાં જોતરો નહિ. જાનવરને મારો નહિ. વગેરે વગેરે. તો પછી ઈન્સાન ચાહે કોઈપણ મઝહબનો હોય તેની સાથે બદસૂલુકી કરવાનો પણ ગુનો છે. તો પછી તેને જાનથી મારી નાખવાનો કેટલો મોટો ગુનોહ બને છે. છતાં પણ આવી બાબતોને નજર અંદાઝ કેમ કરવામાં આવે છે !

પેગંબરે ઈસ્લામ (સલ.) આપણા બંને હાથમાં બે વસ્તુ પકડાવીને ગયા છે. એક હાથમાં કુઆર્ન અને બીજા હાથમાં એહલેબયતનો દામન. કહ્યું છે કે આ બંનેને છોડશો નહિ. હું તમને હૌઝે કૌષર ઉપર મળીશ. આ બંનેને છુટાં પાડી શકાશે નહિ. જો છુટાં પાડશો તો ઈસ્લામ નહીં રહે. બંનેમાંથી એકપણ છૂટી શકે નહિ.

મુસલમાનોએ એક હાથમાં કુઆર્ન તો લીધું ને બીજા હાથમાં તલવાર લઈ લીધી. રસૂલના ફરમાન મુજબ તો કુઆર્ન અને મારી એહલેબયત બંને સાથે જ રહેશે એટલે કુઆર્ન પણ છૂટી ગયું. કુઆર્ન આકારનો કોઈ પથ્થર જ સમજો, હાથમાં આવી ગયો. મુસલમાનો તલવાર લઈને અડધી દુનિયા ખુંદી વળ્યા. તલવારથી ઈસ્લામનો ફેલાવો કર્યો. પોતાનાથી વિરોધ મઝહબ ધરાવનારની

નફરત આ લોકોના દિમાગોમાં એવી ભરાઈ ગઈ છે કે જાણે પોતે માની લીધેલા ઈસ્લામની વિરુદ્ધ જીવવાનો બીજાને અધિકાર જ નથી. મુસલમાનોનું ગરમ દિમાગ એમની હુકુમત સંકોચાઈ જવાથી થોડું ઠંડું પડ્યું છે. અંગ્રેજોના સમયમાં થોડું વધારે ઠંડુ થયું અને હજી જે ગરમી છે તે આઝાદીના આ સમયગાળામાં ધીરે ધીરે નીકળી રહી છે.

અફઘાનિસ્તાનમાં જાહિલ તાલિબાનો સત્તા ઉપર આવ્યા ત્યારે આ લોકોએ આવા જ પ્રકારનો ઝુલમ પોતાના દેશના જ - પોતાનાથી અલગ અકીદો ધરાવનારાઓ ઉપર કરેલો. આ જાહિલ બુદ્ધુઓએ દાઢીની લંબાઈ અને ઝભ્ભામાં જ ઈસ્લામને સમેટી લીધેલો. તે સિવાય એમને કંઈ સમજાતું ન હતું. હુકુમતના મદમાં (ઘમંડમાં) એમનું મગજ છકી ગયું હતું. આ જાહિલોએ પોતાના જ

દેશના ઈરાની વિદેશ કચેરીના ૨૦ માણસોને કશાય કારણ વગર ગોળીઓથી ભૂંજી નાખ્યા. એમનો ગુનો ફક્ત આ જ હતો કે તેઓ ઈરાની હતા. એમના શબો પણ તેમના દેશમાં આપવાનો ઈન્કાર કર્યો. પછી જ્યારે ઈરાને ૪ લાખનું સૈન્ય સરહદ ઉપર ગોઠવી દીધું ત્યારે જોયું કે આ હુકુમતનો લડ્ડુ છીનવાઈ જશે ત્યારે આ શહીદોના શબો અને એક બુદ્ધુ જાહિલ તાલિબાન જેણે આ કૃત્ય કરેલું કે તેને જન્નત મળે તેને પણ ઈરાનને સોંપવો પડ્યો.

આ જાહિલે કોઈને પુછ્યું કે આ શું છે ? કોઈક સાથીઓએ કહ્યું કે ઈરાની એલચી કચેરી છે. એના જોડીદારો એને સમજાવતા રહ્યા અને એ ઘુસી ગયો ઈરાની એલચી કચેરીમાં. ૨૦ વ્યક્તિઓને જેમનો કોઈ ગુનો ન હતો, ગોળીઓથી ભુંજી નાખ્યા.

હું વિચારું છું કે આ દેશમાં અને અરબ દેશોમાં પણ મુસલમાનોના દિમાગોમાં આવી કટ્ટર ધાર્મિક ભાવના કેમ આવી ? તેનો ફક્ત એક જ ઉત્તર મળે છે કે રસુલ પછી તરત જ ખલીફાઓના સમયથી જ આ બુદ્ધુ, અર્ધ ભૂખ્યા, જાહિલ અરબોને જન્નતની લાલચમાં ફોસલાવી, પટાવી, માલે ગનીમતની લાલચ આપી, જેહાદના નામથી લડાઈમાં ધકેલી દીધા, જાહિલ પણ રાખવામાં આવ્યા, તલવારથી જ બધું થાય છે, એમ આ જાહિલોએ સમજી લીધું, એમના મગજો ગરમ થઈ ગયાં, પરંતુ હવે આ તલવારોની ધાર બુઠ્ઠી થઈ ગઈ છે. પણ હજીય એમના દિમાગો ઠંડા પડતા થોડી વાર લાગશે.

અફઘાનિસ્તાનના જાહિલ તાલિબાનોના દિમાગો તો એટલા બધાં ગરમ થઈ ગયાં હતાં કે

કંદહારના પહાડોમાં અપૂજ્ય પડેલી બુદ્ધની જુની પુરાણી મૂર્તિઓને તોડી નાખી. જાણે એમના મતે અલ્લાહની રઝામંદીનું ઘણું મોટું કાર્ય થઈ ગયું. આ ઝાલિમ જાહિલ તાલિબાનો સ્ત્રીઓને પણ બળજબરીથી દીન પળાવતા હતા. અલ્લાહનો નિયમ છે, ઝાલિમનો અંજામ બુરો જ આવે છે. વળી કોઈક વખત અલ્લાહ નેક લોકોને બાજુ પર રાખી ઝાલિમોને બીજા ઝાલિમ દ્વારા જ ખતમ કરે છે. એ રીતે બે-અઢી વર્ષમાં જ અમેરિકાને અફઘાનિસ્તાન ઉપર મોકલી દીધું. અને તાલિબાની શાસનનો અંત આવી ગયો. ઈરાકના સદ્દામને પણ અલ્લાહે આ જ રીતે પોતાના ઝાલિમ દોસ્ત દ્વારા જ ખતમ કર્યો.

આ તાલિબાનો એટલું પણ સમજતા ન હતા કે અત્યારે સમગ્ર વિશ્વ એક કુટુંબ જેટલું નાનું થઈ ગયું છે. એક એક મિનિટના સમાચારો વિશ્વના

એક ખૂણેથી બીજા ખૂણે જાય છે. તમારા દેશમાં તમે મૂર્તિઓ, ગિરજાઘરો, મંદિરો તોડી નાખશો તો યુરોપમાં કે હિંદુસ્તાનમાં જ્યા અન્ય ધર્મોના લોકોની બહુમતિ છે ત્યાં તમારી મસ્જિદો સલામત રહેશે ખરી ? વળી શું રસુલુલ્લાહ (સલ.) એ મંદિરો, ગિરજાઘરો કે મૂર્તિઓ તોડેલી છે ? મને એમ સમજાય છે કે આ લોકો ખલીફાઓના રસ્તે ચાલે છે.

આ તાલિબાની ઘટનાઓ ૨૦03 કે ૨૦0૪ની છે. જ્યારે આ મોઅજિઝામાં આપણે બગદાદની જુમ્મા મસ્જિદના ખતીબની જે વાત વાંચી છે તે સેંકડો વર્ષ પહેલાંની છે. બગદાદની જુમ્મા મસ્જિદનો ખતીબ જો આવો હોય તો પછી સામાન્ય માણસોની જહાલતનો તો અંદાજ જ કેવી રીતે લગાવી શકાય ? વિચારો, વિચારો. મને તો

વિચાર થાય છે કે યા અલ્લાહ ! તારા રસૂલને, રસૂલની બેટીને, અલીને, આવા જાહિલ સમાજમાં કેટલી તકલીફો પહોંચી હશે ! કેવી રીતે આ લોકોએ ઈસ્લામનો ફેલાવો કર્યો હશે !

# મોઅેજિઝા – ૩૬

# અહીં લૂલા લંગડા બધા જ ઠીક થઈ જાય છે

કિતાબ મફાતિહુલ જિનાન - ઉર્દુમાં છે કે અબુ અબ્દુલ્લાહ મોહંમદ બિન બતુતા જેઓ એહલે સુન્નતના આલિમ છે, સાથે સાથે ઈતિહાસકાર પણ છે. એમણે દુનિયાનો સફર ખેડ્યો છે. પોતાનું સફરનામુ “સફરનામા ઈબ્ને બતુતા” ના નામથી જગપ્રસિદ્ધ છે. જેમાં વિશ્વના રાજા મહારાજાઓ અને સમાજ જીવનની હાલતો નોંધાઈ છે. તેઓ પોતાના સફરનામામાં લખે છે કે :

હું મક્કાથી નજફ ગયો. અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની કબર શરીફ નજફે અશરફમાં છે. અહીં શીયા

બિરાદરી રહે છે. હઝરત અલી (અલ.)ની કબર મુબારકથી ઘણી - બધી કરામાતો જાહેર થાય છે. તેમાંની એક આ પણ છે કે સત્તાવીસમી રજબની રાત્રે જેને ત્યાંના રહેવાસીઓ જાગવાની રાત - ઈબાદત કરવાની રાત કહે છે. ઈરાકની ચારે બાજુથી ખુરાસાન, રોમ અને બીજા અનેક ઈરાની શહેરોમાંથી લોકો અહીં એકત્ર થાય છે.

આ જનસમૂહમાં તે લોકો પણ શામેલ હોય છે જેઓ લૂલા લંગડા હોય છે. કોઈ લાઇલાજ બીમારીમાં સપડાયેલા હોય છે. ઈશાની નમાજ પછી અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની ઝરીહ મુબારકની પાસે આ બીમારો, લૂલા, લંગડાઓને એકત્ર કરવામાં આવે છે. ઝરીહની બીલકુલ નજીક બધા જ બીમારો એકત્ર થઈ જાય છે. બીજા લોકો આ બીમારોની આજુબાજુ

એકત્ર થઈ જાય છે. ઈબાદત અને ઝિક્રમાં લાગી જાય છે. પછી આ લોકો ઈન્તિજાર કરે છે કે આ બીમારો ક્યારે સારા થાય છે ! કેટલાક લોકો આ બીમારોની દેખભાળ કરે છે. કેટલાક નમાઝ પઢે છે. કુઆર્ન પઢે છે. વળી કેટલાક ઝિક્રે ઈલાહીમાં મશગુલ રહે છે.

જ્યારે અડધી રાત અથવા બે તૃત્રીયાંશ રાત વીતી જાય છે ત્યારે આ તમામ બીમારો જેઓ ચાલવાથી કે હરવાફરવાથી મજબુર હોય છે તેઓ બિલકુલ તંદુરસ્ત થઈ જાય છે. તેઓ કલિમા શરીફ પઢતા પઢતા ત્યાંથી ચાલવા લાગે છે.

લાઇલાહા ઇલ્લલ્લાહ, મોહંમદુર્રસુલુલ્લાહ, અલીય્યુન વલીય્યુલ્લાહ.

# મોઅજિઝા – ૩૭

## શમઉન અસ્સેફાની ભવિષ્યવાણી

વૉશિંગ્ટન અરવીને પોતાની કિતાબ સકસેસ ઓફ મોહંમદમાં આ ઘટના લખી છે. તઝકેરતુલ કિરામે પણ પોતાની કિતાબમાં આ વાકેઆની નોંધ કરી છે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) ની ફોજ કૂફાથી શામ તરફ જઈ રહી હતી. રસ્તામાં એક જગ્યાએ પડાવ નાખ્યો. જ્યાં દૂર દૂર સુધી પાણીની કોઈ વ્યવસ્થા ન હતી. ન તળાવ, ન કૂવો. આપના પડાવની નજીક એક ગુફા હતી. આ ગુફામાં એક ઇસાઇ રાહિબ રહેતો હતો. હઝરત અલી (અલ.) એ તેને બોલાવીને પાણી અંગે પૃછા કરી.

અહીં નજીકના વિસ્તારમાં કોઈ કૂવો છે ? રાહિબે ઇન્કાર કર્યો. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું:

આવું નથી બની શકતું. એક જમાનામાં બની ઇસરાઇલના પેગંબરો અહીં રહેતા હતા. તેમણે એક કૂવો ખોદાવ્યો હતો. આ કૂવો તો અહીં હોવો જ જોઈએ.

રાહિબે કહ્યું : આવો કૂવો તો હતો જ. વળી આવા કોઈ કૂવા માટે આ જગ્યાએ અમુક ભવિષ્યવાણીઓ પણ છે. પરંતુ લાંબી મુદતથી આ કૂવાનો કોઈ પત્તો નથી. આમ કહીને તેણે શમઉન બિન સફાની એક જૂની કિતાબ કાઢી. જેઓ હઝરત ઇસા (અલ.)ના જલીલ કદ્ર હવારી હતી. જેમાં લખ્યું હતું કે આખર જમાનામાં એક પેગંબર થશે. જેમનું નામ મોહંમદ હશે. તેમના ખલીફા અને વલી આ જગ્યાએ આવશે અને જૂના પેગંબરોના કૂવાને શોધી કાઢશે.

આ સાંભળીને જનાબ અમીરૂલ મોઅમેનીને એક જગ્યાએ કૂવો ખોદવાનો હુકમ કર્યો. જે કૂવાના વિષયમાં ભવિષ્યવાણી હતી તે કૂવો નીકળી આવ્યો. જે ખૂબ જ વિશાળ જગ્યામાં મોટો કૂવો હતો. તમામ ફોજીઓએ પાણીનો ખૂબ ઉપયોગ કર્યો.

આ જોઈ રાહિબે અલીથી બયઅત કરી ઈસ્લામ સ્વીકાર કર્યો. આ મોઅજિઝો જોઈને રાહિબ મુસલમાન થઈ ગયો.

## મોઅજિઝા – ૩૮

## હઝરત અલી (અલ.)ની સાથે વૃક્ષો પણ નમાઝ પઢવા લાગ્યા

કિતાબ “અહસનુલ કબાર” માં અબુ ઝબીરીથી રિવાયત છે કે મેં જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીને પુછ્યું : તમને અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબ (અલ.) નો કોઈ મોઅજિઝો યાદ છે ?

જાબિરે જણાવ્યું : એક દિવસ અમે અમીરૂલ મોઅમેનીન સાથે જઈ રહ્યા હતા, સાથે થોડાક અસહાબ પણ હતા. ચાલતાં ચાલતાં રસ્તામાં એક બોરડીનું ઝાડ આવ્યું. જનાબ અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : તમે ચાલતા રહો. હું આ ઝાડ નીચે બે રકાત નમાઝ પઢીને તમારી ભેગા થઈ જાઉં છું. આપ નમાઝમાં મશગુલ થઈ ગયા. અમે ચાલતા થયા. પાછા ફરીને જોયું તો આસપાસના બધા જ

ઝાડો રૂકુઅ અને સુજુદમાં આપને સાથ આપી રહ્યા છે. મતલબ આપની સાથે રૂકુઅ કરી રહ્યાં છે. સિજદો કરી રહ્યાં છે.

કસમ ખુદાની અમે પાછા ફરીને નજીક આવ્યા કારણ કે આ દૃશ્ય અમને ખૂબ ગમતું હતું. આ મોઅજિઝો અમારા બધા જ સાથીદારોએ નજરોનજર જોયો. પછી જ્યારે આપ નમાઝથી પરવાર્યા તો આપે મોહંમદ વ આલે મોહંમદના દુશ્મનો ઉપર લઅનત ફરમાવી, અને મોહંમદ વ આલે મોહંમદના મોહિબ્બો પર રહમતની દુઆ ફરમાવી. ઝાડોની બધી જ ડાળીઓએ આપની આ દુઆ ઉપર આમીન કહ્યું.

## મોઅજિઝા – ૩૯

# કમાન હઝરત અલી (અલ.)ના હાથમાંથી પડતાં જ અજગર બની ગઈ

હઝરત સલમાન ફારસી રઝિયલ્લાહો તઆલા અન્હોથી રીવાયત છે કે અસહાબમાંથી એક વ્યક્તિએ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની સેવામાં આવી વિનંતી કરી કે ફલાણો માણસ બની અદીના મોટા માણસોમાંથી છે. જ્યાં પણ આપને કે આપના દોસ્તોને જુએ છે, ગમે તેવું એલફેલ બોલે છે. કોઈક ગરીબ માણસોને તો તકલીફ પણ આપે છે. તેમની બેઇઝ્ઝતી અને તૌહીન કરી નાખે છે.

અમીરૂલ મોઅમેનીન એક વખત બની અદીના તે જ આગેવાનના બાગ તરફ જતા હતા. હાથમાં કમાન હતી. અચાનક પેલો જ માણસ સામે મળી ગયો. આપે તેને અટકાવ્યો. ફરમાવ્યું : મને

ખબર છે કે તમે મારા દોસ્તોને બુરૂભલું કહો છો. કેટલાકને તકલીફ પણ આપો છો. પેલા માણસે કહ્યું: ઠીક છે. મેં અગર કોઈ ઇજા પણ આપી છે કે બુરૂભલું પણ કહ્યું છે તો કોઈએ મને રોકવાનો અધિકાર નથી. હું આ કાર્ય કરૂં છું અને કરતો રહીશ.

આ સાંભળીને જનાબ અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : પછી તો ઠીક છે. તમે પણ જોઈ લો ! કહી આપે પોતાના હાથમાંની કમાન જમીન પર ફેંકી દીધી. તે તરત જ ઊંટની ગરદનથી પણ મોટો અજગર બની ગઈ. મોં ખોલીને આ અજગર પેલાની તરફ લપકયો. તે તરત જ ચીસો પાડવા લાગ્યો. શોરગુલ મચી ગયો. લોકો પણ આ જગ્યાએ એકત્ર થઈ ગયા. આ મલઉન અમીરૂલ મોઅમેનીન સામે હાથ જોડી માફી માગવા લાગ્યો. અમાન

માંગતા કહ્યું : હઝરત હવે પછી આપના કોઈ પણ દોસ્તને તકલીફ નહીં આપું.

રહમતુલ્લીલ આલમીનના નાઈબને પણ રહેમ આવી ગઈ. અજગર તરફ હાથ લંબાવ્યો. તે તરત જ કમાનની શકલમાં ફેરવાઈ ગયો. આપ તેને ઉઠાવી ચાલતા થયા.

## મોઅજિઝા – ૪૦

## ફકીરે જ્યારે મુઠ્ઠી ખોલી તો દસ દિનાર સૂર્ખ (લાલ) એની મુઠ્ઠીમાં હતા

શેખ ફરીદ ગંજ શકર કુદ્દસ સિર્રોહુ પોતાની કિતાબ રાહતુલ કોલુબમાં મૌલાએ કાએનાતનો એક મોઅજિઝો વર્ણવે છે.

એક દિવસ કેટલાક યહુદીઓએ એક ફકીરની મશ્કરી કરતાં કહ્યું : તમે શાહે મરદાં શેરે યઝદાંની પાસે જાઓ. તેમની પાસે કંઈક મદદ માટે સવાલ કરો. આ મોહતાજ જનાબ અમીરૂલ મોઅમેનીન અલી (અલ.)ની ખિદમતમાં હાજર થયો. પોતાની ગરીબાઈ અને તંગદસ્તીનો હાલ વર્ણવ્યો.

અમીરૂલ મોઅમેનીન પાસે તે જગ્યાએ પેલા ફકીરને આપવા જેવું કંઈ ન દેખાયું. આપે પેલા ફકીરનો હાથ પોતાના હાથમાં લઈને દસ

વખત દુરૂદ શરીફ પઢ્યું પછી તેની મુઠ્ઠીને બંધ કરી દીધી. પછી કહ્યું : જાઓ. આ ફકીર બંધ મુઠ્ઠી સાથે આ યહુદીઓની પાસે આવ્યો. પેલાઓએ પુછ્યું : શું આપ્યું ? પેલા મોહતાજે કહ્યું : મને અલીએ કશું જ આપ્યું નથી. મારી આ મુઠ્ઠીમાં દસ વખત દુરૂદ પઢીને ફૂંકી દીધું છે.

યહુદીઓએ કહ્યું : જરા આ મુઠ્ઠીને ખોલો તો. જ્યારે આ ફકીરે મુઠ્ઠી ખોલી તો તે મુઠ્ઠીમાં દસ દિનાર સુર્ખ મોજુદ હતા. આ જોઈને બધા જ યહુદીઓ તરત જ મુસલમાન થઈ ગયા.

**નોંધ** :- યહુદીઓએ મશ્કરી કરી કે અલી પાસે તો કશું જ હોય નહિ. જેથી મજા આવશે. બીજો મુદ્દો આપ ઘરથી દૂરના કોઈ સ્થળે તબ્લીગમાં લાગેલા હોઈ ત્યાં ફકીરને આપવા જેવું કંઈ ન હોય એવું નથી. આપણે જે પ્રમાણે આપીએ છીએ. ૧

રૂપિયો, ૨ રૂપિયો, ૫ રૂપિયા કે અડધો કીલો જુવાર, ઘઉં. આવું કંઈક આપવું હોત તો આપ પોતે અથવા બે પાંચ અસહાબ પણ એક-એક બે-બે દિરહમ આપી શકત.

આ તો ઘણા મોટા લોકો હતા. આ તો જિંદગીનું દળદળ ફીટી જાય, માણસને ન્યાલ કરી દે એવા મોટા દરજાના લોકો હતા. આપ તેને ટંક બે ટંકનું ખાવા ન આપે. વધારે જ આપે. હઝરત અલીનો દરજ્જો એટલો મહાન હતો કે માન્યા તેમણે આપને ખુદા માની લીધા. જેવી રીતે કે નુસેરીઓએ ખુદા માન્યા. ઈસ્લામથી બહાર નીકળી ગયા. જ્યારે આપણા સુન્ની બિરાદારોએ માન્યા તો ઘટાડીને માન્યા. ચોથા સ્થાને માન્યા. આ રીતે આ પણ એક પ્રકારની ગૂમરાહી જ ગણાશે. ફકીરનું

દળદળ ફીટી ગયું. દસ સોનાના સિક્કા તે પણ સૂર્ખ આપ્યા.

આપ રસુલુલ્લાહ (સલ.) પછી તમામ મખલુકથી અફઝલ છે.

## મોઅજિઝા – ૪૧

## નાસેબી કૂતરાની શકલમાં ફેરવાઈ ગયો

(નાસેબી ઈમામનો દુશ્મન, ઈમામની બુરાઈ કરનાર)

અબાદહ બિન સોહયબનું બયાન છે કે મનેઆમશે વર્ણવ્યું : આમશનું વર્ણન છે કે હું મસ્જિદે હરામમાં બેઠો હતો. એક વ્યક્તિ નમાઝ પઢી રહ્યો હતો. તેણે નમાઝમાં વધારે સમય લીધો. પછી ઘણા જ ખૂબસુરત તરીકાથી દુઆ કરવામાં મશગુલ થઈ ગયો.

કહેતો હતો, અય મારા રબ ! મારો ગુનો ઘણો મોટો છે. પરંતુ તું એનાથી પણ મોટો છે. અય મહાન, અતિ મહાન ખુદા મારો ગુનો તું જ બખ્શી શકે છે. પછી પેલો વ્યક્તિ જમીન પર માથું મૂકીને ઇસ્તિગફાર કરવા લાગ્યો. હૈયાફાટ રડવા લાગ્યો. સિસ્કીઓ ભરતાં દુઆ કરતો હતો.

હું ઈરાદો કરીને બેઠો હતો કે આ સિજદામાંથી માથું ઉઠાવે તો એને પુછું કે તેં કયો મોટો ગુનો કર્યો છે. જ્યારે તેણે સિજદામાંથી માથું ઉઠાવ્યું, અને મેં તેનો ચેહરો જોયો તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો, કારણ કે તેનો ચહેરો બિલકુલ કૂતરાની શકલ જેવો હતો. વળી ચેહરા પર કૂતરા જેવા વાળ હતા. બાકીનું આખું શરીર ઈન્સાની શરીર હતું. મેં તેને પુછ્યું : અય બંદે ખુદા ! તે કયો ગુનો છે જે તારાથી થઈ ગયો જેના કારણે તારું મોં ફેરવાઈ ગયું.

તેણે કહ્યું ! ભાઈ મારો ગુનો ઘણો જ મોટો છે. હું નથી ઇચ્છતો કે તેને કોઈ સાંભળે. મેં અનેક વખત પુછતાં કહેવાં લાગ્યો, હું નાસેબી હતો. ઈમામનો દુશ્મન હતો. અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) થી નફરત કરતો હતો. મારા દીલમાં

એમના માટે એટલો કીનો હતો કે તે છૂપો પણ રહેતો ન હતો. સ્પષ્ટ રીતે બધા સાંભળે તે રીતે આપના માટે એલફેલ બોલતો રહેતો હતો. એક વખત હું આદત પ્રમાણે હઝરત અલી (અલ.) માટે અનુચિત અને અજુગતા શબ્દો બોલી રહ્યો હતો. અચાનક એક વ્યક્તિ મારી પાસેથી ગુઝર્યો. તેણે મને ઠપકાર્યો, કહ્યું : તને શું થઈ ગયું છે ? જો તું જુઠો છે તો ખુદા દુનિયામાં મસખ કરી દેશે. જેથી દુનિયામાં તારી ખૂબ જ ખ્યાતિ થાય. લોકો તમને બરાબર ઓળખે. હું રાતે સૂતેલો હતો કે અલ્લાહતઆલાએ મારા ચેહરાને કૂતરાની શકલમાં ફેરવી દીધો. હવે હું મારા કરતૂતો ઉપર પસ્તાવો કરું છું. હર વખતે તોબા કરું છું. અલ્લાહથી માફીનો તલબગાર છું.

આમશ કહે છે કે હું આ સાંભળીને આશ્ચર્યમાં ડૂબી ગયો. મેં આ ઘટનાથી લોકોને પરિચિત કર્યા.

(અયવાનુલ મોઅજિઝાત પેજ નં. ૬૦)

## મોઅજિઝા – ૪૨

# હઝરત અમીરૂલ મોઅમેનીનને બુરૂં કહેનારને ઊંટે કચડી નાખ્યો

શવાહેદુન્નબુવ્વતમાં નકલ છે કે એક વ્યક્તિ મદીનામાં અમીરૂલ મોઅમેનીનને બુરૂંભલું કહ્યા કરતો હતો. સઅદ બિન માલિકે તેના માટે બદદુઆ કરી. અચાનક તે એક દિવસ પોતાના ઊંટને બહાર છોડીને મસ્જિદમાં આવ્યો. માનવ સમૂહની વચ્ચે બેસી ગયો. ઊંટ પોતાની જગ્યાએથી ઊઠીને મસ્જિદમાં ઘુસી આવ્યો. તેણે પોતાના માલિકને પોતાની છાતીની નીચે દબાવી દીધો. મતલબ આ રીતે કચડી નાખ્યો.

## મોઅજિઝા – ૪૩

# હઝરત અલી (અલ.)ની સમક્ષ જુઠ બોલનારો આંધળો થઈ ગયો

કિતાબ શવાહેદુન્નબુવ્વતમાં છે કે અમીરૂલ મોઅમેનીને એક વ્યક્તિને ફરમાવ્યું, તું અમારી પાસેથી અલગ થઈ જા. કારણ કે તું અહીંની વાતો ત્યાં પહોંચાડે છે. અમારી વાતો મઆવીયાને પહોંચાડે છે. તેણે જનાબ અલી (અલ.) ની સમક્ષ આ વાતનો ઈન્કાર કર્યો. હઝરતે ફરીથી ફરમાવ્યું : શું તું ફરી જુઠ બોલે છે. જે હું કહી રહ્યો છું તે ગલત છે ? ફરીથી તેણે હઝરતને કહ્યું : કે હું આ કાર્ય કરતો નથી. તરત જ હઝરતે ફરમાવ્યું કે તું જો જુઠું બોલતો હોય તો અલ્લાહ તને આંધળો કરી દે.

રાવીનું વર્ણન છે કે તે વ્યક્તિ સાત દિવસ પછી ખરેખર આંધળો થઈ ગયો. લાકડી પકડીને અમારી સામે ચાલતો અમે જોયો.

# મોઅજિઝા – ૪૪

# શેરના ઝખ્મી પંજાને મૌલા અલીની કબર ઉપર આરામ મળી ગયો

કીતાબ અનવારૂસસાદાતના લેખક લખે છે કે હું મારા પિતાજી અને કાકા સંગાથે હિજરીસન ૧૬૦માં રાતના વખતે છુપી રીતે અમીરૂલ મોઅમેનીનની કબરે અતહરની ઝિયારતે ગયા. કારણ કે હજી આપની મુબારક કબરની જગ્યા લોકોમાં પ્રચલિત ન હતી. બહુ જ છુપી રીતે ખાસ નજીકના સાદાતો જ હઝરતની ઝિયારતે આવતા તે પણ રાતના અંધારામાં છૂપી રીતે આવતા. કબરની જગ્યાને લોકોથી છૂપી રાખવામાં આવતી હતી. જેથી કબરે અતહરની જગ્યાની લોકોને ખબર ન પડે. તે વખતે હું હજી ઘણી નાની ઉંમરનો હતો. જ્યારે ત્યાં પહોંચ્યો તો જોયું કે આપની કબરની

આસપાસ કાળા પથ્થરો રાખેલા છે. કાળા પથ્થરોની ચારે તરફ એક લકીર નિશાની મૂકેલી હતી.

અમારામાંથી કેટલાક કુઆર્ન પઢવા લાગ્યા. કેટલાક દુઆઓમાં મશગુલ થઈ ગયા. અચાનક અમે જોયું તો એક સિંહ કબર મુબારક ઉપર આવ્યો. અમારી સામી દિશામાં કોઈ ઈન્સાન ન હતા. જેથી સિંહ ત્યાં ઊભો થઈ ગયો. પોતાના આગલા પગને ઘસવા લાગ્યો. અમારામાંથી એક બહાદુર આદમી તે સિંહની નજીક ગયો. તેની હાલત જોવા, તે શા માટે આવ્યો છે. અમને બધાંને સિંહનો ડર તો એટલા માટે પણ ન હતો કે અમે મૌલાએ કાએનાતની કબર મુબારક ઉપર હતા. વળી સિંહ ઇન્સાનોને જોઈને તેમની નજીક ફરકતો નથી હોતો. નિર્જન વિસ્તારમાં પોતાને રસ્તે ચાલ્યો જાય છે. વળી કબરે અતહરની એક દિશામાં અમારી સામેની

ખાલી જગ્યામાં આ સિંહ આવીને બેધડક ઊભો થઈ ગયો. જેથી અમને યકીન હતું કે એ પણ પોતાની મુરાદ માટે જ આવ્યો છે.

સિંહ પોતાની ગરદન જુકાવતો, માથું નમાવતો અને પોતાના બંને હાથ ઘસતો હતો. પોતાની મુંગી ઝબાનથી તે મૌલાએ કાએનાતને કંઈ અરજ કરતો હતો. અમે અમારી તંદુરસ્ત આંખોથી જોયું તો એના હાથ ઝખ્મી હતા. એમાં કંઈક બીમારી હતી. જે સારી નહીં થતી હોઈ સિંહ તેને કબર શરીફ પર ઘસતો હતો. મોં અને ગરદન વારંવાર જુકાવતો હતો. આ રીતે થોડીવાર તે સિંહ ત્યાં રહ્યો. આરામ થઈ જવાથી ચાલ્યો ગયો.

(અનવારૂસઆદત પેજ નં. ૩૫)

## મોઅજિઝા – ૪૫

# હઝરત અલી (અલ.)ના રોઝા મુબારકની સાથે બેઅદબી કરનાર હબશી ગુલામના શરીરનું ગોશ્ત ફાટી ગયું

એક મુદ્દત સુધી આપની મુબારક કબર જાહેર જનતાથી છુપી રાખવામાં આવી હતી. દુશ્મનોના શરથી બચવા માટે આ પ્રકારની વ્યવસ્થા રાખવામાં આવી હતી કે આપના નજીકના કુટુંબીજનો - એહલેબયતે રસૂલ જ જાણતા હતા. ઘણા સમય સુધી તો ઈમામતના ચિરાગના પરવાનાઓ જ ઝિયારતે આવતા હતા. કોઈને ખબર ન હતી કે મૌલાએ કાએનાત ક્યાં આરામ ફરમાવી રહ્યા છે. આ જગ્યા સિવાયની બીજી પાંચ સાત જગ્યાઓ મશહુર થઈ ગઈ હતી કે કબર મુબારક આ જગ્યાએ છે. તે જગ્યાએ છે. આવી અટકળો ચાલ્યા કરતી હતી.

જ્યારે પરદો ઊઠી ગયો ત્યારે એહલેબતે તાહેરીને જ આ વાતનું એલાન કરી દીધું કે કબરે અતહર આ જગ્યાએ છે. બીજી તરફ મોઅજિઝાત અને કરામતનું જાહેર થવાનું શરૂ થઈ ગયું. જેનાથી પોતાના અને પરાયા બધા જ ફાયદો ઉઠાવવા લાગ્યા. અહીં સુધી કે દાઉદ અને હારૂન રશીદને જ ત્યાં ઈમારત બનાવવી પડી.

વિશ્વના દેશોની મુસાફરી કરનાર ઈબ્ને બતુતા શીયા દુશ્મની માટે મશહુર છે. તે લખે છે કે “નજફે અશરફમાં રહેવાસીઓમાં બધા જ રાફઝી છે. ૨૭મી રજબના દિવસે અહીં ઈરાક, ઈરાન, રોમ, વગેરે અનેક પ્રદેશોના લોકો મોટી સંખ્યામાં આવે છે. કેટલાક તો સાથે પોતાના બીમારો ને પણ લાવે છે. પોતાના બીમારો માટે દુઆ કરે છે. બીમારો બધા જ કબરની ઝરીહની નજીક જમીન ઉપર

સૂવડાવેલા હોય છે. પછી રાતના પાછલા ભાગમાં આ બધા એક સાથે તંદુરસ્ત થઈને ઊભા થઈ જાય છે. પછી આ બીમારોમાં કોઈપણ પ્રકારની બીમારીના નિશાન પણ બાકી રહેતાં નથી.”

ઉપરોક્ત ફકરાનું લખાણ ઈબ્ને બતુતાએ પોતાની કિતાબ “રેહલહ” માં લખેલું છે. જેનો અક્ષરસઃ અનુવાદ અમોએ રજૂ કર્યો છે.

કિતાબ “તારીખે અનવારૂસસઆદત”ના લેખક સૈયદ ઝફરયાબ હુસૈન સાહેબ પોતાની કિતાબના પેજ નં. ૧૪૧ ઉપર એક મોઅજિઝો વર્ણવતાં લખે છે કે હીજરી સન ૧૩૩ની સાલમાં દાઉદ બિન અલી અબ્બાસી જે તે સમયે સફાહ અબ્બાસી તરફથી કૂફાનો ગવર્નર હતો. લોકોની ભીડ કબરની આસપાસ જોઈને તેનો જીવ બળી જતો હતો. કારણ કે બની ઉમય્યા અને બની

અબ્બાસના બધા જ બાદશાહ એહલે બયતના કટ્ટર દુશ્મનો હતા.

કૂફાના આ ગવર્નર દાઉદ બિન અબીએ પોતાના નોકરોને હુકમ આપ્યો કે કડીયા-મિસ્ત્રીઓને બોલાવો. પછી આ મિસ્ત્રીઓને પોતાના ખાસ વિશ્વાસુ માણસો સાથે જેમાં એક હબશી ગુલામ પણ હતો જેનું નામ હમલ હતું. તેને પણ રવાના કર્યો. આ લોકો નજફ આવ્યા. આ લોકોને હુકમ આપવામાં આવ્યો હતો કે આ કબરને ખોદી નાખો, જે કંઈ એમાં છે તેને મારી પાસે લાવો.

ઈસ્માઈલ બિન ઈસા અબ્બાસીનું વર્ણન છે કે હું પણ આ લોકોની સાથે થઈ ગયો. અહીં સુધી કે આ લોકો નિશ્ચત જગ્યાએ પહોંચી ગયા. મજૂરો કબર ખોદવામાં લાગી ગયા. ૨ મીટર ૨૫ સે.મી. જેટલી ખોદાઈ કરવામાં આવી (કિતાબમાં પાંચ

હાથ ઊંડાઈ લખ્યું છે) ત્યારે એક બહુ જ મોટો સખત પથ્થર દેખાયો. આ ચટ્ટાન એટલી સખત હતી કે મજૂરો તેને કાઢવામાં કે તોડવામાં નિષ્ફળ ગયા. છેવટે આ લોકોએ આ ખાડામાં એક ખૂબ જ શક્તિશાળી હબશી ગુલામને ઊતાર્યો. તેણે સંપૂર્ણ તાકતનો ઉપયોગ કરી ત્રિકમ ચટાન ઉપર માર્યા. તેનો અવાજ આખા જંગલમાં ગુંજી ઊઠ્યો. ચટાન ઉપર જરાયે અસર ન થઈ. તે હબશીએ બીજી વખત ખૂબ જ શક્તિ સાથે ત્રિકમ માર્યો. પ્રથમ વખત કરતાં અવાજ મોટો થયો. પરંતુ ચટાન ઉપર કો◌ેઈ જ અસર ન થઈ. ત્રીજી વખત પોતાની સંપૂર્ણ શક્તિનો ઉપયોગ કરતાં આ હબશીએ વાર કર્યો. ભયંકર અવાજથી જંગલમાં ધ્રુજારી જેવી અવાજ થઈ. પથ્થરની ચટાન ઉપર કોઈ જ અસર ન થઈ.

ત્રીજા વાર પછી હબશી જોરથી ચીખી ઊઠ્યો. હબશીની ભયંકર ચીખથી અમે ગભરાઈ ગયા. ખાડામાં જોવા ઊભા થયા. મેં બીજા મજૂરોે, જે ખાડામાં હબશીની સાથે હતા તેમને પૂછ્યું કે એને પુછો, તને શું થયું છે ? મજૂરો તેને પુછતા હતા પરંતુ તેનામાં જવાબ આપવાની શક્તિ જ ન હતી. તે લગાતાર ચીસોે પાડતો હતો. અમે તેને બહાર ખેંચી કાઢ્યો. એક ખચ્ચર ઉપર સવાર કરીને કૂફાના ગવર્નરની પાસે મોકલી આપ્યો.

અમે જોઈ રહ્યા હતા કે હબશી ગુલામના બંને બાવડાઓનું ગોશ્ત ફાટી ફાટીને નીચે પડી રહ્યું હતું. આ ખૂબ જ બાહુબળ ધરાવનાર પહેલવાન હતો. તેના મજબૂત બાવડાઓનું ગોશ્ત ડાબી જમણી બંને બાજુઓથી તૂટીતૂટીને નીચે પડી રહ્યું હતું. થોડીવાર પછી તો એના શરીરના બીજા

અવયવોની પણ આ જ હાલત થવા લાગી. થોડી વારમાં અમે કુફાના ગવર્નરના દરબારમાં પહોંચી ગયા. ગવર્નરના ખૂબ જ અંગત ગણાય એવા વિશ્વાસુ માણસો અમારી સાથે જ હતા. જેઓ આ ઓપરેશન પાર પાડવા માટે મોકલવામાં આવ્યા હતા.

ગવર્નરે પુછ્યું : શું થયું ? અમે તો આટલું જ કહ્યું : આ હબશીને પુછી લો. ગવર્નરે હબશી ગુલામની તરફ જોયું, કાંપી ઊઠ્યો. હબશી ગુલામથી હકીકત જાણી ગવર્નર ખોફઝદહ થઈ ગયો. એના વિશ્વાસુ માણસોએ એ પરિસ્થિતિથી વાકેફ કર્યો. તરત જ ગવર્નર કિબ્લા તરફ ઊભો થઈ ગયો. ખુદાની બારગાહમાં તોબા ઈસ્તિગફાર કરી. આ ગવર્નરે ગૂપચૂપ બાદશાહને ખબર ન પડે એમ મઝહબે એહેલબયત સ્વીકારી લીધો.

# મોઅજિઝા – ૪૬

## હઝરત અલી (અલ.)ની કબર મુબારકની કરામાત જોઈને બાદશાહ હારૂન રશીદ આશ્ચર્યચકિત થઈ ગયો

એક દિવસ બાદશાહ હારૂન રશીદ શિકાર ખેલી રહ્યો હતો. આકાશમાંથી હુમલો કરનાર બાઝ પક્ષી અને જમીન પરથી હુમલો કરનાર શિકારી કૂતરા પણ સાથે હતા. એક હરણ નજર આવતાં શિકારી કૂતરા અને બાઝ બંનેને છૂટા કર્યા. હરણ ભાગતું ભાગતું એ જ જગ્યાએ આવી ગયું જે ટેકરી ઉપર મૌલાએ કાએનાતની કબર મુબારક હતી. હરણે શિકારી કૂતરાઓ અને આકાશમાં બાઝ પક્ષી બંનેને જોયાં હતાં છતાં આ હરણ જરાય ડર - ખોફ વગર મૌલાએ કાએનાતની કબર શરીફની આસપાસની ઘાસ મજેથી ચરતું હતું. સામાન્ય રીતે

હરણ શિકારી કૂતરાને કે બાઝને જોઈને એટલું ડરી જાય છે કે એ ધ્રૂજતું હોય છે. એને મોતને જોઈને પરસેવો છૂટી જાય છે. એ ચરી શકતું - ખાઈ શકતું નથી. જ્યારે આ હરણ તો બિન્દાસ્ત ઘાસ ચરતું હતું.

બાઝ પક્ષી હરણને જોતું આકાશમાં જ સ્થિર થઈ ગયું. તરાપ મારી શકતું ન હતું. જ્યારે શિકારી કૂતરા ટેકરીની નીચે અટકી ગયા હતા. એમને ઉપર જઈ હુમલો કરવા માટે પ્રોત્સાહિત કરવા - હુકમ આપ્યા છતાં ટેકરી પર ચઢતા ન હતા.

આ પરિસ્થિતિએ બાદશાહ હારૂનને આશ્ચર્યચક્તિ કરી દીધો. બાઝ પણ આકાશમાં રખડીને પરત આવ્યો. શિકારી કૂતરા પણ પાછા ફર્યા. આ ન સમજાય એવી પરિસ્થિતિએ બાદશાહને પરેશાન કરી મૂક્યો. એણે પોતાના માણસોને હુકમ

આપ્યો કે આ આશ્ચર્યચકિત હકીકતનો ભેદ ઉકેલી લાવો.

ઘણીબધી જાંચપડતાલના અંતે એક વૃદ્ધ વ્યક્તિ હારૂન રશીદની સેવામાં હાજર થયો. તેણે જણાવ્યું કે અય બાદશાહ ! તમારા ઈબ્ને અમ્મ અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની કબર શરીફની નિશાની બતલાવું તો તમે મને શું ઈનામ આપશો ? (હઝરત અબ્બાસ (રઝિ.) નબી (સલ.)ના તથા હઝરત અલી (અલ.)ના બંનેના કાકા થાય છે. બની અબ્બાસના ઝાલીમ બાદશાહો એમના જ ખાનદાનના છે.)

હારૂન રશીદે કહ્યું : હું તને બુઝુર્ગી સાથે ઘણું બધું ઈનામ આપીશ. પેલા વૃદ્ધે કહ્યું : અય બાદશાહ ! આ તે જ મુબારક જગ્યા છે જ્યાં હરણ નિડર બનીને ઘાસ ચરી રહ્યું છે. ત્યાં શિકારી

જાનવરોને જવાની હિંમત નથી થતી. હારૂને પુછ્યું કે આ કબર મુબારકની જગ્યા છે તે વાત તને કેવી રીતે ખબર પડી ? પેલા વૃદ્ધ વ્યક્તિએ જણાવ્યું કે મારા પિતાજી ઘણી વખત હઝરત ઈમામ જઅફર સાદિક (અલ.)ની સાથે આ જગ્યાની ઝિયારત માટે આવ્યા કરતા હતા. તેઓ પોતાના વાલીદ મોહતરમ ઈમામ મોહંમદ બાકિર (અલ.) ની સાથે તશરીફ લાવતા હતા. અને તેઓ પોતાના પિદરે બુઝુર્ગવાર ઈમામ ઝયનુલ આબેદીન (અલ.)ની સાથે અહીં આવીને ઝિયારત કરતા હતા.

ઈમામ ઝયનુલ આબેદીન (અલ.)ને આ બાબતની બરાબર ખબર ઈમામ હુસૈન (અલ.)થી પ્રાપ્ત થઈ હતી. હારૂન રશીદે આ જગ્યાએ એક ઈમારત બનાવવાનો હુકમ આપ્યો. વળી કબર મુબારકની ચારે તરફ કઠેડો બનાવી દીધો. હવે તો

લોેકોમાં આ વાત હવાની જેમ ફેલાતી ગઈ. તેથી લોકો આ જગ્યાની ઝિયારતે આવવા લાગ્યા.

(સંદર્ભ કિતાબ અલી (અલ.) ભાગ-૨ પેજ નં. ૧૬૯)

## મોઅજિઝા – ૪૭

# અમારી સાથે ખુદાનો સિંહ છે જેનું નામ અલી છે

ચુંગ શીસી તિબેટનો રહેવાસી એક ગોવાળ હતોે. તે જંગલમાં ઘેટા-બકરાં ચરાવ્યા કરતો હતો. ખાસી મોટી સંખ્યામાં ઘેટાં-બકરાંના ટોળા એની પાસે હતાં. તેણે ઝાડના પાંદડાં પાડીને પોતાના ઘેટાં-બકરાં સામે નાંખતા કહ્યું : તમે આ ખાઓ તેટલી વારમાં હું ઝરણાથી પાણી પીને આવું છું.

સુંદર ગીત ગણગણતો આ ગોવાળ યુવાન અડધા કિલોમીટર જેટલે એક ઝરણા પાસે પહોંચ્યો. તે ગીતનો અનુવાદ આ પ્રમાણે છે :

“જો કે આ પહાડોમાં સિંહો વસે છે. જે ઘણા જ ઝાલીમ છે પરંતુ અમને કોઈ ભય નથી કારણ કે અમારી સાથે ખુદાનો એક સિંહ છે. જેનું નામ અલી છે. જેના એક અવાજથી તમામ

ઝહેરીલા અને તકલીફ આપવાવાળા બધા જ જાનવરો ભાગી જાય છે.”

ગોવાળ ઝરણા પાસે આવ્યો. ઘુંટણ ટેકવીને ઝરણાનું પાણી પીધું. ખૂબ પેટ ભરીને મીઠું અને ઠંડુ પાણી પીધું. પાછો ફરતો હતો, ત્યારે રસ્તામાં એને વસ્તીમાંના ત્રણ માણસો મળ્યા. તેઓ આ ગોવાળને જોતાં જ બોલી ઉઠ્યા : અરે ચુંગ ! તું હજી અહીં જ છે ? જા, જલ્દી જા, રેવળને હાંકીને ગામમાં લઈ જા. અય છોકરા, તને ખબર નથી, આજકાલ સિંહોના હુમલા ખૂબ વધી ગયા છે. હવે તો સૂર્યાસ્ત પણ થવા જાય છે. તારે હજી પાંચેક કિલોમીટરનું અંતર કાપવાનું છે. રાત પડી જશે, તને કંઈ ભાન છે ?

ચુંગ શીસીએ ઉત્તર આપ્યો “કાકા તમે ફિકર ન કરો. મને સિંહોને ભગાડતાં આવડે છે. અરે !

અરે! ખુદા તારી જવાની સલામત રાખે. તારી પાસે શેર ભગાવવાનું શું કોઈ મંતર છે ?

નહીં કાકા ! મારી સાથે-મારી મદદમાં ખુદાના સિંહ (હઝરત અલી અલ.) છે. તે કોણ છે ? ચચા ! તમે મારા દાદાજાનથી સાંભળ્યું નથી ? તમે અચ્શુંગની કિતાબ “ચોંગ” પઢી નથી ? હાં, વાત તો સાંભળી છે તે કિતાબ વિશે. તો શું તું તે કિતાબ પઢી શકે છે ? જી નહીં ચચા ! હું સાંભળ્યા કરૂં છું. તેનું એક એક કાવ્ય મને ખૂબ જ યાદ છે. ચુંગે કહ્યું. જેનો એક શએર હું તમને સંભળાવું છું.

“જો કે આ પહાડોમાં સિંહ વસે છે. જે ઘણા જ ઝાલીમ છે. પરંતુ અમને કોઈ ભય નથી. કારણ કે અમારી સાથે ખુદાનો એક સિંહ છે. જેનું નામ અલી છે, તેના એક અવાજથી તમામ ઝહેરીલા અને

તકલીફ આપનારા બધા જ જાનવરો ભાગી જાય છે.”

આ નવજવાન ગોવાળના મોઢેથી આ સુંદર અચરજ પમાડે એવી કાવ્ય-પંક્તિઓ સાંભળીને પેલા ત્રણે વ્યક્તિઓ વિચારમાં ડૂબી ગયા. તેઓ એકબીજા તરફ જોવા લાગ્યા. આશ્ચર્ય સાથે તેઓ આ ગોવાળ તરફ દૃષ્ટિપાત કરી ચાલતા થયા.

ગોવાળ પોતાના રેવળ પાસે પહોંચ્યો. ગોવાળોની ખાસ ભાષામાં એણે કંઈક કહ્યું, તે સાંભળતાં જ ઘેટાં-બકરાં તેની આસપાસ એકત્ર થઈ ગયાં. ખૂબ પેટ ભરી લીધાં તમે, ચાલો હવે તમને ગામ લઈ જાઉં. સૂરજ ડૂબવા આવ્યો છે.

જાનવરો માથું જુકાવીને ધીરે ધીરે ગોવાળની સાથે કદમ ઉઠાવી ચાલવાં લાગ્યાં, આ નિર્દોષ જાનવરો લીલીછમ ઘાસ ઉપર મોં મારતાં

જાય અને ચાલતાં જાય. વચ્ચે ગોવાળ પોતાની ભાષામાં તેમને ચાલતા રહેવાનો અને ઘાસ ન ખાવાનો મીઠો ટહુકો પણ કરતો જાય. પરંતુ જાનવરો મોં તો મારતાં જ ચાલે. ધૂપ હવે ફીકી પડી ચૂકી હતી. સૂરજ પિશ્ચમ દિશામાં ઢળી ચૂક્યો હતો. સૂર્ય સફેદ પોશાક ઊતારી રાત્રિનો કાળો પોશાક પહેરવાની તૈયારી કરી રહ્યો હતો.

એક જગ્યાએ કંઈક ખળભળાટ થયો. જાનવરોએ પોતાની ગરદનો ઊંચી કરી, ખોફ અનુભવ્યો, કાન ઊંચા કર્યા. શું છે ? નવજવાન બોલ્યો. ડરો નહિ. અમારી સાથે તે છે જેનું નામ સાંભળતાં જ ફાડી ખાનાર દરિન્દાઓનું લોહી સુકાઈ જાય છે. ઊભા ન રહો, ચાલતા રહો, જાનવરોએ બે જ કદમ ઊઠાવ્યા હશે ત્યાં તો એક ખોફનાક અવાજે પહાડોના દિલ હલાવી દીધાં, સિંહ, સિંહ, નવજવાન

જોરથી ચીલ્લાયો. સિંહનું નામ સાંભળતાં જ બધાં ઘેટાંબકરાં એક કદમ પાછા હઠી ગયાં. (પોતાની ભાષામાં ચરવાહાએ કહ્યું.)

સાચું કહેતા હતા મારા કાકા, પરંતુ કંઈ ચિંતા નથી. મારા મા-બાપે મારૂં નામ ચુંગ શીસી એમ જ થોડું રાખ્યું છે ? હું સિંહોનો શિકાર કરનારો છું. હિફાઝત કરનારો મારી સાથે છે. તે જરૂર મારી મદદે આવશે. દુનિયા બદલાઈ શકે છે. અરસુંગની ભવિષ્યવાણીઓ ગલત નથી હોઈ શકતી. નવજવાન ચરવાહાના શબ્દો હજી હવામાં ફેલાયા પણ ન હતા એટલામાં ખૂબ જ નજીકમાંથી એક ઝબરદસ્ત ગર્જનાથી પહાડ ધ્રુજી ઊઠ્યો. જોયું તો એક ખુંખાર સિંહ ડકારતો ડકારતો રેવળ તરફ આવી રહ્યો હતો.

નવજવાને પોતાનો કુહાડો ઝાડ ઉપર લટકાવ્યો. સિંહ ઉપર એક ઉડતી દૃષ્ટિ નાખી. પછી આસમાનની તરફ ફરિયાદભરી નિગાહોથી જોયું અને મનમાં કંઈક પઢ્યો. પછી પોતાની ભાષામાં કહ્યું : ખુદાના સિંહ અમારી મઝહબી કિતાબોમાં લખ્યું છે તું ખુદાઈ શક્તિ ધરાવે છે. તું કુદરતે ઈલાહિયાનો મઝહર છે. (અલ્લાહની કુદરતના ઝાહિર થવાની જગ્યા. હઝરત અલી અલ. નો લકબ છે) આનાથી વધીને મુસીબત બીજી કઈ હશે કે હું મારાં જાનવરોની સાથે ઝાલીમ સિંહની પકડમાં ફસાયેલો છું. ઓ ખુદાના સિંહ ! આ જ મદદે પહોંચવાનો સાચો સમય છે. મારી મદદ કર.

તિબેટનો મઝહબી ખબરપત્રી લખે છે કે “કાન ચું” જે “લામા” ના દરજ્જાનો માણસ ગણાય છે. (લામા તિબેટના સૌથી વધુ મહાન અને સૌથી

વધુ શક્તિશાળી મઝહબી હોદ્દાના માલિકનું નામ છે.) પોતાની ઐતિહાસિક કિતાબોમાં લખે છે કે ચરવાહાની આ દુઆ એક સેંકડમાં આસમાન સુધી પહોંચી ગઈ. તરત જ સિંહ પહાડ પરથી ચકરી ખાઈને એવો ગબડ્યો કે એક મોટા પથ્થરની ચટાન સાથે ટકરાયો. તેના હાડકાં ભાંગી ગયાં. એમ માલુમ પડતું હતું કે કોઈ ગયબી હાથે તેને પકડીને ચક્કર ફેરવીને પહાડ પરથી દડાની જેમ ફેંક્યો હોય.

(હકીમ સૈયદ મહમૂદ ગીલાનીની કિતાબ 'અલી મુરતઝા હૈદર શેરે ખુદા' માંથી)

હું મારી "અલમુરતઝા" કિતાબમાં લખી ચૂક્યો છું કે વિશ્વના કોઈપણ ખૂણામાં વસતી મુસ્લિમો કે બિન મુસ્લિમોની બધી જ કોમોમાં, બધી જ જાતિઓમાં "અલી" નું નામ બોલવામાં આવે છે.

વિશ્વની કરોડો જાતિઓ, કોમો, ઉષ્ણ કટિબંધ, સમશીતોષ્ણ કટિબંધ કે શીત કટિબંધમાં આવેલા બધા જ દેશોમાં ફિલીપાઇન્સના ઘાસના મેદાનોની કોમોમાં કે વિષુવવૃતના જંગલોમાં વસતી પ્રજાઓનો, કે ચીલી અને ફીઝીમાં, મોંગાલિયા કે ચીનમાં તિબેટ કે નેપાળમાં કે યુરોપમાં, મતલબ વિશ્વના પાંચેય ખંડોના બધા જ દેશોના ખૂણે ખૂણે વસતી લાખો જાતિઓમાં પછી ભલે તે જાતિઓ કે કોમો કોઈપણ ધર્મ પાળતી હ◌ેોય તેઓ “અલી”નું નામ તો લે જ છે. તેમના ગીતોમાં, ગરબાઓમાં, છંદોમાં, દોહાઓમાં, કાવ્યો કે નઝમોમાં મઝહરુલ અજાએબ “અલી” મુરતઝાના નામને વણી લેવામાં આવે છે. આ નામ “અલી” તો આજથી બોલવામાં નથી આવતું કે હઝરત મોહંમદ (સલ.)ની આમદ પછી બોલવાનું શરૂ નથી થયું. બલકે હઝરત

આદમ (અલ.)ની દુનિયામાં આમદ થઈ ત્યારથી જ બોલાતું આવ્યું છે. અને બોલાતું રહેશે. ભલે આ નામ બોલવાથી વહાબીઓના પેટોમાં તેલ રેડાઈ જતું હોય.

# મોઅજિઝા – ૪૮

# હઝરત અલી (અલ.)નું મુલકે અઝીમની સૈર કરાવવું

કિતાબ મદીનતુલ મઆજુઝમાં પેજ નં. ૩૭ ઉપર હકાઈકુલ અકાઈદમાં પેજ નં. ૬૨ ઉપર અને કિતાબ નઈમૂલ અબરાર ભાગ-૩ના પેજ નં. ૨૧૨ ઉપર રિવાયત નકલ થયેલ છે કે : બીજા ખલીફા સાહેબની બયઅત થઈ રહી હતી તે વખતે જનાબ સલમાન ફારસી, જનાબ મિકદાદ અને જનાબ અમ્માર યાસીર જેવા કેટલા અસહાબે રસૂલ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની પાસે આપના જ ઘરમાં હતા. વાતચીત દરમ્યાન ઈમામ હસન (અલ.) એ વિનંતી કરી, યા અમીરૂલ મોઅમેનીન ! ખુદાવંદે

આલમે હઝરત સુલયમાન (અલ.) ને એટલી મોટી સલ્તનત આપી હતી જેટલી કોઈને આપી ન હતી. આપ તો સરદારૂલ આંબિયાના ખલીફા છો. ઈરશાદ ફરમાવ્યો : બેટા ! સુલયમાન (અલ.) એ જે માગ્યું હતું તે અલ્લાહે આપને આપી દીધું. પરંતુ અલ્લાહે મને આપેલી હુકુમત એનાથી ઘણી વિશાળ છે.

તમને મારી સાથે મારા મુલકની સેર કરાવું, ઘુમી ફરી તમે જાતે જ જોઈ લો. જે મુલકનો હું બાદશાહ છું. હાજર તમામ અસહાબે એકી અવાજે કહ્યું : હા, મૌલા જરૂર કરાવો.

ત્યારબાદ એક તરફ મોં ફેરવીને કંઈક કલામ કર્યા. તરત વાદળનો એક ટૂકડો આવી ગયો. આપે હુકમ આપ્યો કે બિછાય જા. તે ફર્શની જેમ બિછાઈ ગયું. આપે હુકમ આપ્યો, આના ઉપર બેસી જાઓ, પછી ફરીથી કંઈક કલામ કર્યા. એક બીજો

વાદળનો ટૂકડો આવી ગયો, તેના ઉપર આપ જાતે બિરાજમાન થયા. હવાએ આ બંને ટૂકડાઓને આકાશમાં બુલંદ કર્યા. સૈર દરમ્યાન આપે પોતાના અસહાબને ફરમાવ્યું : શું તમે લોકો હઝરત સુલયમાન (અલ.)ની મુલાકાત ઇચ્છો છો ? બધાએ અરજ કરી : જી હાં, મૌલા.

આપ એક સુંદર લીલાછમ બગીચામાં ઊતર્યા. હઝરત સલમાન કહે છે કે અમે આવો સુંદર બાગ અગાઉ કદી પણ જોયો ન હતો. બાગની વચ્ચે એક તખત ઉપર એક નવયુવાનને સૂતેલો જોયો. આપે પોતાની અંગૂઠી તે નવયુવાનની આંગળીમાં પહેરાવી દીધી. તે યુવાન ઊભો થઈ ગયો.

ઊઠતાં જ તે યુવાને કહ્યું, સલામુન અલયક યા અમીરૂલ મોઅમેનીન. આપે ફરમાવ્યું : આ

અલ્લાહના નબી હઝરત સુલયમાન છે. સલામ પછી હઝરત સુલયમાન ફરીથી તખત ઉપર સુઈ ગયા. ત્યાર પછી આપ બધાને લઈને કોહ-પહાડ ઉપર પહોંચ્યા. મુલકે અઝીમનો નઝઝારો બતાવ્યો. પોતાની બ્રહ્માંડને આવરી લેતી હુકુમતની એક જલક બતાવી મદીના તશરીફ લાવ્યા. ફરમાવ્યું : આ તો અમારી હુકુમતનો ફક્ત એક ભાગ છે.

# મોઅજિઝા – ૪૯

# હઝરત અલીના લુઆબે દહનનો (મોંના થુંકનો) મોઅજિઝો

પીરાને પીર દસ્તગીર શૈખ અબ્દુલકાદિર જીલાનીના મોમાં મોહંમદ (સલ.) અને અલી (અલ.)નું થુક મુબારક આવતાં જ આપના દીલો દિમાગ ઈલ્મ માટે ખૂલી ગયાં.

પીરાને પીર મોટા દરજાના સુફી થઈ ગયા છે. આપ સુફીઓમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે. તેમનું કહેવું છે કે મારામાં જે કંઈ છે તે રસુલુલ્લાહ અને અલી મુરતઝાના થુકનો કમાલ છે. કારણ કે વિલાયતનું કેન્દ્ર સ્થાન (સ્ત્રોત - ઝરો - પાવર હાઉસ) મોહંમદ - અલી - ફાતેમા અને હસન - હુસૈન અલયહેમુસ્સલામ છે. હઝરત ગૌસુલ આઝમ

ફરમાવે છે કે હું જે કંઈ છું તે આજે મોહંમદ-અલી ના થુંક મુબારકના કારણે છું.

આ મોઅજિઝો અત્રે અમો “સવાનેહ વ તઅ્લીમાતે હઝરત ગૌષુલ આઝમ” માંથી નકલ કરીએ છીએ. મૈકશ અકબરાબાદી એના લેખક છે. પ્રકાશક છે, દારૂલ ઉલૂમ ગુલશને બગદાદ યુ.પી. પેજ નં. ૬૪ પરથી નકલ કરીએ છીએ.

શૈખ અબ્દુલ કાદિર લખે છે કે મને અરબી આવડતું ન હતું. મારી જીભ ઉપર જ અરબી ચાલતુ ન હતું. એક દિવસ સ્વપ્નમાં રસૂલે ખુદાને જોયા. (તેમણે ફરમાવ્યું ) અય અબ્દુકાદિર ! મોં ખોલો. મેં મોં ખોલી દીધું. આપ (સલ.)એ પોતાનું લોઆબે દહન મારા મોંમા નાખી દીધું. બીજા દિવસે પાછું આ જ પ્રકારનું ખ્વાબ જોયું. પરંતુ આજે હઝરત અલી (અલ.) ખ્વાબમાં આવ્યા. આપ (અલ.) એ

પણ એ જ રીતે કર્યું જે રીતે રસૂલે ખુદાએ કર્યું હતું. હઝરત અલી (અલ.) એ પણ મારૂં મોં ખોલાવી પોતાનું લોઆબે દહન મારા મોંમા નાખી દીધું.

હવે જ્યારે કે સવારના હું જાગ્યો તો મને અરબી ઝબાન એવી રીતે આવડી ગઈ જેવી રીતે બાળક માના પેટથી બોલતું પેદા થાય. અરબીની મોટામાં મોટી કિતાબો અને તફસીર પણ મારી સામે આસાન થઈ ગઈ.

ભાઈઓ જોયું આપે ? હઝરત અલી (અલ.) ના થુંકનો મોઅજિઝો. તે પણ ખ્વાબમાં અબ્દુલ કાદિર જિલાનીના મોંમાં આપ્યું તો તેઓનું દીલો દિમાગ ઈલ્મ માટે ખૂલી ગયું.

# મોઅજિઝા – ૫૦

# ફૂરાત નદીના તોફાનથી શહેરવાસીઓને બચાવી લીધા

શવાહિદુન્નબુવ્વતમાં રિવાયત છે કે એક વર્ષ ફુરાત ઘણા જ તોફાને ચઢી હતી. લોકોએ વિનંતી કરી, યા અમીરૂલ મોઅમેનીન ! આ વર્ષે ફૂરાત તોફાને ચઢી છે. એવું ન બને કે અમારી ખેતીવાડી તણાઈ જાય, બરબાદ થઈ જાય, વળી શહેર પણ ડૂબી જાય, અમે લોકો મુસીબતોમાં ન મૂકાઈ જઈએ. આપ આ આફતથી અમને છૂટકારો અપાવો,. પાણીની આવક એટલી વધારે હતી કે ફૂરાત છલકાઈ ગઈ હતી. નીચાણવાળા વિસ્તારો ડૂબવાનો ભય હતો.

હઝરત અમીરૂલ મોઅમેનીન તરત જ ઘરમાં તશરીફ લઈ ગયા. રસૂલે ખુદા (સલ.)નો ઝભ્ભો પહેર્યો. ચેહરો મુબારક ચન્દ્રની જેમ ચમકી રહ્યો હતો. ઘોડો મંગાવ્યો. આપ સવાર થયા. સાથે ઈમામ હસન (અલ.) અને ઈમામ હુસૈન (અલ.)ને પણ લીધા. કૂફા વાસીઓ પણ સાથે થઈ ગયા.

આપ ફૂરાતના કિનારે પહોંચ્યા. ઘોડા પરથી ઉતરી બે રકાત નમાઝ અદા ફરમાવી. પછી હાથમાં અસો લઈને પાણીની તરફ ઈશારો કર્યો. તરત જ એક ગજ (૬૦ સે.મી.) પાણી ઓછું થઈ ગયું. ફરમાવ્યું : આટલું બસ છે ? ફરિયાદીઓએ કહ્યું : મૌલા હજીય ઓછું થઈ જાય તો બેહતર છે. આપે ફરીથી ઈશારો કર્યો. ફરી વખત એક ગજ પાણી ઓછું થઈ ગયું. પુછ્યું, બસ હવે કાફી છે. લોકોએ કહ્યું : હઝરત હજીય ઓછું કરો, આપે ત્રીજી

વાર ઈશારો કર્યા, બીજું એક ગજ પાણી ઓછું થઈ ગયું.

લોકોએ ખુશ થઈ અવાજથી કહ્યું : બસ મૌલા બસ - આટલું પુરતું છે.

(કૌકબે દુર્રી પેજ નં. ૩૫૬)

# મોઆજિઝા – ૫૧

# સ્ત્રીઓની ફરિયાદ ઉપર હઝરત અલી (અલ.)એ મદદ કરી

બેહારૂલ અનવાર જે અલ્લામા મજલિસીની કિતાબ છે, તેમાં આ ઘટના અંગે ઝયદ નિસાઝની રિવાયત છે કે તેની પડોશમાં એક નેક ઈબાદતગુઝાર વ્યક્તિ રહેતો હતો. એક દિવસ હું ઈમામ ઝયનુલ આબેદીન (અલ.)ની ઝિયારત માટે ગયો. ત્યારે આ વ્યક્તિ કપડાં ઉતારીને જુમ્મા માટેનું ગુસલ કરવાની તૈયારી કરતો હતો. હું તેની પાસે ઊભો હતો. મેં તેની પીઠ ઉપર એક વેંતથી મોટો ઝખમ જોયો. જેમાંથી રસી નીકળી રહી હતી.

આ માણસે મને જોયો. મને કહ્યું : કે ગુસલમાં મારી મદદ કરો. મેં પુછ્યું, આ શું થયું છે?

તે ખામોશ રહ્યો. તે વ્યક્તિ તેના ઝખમની વાત છુપાવવા માગતો હતો. મેં તેને ફરીથી કહ્યું : જ્યાં સુધી તું મને આ ઝખમની વાતથી વાકેફ નહીં કરે ત્યાં સુધી હું તારી મદદ કરીશ નહિ. આ રીતે તેણે મારાથી વાયદો લીધો કે હું તેની હયાતી દરમ્યાન કોઈને આ ઘટનાથી પરિચિત કરીશ નહિં.

તે ગુસલથી પરવાર્યો. પછી તડકામાં બેસીને પોતાનો કિસ્સો મને આ રીતે વર્ણવ્યો :

આ અલીની માર છે

જણાવ્યું કે અમે દસ મિત્રો હતા. હમેશાં સાથે જ હરતા-ફરતા હતા. અમારૂં કાર્યક્ષેત્ર કુફા હતું. અમે લોકો ચોરી કરતા અને લુંટ પણ કરતા. ઘણા જ આરામથી જિંદગી ગુજરતી હતી.

એક દિવસ હું ઘરમાં સૂઈ રહ્યો હતો કે મારી પત્નીએ મને જગાડ્યો અને કહ્યું : આવતીકાલે

ઘણાંબધા દોસ્તઅહબાબ આવવાના છે. તેમને ખવડાવવાનું છે. ઘરમાં ઘણીબધી વસ્તુઓ નથી. ઘણા દિવસ થયા, તમે કંઈ બહાર (ચોરી-લૂંટ કરવા) પણ ગયા નથી. આજે તો જવું જ પડશે. આજે જુમ્આની રાત છે. લોકો ઝિયારત માટે નજફ જઈ રહ્યા છે. ઊઠો અને કંઈક વ્યવસ્થા કરો. ઘણો સારો અવસર છે.

હું ઊઠ્યો, હાથમાં તલવાર લીધી અને કૂફાની બહાર નજફના રસ્તા ઉપર એકદમ ખંદકમાં છુપાઈને બેસી ગયો. અંધારી રાત હતી. આસમાન ઉપર ઘનઘોર વાદળો છવાયેલ હતા. એક વખત વીજળીનો ચમકારો થયો તો મને દૂરથી બે વ્યક્તિઓ આ તરફ આવતી દેખાઈ. જ્યારે તેઓ નજીક આવ્યા ત્યારે તરત જ હું તલવાર લઈને

ખન્દકની બહાર આવ્યો. જોયું તો બે સ્ત્રીઓ હતી. તેમાંની એક વૃદ્ધ અને બીજી યુવાન.

હું એમના રસ્તા વચ્ચે ઊભો થઈ ગયો. ઘરેણા ઉતારવા પર મજબુર કરી દીધી. બંનેએ ચૂપચાપ જરાય આનાકાની વગર પોતાના ઘરેણાં આપી દીધાં. શયતાને મારા દીલમાં વસવસો નાખ્યો. મને બુરા કાર્ય તરફ દોર્યો. મેં યુવાન સ્ત્રી પાસે માંગણી કરી. વૃદ્ધ સ્ત્રીએ કહ્યું : અય બંદે ખુદા! અમારાં ઘરેણા અને કપડાં વગેરે તો તેં લઈ લીધું. હવે આવી બુરા કર્મની માંગણી કરે છે ? અમને જવા દે. અમે તો અલીની ઝિયારત માટે નજફ જઈએ છીએ. આ યતીમ બચ્ચી છે. આવતીકાલે જ એની શાદી થવાની છે. તેને તેની કોમમાં બેઇઝ્ઝત ન કર.

મેં પેલી વૃદ્ધાને દબડાવી એક તરફ ધકેલી દીધી. છોકરીને જમીન ઉપર ફેંકી દીધી. તે છોકરીની છાતી ઉપર ચઢી ગયો. છોકરીએ ચીસો પાડવાનું શરૂ કર્યું. તે બોલી રહી હતી :

યા ઈલાહી મદદ... યા અલી મદદ...

યા અલી મદદ... સંપૂર્ણ વિશ્વાસ અને દર્દ સાથે છોકરી અલીને પોકારવા લાગી. એનો દર્દીલો અવાજ એવો હતો કે સાંભળનારને કંપારી છૂટી જાય. પરંતુ હું જ ઝાલીમ બની ગયો હતો જે તેનું દર્દ અને દુ:ખ સમજી શકતો ન હતો.

અચાનક હું શું જોઉં છું ! એક ઘોડેસવાર ત્યાં દેખાયા. જેણે સફેદ પોશાક પહેર્યો હતો. તેના શરીરમાંથી ખુશબો બહાર ફેંકાઈ રહી હતી. તેણે મને હુકમની અવાજમાં કહ્યું : એને છોડી દે.

મેં તે સવારને કહ્યું : જા બાબા શુક્ર કર, હું તને જવા દઉં છું નહીં તો તું પણ બચીને જઈ શકત નહિ. મેં હજી તો આટલું જ કહ્યું હતું કે તેણે તલવારની અણી મને મારી દીધી. બસ તેના આટલા જ વારથી હું બેભાન થઈને પડી ગયો. ખબર નથી ક્યાં સુધી પડી રહ્યો. પરંતુ થોડોક હોશ આવતાં મેં આટલું સાંભળ્યું કે પેલા સવારે સ્ત્રીઓને કહ્યું. કપડાં લઈ લો અને તમારા ઘરેણાં વગેરે લઈને પાછી ફરી જાઓ. વૃદ્ધ સ્ત્રીએ પુછ્યું, આપ કોણ છો ? ખુદા તમારી ઉપર રહેમ કરે, અમને નજફ પહોંચાડી દો. તેમણે મુસકુરાઈને ઉત્તર આપ્યો. “હું અલી ઈબ્ને અબી તાલિબ છું, જેમને તમે બંનેએ ફરિયાદ કરી હતી. મને યાદ કર્યો હતો. તમે હવે કુફા પરત થઈ જાઓ, મેં તમારી ઝિયારત

કબૂલ કરી લીધી." અલ્લાહના વલી રસૂલના વસી આ જ રીતે મદદ કરે છે.

(બેહારુલ અનવાર, જિલ્દ ૯, પેજ નં. ૨૮૫)

# મોઅજિઝો – ૫૨

# અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) ઘોડા ઉપર સવાર થતાં થતાં પુરૂં કુઆર્ન પઢી લેતા હતા

શવાહેદુન્નબુવ્વતમાં છે કે અમીરૂલ મોઅમેનીન (અલ.) જે વખતે રકાબમાં પગ રાખતા ત્યારે કુઆર્નમજીદની તીલાવત શરૂ કરતા અને ઘોડાના બીજા પેગડામાં પગ નાખતાં કુઆર્નેપાક ખતમ કરી નાખતા હતા. કેટલીક રિવાયતોમાં છે કે આપ ઊંટ પર સવારી કરતી વખતે તેના રોકાવાના સમય સુધીમાં કુઆર્ન ખતમ કરી લેતા હતા. હઝરત અલી (અલ.) ના આ મોઅજિઝાને કૌકબે દુર્રીમાં હઝરત મોહંમદ સાલેહ કશફી તિરમિઝિ સુન્ની અલ હનફીએ નકલ કરી છે.

મોઅજિઝો તેને જ કહેવાય જેના કરવાથી ઈન્સાન આજિઝ થઈ જાય, મજબુર થઈને કહે, અમારી સમજમાં આ વાત આવતી નથી. ઈન્સાનનું મગજ કામ જ ન કરે, તે કહે કે શું આ વાત શક્ય છે? શું આવું બની શકે ? તેને કહેવાય મોઅજિઝો. જ્યાં અકલે ઈન્સાની મજબુર થઈ જાય અને જો કોઈ વસ્તુ ઈન્સાનની અક્કલમાં આવી જાય કે આમ થાય, આમ થાય તો આ કામ થઈ જાય તો તે મોઅજિઝો ગણાશે નહિ.

**નોંધ** : અમારી મજાલિસની કિતાબ "મોઅજિઝા અને કુઆર્ન" માં પેજ નં. ૬૮, ૬૯ ઉપર આ મોઅજિઝાનું વિસ્તારથી વર્ણન છે. અત્રે આપણે એક કલાકની કેસટસને ફક્ત ૩ મિનિટમાં ટેપ કરી લઈએ છીએ. હઝરતે ટાઇમ કંટ્રોલ કરી

લીધો હોઈ. પેગંબરે ઈસ્લામની મેઅરાજ પણ એક મોઅજિઝો જ છે.

## મોઅજિઝો – ૫૩

# હઝરત અલી (અલ.)ના હાથોમાં કાંકરીઓ મોતી બની ગઈ

એક દિવસ અમીરૂલ મોઅમેનીન મસ્જિદે કૂફામાં પોતાના અસહાબ સાથે બેઠા હતા. એટલામાં બહારનો એક વ્યક્તિ  આપની પાસે આવ્યો, કહેવા લાગ્યો અય અલી ! મને આ બાબત સખત આશ્ચર્ય થાય છે. દુનિયા (માલ દવલત) બીજાઓ પાસે તો છે. પરંતુ આપની પાસે નથી. આ બાબત જનાબ અમીરૂલ મોઅમેનીન (અલ.) એ ઈરશાદ ફરમાવ્યો:

શું તારૂં ગુમાન (માનવુ) એવું છે કે અમે દુનિયા (માલ દવલત) ચાહીએ છીએ પરંતુ દુનિયા અમને મળતી નથી. આ વાત ગલત છે. આમ ફરમાવીને આપે ઝમીન પરથી થોડીક કાંકરીઓ ઉઠાવી જે આપના હાથમાં આવતાં જ કીંમતી મોતી બની ગઈ. પછી આપે ઈરશાદ ફરમાવ્યો :

જો અગર હું ઇચ્છત તો આવું જ બની શકત. દુનિયાની દવલત મારા કદમોમાં પડી હોત. ઢગલે ઢગલા હોત. પછી આપે પોતાના હાથમાંના મોતી જમીન ઉપર ફેંકી દીધાં, જે કાંકરીઓ બની ગઈ.

(કીતાબ શાને અલી પેજ નં. ૩૬૫)

## મોઅજિઝો – ૫૪

## શેરનું હઝરત અલી (અલ.)ને સિજદો કરવું

ઓયુનુલ મોઅજિઝાતના પેજ નં. ૧૨૯ ઉપર ઈમામ હુસૈન (અલ.)ની રિવાયત છે. એક વખત હઝરત અલી (અલ.) બાબુલની સરજમીન ઉપરથી પસાર થઈ રહ્યા હતા. હું આપની સાથે જ હતો. અચાનક એક વાદીમાંથી એક ઘણો જ મોટો સિંહ નીકળી આવ્યો. મારા વાલીદ મોહતરમની બિલકુલ નજીક આવીને સિજદો કર્યો. પુંછડી પટપટાવવા લાગ્યો. આપે તે સિંહને તેના સલામનો જવાબ આપ્યો. પછી તે સિંહ ઝડપથી જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો.

## મોઅજિઝા – ૫૫

# હઝરત અલી (અલ.)એ પારણામાં સાપનું મોં ચિરી નાખ્યું

મનાકિબ આલે અબી તાલિબમાં હઝરત અનસ રઝીયલ્લાહો તઆલા અન્હો ઉમર બિન ખત્તાબથી રિવાયત કરે છે કે હઝરત અલી (અલ.) પોતાના બાળપણના સમયમાં જુલામાં (પારણામાં) સૂતા હતા. અચાનક એક મોટો સાપ ક્યાંકથી નીકળી આવ્યો. તે આપના જુલા તરફ આગળ વધ્યો. સાપ નજીક આવ્યો તો આપે જુલામાં સૂતા સૂતા હાથ બહાર કાઢીને તે સાપની ગરદન પકડી લીધી. સખત ઝટકો આપીને પોતાની આંગળીઓ તે સાપના મોંમાં નાખી તેને ચીરી નાખ્યો.

આ સમય દરમ્યાન આપના વાલીદહ મોહતરમાં જનાબ ફાતેમા બિન્તે અસદ સલામુલ્લાહ અલયહા તશરીફ લાવ્યાં, તો જનાબ અમીરૂલ

મોઅમેનીનના હાથમાં મરેલા સાપના ટૂકડા જોયા તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. એટલીવારમાં અન્ય લોકો પણ એકત્ર થઈ ગયાં.

આપે ફરમાવ્યું : હૈદર છો, એટલે કે ગઝબનાક શેર. ભાઈઓ ! આ કારણ હતું કે જ્યારે જંગે ખયબર થઈ ત્યારે મરહબ પહેલવાન આપ (સલ.)ના મુકાબલા માટે આવ્યો ત્યારે આપ (અલ.) એ આપનું નામ હૈદર બતાવ્યું. કહ્યું કે મારી માએ મારું નામ હૈદર રાખ્યું છે.

## મોઅજિઝા – ૫૬

# અમીરૂલ મોઅમેનીને જિન્નો પાસેથી યહુદીનો માલ પાછો અપાવ્યો

કૌકબે દુર્રીના કર્તાએ પોતાની કિતાબના ૩૭૪ માં પેજ ઉપર એક રિવાયત જનાબ ઈમામ જઅફર સાદીક (અલ.)થી નકલ ફરમાવી છે :

એક દિવસ જ્યારે જનાબ અમીરૂલ મોઅમેનીન ખિલાફતે જાહેરીના સમયમાં કૂફાના બજારમાંથી જઈ રહ્યા હતા. મૌલાએ કાએનાતે એક યહુદીને જોયો. તે પોતાના માથા ઉપર હાથ મારી મારીને અફસોસ કરી રહ્યો હતો. તે કકળાટ સાથે બોલી રહ્યો હતો : અય મુસલમાનો ! તમે જાહિલીયતના જમાનાની રીતભાત પર અમલ કરી રહ્યા છો.

જનાબ અમીરૂલ મોઅમેનીને તેને પુછ્યું : તને શું તકલીફ છે ? તેણે કહ્યું : કે હું સોદાગર છું.

મારા ૬૦ ગધેડાઓ માલસામાન સાથેના લુંટારુઓએ લુંટી લીધા છે. હું બરબાદ થઈ ગયો છું.

હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું : તું જરાય ચિંતા ન કર. આ અલીની ખિલાફતનો જમાનો છે. તારો બધો જ માલ સામાન તને ચોક્કસ પાછો મળશે. આપે તે યહુદીને કેટલાક પ્રશ્નો કર્યા : લુંટારુઓ વિશે પૃછા કરી, કારણ કે મોટાભાગે આપની હુકુમતમાં ભૂખમરો નાબુદ થઈ ગયો હતો. કોઈ વ્યક્તિ પ્રાથમિક જરૂરીયાતથી વંચિત રહેતો ન હતો. બીજું કે કુફા આપની રાજધાની હતી. તે રાજધાની પાસેના ઈલાકામાં આ લુંટ થઈ, જેથી આપને ઘણું જ આશ્ચર્ય થયું. પોતાના પ્રશ્નોના અનુસંધાનમાં યહુદીના ઉત્તર સાંભળ્યા. ત્યાર પછી આપે કમ્બરને સાથે લીધા અને ત્યાં તશરીફ લઈ

ગયા જ્યાંથી લુંટારુઓએ પેલા યહુદીને લુંટી લીધો હતો.

આપ તે જગ્યાએ પહોંચ્યા જ્યાં યહુદીનો માલ સામાન લુંટારુઓએ લૂંટી લીધો હતો. આપે ચાબુક વડે એક નિશાન જમીન ઉપર કર્યું. આપે આપની રૂહાનિયત દ્વારા જમીન ઉપર અને તે જગ્યા ઉપરના નિશાનો દ્વારા જાણી લીધું કે આ લુંટારુ ઈન્સાનો નથી પણ જિન્નો છે. આ આપની રૂહાની શક્તિ હતી. આપે હુકમ આપ્યો કે બધા જ આ કુંડાળામાં આવી જાવ. આ પણ આપની રૂહાની મોઅજિઝાઈ તાકત હતી કે અલ્લાહે આપની આવાઝને આ જિન્નોની લુંટારુ ટોળકી સુધી પહોંચાડી દીધી.

પછી તો શું વાર હતી. તમામ લુંટારુ ટોળકીના જિન્નો થોડીક સેકન્ડોેમાં આપની સામે

ઊભા થઈ ગયા. આપે ફરમાવ્યું : અય જિન્નો ! ખુદાની કસમ, જો આ યહુદીનો માલ તમે પરત ન કર્યો, તો જે કોલ કરાર સુલેહ શાંતિનો તમારી અને મારી વચ્ચે છે તે તૂટી ગયેલો ગણાશે. પછી તો હું આ ઝૂલ્ફીકાર વડે તમારા ટૂકડા ટૂકડા કરી નાખીશ. આ સાંભળીને તે તમામ જિન્નો જે કુંડાળામાં ઊભા હતા, પોકારવા લાગ્યા :

યા વસીયુલ મુરસલીન ! અમે આપના ફરમાંબરદાર છીએ. તરત જ બધો જ સામાન અને ગધેડાઓ પણ તે જગ્યાએ હાજર કરી દીધા.

આપે યહુદીને ફરમાવ્યું : તમારા સામાનને બરાબર જોઈ - તપાસી લો. પુરેપુરો છે કે નહીં ? યહુદીએ સામાન જોઈને કહ્યું : અય મુસલમાનોના ખલીફા ! મારો સામાન બરાબર - પુરેપુરો છે. એમા

જરાય કમી નથી. આ યહુદીની ખુશીનો તો કોઈ જ પાર ન રહ્યો.

જ્યારે તે કુફા પાછો ફર્યો ત્યારે તે અમીરૂલ મોઅમેનીનના દરબારમાં આવ્યો. વિનંતી કરી કે હઝરત અમીરૂલ મોઅમેનીન ! હું આપને કેટલાક પ્રશ્નો પુછવા ઇચ્છું છું. આપે ફરમાવ્યું : પૂછો : આપના રસુલનું નામ ? આપનું નામ ? આપની સંતાનોના નામ ? તૌરેતમાં શું છે ? મોૌલાએ ઇરશાદ ફરમાવ્યો : અલ્લાહના રસૂલનું નામ તાબતાબ, મારું નામ ઇલીયા, અને મારા બેટાઓના નામ મનીકી છે. આ સાંભળી યહુદીએ કહ્યું : બેશક આપ સાચા છો.

## મોઅજિઝા – ૫૭

# હઝરત અલી (અલ.) નું પોતાના ઘરની છત ઉપરથી જિબ્રઈલના પરોની અવાજ સાંભળવું

મવલાના અબ્દુલ્લાહ અમૃતસરીએ પોતાની કિતાબ અરજલુલ મતાલિબમાં જનાબ ઈબ્ને અબ્બાસની એક રિવાયત નકલ ફરમાવી છે. એક દિવસ કેટલાક લોકો જનાબ ઈબ્ને અબ્બાસની પાસે બેઠા હતા. વાતચીત દરમ્યાન ઈબ્ને અબ્બાસે કહ્યું : તમને ખબર છે ? અલી તે વ્યક્તિ છે જે જિબ્રઇલ ફરિશ્તાના પરોની અવાઝ પોતાના ઘરની છત પરથી સાંભળી લે છે. જ્યારે તેઓ રસૂલે ઈસ્લામની સેવામાં આવતા હતા. વહીના નુઝૂલને જિબ્રઇલના પરોની આવાઝથી જાણી લેતા હતા. જંગે બદરની એક વાત છે કે જ્યારે અલ્લાહે જિબ્રઇલ અને

મિકાઈલને હુકમ આપ્યો કે મુસલમાનોની મદદ કરો. આ બંને ફરિશ્તા આસમાનથી ઉતર્યા. તેમના પરોની આવાઝથી બીજા સહાબા ડરી ગયા. પરંતુ જ્યારે તેઓ જનાબ અલી (અલ.) ની પાસેથી પસાર થયા ત્યારે તેમણે આપને સલામ કર્યા.

## મોઅજિઝા – ૫૮

# હઝરત અલી (અલ.) મદદ ન કરત તો સિંહ ખાઈ જાત

આ કિસ્સો કલકત્તાના પ્રખ્યાત અખબારે પોતાના ૧૯ ઑક્ટોબર ૧૯૬૮ના પ્રકાશનમાં નોંધેલો છે. અખબારનું નામ “ડેઇલી હેરોલ્ડ” છે. ઘટના આ પ્રમાણે છે. રજપુતાનાના એક જંગલમાં બે માણસોને એક સિંહનો ભેટો થઈ ગયો. બિલકુલ તૈયારી હતી કે સિંહ ઝપટ મારીને તેઓમાંથી કોઈ એકને ફાડી નાખે. પરંતુ તે બંનેએ દૂરથી “અલી અલી” ની સદાઓ બુલંદ કરવાનું ચાલુ કર્યું.

બંને મોતથી બચવા એકદમ બુલંદ અવાજથી અલીને પોકારવા લાગ્યા. તેઓએ મામૂલી પ્રકારની જંગલની લાકડીઓ હાથમાં લીધી. જે એક બહાનું જ હતું. તેઓ એકદમ ખોફ સાથે અલી અલી પોકારતા જતા હતા અને જમીન પરની

મામૂલી લાકડીઓ હાથમાં લઈ વીંઝતા જતા હતા. અહીં સુધી કે તેઓએ દંડાઓ વડે સિંહને ભગાડી દીધો. સિંહ વારંવાર સીધો ફરી હુમલો કરતો. આ બંને દંડાઓથી મારતા રહ્યા. અહીં સુધી કે સિંહનો દમ નીકળી ગયો.

રજપુતાનાના દરેક વ્યક્તિના મોઢે આ ઘટના તે વખતે કહેવાતી હતી કે અમે તો અલીનો મોઅજિઝો જોયો. નહીં તો અમારું મોત નક્કી હતું. વળી જે દંડાઓ વડે અમે સિંહને પડકારતા હતા તે દંડાઓ કોઈ હથિયાર ન હતું કે સિંહ દમ તોડી દે. બલકે સિંહ આવા દંડાઓની કોઈ પરવા ન કરે અને ભયંકર હુમલો કરે. પરંતુ અલીની મોઅજિઝાઈ શક્તિએ અમારી જાન બચાવી.

ઘણે દૂર દૂરથી લોકો આ બંને માણસને જોવા - મળવા આવતા હતા. ભાઈઓ હઝરત અલી

(અલ.) ના માટે આ કોઈ નવી વાત નથી. જ્યારે પણ કોઈ વ્યક્તિ દીલની અકીદત સાથે આપને મદદ માટે પોકારે છે મૌલા તેમની મદદ જરૂર કરે છે.

આ જગ્યાએ મને સુરતની એક ઘટના જે આ જ પ્રકારની મોઅજિઝાઈ ઘટના છે, યાદ આવે છે. તોફાનો દરમ્યાન એક નવયુવાન સ્કુટર ઉપર સવાર થઈ કોઈ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો. રોડની બાજુમાં કેટલાક તોફાની તત્ત્વો કોઈને મારવાની રાહ જોઈ ઊભા હતા. આ યુવાને તેઓને જોયા. તેઓના હાથોમાં હથિયારો હતાં. સૌથી નજીકની વ્યક્તિના હાથમાં કૂહાડી આકારનું તેજ ત્રિકમ હતું. આ સ્કુટર સવાર યુવાન એકદમ ગભરાઈ ગયો. પાછા વળવાનો કે સ્કૂટર ફાસ્ટ કરીને દોડાવાનો કોઈ મોકો ન હતો.

આ યુવાને ઊંચા અવાજે મોતથી બચવા જોરથી “યા અલી મદદ” “યા અલી મદદ” નો વિર્દ ચાલુ કર્યો. સામેથી ત્રિકમનો જોરદાર વાર થયો પરંતુ ત્રિકમનો હાથો ક્યાંય પણ ટકરાયા વગર તૂટી ગયો. ફળ દૂર પડ્યું. પેલાના હાથમાં હાથાનો ટૂકડો રહી ગયો, યુવાન ચાલ્યો ગયો.

આ ઘટનાની નોંધ તે વખતના “ગુજરાત મિત્ર” અખબારે પણ પોતાના સમાચારમાં લીધી હતી. (આ ઘટના ડૉ. અબ્બાસ ટી. રંગવાલા સા. પાસેથી મેં સાંભળી છે.)

## મોઅજિઝા – ૫૯

# અલી (અલ.)ને જોઈને જિન ઘટીને ચકલીના સ્વરૂપમાં આવી ગયો

તફસીરે બુરહાનમાં છે કે પેગંબરે ઈસ્લામના જમાનામાં એક વખત એક જિન આપની પાસે બેઠો હતો.તે આપ (સલ.)ની પાસેથી એહકામે દીન શીખતો હતો. એટલામાં હઝરત અલી (અલ.) ત્યાં તશરીફ લાવ્યા. આપને જોઈને જ જિન ઘટીને ચકલી જેટલો નાનો થઈ આપ (સલ.)ને ફરિયાદ કરવા લાગ્યો કે સરકાર મને આ જવાનથી રક્ષણ અપાવો.

પેગંબરે ઈસ્લામે પુછ્યું : તમે આ નવયુવાનથી આટલા બધા ખોફઝદહ કેમ છો ? તે જિને કહ્યું : મેં બીજા જિન્નો સાથે મળીને હઝરત સુલયમાન પેગંબરથી વિદ્રોહ કર્યો હતો. અમે લોકો સમંદરની તરફ ભાગી નીકળ્યા હતા. જેથી અમે

જલ્દી પકડાયા નહિ. આ નવજવાન ત્યાં સમંદરના ઈલાકામાં ઝાહેર થયો. હાથમાં એક હથિયાર હતું. તેનાથી મને માર્યો હતો. આજ સુધી આ મારના જખમના નિશાનો મારી પીઠ ઉપર છે. આપ (સલ.) એ ફરમાવ્યું ! ગભરાઓ નહિ. હાલમાં તમે મારી સાથે છો. બીજું તમારો કોઈ ગુનો પણ નથી. જેથી એ યુવાન તમને અડકશે પણ નહિ.

આ હઝરત અમીરૂલ મોઅમેનીનનો મોઅજિઝો હતો કે હઝરત સુલયમાન (અલ.)ની મદદ ફરમાવી. આ જગ્યાએ આ વાત સમજવા માટે પેગંબરે ઈસ્લામની એક હદીસ યાદ કરવી જરૂરી લાગે છે. ફરમાવ્યું : અલ્લાહના રસુલ હઝરત મોહંમદ (સલ.) એ હઝરત અલી (અલ.) એ હઝરત આદમથી લઈ  ઈસા સુધીના તમામ નબીઓની મદદ ગાએબાના (અપ્રત્યક્ષ રીતે-

પરદામાં રહીને) ફરમાવી છે. જ્યારે મારી મદદ પ્રત્યક્ષ રીતે ફરમાવી છે.

(જવાહિરૂલ અસરાર, પેજ નં. ૧૫૨, જનાબ સૈયદ મોહંમદ જવાદ રીઝવી)

## મોઅજિઝા – ૬૦

# હઝરત અલી (અલ.)ની નમાઝ માટે બે વખત સુરજ પલટી આવ્યો

અલ્લાહના વલીયોના કંટ્રોલમાં વિશ્વ હોય છે.

શવાહેદુન્નબુવ્વતમાં છે કે અલ્લાહતઆલાએ અમીરૂલ મોઅમેનીનની દુઆથી સૂર્યને બે વખત આથમી ગયા પછી પાછો પલટ્યો છે. એક વખત આપ (સલ.)ની હયાતીમાં હિજરીસન ૭ માં ખયબરના ફતહ થયા પછી સહબા નામની જગ્યાએ, બીજી વખત આપ (સલ.)ની વફાત પછી.

ઉમ્મે સલમા બિન્તે અમીસ, જાબીર બિન અબ્દુલ્લાહ અન્સારી રઝીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત કરે છે કે યહુદીઓ સાથે જંગે ખયબરથી પેગંબરે ઈસ્લામ પાછા ફરી રહ્યા હતા. ત્યાં સહબા નામના સ્થળે પેગંબરે ઈસ્લામ ઉપર વહી

ઊતરવાના ચિહ્નો દેખાયાં. જનાબ અમીરૂલ મોઅમેનીન અલી (અલ.) રસુલુલ્લાહની સાથે જ હતા. વહીનો દબાવ વધતાં સરવરે કાએનાતે પોતાનું સર મુબારક મૌલાએ કાએનાતના ખોળામાં મૂકી દીધું. વહીના નાઝિલ થવાનો સમય એટલો લંબાયો કે સૂર્ય આથમી ગયો. અમીરૂલ મોઅમેનીને નમાઝે અસર બેઠાં બેઠાં ઈશારાથી અદા ફરમાવી દીધી.

જ્યારે આપ (સલ.) વહીથી પરવાર્યા તો પૂછ્યું : અય મારા ભાઈ અલી ! તમારી નમાઝ છૂટી ગઈ ? જણાવ્યું : યા રસુલુલ્લાહ ! મેં ઈશારાથી અદા ફરમાવી દીધી છે. અય ભાઈ ! દુઆ કરો. તમારી દુઆની બરકતથી અલ્લાહતઆલા આફતાબને (સૂર્યને) પલટાવી દે, પાછો ફેરવે, અને તમે નમાઝ અદા ફરમાવી દો.

અમીરૂલ મોઅમેનીને રસૂલે ખુદાના હુકમથી ઊભા થઈને દુઆ ફરમાવી. આથમી ગયેલો સૂરજ પાછો ફર્યો. સૂર્યના કિરણો પહાડો અને જંગલોમાં ચમકવા લાગ્યાં. વિશ્વના બધા જ લોકોએ પોતાની આંખો વડે આ દૃશ્ય અનુભવ્યું. ઘણાં જ નવાઈ પામ્યાં. અસમા બિન્તે અમીસ કહે છે કે આથમતી વખતે સૂરજમાંથી ડરાવની અવાજો નીકળતી હતી. આ મોઅજિઝો એહલે સુન્નતની કિતાબ “સવાઈકે મોહર્રેકા”માં પણ લખાયેલ છે.

(૨) બીજી વખત સૂરજનું આથમી ગયા પછી પલટવું પેગંબરે ઈસ્લામના આ દુનિયાથી રેહલત થયા પછી થયું છે. આપની ઝાહેરી ખિલાફતના જમાનામાં આપ કુફા તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં ફૂરાત નદી આવી ગઈ. પાર કરવાનું વિચાર્યું અને નમાઝનો વખત થઈ ગયો. આપે કેટલાક

અસહાબની સાથે નમાઝે અસર અદા કરવા માટેની તૈયારી કરી. બાકી અસહાબ જાનવરોને નહેર પાર કરાવવામાં લાગેલા હતા, નમાઝનો સમય વીતી ગયો. સૂરજ ડુબી ગયો.

કેટલાક લોકોની વાત અમીરૂલ મોઅમેનીને સાંભળી. આપે ખુદાવંદ પાસે દુઆ ફરમાવી કે આફતાબને પાછો ફેરવ. હક સુબહાનહુ તઆલાએ અલી (અલ.) ની દુઆને કબુલ ફરમાવી. ગુરુબ થયેલા સૂરજને ફરીથી બુલંદ કર્યો. અહીં સુધી કે બાકી અસહાબે પણ નમાઝ અદા ફરમાવી. સૂરજ બીજી વખત પલટતી વખતે એવી બિહામણી અવાજ કરતો હતો કે લોકો ખોફઝદહ થઈ ગયા, ડરી ગયા, તસબીહ અને દુઆ કરવાનું શરૂ કર્યું.

અમારા ઘણાંબધા અકાબિરોએ આ મોઅજિઝાને અશઆરમાં પણ વર્ણવ્યો છે.

હકીમ સન્નાઈ (રહ.)

કુવ્વતે મેહ્ર તશ ઝે બેહરે નમાઝ

દાશ્તહ ચર્ખે રાઝે ગશ્તન બાઝ

તા દિગરબાર બર નિશાનદ બ જમીન

ખુસરૂ ચર્ખરા તહમતને દીન

શેખ સઅદી (રહ.) ફરમાવે છે.

આસમાન અઝ રાહે મગરિબ બાઝગશ્ત અય મોમેનાન

તા બજા આવુરદ અમ્રે ખાલિકે યકતા અલી.

(૩) ત્રીજી વખત ફઝાઈલે અલી (અલ.) માટે સૂરજ પલટી આવ્યો.

ઝરકાની કહે છે કે ઘણું જ નવાઈ પમાડે એવું સરખાપણું છે. જેને બેહતરીન સંયોગ કહી શકાય. અબુ અલ મુઝફ્ફર વાઈઝ એક દિવસ

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અલ.)ના ફઝાએલ વર્ણવી રહ્યા હતા. સુર્યાસ્ત થવાને થોડીવાર હતી. વાઈઝ ફઝાઈલે અલી વર્ણવતા હતા અને અંધારૂં થઈ ગયું. સૂરજ ડૂબી ગયો. લોકો નમાઝ માટે ઊભા થવા લાગ્યા. લોકોને બેસી રહેવાના ઈશારો કરતાં વાઈઝ તરત જ દુઆ માટે હાથ ઊઠાવ્યા.

અય સુરજ ! જ્યાં સુધી મુસ્તુફાની આલ અને ફરઝંદોની તારીફ - પ્રશંસા પુર્ણ ન થઈ જાય તું ડૂબતો નહિ, જો હું તેઓની પવિત્રતાનું વર્ણન કરવા ઇચ્છું છું. તું તારી દોડને પલટાવી દે. શું તું ભૂલી ગયો ? જ્યારે કે તેમના જ કારણે તારી અગાઉ બે વખત પલટાવું પડ્યું છે. જો આકાના માટે પલટાવું પડ્યું હોય તો આ રોકાવું તેમના ચાહકો અને આશિકો માટે હોવું જોઈએ. તરત જ

સૂરજ પલટી આવ્યો. ફઝાઈલપૂર્ણ થયા પછી ડૂબ્યો.

(સુન્ની બિરાદરીની કિતાબ અલઝવાહિરૂઝ ઝવાહીર ભાગ-૧ સાતમી બસીરત મોઅજેઝાતના વર્ણનમાંથી પેજ નં. ૨૦૮/૨૦૯, લેખક : મૌલાના અબ્દુલહઈકફલેતવી ખતીબ જામે મસ્જિદ રંગૂન. જિ. સુરત)

## મોઅજિઝા – ૬૧

# આજે પણ હઝરત અલી (અલ.)નું નામ સાંભળીને ઝાલિમ ઈન્કારીના ઝખ્મ (ઘાવ) ફાટી જાય છે

અફઘાનિસ્તાનમાં દરિયાએ ગરદીઝના કિનારે એક ચોકી છે જે અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની ચોકી કહેવાય છે. અહીં દર વરસે ૨૧ માર્ચના દિવસે નવરોઝનો જશન મનાવવામાં આવે છે. અહીંના બધા જ કબીલાઓ પણ નવરોઝના જશ્નમાં હાજરી આપે છે.

આ સ્થળની સૌથી મોટી ખ્યાતિનું કારણ આ છે કે આ જગ્યા ઉપર અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) પોતે તશરીફ લાવ્યા હતા. અહીં એક દેવ જેવી મોટી શકલ સુરતવાળો ઝાલિમ

વ્યક્તિ હતો તેણે આ વિસ્તારના લોકોને પોતાના ઝુલમના શિકાર બનાવ્યા હતા.

લોકો એ હલ્લાલે મુશ્કીલાત, મઝહરૂલ અજાએબ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) ને ફરિયાદ કરી. મૌલાએ કાએનાતે પોતાની પ્રતિષ્ઠા, ગૌરવશીલતા, ઉચ્ચ સ્થિતિસ્થાન તથા પોતાના સર્વોપરી સ્થાનનું ભાન કરાવતાં આ ઝાલિમ દેવમાનવને ઝખ્મી કર્યો, ઠપકાર્યો. ખતમ ન કર્યો. આ ઝાલિમ આજે પણ જીવતો છે. વર્ષ દરમ્યાન એના ઝખમ ભરાઈ જાય છે. સારો થઈ જાય છે. પછી વરસાદ આવતાં આ ઝખમ ખૂલી જાય છે.

કેટલીક વિશ્વાસપાત્ર રિવાયતોમાં છે કે જ્યારે તેના ઝખમ ઊભરે છે, ખૂલી જાય છે ત્યારે તે લોકોને પ્રશ્ન કરે છે, ઊંચા અવાજથી પૂછે છે કે

હાલમાં દુનિયામાં કોની હુકુમત છે ? લોકો ઊંચા અવાજથી જવાબ આપે છે “અલીની” આ સાંભળતાં જ તે હ્દયદ્રાવક નારા સાથે અવાજ કરે છે. તેના ઝખમ ફરીથી તાજા થઈ જાય છે.

અફઘાનિસ્તાનના શીયા વર્ષભરમાં એક દિવસ તો અહીં હાજરી આપે જ છે. અહીં આવવું સવાબ સમજે છે. આ જીવંત મોઅજિઝો દુનિયા આજે પણ જોઈ રહી છે.

(કીતાબ “અલી અલી” ભાગ-૧)

## મોઅજિઝા – ૬૨

# દરેક લાશ ઉપર ફક્ત એક જ તલવારના વારનું નિશાન હતું

અલ્લામા જલીલ શૈખ જઅફર બિન મોહંમદ નજફી. “અનવારૂલ અલવિયા” માં લખે છે કે નજફે અશરફની આ પ્રખ્યાત ઘટના છે. ત્યાંના નાના બાળકો પણ આ ઘટનાથી વાકેફ છે. લગભગ તમામ આલિમોએ વર્ણવેલી છે.

લખે છે કે સઉદીઓએ એક વખત નજફ ઉપર હુમલો કર્યો. નજફ શહેરની આસપાસ કોટ હતો. દિવાલ હતી. નજફવાસીઓ ત્રણ દિવસ સુધી શહેરમાં કેદી જેવી પરિસ્થિતિમાં રહ્યા. ત્રીજા દિવસે એક ઘોડે સવાર દેખાયો. જે બેહતરીન ઘોડા ઉપર સવાર હતો. તેનો નૂરાની ચેહરો થોડોક ઢાંકેલો હતો છતાંય ચેહરામાંથી નૂર ટપકતું હતું. જાણે ચંદ્રનો પ્રકાશ ટપકતો હોય.

આ ઘોડેસવારે સઉદીયોના લશ્કર ઉપર હુમલો કરી દીધો. સિવાય એક વ્યક્તિને છોડીને બધા જ લશ્કરને ગાજર મૂળીની જેમ કાપી નાખ્યું. પેલી વ્યક્તિને કહ્યું કે તમે શહેરમાં જઈને લોકોને ખબર આપી દો. તે વ્યક્તિ શહેરમાં આવ્યો. લોકોને ખબર આપ્યા. અય લોકો ! અમારી બધી જ ફોજને અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) એ કતલ કરી દીધી છે. ફક્ત મને છોડી દીધો છે. ફરમાવ્યું છે કે હું તમને બધાંને ખબર આપું.

લોકોએ પુછ્યું : તમને કેવી રીતે ખબર પડી ? તેણે જણાવ્યું : મને હઝરત અલી (અલ.)એ જાતે ફરમાવ્યું છે. કેટલાક કમજોર અકીદાના લોકોએ આ વાતનો સ્વીકાર ન કર્યો. ત્યારે કોઈક આલિમે દીને કહ્યું : જઈને જુઓ કે જો લાશો ઉપર એક જ તલવારનો વાર છે તો તે કતલ અલી

(અલ.) એ જ કરી છે. જ્યારે લોકોએ જઈને જોયું તો ચોક્કસ દરેક લાશ ઉપર ફક્ત એક જ વાર હતો. એક જ ઘા ના નિશાન હતાં. પછી બીજા એક આલીમે કહ્યું કે જઈને આ પણ જુઓ કે દરેક લાશના બરાબર બે ટૂકડા સરખા છે ? અથવા નાના મોટા ? જો દરેક લાશના બરાબર બે સરખા ટૂકડા હોય તો યકીન કરી લેજો કે તે અલી (અલ.) એ જ કતલ કર્યા છે. જ્યારે લાશના ટૂકડાને લાવવામાં આવ્યા તો દરેક લાશના ટૂકડા બરાબર નીકળ્યા. ત્યારે લોકોને પાકું યકીન થઈ ગયું કે આ અમીરૂલ મોઅમેનીનનો જીવંત મોઅજિઝો છે.

જનાબ સૈયદ મોહંમદ જવાદ હમદાની સાહેબ કહે છે કે  તેમના પિતાજીએ પોતાની આંખોથી જાતે જ આ ઘટના જોઈ છે. મતલબ તેઓ પ્રત્યક્ષદર્શી છે.

(અનવારૂલ અવલીયા પેજ નં. ૩૦૬, પ્રકાશન નજફે અશરફ જવાહિરૂલ અસરાર, લેખક : સૈયદ મોહંમદ જવાદ હમદાની. પેજ નં. ૧૬૬)

## મોઅજિઝા – ૬૩

## અલીનું નામ લેતાં જ કૂવાનું પાણી ઉછળવા લાગે છે. મોજાં ઉત્પન્ન થાય છે.

સિંધ પ્રાતમાં દાદવ જિલ્લામાં નિહંગ નામનું એક મોટું ગામ  છે. જે છિનગારાથી ૨૦ કિલોમીટર અને સહુન શરીફથી પચાસ કિલોેમીટર જેટલે દૂર આવેલું છે. આ વિસ્તારમાં કોઈ પાકી સડકો નથી. લગભગ રેગીસ્તાની ઈલાકો છે. લોકો પૈદલ કે ઊંટ સવારી દ્વારા મુસાફરી કરે છે. શક્તિશાળી લોકો મોટરકાર દ્વારા જાય છે.

મદ્રસતુલ વાએઝીન લખનવના વાએઝ મૌલાના સૈયદ મોહંમદ આરિફ સાહેબ કિબ્લાએ માર્ચ ૧૯૩૩માં પોતાની તબ્લીગી સફર દરમ્યાન આ જગ્યાની મુલાકાત લીધી. આપે પોતાની આંખે દેખ્યો અહેવાલ આ પ્રમાણે વર્ણવ્યો છે. આ અહેવાલને અલ્લામા આગા મેહદી સાહેબે પણ

પોતાની કિતાબ "લાલ શહબાઝ કલંદર" માં વર્ણવ્યો છે.

આ કસબા નિહંગ માટે આ વાત પ્રચલિત છે કે કોઈ ઝમાનામાં અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અલ.) આ જગ્યાએ તશરીફ લાવ્યા હતા. આપે નિહંગ નામી એક ઝાલીમ અને સિતમગાર હાકેમને સજા આપી હતી.

વાત આ પ્રમાણે છે કે આ ઝાલીમની જમીન ઉપર એક કૂવો હતોે. તેના પાણી દ્વારા તે પોતાના ઈલાકાની જમીનની સિંચાઈ કરતો હતો. આ કૂવામાંથી પાણી કાઢવાની મોટી ડોલને ૧૦૦ માણસો એક સાથે ખેંચતા હતા એટલી તે મોટી હતી. પાણી સિંચાઈ કરનારા આ મજૂરો ઉપર આ જમીનનો માલિક ઘણો ઝૂલમ કરતો હતો. મજૂરી ઓછી આપતો, ભૂખ્યા મજૂરો જો કોઈ કમજોરી

બતાવે તો માર મારતો. મતલબ તે ખૂબ જ બેરહમ હતો. લોકો મજબૂર હતા. મજૂરી સિવાય તેઓ પાસે કોઈ કામ ન હતું.

આ મજૂરોએ મૌલાએ કાએનાત હઝરત અલી (અલ.)ને ફરિયાદ કરી કે મૌલા ! અમને આ ઝાલિમથી છૂટકારો અપાવો. મૌલા ! અમારી મુશ્કીલ આસાન ફરમાવો.

કહેવાય છે કે અમીરૂલ મોઅમેનીન પોતે અહીં તશરીફ લાવ્યા. મઝલૂમોની મુશકીલ કુશાઈ ફરમાવી. પોતાના ગૌરવ સાથે અહીં તશરીફ લાવ્યા. પોતે આ ૧૦૦ માણસોનું પાણી એકલે હાથે ભર્યું. તે ઝાલીમને પડકાર્યો. તકબીરની આવાઝ બુલંદ કરી. આપની આવાઝની સાથે જ તે ઝાલીમ મકાનમાં દબાઈને મૃત્યુ પામ્યો. વળી કૂવાનું પાણી કિનારા સુધી આવી ગયું, પછી નીચે ઉતરી ગયું.

આજ દિન સુધી તે કૂવો છે. આ કૂવાની ખાસ વાત આ છે કે આજે પણ જો કોઈ વ્યક્તિ કિનારા ઉપર ઊભો રહીને પોતાનું  મોં પાણી તરફ કરીને "અલી અલી" ની અવાજ આપે, તો પાણી ઉછાળા મારે છે. પાણીમાં મોજાં ઉત્પન્ન થાય છે. મવલાના આરિફ હુસૈન લખનવીએ પોતાની કિતાબ "અલવાએઝ" માં ૨૪ મે ૧૯૩૨ની ઘટના વર્ણવતાં લખ્યું છે કે કેટલાક સ્થાનિક લોકો સાથે હું પણ આ કૂવા ઉપર ગયો હતો અને કિનારે ઉભા રહીને મેં "અલી અલી" ની અવાજ આપી. મારી અવાઝ પહોંચતાં જ કૂવાના પાણીમાં જોશ પેદા થયો, પાણી ઉછળવા લાગ્યું. જ્યારે અમે ખામોશ થઈ ગયા તો પાણી પણ ઠરી ગયું.

આ કુવાનું પાણી ગરમ સીઝનમાં ખૂબ ઠંડુ અને શરદીની સિઝનમાં ગરમ રહે છે.

## મોઅજિઝા – ૬૪

## દેવબંદી વિચાર ધારાના પ્રખ્યાત મવલાના અશરફઅલી થાનવીની માને એક અલ્લાહવાળાએ કહ્યું હતું કે હવે પછી જે બાળક પેદા થાય તેને અલીને સોંપી દેજો, જીવતું રહેશે

મવલાના અશરફઅલી થાનવી પોતાની પ્રખ્યાત કિતાબ “બેહિશ્તી ઝેવર” માં પોતાની જિન્દગીના હાલાતમાં પોતાના નામ વિશેનો હઝરત અલી (અલ.)નો મોઅજિઝો આ રીતે વર્ણવે છે :

આ મોઅજિઝાઈ ઘટના “કોમી ડાઇજેસ્ટ” માસિક જૂન ૧૯૭૮માં મકબુલ જહાંગીર સાહેબે પેજ નં. ૧૩૪ ઉપર “કરમે અઝીમ” ના મથાળા હેઠળ પ્રકાશિત કરી છે.

અશરફઅલી થાનવી સાહેબ લખે છે કે મારો જન્મ થવા માટેની એક આશ્ચર્યજનક ઘટના

છે. જે મારા ખાનદાનમાં અગાઉથી કહેવાતી આવી છે.

મવલાનાના પિતાજીને કોઈ બીમારી હતી. કોઈ પણ દવાથી ફાયદો થતો ન હતો. એક દાકતરે કહ્યું કે આ બીમારી માટેની એક દવા સચોટ છે. મતલબ અસર કરે જ. પરંતુ તે દવા લેવાથી માણસને કદી અવલાદ થતી નથી. નસ્લ નાબૂદ થઈ જાય છે.

અબ્દુલહક સાહેબ બીમારીથી કંટાળી ગયા હતા. તેઓએ વિચાર્યું કે દવાનો ઉપયોગ કરી લેવો જોઈએ. વંશના બાકી રાખવા કરતાં પોતાની જાતને બાકી રાખવું બેહતર છે. અબ્દુલ હક સાહેબની પત્નીને જ્યારે આ વાતની જાણ થઈ તો ઘણી જ પરેશાન થઈ કારણ કે છોકરા જીવતા રહેતા ન હતા. આ વાતની જાણ એમના સસરાને પહોંચી.

તેમણે તે સમયના એક પ્રખ્યાત બુઝૂર્ગ હઝરત હાજી ગુલામ મુરતઝા પાનીપતિને વિનંતી કરી. હઝરત, મારી એક દીકરીને છોકરા જીવતા નથી રહેતા. હાફેઝ સાહેબે કહ્યું : ઉમર અને અલી (અલ.)ની ખેંચાખેચ છે. આ ખેંચાખેંચીમાં મૃત્યુ પામે છે. હવે પછી બેટો પેદા થાય તો અલીને સોંપી દેશો.

આ બુઝૂર્ગના કોયડાને કોઈ સમજ્યું નહિ. છેવટે અબ્દુલહક સાહેબની પત્નીએ પોતાની ખુદાદાદ બુદ્ધિ શક્તિ દ્વારા આ વાતને સમજી લીધી. જણાવ્યું કે હાફિઝ સાહેબના કહેવાનો મતલબ આ છે કે છોકરાંઓના બાપ ફારૂકી અને મા અલવી છે. અત્યાર સુધી જે નામો રાખવામાં આવ્યા છે તે બાપના નામ પરથી રાખવામાં આવ્યા છે. હવે પછી

જે બેટો પેદા થાય તેનું નામ મોસાળ પક્ષના પ્રમાણે રાખવામાં આવે જેની સાથે “અલી (અલ.)” હોય.

હાફિઝ સાહેબ આ સાંભળીને હસ્યા, કહ્યું : ચોક્કસ મારા કહેવાનો આ જ મતલબ છે. આ છોકરી ઘણી જ બુદ્ધિશાળી માલૂમ પડે છે. ઇન્શાઅલ્લાહ એને બે છોકરા થશે. જીવતા રહેશે. એકનું નામ અશરફઅલી રાખશો, બીજાનું અકબરઅલી. મતલબ હાફિઝ સાહેબની આ બધી જ ભવિષ્યવાણીઓ સાચી પડી.

આ છે હઝરત અલી (અલ.) ના નામનો “મોઅજિઝો” જેનો જીવતો જાગતો નમૂનો આ મવલાના અશરફઅલી થાનવીની જિંદગી છે. વિશ્વને અમારી ચેલેન્જ છે કે રૂહાનિયત ફક્ત મોહંમદઅલી - ફાતેમા - હસન અને હુસૈન તથા તેમની પાક-પાકીઝા અવલાદના દરવાજા સિવાય

બીજા કોઈના દરવાજેથી મળશે નહિ. આજ રૂહાનિયતનું પાવરહાઉસ છે. તેમના સિવાયનું બધું જ વ્યર્થ છે.

## મોઅજિઝા – ૬૫

## અલીની મન્નતનો દોરો જ્યારથી પહેર્યો છે, મારા જીવનમાં એક નવી શક્તિનો સંચાર અને પ્રકાશ પેદા થયા છે. એક ઈસાઈ ખાતુનનો ઈન્ટરવ્યુ

૧૯૭૪ની સાલમાં હિંદુસ્તાનમાં એક વિશ્વ વિખ્યાત ઈસાઈ ખાતુન હેલન, જે વિશ્વવિખ્યાત કલાકાર પણ હતી તેનો ઇન્ટરવ્યુ “હફતહ રોઝહ અખ્બાર જહાં” માં છપાયો હતો.

આ ઈન્ટરવ્યુ ૧૩ ફેબ્રુઆરી ૧૯૭૪માં પ્રકાશિત થયો હતો. પ્રશ્નોત્તરી દરમ્યાન અખબારના પ્રતિનિધિએ હેલનને પુછ્યું : તમારા માટે કહેવાય છે કે તમે મુસલમાન થઈ ગયાં છો. શું આ વાત સાચી છે ? હેલનનો ઉત્તર હતો : આ વાત ગલત છે કે હું મુસલમાન થઈ ગઈ છું. આ વાત સાચી છે કે મારી કોટમાં (ગળામાં) હઝરત અલી (અલ.)ની

નઝરનો (મન્નતનો) દોરો પહેરેલો છે. એક વખત મેં એક મન્નત હઝરત અલી (અલ.)થી માની હતી, તે પુરી થઈ ગઈ. મારું એક મુશ્કેલ કાર્ય આસાન બની ગયું. કોઈ અન્ય ધર્મને માન આપવું ખરાબ વાત થોડી છે ?

હા, એક વાત જરૂર છે જે મારા માટે ઘણી જ મહત્ત્વની પણ છે કે જ્યારથી આ દોરો પહેર્યો છે ત્યારથી મારા જીવનમાં નવા જ પ્રકારની શક્તિનો સંચાર થયો છે. મારી આંખો જાણે ખૂલી ગઈ છે. મને આ દોરો પહેર્યા પછી અગણિત ફાયદા થયા છે. હું તમને આ જગ્યાએ એક દૃષ્ટાંત આપું છું. પ્રખ્યાત પત્રકાર ડી. એફ કરાકાને તો કોણ નથી ઓળખતું ? હઝરત અલી (અલ.) ના વ્યક્તિત્વની આપના ઉપર ઘણી જ ઊંડી અસર જોવા મળે છે. તો શું તેઓ મુસલમાન થઈ ગયા છે ?

અરોરા હેલનના પતિ ઘણા જ ધર્માંધ વ્યક્તિ છે. વળી ખાસ કરીને મુસલમાનો માટે તેમના હ્દયમાં સારો અભિપ્રાય નથી. છતાંય તેઓ પોતાની પત્નીના અંગત અભિપ્રાયોમાં દખલગીરી કરતા નથી.

હેલને પોતાના ઇન્ટરવ્યુમાં જણાવ્યું કે અલી તો એક અવતારી પુરુષ છે. ચમત્કારિક શક્તિ ધરાવનાર વલીઅલ્લાહ છે. તેઓ તો દરેક વ્યક્તિની મદદ કરે છે. જેવી રીતે અલ્લાહ બધાને રોઝી આપે છે. અલ્લાહ રોઝી આપવામાં, તંદુરસ્તી આપવામાં, કશીય બાબતમાં પોતાને માનનાર, ન માનનારાનો તફાવત કરતો નથી. તે જ પ્રમાણે અલી (અલ.) પણ અલ્લાહના એવા વલી છે કે તે દોસ્ત - દુશ્મન બધાંની મદદ કરે છે.

આ એક ઈસાઈ સ્ત્રીની માન્યતા છે. જે શિક્ષિત અને કલામાં નિષ્ણાંત હોવા સાથે વિશ્વવિખ્યાત પણ હતી.

અમે વિશ્વના મુસલમાનોને અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)ની વિલાયતના કેન્દ્ર સ્થાને એકત્ર થઈ જવાનું આમંત્રણ આપીએ છીએ. કદાચ તેમની મહબ્બત મુસલમાનોના દીલમાં પેદા થઈ જાય તો ચારેતરફ ઈન્સાની જિન્દગીઓમાં અમન અને સુલેહશાંતિનું વાતાવરણ પેદા થઈ જશે. ઇન્શાઅલ્લાહ.

## મોઅજિઝા – ૬૬

# મૌલા અલીના રોઝા મુબારક “નજફ-ઈરાક”માં આજે પણ મોઅજિઝા થાય છે

(ડી. એફ. કરાકા)

એક પ્રખ્યાત પારસી વિદ્વાન, લેખક અને વિચારકનો મૌલાએ મુશ્કીલકુશા હઝરત અલી (અલ.) સાથે ઈશ્ક. રોઝા મુબારક ઉપર હાજરી આપવાની એક નવાઈ પમાડે એવી કહાની. ઝરીહ મુબારક મસ થતાં જ હ્દયનું દર્દ ખતમ થઈ ગયું. પારસી આશિક ઉપર મૌલાનો અજોડ પ્રેમ- મિસ્ટર ડી. એફ. કરાકા નો પરિચય

મિસ્ટર ડી. એફ કરાકા મુંબઈથી પ્રકાશિત થતા એક અંગ્રેજી સાપ્તાહિક “કરંટ” ના તંત્રી હતા. આપ પારસી કોમમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતા હતા. વિશ્વ પ્રખ્યાત એવી ઘણી બધી કિતાબોના લેખક પણ છે. તેમાં તેઓનું પોતાનું “જીવનચરિત્ર”

પણ શામેલ છે. જેમાં તેમણે પોતાની જાતને નાસ્તિક કહ્યા છે. લખ્યું છે કે હું કોઈ ધર્મમાં માનતો નથી. પોતે ગુનેગાર ઈન્સાન હોવાની કબૂલાત પણ તેઓ કરે છે. આપના આ જીવનચરિત્રમાં એક પ્રકરણનો વિષય “પછી હઝરત અલી આવ્યા” છે.

આ પ્રકરણમાં તેઓ વર્ણવે છે કે ઈ. સ. ૧૯૫૪માં હઝરત અલી (અલ.) તેમના સ્વપ્નમાં આવ્યા હતા. ત્યારથી લઈને આજદિન સુધી દરેક મુશ્કેલીમાં હઝરત અલીએ મારી મદદ ફરમાવી છે. વળી ત્રણ વખત હું આપના રોઝા મુબારક ઉપર અકીદત અને વિશ્વાસની સાથે હાજરી આપી ચૂક્યો છું.

આ મોઅજિઝાઓમાં મિ. કરાકાની કાળગુજારી ૨૩ સપ્ટેમ્બર ૧૯૭૨ના આપના લોકપ્રિય અંગ્રેજી અખબાર કરન્ટમાં આવી ચૂકી છે.

જે અત્યારે કરન્ટ મુંબઈ ઈન્ડિયાના સંદર્ભથી પ્રસ્તુત છે. દરેક ભાષાની પોતાની ખૂબસુરતી હોય છે. પોતાની લઢણ હોય છે. બીજી ભાષામાં તરજુમો કરતી વખતે તે સુંદરતા બાકી રહેતી નથી. જે તે ભાષાની ખાસ રીતભાત હોય છે.

એક બિન-મુસ્લિમ બલકે નાસ્તિક, મૌલા અલી મુશ્કીલ કુશાની મહબ્બતમાં કેટલા ડુબેલા છે તે વાંચીને વાંચકોના ઈમાની ઉત્સાહમાં વધારો થશે.

કરાકા લખે છે કે હું પહેલેથી જ હઝરત અલીનો ચાહક હતો. ઈસ્લામના મહાન યોધ્ધા, મહાન સંત અને એક કરામાતી પુરુષ તરીકે આપની છબી મારા હ્રદયમાં અંકિત હતી. હું મારા મિત્રો જેઓ મુસલમાન હતા તેમની પાસેથી સાંભળેલી અમુક વાતોના કારણે અલીનો ચાહક

બન્યો હતો. ઈ.સ. ૧૯૬૮માં મારા ખભાનું અને ગુરદાનું એક ઘણું મુશ્કેલ ઓપરેશન થયું. આ ઓપરેશનનો ઝખમ ૩૦ સે.મી. લાંબો છે. મારા દીલમાં ઓપરેશન પછી હઝરત અલી (અલ.) ના રોઝા મુબારક ઉપર જવાની તમન્ના જાગૃત થઈ.

એટલા માટે કે ચૌદ વરસ અગાઉ ઈસ્લામના આ મહાન રેહબર મારા સ્વપ્નમાં આવ્યા હતા. તેઓ મારા સ્વપ્નમાં કેમ આવ્યા હતા, આ બાબત મને ન પુછશો. તેહકીક કરતાં મને ખબર પડી કે આ મહાન પુરુષ ઈરાકના શહેર નજફમાં આરામ ફરમાવી રહ્યા છે. જે બગદાદથી ૧૮૦ કિલોમીટર પૂર્વમાં છે. એમની ઝિયારત કરવા જવા માટે હું મુંબઈના ઇરાકી કાઉન્સિલરના ઘેર ગયો. જે જુના કોતરકામ અને સુંદર ફર્ડેનચરથી શણગારેલું હતું. હું ત્યાં ગયો તો કાઉન્સીલરે મારો તૂર્કી કહવાથી

(કાળી ચા) સત્કાર કર્યો. મેં કહવા પીધો જે ઘણો જ સ્વાદિષ્ટ હતો. પરંતુ મારા ગુરદા માટે જેમાંથી હજી હમણા જ પથરી કાઢવામાં આવી હતી, નુકસાનકારક હતો. મેં તેમને મારા આવવાનું કારણ બતાવ્યું. જણાવ્યું કે હું એક સામાન્ય વ્યક્તિની હૈસિયતથી ઈરાકની ઝિયારતે જવા ઇચ્છું છું. એક લેખક પત્રકાર કે તંત્રી તરીકે નહિ. મારો ઇરાદો આપની મઝારે મુબારક ઉપર હાજર થઈને મારી મહબ્બતનો ઇઝહાર કરવાનો છે.

હઝરત અલી (અલ.) ! ઈરાકી કાઉન્સીલરે આશ્ચર્ય પામીને કહ્યું : પરંતુ આપ તો મુસલમાન નથી. “જી હા, મેં ઉત્તર આપ્યો. હું મુસલમાન નથી. પરંતુ ૧૯૫૪માં હઝરત અલી (અલ.) પોતે જ મારા સ્વપ્નમાં આવ્યા હતા. તેમણે પોતાનો મુબારક ચેહરો બતાવ્યો હતો. એમણે મારો હાથ એમના

હાથમાં લીધો હતો અને એમણે મને પોતાના તરફ ખેંચ્યો હતો.”

કાઉન્સિલર જનરલે જે આ નામની અઝમતથી બરાબર વાકેફ હતો એણે મારા ચેહરા ઉપર દૃષ્ટિ નાખી. તેના ઉપર હઝરત અલી (અલ.)નો ખોફ અને મહાનતાનો ગલબો હું જોઈ શકતો હતો. આજ કારણથી તેની જીભે આ શબ્દો નીકળી પડ્યા : હઝરત “અલી (અલ.)” ? એમણે ફરીથી કહ્યું પરંતુ આપ મુસલમાન નથી પછી તેઓ આપના ખ્વાબમાં કેમ તશરીફ લાવે ? મેં ઉત્તર આપ્યો :- મને ન પૂછો કારણ ? આ પ્રશ્ન હઝરત અલી (અલ.) ને કરો. મને શા માટે પૂછો છો ?

મારી પ્રથમ કહાની આ છે કે હું પ્રથમ વખત કેવી રીતે નજફ પહોંચ્યો. વળી મારા પ્રોગ્રામમાં ક્યા ક્યા ફેરફારો થયા કર્યા હતા જેથી હું

હઝરત અલી (અલ.)ના જન્મના દિવસે ત્યાં પહોંચ્યો હતો. આ બધી જ વાતો હું ૧૯૬૮ના કરંટ ઇન્ડિયા મુંબઈમાં પ્રગટ કરી ચૂક્યો છું. આ ઘટનાને મેં મારા પુસ્તક “Then Hazrat Ali Came”માં આપી ચૂક્યો છું. જે ૧૯૭૨માં પ્રગટ થઈ છે.

આ મુબારક જગ્યા, જ્યાં ઇન્સાની દીલોને કેટલી શાંતિ મળે છે. દીલો - દિમાગ ખીલી ઊઠે છે. તેનું શું વર્ણન કરું ? આવી વાતો તો ફક્ત અનુભવી શકાય છે, કલમથી તેનું વર્ણન શક્ય નથી. વળી અલ્લાહની શું મરજી કે જેવો મેં રોઝા મુબારકમાં કદમ રાખ્યો રોશની માટે જે કંદીલો ગોઠવી હતી તે પ્રકાશિત થઈ ગઈ. રોઝાના મિનારા અને ગુંબજ ઉપર ગોઠવેલ હજારો દીવાઓ ઝગમગી ઊઠ્યા. બગદાદમાં મારા આવવાની તારીખમાં સતત ફેરફારો થતા રહ્યા પરંતુ આશ્ચર્યની વાત તો આ છે

કે હું જે સમયે રોઝામુબારકમાં દાખલ થયો. તેજ સમયે, તે જ ઘડીથી, તે જ મિનિટે હઝરત અલી (અલ.) ની મુબારક વિલાદતનો જશન શરૂ થયો હતો. ઈસ્લામી કેલેન્ડર પ્રમાણે દિવસ સૂર્યાસ્તથી શરૂ થાય છે અને સુર્યાસ્ત પર પુર્ણ થાય છે.

ફેબ્રુઆરી ૧૯૭૦ માં બીજી વખત નજફ ગયો. ત્યારે મને એવો એહસાસ થયો કે મારી હાજરીથી હઝરત અલી (અલ.) વધારે ખુશ ન હતા. આપના રોઝા મુબારકના મોટા ગુંબજનું સમારકામ થઈ રહ્યું હતું. આ તે જ સમયગાળો હતો કે તે સમયે એક ઓસ્ટ્રિલિયન ગુંડાએ યરોશલમમાં મસ્જિદે અકસામાં આગ લગાવવાની કોશીશ કરી હતી. તે જ સમયે હું નજફે અશરફના હઝરત અલીના રોઝા મુબારકમાં એક ખૂણામાં બેસીને દુઆઓ કરી રહ્યો હતો. દુઆઓથી પરવારી જ્યારે

હું એક સૈયદ સાહેબ સાથે રોઝા મુબારકની બહાર સહેનમાં આવ્યો. ત્યારે આ વિશાળ સહેન મુબારકમાં હું અને સૈયદ સાહેબ ફક્ત બે જ માણસો હતા. બાકી રોઝા મુબારક બીલકુલ ખાલી હતો. કારણ કે બયતુલ મુકદ્દસમાં લગાવેલી આગના બનાવને લક્ષમાં લઈ રોઝા મુબારકનો હિફાઝતી ઈન્તિઝામ વધારી દેવામાં આવ્યો હતો.

હું ઈરાકની સરકારનો આભારી છું. કે તેમણે મને વીઝા આપી કે હું નજફે અશરફ જઈને આ મહાન રેહનુમા અલીની મઝાર મુબારક ઉપર મારી અકીદતના ફૂલ પેશ કરી શકું. હવે હું નજફે અશરફની ત્રીજી સફર કરીને પરત થયો છું. આ મારી ત્રીજી ઝિયારત છે. જે એટલી સુંદર અને દિલકશ છે કે મારી આગળની બંને ઝિયારતો કરતાં મારા દીલને વધારે શાંતિ પ્રાપ્ત થઈ છે. આ વાતને

કરંટ અખબારના વાચકો જાણે છે. મારે મધ્યપૂર્વમાં કેટલાક કામો અંજામ આપવાના હતાં. મારા દરેક કાર્યોમાં ઈમામ અલી મારી મદદમાં રહ્યા છે. આ છેલ્લી ઝિયારત વખતે હું શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બધી રીતે ખૂબ જ સક્ષમ હતો. સફરની શરૂઆત કંઈક આ રીતે થઈ.

રવિવારે સવારે સવા સાત વાગ્યે બી.ઓ.એ.સી.ના હવાઈ જહાજથી મુંબઈના શાંતાક્રુઝ હવાઈમથકેથી રવાના થઈ દુબઈ, કુવેત થઈને બગદાદના હવાઈ અડ્ડે ઊતર્યો. બગદાદનો સમય આપણા હિંદુસ્તાનના સમયથી ૨ - ૧/૨ કલાક પાછળ છે. એક દિવસ રોકાઈને બીજા દિવસે સોમવારે અમે કરબલાના રસ્તે નજફ માટે રવાના થયા. આ સડક ઘણી જ સુંદર છે. વળી બધા જ રાષ્ટ્રીય માર્ગો ઘણા જ વિશાળ અને બાંધકામના

એક સુંદર નમૂના રૂપ છે. આજના વિકાસશીલ દેશો સડકોને વિશાળ અને સુંદર રાખવામાં ખાસ ધ્યાન આપે છે. મારા ડ્રાઇવરનો મશ્વેરો હતો કે હું પ્રથમ કરબલાની ઝિયારત કરૂં. જ્યાં હઝરતના બે દીકરા ઈમામ હુસૈન (અલ.) અને હઝરત અબ્બાસ (અલ.)ની મઝારો છે. આ બંને કરબલામાં શહીદ થયા હતા. મેં ડ્રાઇવરને કહ્યું કે આપણે સીધા નજફ જઈશું. ડ્રાઇવરે મારી વાતને રદ કરતાં કહ્યું : પરંતુ બધા જ શીયા હઝરાત પ્રથમ કરબલા જાય છે. ભલે, પણ મારે તો પ્રથમ નજફ જવું છે. હું શીયા નથી. ડ્રાઇવરે ફરીથી આશ્ચર્ય સાથે મારા તરફ જોયું. મેં તેને સમજાવ્યું કે હું ન મુસલમાન છું ન શીયા. હું ઈમામ અલી (અલ.) ની મઝાર પર અકીદતથી માથું નમાવવા જઈ રહ્યો છું. એટલા માટે કે વરસો પહેલાં તેઓ મારા ખ્વાબમાં આવ્યા હતા. ગત

વરસે જ્યારે હું સખત બીમાર હતો ત્યારે એમણે જ મને જીવતો રાખ્યો હતો.”

આ બધું હું ઘણા જ ઊંચા અવાજે અને અતિ ઉત્સાહથી બોલી રહ્યો હતો. પરંતુ મને એમ લાગતું હતું કે જાણે હું મારી જાત સાથે જ વાતો કરી રહ્યો છું. એકલો એકલો જ બોલી રહ્યો છું. એટલા માટે કે બિચારા આ અરબ ડ્રાઇવરનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન કાચું હતું અને મને અરબી બિલકુલ આવડતી ન હતી. તે સમજી શક્યો નહિ કે હું કોના માટે અને શું કહી રહ્યો છું. ખાસ તો આ પોઇન્ટ કે જે હું તેને સમજાવવા ઇચ્છતો હતો કે નજફના રોઝાનો અને મારો એક અંગત સંબંધ છે. જેને કોઈ મઝહબની સાથે સંબંધ નથી.

ડ્રાઇવર બોલ્યો : અચ્છા તો પ્રથમ આપ નજફ જશો. પછી કરબલા જશો. અમે કરબલાથી

પસાર થયા. મેં કરબલાના બંને રોઝાઓને ઘણા જ માન સાથે હાથ જોડીને સલામ કર્યા. સખત ગરમી હતી. આ ગરમી દિલ્હી કરતાં પણ વધુ હતી. છતાં સમંદરની નજીકની હવામાં જે ભેજ હોય છે તે ભેજ ન હતો. જેવો કે આપણા મહારાષ્ટ્રના દરિયા કિનારાના પ્રદેશોની હવામાં જોવા મળે છે. અમો સમયાંતરે થોડા થોડા રોકાઈ જતા હતા. જેથી અમારા સૂકાયેલા હોઠોને પેપ્સીકોલા કે અંગૂર કે તરબૂચ દ્વારા ભીના કરી પ્યાસ છિપાવીએ.

પાંચ કિલોમીટર દૂરથી જ નજફની નિશાનીઓ દેખાવા લાગે છે. હઝરત અલી (અલ.)ના રોઝાનો મોટો ગુંબજ સપ્ટેમ્બર મહિનાની બપોરે ખૂબ ચમકદાર દેખાતો હોય છે. દૂરથી જ મેં ઓળખી લીધો કે આ મારા આકાની આરામગાહ છે. આ ગુંબજ ઉપર દ્રષ્ટિ પડતાં જ મારા દિલમાં એક

આતુરતા, વ્યાકુળતા જેવી પરિસ્થિતિ પેદા થઈ. જેનું વર્ણન મારી કલમ નથી કરી શકતી. છતાંય જાહેરમાં તો હું શાંત બેઠો હતો. જે કંઈ હલચલ મચી રહી હતી તે મારા દીલો - દિમાગમાં અને મારા શરીરની એક એક રગોમાં હતી.

અય બાબા, બાબા, ઉદ્દશીને મેં મારા આકાને યાદ કરવાનું શરૂ કર્યું. અલી, અલી, અલી. યા અલી, યા અલી. હું આપનો ઘણો જ શુક્ર અદા કરું છું કે આપે મને ફરીથી આવવાની રજા આપી. પછી મેં મારી આંખો બંધ કરી અને ૧૧૦ વખત હઝરત અલી (અલ.)ના નામ મુબારકનો વિર્દ કર્યો. આ વર્ષે ફેબ્રુઆરીથી લઈને આજદિન સુધીમાં મેં આ નામનો વિર્દ પાંચ લાખથી પણ વધુ વખત કર્યો છે. આ તો રેડિયો બેંડ ઉપર સુઈ ઘુમાવીને સ્ટેશન મેળવવા જેવો મઆમલો છે. સુઈ સહી રીતે

ઘુમાવવાથી સ્ટેશન મળી જાય છે. નહીં તો હજારો વખત સુઈ ઘુમાવો, આપને સ્ટેશન મળશે નહિ જેને આપ શોધી રહ્યા છો.

નજફ પહોંચ્યા પછી પેલી સુંદર મજબુત સડક ખતમ થઈ ગઈ. ખાબડ-ખુબડ જમીન આવી ગઈ. શું આપણે સીધા રોઝા ઉપર જઈએ ? ડ્રાઇવરે પુછ્યું. નજફ પહોંચીને મને એક વાત યાદ આવી. મારાથી એક ભૂલ થઈ ગઈ. મુંબઈના ઈરાકી કાઉન્સિલ જનરલે મને નજફના ગવર્નરના નામે એક ઓળખપત્ર આપ્યો હતો. તેથી મેં વિચાર્યું કે પ્રથમ ગવર્નરને મળી લઉં. ત્યાર પછી રોઝા ઉપર જાઉં. કારણ કે મુંબઈમાં ઈરાકી ગવર્નમેન્ટના પ્રતિનિધિએ મારી સાથે ઘણા જ સારા અખ્લાકથી વર્તન કર્યું હતું તેથી મેં વિચાર્યું કે પ્રથમ ગવર્નરને મળવું જ વધારે યોગ્ય છે.

પરંતુ પાછળથી મને ભાન થયું કે મારો આ નિર્ણય ગલત હતો. કરબલામાં હું ન રોકાયો તો ભલે પરંતુ નજફ આવીને મારે પ્રથમ હઝરત અલી (અલ.) ના રોઝા મુબારક ઉપર આવવું જોઈતું હતું. પાછળથી મને આ ગલતીનો ખ્યાલ આવ્યો. ગવર્નરે કબાબ ખવડાવીને મારી મેહમાન નવાઝી કરી, સાથે બોડી ગાર્ડ પોલિસોની એક ટૂકડી પણ મારી સાથે રવાના કરી. પછી જ્યારે હું રોઝા ઉપર પહોંચ્યો તો મારા આકા મારાથી નારાજ થઈ ગયાનો મને એહસાસ થયો. મને રોઝા મુબારકની અંદર જવાની રજા ન મળી. સહેનમાં જ મને રોકી લેવામાં આવ્યો. મને અંદર હાજરી આપવાથી વંચિત કરી દીધો. આ તો મારી જ ભૂલ હતી. જેથી હું મારી જાતને જ ગુનેહગાર માનતો હતો. અન્ય

કોઈને દોષ દેવા યોગ્ય નથી. જાણે કોઈ ગયબી અવાજ મને કહી રહી હતી :

"શું તમે મારી પાસે આવવા માટે હુકુમતનો વાસ્તો શોધી રહ્યા છો ? જ્યારે કે હું સ્વયં ખ્વાબમાં તમારી પાસે આવ્યો હતો."

મેં કોઈ અવાજ તો નથી સાંભળી પરંતુ આ વાત મહસૂસ કરી રહ્યો હતો કે હઝરત અલી (અલ.) આ જ શબ્દો મને કહી રહ્યા છે. મેં કોટના ખિસ્સામાંથી કાર્ડ કાઢ્યા. જેના ઉપર મેં અમુક લોકોના નામો લખી રાખ્યા હતા જેઓએ મને દુઆ કરવા માટે કહ્યું હતું, સાથે કઈ બાબતની દુઆ કરવાની છે તે પણ મેં કાર્ડમાં ટૂકમાં લખી રાખ્યું હતું. તે બધાના કાર્ડ મેં બહાર કાઢ્યા. હું સહેનમાં ઊભો ઊભો દુઆઓ કરી રહ્યો હતો જ્યારે અંદર સેંકડો અરબ સ્ત્રી પુરુષો અને બાળકો ઝરીહ

મુબારકને પકડી રડી રડીને દુઆ કરી રહ્યા હતા. તેઓ મારી તરફ જોતા હતા, મને તો પોતાને મારા ઉપર દયા આવતી હતી. મારી સાથે બોડી ગાર્ડો જોઈને કેટલાક સૈયદ રોઝાની બહાર આવ્યા. તેઓ મારા વિષયમાં અંદરોઅંદર વાતો કરી રહ્યા હતા. તેઓમાંથી એક વ્યક્તિ જે વારંવાર પોતાની છાતી ઉપર હાથ રાખતો હતો, મેં પુછ્યું તો જણાવ્યું કે તે મને એમ કહી રહ્યા હતા કે ઈમામ અલી તમારા દીલમાં છે. સિપાહીઓ મારાથી દૂર ઊભા હતા, તેમણે મને છોડી દીધો હતોે. જેથી હું શાંતિથી દુઆ કરી શકું તેમણે મારા ઉપર મહેરબાની કરીને મને ખાવાનું પણ ખવડાવ્યું હતું. પરંતુ તેઓ મને રોઝાની અંદર પહોંચાડી શકતા ન હતા. હું પણ મારા આકાના હુકમ વગર અંદર જવા ઇચ્છતો ન હતો.

ઇરાકી હુકુમતના એક ઘણાં મોટા અધિકારીએ મને એક વખત કહ્યું હતું, જો અલી (અલ.) તમને બોલાવે છે તો દુનિયાની કોઈ શક્તિ તમને એમની ઝિયારતથી નથી રોકી શકતી. આ એક ઠોસ હકીકત હતી. મને મારા દેશમાં જેલ જવું પડ્યું હતું. પરંતુ તેનાથી મને કોઈ તકલીફ થઈ ન હતી. તેનું દૃષ્ટાંત તો આ છે કે જિંદગીમાં થોડીક ધુળ શરીરને લાગી જાય પરંતુ અહી મારા આકાના દરબારમાં દાખલ થવાની રજા ન મળવું મારા માટે ખૂબ જ તકલીફદાયક હતું. આ તો એવું હતું જાણે કે બ્રાહ્મણને તેના પવિત્ર મંદિરમાં જતો રોકી દેવામાં આવે. મેં દુઆઓ કરી અને ઘણો જ માયુસ થઈને બગદાદ પાછો ફર્યો.

મારા આકાએ જ (હઝરત અલીએ જ) મને હારને કબૂલ કરવાનું પણ શીખવ્યું હતું. સબર અને

સહનશીલતા તો હું મારા આકાના જીવનમાંથી જ શીખ્યો હતો. એમનાં જ મહબ્બત અને એમની જ મદદ પછી તો હું તંદુરસ્ત થયો હતો. મને યકીન હતું કે એમની મહબ્બતથી જ મને સારા દિવસો નસીબ થશે. વરસોની મહેનત પછી પરિણામરૂપે મને આકાની અકીદત નસીબ થઈ હતી. પરંતુ હાલમાં હું પરેશાન હતો. એટલા માટે કે આ ત્રીજી ઝિયારત વખતે તેમણે મને ઠુકરાવી દીધો. છેવટે મારી શું ભૂલ થઈ ? જેના કારણે મને ઝિયારતની ઈજાઝત ન મળી ? હું બિસ્તરા ઉપર પડ્યો પડ્યો આમ વિચારી રહ્યો હતો. એટલામાં મારી આંખ લાગી ગઈ. ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. ખબર પડી કે ઇરાક સરકારનો કોઈ માણસ નીચે હોટલની લોબીમાં મારી રાહ જોઈ રહ્યો છે. તેનું કહેવું હતું કે તે મને ઓળખે છે. પરંતુ કદાચ હું તેમને ઓળખી

શકીશ નહિ. મેં તેમને ઉપર મારા રૂમમાં જ બોલાવી લીધા. વળી હું તેમને ઓળખી પણ ગયો. તે ઈરાકી સૂચના વિભાગના તે જ અધિકારી હતા જેઓ મને ૧૯૬૮માં પ્રથમ વખત નજફ લઈ ગયા હતા. મેં તેને કહ્યું : મેં મારા નવા પુસ્તકમાં આપનો ઉલ્લેખ કર્યો છે. તે ફરીથી સરકાર તરફથી આવ્યો હતો કે મને નજફ પહોંચાડી આપે. તેને ઘણું જ આશ્ચર્ય થયું જ્યારે મેં કહ્યું : હું ફરી વખત આ સફર કરવા રાજી નથી. આટલી સખત ગરમીમાં છ કલાકની મુસાફરી. વળી આ વખતે મને રોઝામાં દાખલ થવાની મંજૂરી પણ નથી મળી. મને મારા સમગ્ર જીવન દરમ્યાન આવી માયુસી અને નારાજગીનો સામનો થયો ન હતો. હું ભગ્ન હ્રદય બની ગયો હતો.

સરકારી અધિકારી સારો માણસ હતો. તેણે કહ્યું કે તે મારા માટે ખાસ મંજૂરી મેળવી લેશે. સરકારને મારા આવવાની જાણ હતી તેથી સરકારે જ આ અફસરને મોકલ્યો હતો, કે મારો ખ્યાલ રાખે અને મને નજફ પહોંચાડે. હું મારા દીલની અંદર એવી અનુભૂતિ કરતો હતો કે હઝરત અલી (અલ.) મારાથી નારાજ થઈ ગયા છે. કેમ ? ડી. એફ. કરાકા ! તમે કે જેમની પાસે હું જાતે આવ્યો, તમે મારી પાસે હુકુમતને ઝરીઓ બનાવીને આવો છો ? આ શબ્દો દ્વારા મારા આકા જાણે મને ડાંટ - ડપટ કરી રહ્યા છે એવી અનુભૂતિ મને થતી હતી.

છતાંય મેં નજફની ઝિયારત વગર હિંદુસ્તાન જવાનું પસંદ ન કર્યું કારણ કે આકાના દરબારમાંથી પાછા ફરવાનું મારા માટે ઘણું દુ:ખદાયક હતું. મંગળવારનો દિવસ હતો. હું મારી

હોટલમાં જ હતો. સરકારી વિદેશ વિભાગનો એક અફસર મને મળવા આવ્યો. જેના નામનો પત્ર હું ઇન્ડિયાથી લાવ્યો હતો. મેં તેને મારી માયુસીનું વર્ણન કર્યું. તે ઘણો જ પ્રભાવિત થયો. તેણે મને હિંમત અને આશ્વાસન સાથે જણાવ્યું કે અલી આપને બોલાવે છે ને આપ હમણાં જ જશો. આ એવો દર (દરવાજો) છે જે દરથી કોઈ માયુસ થયું નથી. તેના આ શબ્દો બિલકુલ સાચા સાબિત થયા. હું બીજા જ દિવસે આકાને મળવા નજફના રસ્તે પડ્યો. રસ્તામાં કરબલા આવતાં મેં ખૂબ દુઆઓ માગી. મારા આકાના બંને ફરઝંદો અહીં આરામ ફરમાવી રહ્યા હોઈ, મેં તેમને સલામ પેશ કર્યા. ખૂબ ખૂબ હાથ જોડી મારી બધી વેદના પણ ઠાલવી દીધી. મેં કહ્યું કે હું બાબાને મળીને આપ

સાહિબાનને મળવા આવવાનો જ છું. મારો ગુનો માફ કરજો કે મને આકાની પાસે જવું છે.

દૂરસૂદૂર રોશનીનો પ્રકાશ રેલાઈ રહ્યો હતો. રાત પણ સાફ હતી. સડક પણ સાફ હતી. સવા બે કલાકમાં નજફ પહોંચી ગયો. ત્યાં જઈને જોયું તો ચારે તરફની બધી જ સડકો મોટરો, બસોથી ખચાખચ ભરેલી છે. પાંચ લાખ જેટલા માણસો આજે રાતે નજફ પહોંચી ગયા છે. આ વાતની ખબર મને કેમ ન પડી. પોલિસે અમારી કારને જે રોઝા તરફ જતી હતી, હટાવી દીધી. અમારી મોટર જમણી બાજુ વળી ગઈ. પરંતુ ઈન્સાનોની એટલી ભારે ભીડ હતી કે કાર ક્યાં પાર્ક કરવી તે સમજાતું ન હતું. છેવટે ડ્રઇવરે એક ગલીમાં મોટર છોડી દીધી. હું મોટરમાંથી ઊતરી ગયો. રોઝા મુબારકનો

દરવાજો લગભગ ૨૫૦ મીટર દૂરથી સ્પષ્ટ દેખાતો હતો.

સિરાતે મુસ્તકીમ

હું જે સડક પર હતો તે સડક વિશ્વમાં ફક્ત એક જ હતી. આ તે જ સડક છે જેનું વર્ણન બાઇબલમાં પણ છે. મેં આ સડકને વરસો પહેલાં જોઈ હતી. જ્યારે હું બેરૂતથી દમિશ્ક ગયો હતો, આ સડકનું નામ “સિરાતે મુસ્તકીમ” છે. આ સડક ઘણી જ પવિત્ર માનવામાં આવે છે. એટલા માટે કે બાઈબલના વર્ણાનુસાર આ સડક ઉપર હઝરત ઈસા (અલ.) ચાલ્યા હતા. હું જેવો નજફની તરફ સડક ઉપર રવાના થયો કે રોઝાની દિશામાં જતી હતી. મારા શરીરમાં આકાના દરજ્જાનો એહતેરામ, પવિત્રતાનો ખોફ અને મુલાકાતનો જોશ બંનેની એક સાથે પ્રતિક્રિયા થઈ, સડક રેતીલી હતી. મારી

જમણી બાજુ એક ખાડો ખોદાયેલો હતો. આ ખાડાઓ ગલીના કિનારે કિનારે ઘણો અવ્યવસ્થિત ખોદેલો હતો. મારી ડાબી બાજુ કેટલાક ઘરડા માણસો હતા. વળી હજારો સ્ત્રીઓ અને બાળકો હતાં. કેટલાક તો સડક ઉપર સૂતેલાં હતાં. કેટલાક જાગી ચૂક્યાં હતા. સડક પર એક નાની સરખી પગદંડી જેટલી જગ્યા ખાલી પડતી હતી તેના ઉપર લોકો ચાલતા હતા. આ પગદંડી પણ આવવા-જવાવાળાઓથી ખચાખચ ભરેલી હતી. હું ઘણી જ કાળજીથી ચાલી રહ્યો હતો જેથી કોઈ સુતેલા બાળકો કે સ્ત્રીપુરુષો ઉપર પગ ન પડી જાય.

ખૂબ જ ધીમે ધીમે ચલાતું હતું. પરંતુ હું શું જોઉં છું અચાનક હું સેહનના પવિત્ર દરવાજા સુધી પહોંચી ગયો છું. હું દરવાજા ઉપર રોકાવા ઇચ્છતો હતો, પરંતુ પાછળથી આવનારી ભીડના ધક્કાના

કારણે મારા પગ જમીન ઉપર રહ્યા જ નહિ અને હું સીધો દરવાજે જ ગોઠવાઈ ગયો. સહેનમાં ગઝબની ભીડ હતી, સડક કરતાં પણ વધારે ભીડ હતી. હજારો સ્ત્રીઓ કાળી ચાદર વીંટાળી આ તરફ જ વધી રહી હતી. જ્યારે પ્રકાશનો રેલો પણ વધી રહ્યો હતો. ન હું પાછળ હઠી શકતો હતો ન ડાબી-જમણી કંઈ પણ ખસી શકતો હતો. તેથી હું ઇચ્છતો હતો કે એક બાજુ કિનારે ઊભો થઈ જાઉં. જેથી જે લોકો મારી પાછળ આવે છે તેઓ આગળ આવી શકે. રોઝા સુધી જઈ શકે. આમ એટલા માટે ઇચ્છતો હતો કે મને આ વાતની ખબર હતી કે આ વખતે મને રોઝામાં જવાની મંજૂરી નથી, જેથી મારે બહાર જ ઊભા રહેવું જોઈએ. કારણ કે આ આકાનો હુકમ હતો. જેથી હું પણ આ હુકમની તાબેદારી કરવા ઇચ્છતો હતો.

હું શું કરું, ફરીથી એક એવો ભીડનો રેલો આવ્યો જેમાં વધારે તો સ્ત્રીઓ જ હતી. જે રેલાના બહાવમાં હું પાછો કિનારેથી હટીને અસલ મજમૂઆમાં પહોંચી ગયો. બિલકુલ તે જ વખતે મારી છાતીમાં દર્દ શરૂ થયું. હું જાણી ચૂક્યો હતો કે આ દીલની નાળીઓનું દર્દ છે. પૂનામાં હ્દયના નિષ્ણાંત ડોક્ટરે મને કહ્યું હતું કે તમારા દીલની નળીઓ બંધ થઈ ચૂકી છે. હવે દર્દ પણ ન થશે અને આ નળીઓ ફરીથી સજીવન પણ થશે નહિ. હું તો મજમૂઆની સાથે ખેંચાતો હતો અને મને ઠંડો પરસેવો થઈ રહ્યો હતો. હ્દયના દર્દથી હું બરાબર માહિતગાર છું. જેથી લાગ્યું કે બસ આ તે જ દર્દ છે. મને ફરીથી એટેક આવી રહ્યો છે.

હું તો અર્ધબેભાન થઈ ગયો હતો. હવે બેભાની તરફ જઈ રહ્યો હતો. ભીડના રેલાથી

ધકેલાઈ પણ રહ્યો હતો. અચાનક મારો પગ કોઈ વસ્તુ સાથે ટકરાયો. મેં જોયું તો રોઝાના પગથિયાં સુધી પહોંચી ચૂક્યો હતો. મારા પગ લડખડાવા લાગ્યા. હું ઘુંટણો પર પડી રહ્યો હતો. મેં મારી જાતને સંભાળી, ચારે તરફ દૃષ્ટિ નાખી. જેથી મને ખબર પડે કે હું ક્યાં છું. ખબર પડી કે આ તે જગ્યા છે જ્યાં જોડા ઊતારી નાખવામાં આવે છે. હું મારા ચપ્પલ કેવી રીતે ઉતારવા તેની ચિંતામાં હતો. ત્યાં તો કોઈ અપ્રત્યક્ષ દિવ્ય શક્તિએ મારા ચપ્પલ ઉતારી દીધા, હજુ તો હું વિચારું કે ક્યાં જઉં ? આજ દિવ્ય શક્તિએ મને મારા આકા ઈમામ અલી (અલ.)ની સામે તેમના રોઝામાં ઊભો કરી દીધો. રોઝામાં તો જાણે નૂર જ નૂર હતું. કેવી રીતે વર્ણન કરું ? આ નૂરને સમજવાની કે વર્ણન કરવાની શક્તિ મારી પાસે નથી. મેં તો નૂરના ઝાડ જોયાં.

પાણીના પુરની જેમ રેલાતું નૂર હું જોઈ રહ્યો હતો. ખરેખર તો મારા આકા અલી જાતે પોતે જ મને મારા શરીર અને જાનની સાથે રોઝાની અંદર લઈ આવ્યા. અહીં ખૂબ જ ભીડ હતી. મને જાણે કોઈ આવકારતું હોય એવી અવાજો ગુંબજો અને દિવાલોમાંથી હું સાંભળી રહ્યો હતો. જેવી અવાજો મેં મારા પ્રથમ આગમન વખતે સાંભળી હતી. રોઝાની એક એક રોશનીની કંદીલો, જુમ્મરો મને ખુશ આમદીદ, ભલે પધાર્યા, ભલે પધાર્યા, કહી રહ્યાં હતાં. રોઝા મુબારકની દરેક વસ્તુ મારું સ્વાગત કરતી હોય એમ હું શૂન્યમનસ્કપણે જોઈ રહ્યો હતો.

હું ઝરીહ મુબારક તરફ આગળ તરફ આગળ વધી રહ્યો હતો. મને જાણે એવો એહસાસ થતો હતો કે જાણે હું સ્વર્ગની કોઈ બેહતરીન

જગ્યામાં દાખલ થઈ ગયો છું. દીલના સૂકૂનનો હાલ તો હું કેવી રીતે વર્ણન કરી શકું. મારી કલમ અસમર્થ છે. ઝરીહની એ તરફ ઊભેલા સૈયદોએ મારું સ્વાગત કર્યું. શું આ સ્વાગત ફકત સદવર્તન કે ઉચ્ચ અખ્લાક બતાવવા પુરતું હતું ? અથવા શું આ લોકોને આ વાતની જાણ થઈ ગઈ હતી કે હું કોણ છું ? અથવા કોઈ અપ્રત્યક્ષ શક્તિ, કોઈ રૂહાની આત્મા આ લોકોને આ પ્રમાણેના અખ્લાક બતાવવા પર મજબૂર કરતો હતો. ઈન્સાનની કમજોરી આ છે કે તે પોતાની જાતને જરૂરતથી વધારે મહત્ત્વ આપે છે.

જેને જે સમજવું હોય તે સમજે. જેને જે માન્યતા ધરાવવી હોેય તે ધરાવે. પરંતુ આપની કબર મુબારકની ઝરીહના આસપાસનો તવાફ કરતી વખતે હું મારા દીલમાં ઊંડાણમાંથી

અનુભવતો હતો કે સમગ્ર વિશ્વમાં આ વ્યક્તિથી વધારે કોઈનું મહત્ત્વ નથી. જેમની બારગાહમાં અકીદતના પુષ્પો રજૂ કરવા માટે લાખો માણસો એકત્ર થયા છે.

મેં ૬ એપ્રિલ ઈ. સ. ૧૯૫૪ના સુબ્હ સાદિકના સમયે વહેલી સવારે પ્રથમ વખત ખ્વાબમાં એમની ઝિયારત કરી હતી. ત્યારથી લઈ આજ દિન સુધી જ્યારે પણ આપનું નામ સાંભળ્યું છે. તો આ જોયું કે એમનું નામ ઘણા જ એહતેરામથી લેવામાં આવે છે. હું તમામ ધર્મોના બધા જ બુઝૂર્ગોનો એહતેરામ કરું છું. સર્વેને મનની દૃષ્ટિથી નિહાળું છું. પરંતુ જ્યારે હઝરત અલી (અલ.)નું નામ લેવામાં આવે છે તો મેં અનુભવ્યું કે એક ખાસ અસર, એક અલગ સ્થિતિ પેદા થઈ જાય છે. જેનું વર્ણન શબ્દોમાં કરવું શકય જ નથી. આ

તફાવત શું છે ? તે હું આજ દિન સુધી માલુમ કરી શક્યો નથી. પરંતુ જેમ જેમ સમય ગુજરતો ગયો આ ફર્ક મને વધુને વધુ દેખાતો ગયો.

જાણે હું એવો એહસાસ કરી રહ્યો હતો કે હું હીરા જ્વાહિરની કંદીલો, જુમ્મરોની વચ્ચે રેલાતી રોશનીમાં કોઈ એવી શાંતિની જગ્યાએ ઊભો છું કે જ્યાં ઇન્સાન પોતાની પાછલી સંપૂર્ણ જિંદગીનો થાક ઊતારી નાખે. જિંદગીના તમામ દુ:ખો ભૂલી જાય. એક અજબ પ્રકારનું આકર્ષણ આકા અલીમાં હું જોઈ રહ્યો હતો. તેવું આકર્ષણ મને ક્યાંયે જોવા ન મળ્યું. મને તો એમ લાગતું હતું કે હું સ્વપ્નની દુનિયામાં સૈર કરી રહ્યો છું. આટલી ભીડમાં પણ હું વારંવાર વિચારતો હતો કે હું જાગુ છું કે ઊંઘું છું.

ક્યાં મારી ઉંમર ? ક્યાં થાક ? ક્યાં પ્યાસ ? ક્યાં મારી બીમારી ? ક્યાં આ દીલનો મરીઝ ? હું

તો◌ે જાણે સુંદર મજાની નરમ નરમ મખમલની પથારી ઉપર કોઈ સ્વપ્ન જોતો હતો એમ રોઝા મુબારકની ઝરીહ પાસે પહોંચી ગયો. તે ઝરીહ જે આકા અલીની મુલાકાતનો દરવાજો ગણાય છે, તેને મેં અડકી જ લીધી. પકડી લીધી. મેં એક ઠંડો શ્વાસ લીધો. અજબ પ્રકારના સૂકૂનનો એહસાસ મને થયો. અજબ પ્રકારનો આનંદ મેં અનુભવ્યો. મારી જીભથી કોઈ શબ્દો તો ન નીકળ્યા, કારણ કે આવા ઉત્સાહના સમયે ઈન્સાનની બોલવાની શક્તિ ચાલી જાય છે.

મારે તો મારા આકાને કંઈપણ કહેવાની હાજત જ શું હતી ? મને ખબર છે કે મારા દીલમાં જે કંઈ પણ છે તેને તેઓ બરાબર જાણે છે. ત્રણ ત્રણ માણસોની લાઈનો હતી. પરંતુ હું જ્યારે રોઝા મુબારકની બીજી બાજુ પહોંચ્યો ત્યારે ભીડ ઓછી

થઈ રહી હતી. હવે હું રોઝા મુબારકની બહાર જવાનો હતો. ત્યાં તો હું શું જોઉં છું કે મારા માટે રસ્તો સાફ થઈ ગયો હતો અથવા એમ કહું તો કંઈ ખોટું નહીં ગણાય કે મારા આકાએ મારા માટે રસ્તો સાફ કરી દીધો. જેથી હું ઝરીહ સુધી પહોંચી શકું. કોઈના પણ ધક્કા વગર રોઝા મુબારકની ઝરીહ સાથે મારા શરીરને મસ કરું. મેં એમ જ કર્યું. મને ખબર નથી કે હું મારા આકાને શું શું કહેતો રહ્યો. શું શું ફરિયાદો કરી, શું શું માંગ્યું. મને ખબર જ નથી. બસ મને એટલું જ ભાન છે કે હું ઝરીહ મુબારકને પકડીને ઊભો હતો. જાણે મારી છાતી પરથી એક મોટો બોજ ઉતરી ગયો.

હવે હું રોઝાની બહાર આવ્યો. ત્યારે મને ભાન થયું કે મારા  હ્ય્દયમાં જે સખત દુ:ખાવો ઊભર્યો હતો તે બિલકુલ ખતમ થઈ ચૂક્યો હતો.

મારા પગ ધ્રુજતા હતા છતાં હજી હું ઊભો તો રહી શકતો હતો. હું ધીરે ધીરે નમાઝીઓની સફોથી પસાર થતો તે જગ્યાએ પહોંચ્યો જ્યા જોડા મૂકવામાં આવે છે. ત્યાંથી સહેનમાં આવ્યો. ત્યાંથી પસાર થતો તે જ સડક પર આવી ગયો. જે દમિશ્કની સિરાતે મુસ્તકીમના જેવી જ છે.

જ્યારે હું રોઝાની અંદરથી બહાર આવી રહ્યો હતો ત્યારે મેં યા અલી... યા અલી... ની તે અવાજો સાંભળી જેનાથી હું પરિચિત હતો. જોવા માટે હું ફર્યો કે આ કોની અવાજ છે ? જોયું તો તે એક ગોરી ખૂબસુરત સ્ત્રીની હતી જેની ઉંમર લગભગ ત્રીસ વરસ જેટલી હશે. તેણી તે વખતે અલીથી નઝદીકી મહસૂસ કરતી હતી અને આકાના નામનો વિર્દ કરતી હતી. જુસ્સો અને જઝબાતમાં - અતિ ઉત્સાહમાં તે ઊંચા અવાજથી આકાને

પોકારતી હતી. મેં આ પણ અનુભવ્યું કે મેં તેને જોઈ લીધી, તેની અવાજ સાંભળી લીધી પરંતુ આ બાબત તે જરા પણ ગભરાઈ નહિં. તે યા અલી... યા અલી... કહેતી જ રહી.

જ્યારે હું રોઝા મુબારકમાંથી બહાર નીકળી રહ્યો હતો ત્યારે એક નવજવાન અરબ છોકરી રોઝામાં દાખલ થઈ રહી હતી. આ છોકરીની બંને આંખોમાં રોશની ન હતી. તેથી કદાચ તેની મોટી બહેન એને પકડીને ચલાવતી હતી. રેતીલી સડક પર આવ્યા પછી હું મારી મોટર સુધી પહોંચ્યો. મારા હ્દયમાં હવે દુ:ખાવાનું નામોનિશાન ન હતું. વળી મારા દિમાગમાં પરેશાની કે ચિંતાઓનો કોઈ બોજ-વજન પણ બાકી રહ્યો ન હતો. મને મારા શરીર અને રૂહ બંનેમાં એકદમ શાંતિ માલૂમ પડતી

હતી. હું હળવોફૂલ જેવો થઈ ગયો હતો. આવી શાંતિ મને વરસોથી પ્રાપ્ત થઈ ન હતી.

હું સડક પર આવી ગયો. સડક પર ખૂબ જ ગરમી હતી. ઘણા બધા લોકો રવાના થઈ ચૂક્યા હતા. ભીડ ઓછી હતી. સવાર પડ્યાની નિશાની દૃષ્ટિમાન થઈ રહી હતી. ફેરિયાઓ રોટલી અને કહવા વેચી રહ્યા હતા. જેવા અમે પાછા ફર્યા, માલુમ પડ્યું કે સેંકડો આદમીઓએ સડક રોકી લીધી છે. ખૂબ ભીડભાડ છે. પોલિસે અમારી મોટરને બીજા રસ્તે વાળી દીધી. મોટર આગળ વધી તો અમે તે કબ્રસ્તાન ઉપર પહોંચ્યા જ્યાં લાખો આદમીઓને દફન કરવામાં આવે છે. હવે બિલકુલ સન્નાટો છવાયેલ હતો. મોટર સ્પ્રિંગની અવાજ પણ ન હતી. અહીં કોઈ વ્યક્તિ પણ ન હતો. બસ કબરોના નિશાનો હતાં. લાખો કબરો હતી. અહીં

લાખો આદમીઓને દફન કરવામાં આવે છે. વિશ્વભરમાંથી લોકો અહીં આ જ કબ્રસ્તાનમાં દફન થવા માટે આવે છે. જે કબ્રસ્તાન આકા અલીના રોઝાની બગલમાં આવેલું છે. અહીં તે લોકોની કબરો છે જેઓ અલી (અલ.) ના રોઝાની પાસે મરવું અને દફન થવું પસંદ કરે છે. વિશ્વના અનેક દેશો અને શહેરોમાંથી અહીં લાશો આવે છે. તે લાશોને (જનાઝાની) નમાઝ અદા ફરમાવીને અલી આકાની કબરના સાત ફેરા, તવાફ કરાવી પછી આ જ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે છે. (સરેરાશ દર પાંચ મિનિટે એક મય્યત આવતું હશે.)

દસ પંદર મિનિટ સુધી અમારી કાર આ કબ્રસ્તાનમાંથી પસાર થતી રહી. પછી અમે મુખ્ય સડક ઉપર આવ્યા. મેં આસમાન તરફ જોયું. તો સાફ આસમાન ઉપર ચાંદ દેખાતો હતો. પો

ફાટવાની શરૂઆત થઈ ગઈ હતી. (સુબ્હે સાદિકનો સમય) પરંતુ આજે આ લાખો માણસો અહીં આકાના રોઝા ઉપર કેમ એકત્ર થયા ? મેં પુછ્યું : ભાઈ આ લાખોની ભીડ આજે શા માટે ? અરે ! આજે શબે મેઅરાજ છે. જે રાતે અમારા રસૂલ આસમાન ઉપર તશરીફ લઈ ગયા હતા. શું આપને ખબર ન હતી ? મેં તો માથુ હલાવી દીધું. શું બોલું ?

સમગ્ર વર્ષના દિવસોમાં હઝરત અલી (અલ.) એ મને હાજરી આપવા માટેના જે દિવસો પસંદ કર્યા તે ખાસ દિવસો પસંદ કર્યા. પ્રથમ વખત આપે મને આપની સાલગિરહના દિવસે (વિલાદતે બાસઆદત ૧૩મી રજબના) બોલાવ્યો હતો. અને આ વખતે શબે મેઅરાજના (૨૭ રજબના) દિવસે બોલાવ્યો. આ હતી મારી

કાળગુજારી. વિશ્વના સૌથી મહાન વ્યક્તિની મારી ઉપરની મહેરબાની.

અમીરૂલ મોઅમેનીનના ખ્વાબમાં આવવા અંગે ઇલસ્ટ્રેટેડ વીકલી ઓફ ઇન્ડિયાના તંત્રી ખુશવંત સિંઘના ડી. એફ. કરાકા સાથે એક ઐતિહાસિક ઇન્ટરવ્યુ

મેં સ્વપ્નમાં હઝરત અલી (અલ.)ને એવી રીતે જોયા છે જેવી રીતે કે એક મીટર દૂરથી તમને જોઈ રહ્યો છું. હું નથી સમજી શકતો કે મારા જેવાને ઈમામ અલી પોતાની ઝિયારતથી કેમ નવાજે છે.

(ડી. એફ. કરાકા)

કરાકાના ઉપરોક્ત દાવાથી મારી ખુદાના અસ્તિત્વ અંગે શકશુબાવાળી વિચારધારામાં ધરતીકંપ પેદા થઈ ગયો. મારા દિમાગમા ઝલઝલો પેદા થઈ ગયો.

(ખુશવંત સિંઘ)

મુંબઈના પ્રખ્યાત અંગ્રેજી ઇલસ્ટ્રેટેડ વીકલીના તંત્રી શ્રી મિ. ખુશવંતસિંઘ અંગ્રેજી વિકલી કરંટના એડીટર મિ. ડી. એફ કરાકાને હઝરત અલી (અલ.) સ્વપ્નમાં આવ્યા તે અંગે પોતાના લોકપ્રિય દૈનિકમાં લખે છે કે હું તો ખુદાના અસ્તિત્વ અંગે પણ પાકો વિશ્વાસુ નથી. તેમાં પણ મારી વિચારધારા શકશુબાવાળી છે. જ્યારે મેં આ વાત જાણી - વળી મારો આ મિત્ર જુઠું ન બોલે એ વાતની મને ખાત્રી છે. ત્યારે મારી આ અશ્રદ્ધાની ઈમારતના પાયા હચમચી ગયા. હું વિચારમાં પડી ગયો. મિસ્ટર કરાકા અને ખુશવંતસિંઘ એકબીજાના ખાસ મિત્રો પણ છે. મિ. ખુશવંતસિંઘ પોતાના પહેલી ઑક્ટોબર ૧૯૭૨ના પેપર ઇલસ્ટ્રેટેડમાં લખે છે કે

મારી સમક્ષ જ્યારે કોઈ આધ્યાત્મિક અથવા રૂહાની-બાતીની અનુભવની વાત કરે છે તો તેને હું કદી માનતો નથી. હું તો આવી રૂહાની કે આધ્યાત્મિક વાતોને સ્વીકારતો નથી. જેવી રીતે કોઈને ભૂતની મુલાકાત થઈ એમ જ માનું છું. આવી વ્યક્તિને હું ધુની અથવા જેના સાનભાન ઠેકાણે નથી એવો માનું છું. પરંતુ આ જ વાત જ્યારે કોઈ એવી વ્યક્તિ કહે છે જેને હું વરસોથી જાણું છું, ઓળખું છું, મળું છું, સમજું છું. જે પોતે પણ મારા જેવા જ વિચારો ધરાવનારો છે. જે પોતે પણ આવી રૂહાની કે આધ્યાત્મિક વાતોને સ્વીકારતો નથી. વળી જે પોતે પણ કોઈ પાકી ઈશ્વરશ્રદ્ધા ધરાવતો નથી. ખુદાના અસ્તિત્વ માટે તે પોતે પણ શકશુબો ધરાવે છે. આવી વ્યક્તિએ જ્યારે રૂહાની-બાતીની-આધ્યાત્મિક વાત કરી ત્યારે મારા વિચારોમાં

ધરતીકંપ પેદા થઈ ગયો. મારી ખુદાના અસ્તિત્વ અંગેની શકશુબાવાળી શ્રદ્ધા અંધશ્રદ્ધામાં ફેરવાઈ ગઈ. અત્યાર સુધી રૂહોની - આત્માની મુલાકાતોને, હું ઈન્સાની દિમાગોના ખ્યાલો સમજતો આવ્યો હતો, એને બીમારી સમજતો હતો. તે વાત ગલત સાબિત થઈ.

એક વખત એક અંગ્રેજ લેખિકા (RUSA MANDLEBMEN) રોઝા મંદ લેબમિનથી મારી મુલાકાત થઈ. જેના બે પુસ્તકો વાંચીને હું ઘણો જ પ્રભાવિત થયો હતો. છેલ્લા ૧૨ વર્ષથી તેણે કોઈપણ કિતાબ લખી ન હતી. મેં તેને પૂછ્યું : આવું કેમ ? તો તેણે ઘણી જ હળવાશથી જરાય ખચકાટ વગર જવાબ આપ્યો : “આ સમય દરમ્યાન હું મારી દીકરીની સાથે એટલી બધી પ્રવૃત્ત રહી કે મને કંઈપણ લેખનકાર્ય કરવાનો સમય જ ન મળ્યો.”

અરે બાપ રે... એની પુત્રીનું મૃત્યુ થયાને ૧૨ વર્ષ થયા હતા, અને આ શું રોઝા મંદ તેની મુલાકાતની વાત વર્તમાનકાળમાં કરી રહી છે. જાણે તે હયાત છે. હાજર છે. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. આ તો એક વાત થઈ.

હવે બીજી મારા મિત્ર દોસુ કરાકાની (મિસ્ટર ડી. એફ. કરાકા) વાત કરૂં. જેઓ કરંટ અખબારના તંત્રી છે. તેઓ હદ વટીને પિશ્ચમ વિચારસરણી ધરાવનાર પારસી છે. બધી જ રીતે તેઓ વિદેશી-યુરોપીયન વિચારધારામાં માનનારા છે. ઑક્સફર્ડ યુનિવર્ડસિટિના વડા તરીકે પણ રહી ચૂક્યા છે. ત્રીસથી વધારે પુસ્તકોના લેખક છે. "અરે ભાઈ"ના મથાળા હેઠળ તેઓ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં હાસ્ય અને વિનોદ પ્રેરિત કોલમ લખે છે. તેઓ આરામપસંદ છે. આનંદ પ્રમોદથી

જીવનારા છે. વળી મારી જેમ જ ખુદાના અસ્તિત્વ માટે શકશુબાવાળી વિચારધારામાં માનનારા છે. તેમણે હંમેશા ધાર્મિક તેમજ રાજકીય આડંબર કરનારાઓની હાંસી ઉડાડી છે. બલકે ધાર્મિક તેમજ રાજકીય દંભી અગ્રેસરોની પોલ ઉઘાડનારા છે.

અચાનક ઈ.સ. ૧૯૫૪ની એક રાતના તેઓને એક રૂહાની (આધ્યાત્મિક) અનુભવ થાય છે. હઝરત અલી (અલ.) ઊંઘની  હાલતમાં તેઓની પાસે તશરીફ લાવે છે. મિસ્ટર કરાકા પુરા વિશ્વાસ સાથે કહે છે કે તમે (ખુશવંત સિંઘ) મારાથી એક મીટર જેટલા દૂર બેઠા છો, અને હું તમને જે રીતે જોઈ શકું છું, કે તમારી દાઢીના ક્યા ક્યા વાળ સફેદ છે, અને ક્યા ક્યા વાળ કાળા છે. તેનાથી પણ વધારે સ્પષ્ટ રીતે મેં હઝરત અલી (અલ.) ને જોયા છે.

આ સમજવા માટે કે તેઓ કેટલા મોટા દરજ્જાના છે, તેમનો મરતબો શું છે ? વગેરેની જાણકારી માટે મને થોડોક સમય લાગ્યો. વળી તેઓ મારા જેવા માણસ પાસે કેમ તશરીફ લાવ્યા ! વળી તેઓની પાસે કેમ ન ગયા જેઓ રૂહાની રીતે મારાથી કંઈ દરજ્જે વધારે છે. એ જેઓ તેમની મુલાકાતના મુન્તઝીર છે તેમની પાસે કેમ તશરીફ લઈ જતા નથી. જેઓ રૂહાની લોકો છે. મિસ્ટર કરાકા કહે છે કે તેમને એક વખત નહિ પરંતુ અનેક વખત હઝરત અલી (અલ.)ની ખ્વાબમાં ઝિયારત નસીબ થઈ છે.

મેં કહ્યું કે શાયદ તમે ઈરાની નસલથી છો, અને ઈરાનના હોવાથી એક ઐતિહાસિક સંબંધ હોય. મિ. કરાકાએ ઈનકાર કરતા જણાવ્યું કે હઝરત અલી (અલ.) તો અરબ નસલથી છે. વળી આપ

ઈરાકમાં આરામ ફરમાવી રહ્યા છે ન કે ઈરાનમાં. મને એમ મહસુસ થાય છે કે મારા માટે રૂહાની દુનિયાનો દરવાજો અલ્લાહે ખોલી દીધો છે. વળી હઝરત અલી (અલ.) તો બીજા અનેક અવલીયા અલ્લાહથી પણ મુલાકાતો કરે છે. તેની સાથે વાતો પણ કરે છે.

આવી ઘટનાઓ મારા માટે ઘણી જ પરેશાન કરનારી છે. આવી વાતો જાણીને હું આશ્ચર્યમાં ગરકાવ થઈ જાઉં છું. મેં મિસ્ટર કરાકાનું નવું પ્રકાશિત થયેલ પુસ્તક વાંચ્યું છે. જેનું એક પ્રકરણ છે. THEN CAME HAZRAT ALI, જે મિસ્ટર કરાકાના જીવનનો ઘણો જ અગત્યનો બનાવ છે. આ ઘટનાનો સંપૂર્ણ સંબંધ રૂહાનિયત સાથે છે. આ પુસ્તક મિ. કરાકાના અન્ય પુસ્તકોની જેમ જ વાંચકોને આકર્ષણ પેદા કરનારું અને રૂહાનિયતથી

ભરપુર છે. આ આખા પુસ્તકમાં ક્યાંય બકવાસ નથી બલકે એટલી અસર ઉપજાવે છે કે વાંચક તેમાં ખોવાઈ જાય છે.

## મોઅજિઝા – ૬૭

## હઝરત અમીરૂલ  મોઅમેનીને જન્નત અને જહન્નમની જલક બતાવી

હઝરત અલી (અલ.) ની ખિદમતમાં આપના અસહાબની એક જમાતે હાજર થઈ વિનંતી કરી કે હઝરત મૂસા (અલ.) ના વસીએ પોતાના અસહાબને દલીલો, નિશાનીઓ અને મોઅજિઝાઓ બતાવ્યા. હઝરત ઈસાના વસીએ પણ પોતાના માનવાવાળાઓને આ વાતો બતલાવી. જો આપ પણ અમને કોઈ મોઅજિઝો બતલાવો તો અમને સંતોષ થઈ જાય. હઝરત અબીયાત બહરતૈનની (કોઈ સ્થળ - જગ્યા) તરફ તશરીફ લાવ્યા. સાથે અસહાબ પણ હતા. આપે બિલકુલ અવાજ વગર હોઠ મુબારક વડે કોઈ દુઆ અદા ફરમાવી. પછી આ લોકોને ફરમાવ્યું : તમારી ઓઢેલી ચાદરો ખોલી નાખો. ઠંડીના કારણે આ લોકોએ ચાદરો ઓઢેલી હતી.

બસ આટલું કહેવું હતું કે એક તરફ બાગાત અને નહેરો મોજુદ હતી. બીજી બાજુ આગની ભઠ્ઠીઓ અને આગ મોજુદ હતી. કેટલાક લોકોએ કહ્યું: જાદુ છે જાદુ, કેટલાક લોકોએ સાબિતકદમ્ રહીને આપની વિલાયતની તસ્દીક કરી, ગવાહી આપી, ઈન્કાર ન કર્યો.

## મોઆજિઝા – ૬૮

# યા અલી ! તમારા દુશ્મનોને હલાક કેમ નથી કરતા ? અગર આપ બા-કરામાત છો !

એક પુરુષ અને એક સ્ત્રી હઝરત અલી (અલ.)ની સેવામાં પોતાનો વિવાદ-ઝઘડો લઈને આવ્યાં. પુરુષે સ્ત્રી ઉપર ઝુલ્મ કર્યો હતો. હઝરતે પુરુષને ફરમાવ્યું : મસખ થઈ જા. ફેરવાઈ જા, તેનું માથું કૂતરાના માથા જેવું થઈ ગયું. આ વ્યક્તિ ખારજી હતો. ખારજી કહેવા લાગ્યો : આપ આવો હાલ મઆવીયાનો કેમ નથી કરતા ?

હઝરતે ફરમાવ્યું : તમારો નાશ થાય. જો હું ઇચ્છું તો મઆવીયાને પોતાના તખ્ત સહિત મારી સમક્ષ હાજર કરી દઉં. જો હું અલ્લાહથી દુઆ કરૂં તો આવું થઈ શકે છે. પરંતુ અમે લોકો તો

અલ્લાહતઆલાના ખઝાના છીએ. સોના, ચાંદીના નહીં, અલ્લાહના ભેદોના ખઝાના છીએ. શું તમને લોકોને અલ્લાહની શક્તિનો ખ્યાલ નથી ? અલ્લાહની કુદરતમાં કશુંય મુશ્કેલ નથી. શું તમે લોકોએ આ આયત નથી પઢી ?

**બલ એબાદુમ મુકરમૂન. લાયસબેકૂનહુ બિલ કૌલે વહુમ બે અમરેહી યઅ્મલૂન.**

(સૂરએ અંબિયા આ નં. ૨૬, ૨૭)

**અર્થાત** : - બલકે તેઓ (ફરિશ્તા) અલ્લાહના નેક બંદા છે. જેઓ કોઈપણ વાત કહેવામાં તેનાથી પહેલ નથી કરતા, માત્ર તેની આજ્ઞા પ્રમાણે જ અમલ કરતા રહે છે.

જો મને મઆવીયાને પાયમાલ કરવા માટે- તેના નાશ માટે દુઆ કરવાની ઇજાઝત આપવામાં

આવે તો દુઆની કબૂલીયાતમાં સહેજે મોડું નહીં થાય.

**નોંધ** :-અંબિયા અને અવસીયા માટે અલ્લાહના હુકમથી મોઅજિઝા અમલમાં આવે છે. જો આપણે કુઆર્નનો અભ્યાસ કરીએ તો સમજાશે કે અલ્લાહે મુકર્રર કરેલો વખત ઝાલીમોને મળે છે. હઝરત મુસા (અલ.)ને હુકમ થયો કે અય મુસા ! તમે ફિરઓનના માટે બદદુઆ કરો. હઝરત મુસાએ બદદુઆ કરી, પછી ૫૦૦ વર્ષ વીતી ગયાં, ત્યારબાદ ફિરઓન હલાક થયો. ત્યાં સુધી આ ઝાલીમને માથું દુ:ખવા જેટલું દર્દ પણ થયું નથી. આ બાબતમાં ઈમાનવાળાઓની પણ કસોટી થાય છે કે તમારું ઇમાન બિલગયબ છે કે નહિ. તમને અમારા હાદીઓ અંબિયા કે અવસીયા ઉપર વિશ્વાસ

છે કે નહિ. અલ્લાહના નેક બંદાઓ ગયબ ઉપર ઇમાન લાવે છે.

હઝરત નુહ (અલ.) ને કહેવામાં આવ્યું કે તમે હવે આ ઝાલિમ લોકો માટે બદદુઆ કરો. એમનો સમય ભરાઈ ગયો છે. હઝરત નુહે બદદુઆ કરી. અલ્લાહે દુઆ કબૂલ કરી પછી ફરમાવ્યું : અય મારા બંદા ! મારો અઝાબ આવી ગયો છે. તું શું ઇચ્છે છે ? ત્યારે હઝરત નુહ અલ્લાહને કહે છે : "યા અલ્લાહ ! તું તેઓને માફ કરી દે, તો પણ તેઓ તારા બંદા છે અને અઝાબ આપે તો પણ તેઓ તારા બંદા છે. "અલ્લાહને નબીના આ શબ્દો એટલા પસંદ પડે છે કે અલ્લાહ તેનું વર્ણન કરે છે. આથી આ વાત પણ ફલિત થાય છે કે અંબિયા કે અવસીયાના દીલોમાં મખલુકે ખુદા માટે કેટલી રહમત હોય છે. નબીને આટલા બધા સતાવ્યા,

માર્યા, પરેશાન કર્યા, ઝલીલ કર્યા, નાફરમાની કરી, છતાં પણ અઝાબ આવી ગયા પછી નબી કહે છે કે “અલ્લાહ ! તું તેઓને માફ કરી દે, તે પણ તારા બંદા છે.”

હઝરત ઈબ્રાહીમ (અલ.) અલ્લાહના ઉલૂલ અઝમ નબીનો કિસ્સો પ્રખ્યાત છે. આપ હંમેશા કોઈપણ મહેમાનની સાથે જ ખાવાનું ખાતા હતા. નુક્કડ ઉપર ઊભા રહેતા, કોઈ મુસાફર મળી જાય તોે બોલાવી લાવતા, પછી તેની સાથે ખાવાનું ખાતા. એક દિવસ એક આવો જ મુસાફર મળી ગયો. આપની સામે જમવા બેઠો. આપે હાથ નાખતાં પહેલાં ફરમાવ્યું : બોલો અલ્લાહ રહમાન અને રહીમના નામ સાથે, પેલો માથા ફરેલ જાહિલ હતો. કહેવા લાગ્યો : હું અલ્લાહને રહમાન કે રહીમ નથી માનતો. અલ્લાહની રહમતનો ઇન્કાર કરનાર-

સિફતે ખુદાનો ઇન્કાર કરનાર માટે નબીનું ગુસ્સે થઈ જવું બીલકુલ વાજબી હતું. આપે કહ્યું : ઊઠી જા. તે ચાલતો થયો, ખાધા વગર જ. તેની ઉમર લગભગ ૪૫ વરસ જેટલી હતી. તરત જ અલ્લાહની વહી નાઝિલ થઈ. ઓ મારા નબી... મારા બંદા, તે મને રહમાન અને રહીમ નથી માનતો છતાં હું તેને ૪૫ વરસ થયા, ખાવાનું (રોઝી) આપું છું. હું તેને ભૂખે નથી મારતો અને તેં તેને એક ટંકના ખાણામાંથી ઊઠાડી મૂક્યો. હઝરત ઈબ્રાહીમ (અલ.) તરત જ દોડતા પેલાની પાછળ ગયા. તેને પટાવી - સમજાવી - રાજી કરીને ઘેર લાવ્યા. ખાણું ખવડાવ્યું અને અલ્લાહથી માફી માગી. મારા ખુદા ! બેશક તું રહમાન અને રહીમ છે.

અલ્લાહ ઝાલીમોની જલ્દી પકડ નથી કરતો. કારણ કે પોતાના નેક બંદાઓને જન્નતની નેઅમતો આપવી છે. તેમની કસોટી કરવી છે. તેમની પરીક્ષા લેવી છે. ગયબ ઉપર યકીનનું નામ ઈમાન છે. દુનિયા, દુનિયાની લઝ્ઝતો, હલાલ હરામ, જાઇઝ, નાઝાઇઝ, મકરૂહ, મુબાહ, દુનિયાની સ્ત્રીઓ, તેની લઝ્ઝતો, બધું જ આપણી સામે મૂકી દીધું. આપણને શક્તિ, સમય, માલ દવલત બધું જ આપી દીધું. કુઆર્ન પણ આપ્યું હઝરત મોહંમદ (સલ.) જેવા નબી આપ્યા, આપના પછી બાર ઈમામો આપ્યા. જેઓ આપણી દોરવણી કરે. જન્નતનો વાયદો પણ કરી દીધો. જન્નતને ગયબમાં રાખી. અલ્લાહ આપણને જોઈ રહ્યો છે કે મારા બંદા પરીક્ષામાં કેવા પાસ થાય છે.

અમીરૂલ મોઅમેનીને પેલા ખારજીને જવાબ આપ્યો કે  ઓ જાહિલ ! મારો ખુદા મને કહેશે કે મઆવીયા માટે બદદુઆ કર તો હું મઆવીયાને તેના તખ્ત સહિત મારી સામે બોલાવી મંગાવીશ. તેને હલાક કરીશ.

ક્યાં મોઅજિઝાથી કામ લેવું ? ક્યાં માદૃયાત, સાધન-સામગ્રી - શક્તિ વગેરેના ઉપયોગથી કામ લેવું ? આ બધુ અલ્લાહની મરજી ઉપર અવલંબિત છે.

# મોઅજિઝા – ૬૯

## અમીરૂલ મોઅમેનીને એલાન ફરમાવ્યું : રસુલુલ્લાહ (સલ.)નો કોઈ વ્યક્તિથી કોઈ વાયદો હોય અથવા કરઝ હોય તો તે માણસ મારી પાસે આવે.

અબુ હમઝા અલી બિન હુસૈન અને આપ પોતાના પિતાજીથી રીવાયત કરે છે કે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) એ એલાન ફરમાવ્યું :

"જે કોઈ વ્યક્તિ સાથે રસુલુલ્લાહ (સલ.) એ કોઈ વાયદો કર્યો હોય અથવા રસુલુલ્લાહ (સલ.) ઉપર કોઈનું કરઝ હોય તો આવી વ્યક્તિઓ મારી પાસે આવે."

જે કોઈ કરઝ લેવાવાળો કે વાયદાવાળો અમીરૂલ મોઅમેનીન પાસે આવતો, આપ પોતાના મુસલ્લાનો ખૂણો ઉઠાવતા અને પેલા માંગનારની વસ્તુ મુસલ્લા નીચેથી કાઢી માંગનારને આપી દેતા.

હઝરત ઉમરે આ એલાન સાંભળ્યું અને જોયું કે અલી તો આ રીતે માગનારને તેની માંગેલી કે રસુલના વાયદા પ્રમાણેની વસ્તુઓ આપી દે છે. એનાથી આપણી પ્રતિષ્ઠા, આપણી આબરૂના કાંકરા થઈ જાય છે.

હઝરત અબુબકરે કહ્યું : તો શું કરવામાં આવે ? હઝરત ઉમરે કહ્યું : કે તમે ખલીફા છો, તમે પણ એ જ પ્રમાણેનું એલાન કરી દો જેવું કે તેમણે કર્યું છે. તમે પણ તે જ વસ્તુઓ મેળવી લેશો. જેથી હઝરત અબુબકરે પણ એલાન કરી દીધું. હઝરત અલી (અલ.)ને જ્યારે આ વાતની ખબર પડી તો

અસહાબને કહ્યું : નજીકના ભવિષ્યમાં જ પસ્તાવું પડશે. તેઓ આ પ્રમાણે કરી શકે નહિ.

કારણ કે હઝરત અબુબકર લોકોએ ચૂંટી કાઢેલા, ચુંટણીવાળા ખલીફા હતા. બાદશાહ હતા. જેથી એક મિનજાનિબિલ્લાહ અલ્લાહે નિયુક્ત કરેલા ખલીફા સાથે જે મોઅજિઝાત, કરામત હોય છે તે વસ્તુ તેમની પાસે નથી હોઈ શકતી.

હઝરત અબુબકરના એલાનના બીજા જ દિવસે સવારમાં જ્યારે કે તેઓ મોહાજેરીન અને અનસારના સમૂહ વચ્ચે બેઠા હતા, એક આઅ્રાબી આવ્યો. પુછ્યું : તમારામાંથી રસુલના વસી કોણ છે ? લોકોએ હઝરત અબુબકર તરફ ઈશારો કર્યો. તેણે હઝરત અબુબકરને પુછ્યું : રસુલુલ્લાહના વસી અને ખલીફા તમે છો ? જવાબ આપ્યો : હાં, હું છું. તમે શું ઇચ્છો છો ? પેલાએ કહ્યું : કે રસુલુલ્લાહ

(સલ.) એ મને એંસી ઊંટણીઓનો વાયદો કર્યો હતો. તે મને આપી દો.

હઝરત અબુબકરે પુછ્યું : તમારે કેવા પ્રકારની ઊંટણીઓ જોઈએ છે ? પેલાએ ઉત્તર આપ્યો. રસુલુલ્લાહે મને સુરમી આંખોવાળી લાલ ઊંટણીઓ આપવાનો વાયદો કરેલો છે. હઝરત અબુબકરે હઝરત ઉમર તરફ જોયું : કહ્યું : બોલો હવે શું કરૂં ? તેમણે કહ્યું : આ આઅ્રાબી જાહિલ છે. તેની પાસે ગવાહ માગો. આઅ્રાબીને કહેવામાં આવ્યું, તમારી વાત સાચી હોવા માટેના ગવાહ રજૂ કરો.

આઅ્રાબી અકળાયો : તમે રસુલુલ્લાહના વાયદા ઉપર ગવાહ માંગો છો ? તમે કેવી વાત કરો છો ? ખુદાની કસમ. તમે ન રસુલુલ્લાહના વસી છો ન ખલીફા. આ જોઈને હઝરત સલમાન

ફારસી રઝીયલ્લાહો તઆલા અન્હો ઊભા થઈ ગયા. આઅ્રાબીને કહ્યું : મારી સાથે ચાલો... હું તમને રસુલુલ્લાહ (સલ.)ના વસીની પાસે લઈ જાઉં. આઅ્રાબી તેમની સાથે થઈ ગયો. અમીરૂલ મોઅમેનીન અલી (અલ.) ની પાસે હાજર થયો.

આઅ્રાબીએ પુછ્યું : આપ રસુલુલ્લાહના વસી છો ? હઝરતે ફરમાવ્યું : હા, હું રસુલુલ્લાહનો વસી છું. બોલો તમે શું ઇચ્છો છો ? પગંબરે ઈસ્લામે સુરમી આંખોવાળી એંસી લાલ ઊંટણીઓ આપવાનો મને વાયદો કર્યો હતો, તે આપો. અમીરૂલ મોઅમેનીને પુછ્યું : શું તમે તમારા ખાનદાન સાથે મુસલમાન થયા છો ? આ સાંભળતાં જ આઅ્રાબી હઝરતના કદમોમાં પડી ગયો. પછી હઝરતના હાથો ચૂમવા લાગ્યો. તે કહેવા લાગ્યો, હું ગવાહી આપું છું કે આપ રસુલુલાહ (સલ.) ના વસી

અને ખલીફા છો. આ જ શરત મારી અને રસુલુલ્લાહની વચ્ચે નક્કી થઈ હતી. અમે તમામ લોકો - પુરું ખાનદાન મુસલમાન થયું છે. આખા કુટુંબના મુસલમાન થવા ઉપર જ પેગંબરે ઈસ્લામે મને એંસી સુરમી આંખોવાળી લાલ ઊંટણીઓ આપવાનો વાયદો કર્યો હતો.

હઝરતે ફરમાવ્યું : અય હસન, ફલાણી વાદીમાં સલમાનની સાથે જાઓ. પછી એલાન કરો, અય સાલેહ ! જ્યારે જવાબ આવે તો તેમને કહો કે અમીરૂલ મોઅમેનીને સલામ કહેવડાવ્યા છે. સાથે ફરમાવ્યું છે કે પેલી એંસી ઊંટણીઓ આપો જેનો વાયદો રસુલુલ્લાહ (સલ.) એ આ આઅ્રાબીને કર્યો હતો.

આઅ્રાબી કહે છે કે અમે વાદી તરફ ચાલ્યા. ઈમામે હસન (અલ.) એ અવાજ આપી, અય સાલેહ

! જવાબ મળ્યો, હાજર છું, અય ફરઝંદે રસૂલ. ઈમામ હસન (અલ.) એ અમીરૂલ મોઅમેનીનના સલામ પહોંચાડ્યા, સાથે સંદેશો પણ સભળાવ્યો.

કહ્યું કે હું અમીરૂલ મોઅમેનીનના હુકમની તાબેદારી કરવા તૈયાર છું. તે જ વખતે જમીનમાંથી ઊંટણીઓની એક કતાર બહાર નીકળી. એક પછી એક એંસી ઊંટણી જેમની આંખો સુરમી હતી અને રંગ લાલ હતો. સલમાને ઊંટણીઓ આઅ્રાબીને સોંપી દીધી.

**નોંધ** :- પેંગબરે ઈસ્લામ (સલ.) એ ફરમાવ્યું : મારી વફાત પછી અલી મારા વાયદાઓને પૂર્ણ કરશે અને મારા કર્ઝ અદા કરશે."

જ્યારે પેગંબર (સલ.)નો ઇન્તિકાલ થયો ત્યારે હઝરત અલી (અલ.) એ એક વ્યક્તિ પાસે એલાન કરાવ્યું કે જો કોઈને રસુલુલ્લાહ (સલ.) એ

વાયદો કર્યો હોય અથવા જો કોઈનું કર્ઝ રસુલુલ્લાહ (સલ.) ઉપર હોય તો મારી પાસે આવે. હઝરત અલી (અલ.) આ રીતે દર વરસે હજના દિવસોમાં ઉકબા પાસે એલાન કરાવતા. આપની હયાતે જિંદગી સુધી લગાતાર આ એલાન થતું રહ્યું. આપની વફાત પછી હઝરત ઇમામ હસન (અલ.) અને ત્યારબાદ હઝરત ઈમામ હુસૈન (અલ.) તરફથી પણ આ જ રીતે દર વર્ષે હજમાં આ એલાન થતું રહ્યું. ત્યાર બાદ આ ક્રમ બંધ થઈ ગયો.

(તબકાત ઈબ્ને સઅદ ભાગ-૨ પેજ નં. ૩૧૯ કિતાબ એહલે સુન્નત)

(જુઓ અમારી કિતાબ હઝરત અમીરૂલ મોઅમેનીન અલી (અલ.)નું જીવનચરિત્ર ભાગ-૩ પ્રકરણ - ૪૫ પેજ નં. ૪૩૭)

# મોઅજિઝા – ૭૦

# હું સાત આસમાનો, ફરિશ્તા અને અંબિયાને જોઉં છું

અમર બિન અલહમક રિવાયત કરે છે કે જે દિવસે અમીરૂલ મોઅમેનીનને ફૂફામાં ઝરબત લાગી, હઝરતની તકલીફ જોઈને ઉમ્મે કુલસુમ રઝિયલ્લાહો તઆલા અન્હા રડવા લાગ્યાં. હઝરતે ફરમાવ્યું : બેટી ઉમ્મે કુલસુમ ! તું રડે છે તેથી મને વધારે દુ:ખ થાય છે. બેટા જે હું જોઉં છું તે તું નથી જોઈ શકતી. તારો બાપ જે જુએ છે તે જો તું જોઈ લે તો તું હરગિઝ ન રડે.

સાત આસમાનોના ફરિશ્તા અને અંબિયા એકબીજાની પાછળ ઊભેલા છે. મને આવકારે છે કે અય અલી ! અમારી પાસે ચાલ્યા આવો, તમે જે

પરિસ્થિતિમાં છો, તેના કરતાં જે તરફ તમે આવી રહ્યા છો તે તમારા માટે બહુ જ બેહતર છે.

# મોઅજિજા – ૭૧

## બદબખ્ત ઈબ્ને મુલજિમને સજા

અબુલ હસન અલી બિન અહમદ બિન મોહંમદ બિન અમરનું વર્ણન છે કે મેં અબુલ કાસિમ હસન બિન મોહંમદ મઅરૂફ બિન વફાને વર્ણન કરતાં સાંભળ્યા. તેઓ કહે છે કે હું મસ્જિદે હરામમાં (કાબતુલ્લાહમાં) મોજુદ હતો. મેં લોકોને જોયા કે તેઓ મકામે ઈબ્રાહીમની આસપાસ એકત્ર થઈ રહ્યા છે. મેં પુછ્યું શુ વાત છે ? લોકોએ કહ્યું : એક રાહિબ આવેલો છે. હું પણ ત્યાં ગયો. તે એક શૈખ હતો. તેણે ઊનનો ઝભ્ભો પહેર્યો હતો. માથે ટોપી મૂકી હતી. ઘણી બોડીવાળો મજબૂત માણસ હતો. તે મકામે ઈબ્રાહીમની સામે બેઠેલો હતો. તે લોકોને કહી રહ્યો હતો :

હું મારા ગિરજાઘરમાં બેઠેલો હતો. ત્યાંથી મેં ગધેડા આકારના એક મોટા પક્ષીને જોયું. આ પક્ષી સમંદર કિનારે આવેલા એક મોટા પથ્થર ઉપર આવીને પડ્યું. તેણે ઈન્સાનના શરીરના ચોથા ભાગને ત્યાં ફેંક્યો. પછી ઉડીને ચાલી ગયું. થોડી વારમાં ફરી પાછી ઈન્સાની શરીરના ચોથા ભાગને લઈને ફેંકી ગયું. એક મિનિટ દોઢ મિનિટ પથ્થર ઉપર ઊભા રહી ત્રીજી વખત ઉડીને ઈન્સાની શરીરના ચોથા ભાગને લઈને આવ્યું. પથ્થર પર તે ટૂકડો ે ફેંક્યો. ફરી ઉડી ગયું ચોથા વખત તે જ પ્રમાણે ઈન્સાની શરીરના ચોથા ભાગને લઈને આવી પેલા અગાઉ નાખેલા 3 ભાગો સાથે નાખી દીધો.

પક્ષીએ આ ચારેય ભાગોને જોડી દીધા તો એક ઈન્સાન ઊભો થઈ ગયો. હું આ બધી જ

પરિસ્થિતિ ગિરજાઘરમાંથી જોઈ રહ્યો હતો. આ ગધેડા આકારનું પક્ષી પેલા ઈન્સાન ઉપર તૂટી પડ્યું. એવો વાર કર્યો કે આ ઈન્સાનના શરીરનો ચોથો ભાગ કાપી નાખ્યો, તે લઈને ઊડી ગયું. આ રીતે બીજી, ત્રીજી અને ચોથી વખત આવી આ પક્ષી પેલા ઈન્સાનના ચારેય ભાગોને ક્યાંક લઈ ગયું. હું ઘણો જ પરેશાન થઈ ગયો. આ અજીબો ગરીબ ઘટનાએ મને બેચેન કરી દીધો.

થોડીકવાર પછી આ પક્ષી ઈન્સાની શરીરનો ચોથો ભાગ લઈને આવ્યું. પેલા જ પથ્થર ઉપર ફેંક્યો. હું એકદમ ઝડપથી ગિરજાઘરમાંથી બહાર નીકળી પથ્થર પાસે આવ્યો. વિચાર્યું કે જો મને પક્ષી જોઈ જશે તો કદાચ આવશે નહિ. અને એટલીવારમાં જ પેલું પક્ષી ઈન્સાની શરીરનો ચોથો ભાગ લઈને પથ્થર પર ફેંકી ઊડી ગયું. હું બીજા

એક પથ્થર પાછળ પરંતુ આ પથ્થરથી બિલકુલ નજીક સંતાઈ ગયો. વારા ફરથી એક પછી એક માણસ શરીરના બીજા ત્રણ ટૂકડા પણ આ પક્ષી લઈને આવ્યું. પેલા પથ્થર ઉપર ફેંકી દીધા. પછી મોઢા વડે તે ટુકડાઓને ઘસેડીને એકત્ર કર્યા. તો એક માણસ ઊભો થઈ ગયો. જેવો આ માણસ ઊભો થયો, હું પથ્થરની બહાર આવી ગયો. મને જોઈને પક્ષી ઊડી ગયું.

પેલો વ્યક્તિ ઊભો હતો. હું તેની નજીક પહોંચી ગયો. જેથી કુદરતનો આ ભેદ સમજી શકું. પુછ્યું : તું કોણ છે ? આ સાંભળીને તે ખામોશ થઈ ગયો. મેં કહ્યું : તે ઝાતની કસમ ! જેણે તને પેદા કર્યો, તું કોણ છે ? કહ્યું : હું ઈબ્ને મુલજિમ છું. મેં પુછ્યું : તે કયો ગુનો કર્યો છે ? કહ્યું : મેં અલી ઈબ્ને અબી તાલિબને કતલ કર્યા છે.

અલ્લાહતઆલાએ આ ખોફનાક પક્ષીને મારા ઉપર મુસલ્લત કર્યું છે. તે દરરોજ મને કતલ કરે છે.

હજી તો ઈબ્ને મુલજિમ મારી સાથે વાત જ કરી રહ્યો હતો કે પેલું ડરાવનું પક્ષી આવીને તેના ઉપર તૂટી પડ્યું. એવી તરાપ મારી કે તેના શરીરનો ચોથો ભાગ તોડીને ઊડી ગયું. પછી આવ્યું. પછી ચોથો ભાગ, પછી આવ્યું. પછી ચોથો ભાગ આ રીતે પેલાના ચાર ટૂકડા કરીને લઈ ગયું. ક્યાં લઈ ગયું ? ખુદા જાણે.

મને એટલું સમજાયું કે આ ભેદને ઊઘાડો કરવા માટે જ અલ્લાહના સંકેતને અનુસરીને પેલા માણસ સાથે વાત કરવા માટે પક્ષીએ મને મોકો આપ્યો હતો. અલીનો કાતિલ વિશ્વનો સૌથી વધારે ખરાબ માણસ ગણાય. અલી ઈબ્ને અબી તાલિબ રસુલુલ્લાહ (સલ.) ના ઈબ્ને અમ્મ અને વસી છે.

આ વાત મારા દીલમાં ઊતરી ગઈ. હદીસે રસૂલ શીયા સુન્ની બંનેની કિતાબોમાં છે કે અલીનો કાતિલ મારી ઉમ્મતનો સૌથી વધારે બદબખ્ત વ્યક્તિ હશે.

# મોઅજિઝા – ૭૨

# મરહબ પહેલવાનની દાયાની ભવિષ્યવાણી

મરહબને તેની દાયાએ પરિચિત કર્યો હતો કે તમારી સાથે લડનારાઓમાં એક વ્યક્તિ એવો હશે, જેનું નામ હૈદર હશે. જો તમે તેમની સાથે લડાઈ કરી તો હલાક થઈ જશો, મરી જશો. દાયાએ આ વાતો જુની કિતાબોમાં વાંચી હતી. મરહબ પહેલવાન હોવા છતાં પોતાના બાળપણના જમાનાની પોતાની દાયાની આ વાતથી હંમેશા ખોફઝદહ રહેતો હતો. જ્યારે ખયબરનો કિલ્લો ફતેહ ન થયો તો લોકોએ રસુલુલ્લાહ (સલ.)ને વિનંતી કરી કે આ મરહબ પહેલવાન છે. તેના મુકાબલા માટે હઝરત અલી (અલ.) ને મોકલવામાં

આવે. હઝરત અલી (અલ.) ની આંખોમાં તકલીફ હતી. આપ (સલ.) એ અલી (અલ.) ની આંખોમાં પોતાનું લોઆબે દહન (થુક) લગાવી દીધું. જેથી આંખો સહીસલામત થઈ ગઈ.

ફરમાવ્યું : અલી, મને આ મરહબથી છૂટકારો અપાવો. અલી મરહબની પાસે ગયા. જ્યારે મરહબે આપને જોયા તો તે દોડતો આવ્યો અને કહ્યું : હું તે છું જેનું નામ તેની માએ મરહબ રાખ્યું છે. હઝરત અલી (અલ.) એ ફરમાવ્યું : હું તે છું જેની માએ તેનું નામ હૈદર-અઝદર રાખ્યું છે. અઝદરના બે ટૂકડા કરનારો.

મરહબે જ્યારે હૈદર નામ સાંભળ્યું તો ખચકાટ અનુભવ્યો, ડર્યો, ભાગી ગયો, કારણ કે એને એની દાયાના શબ્દો યાદ આવ્યા, કે તને મારનાર - કતલ કરનાર હૈદર નામનો વ્યક્તિ હશે.

ઈબ્લીસ ઈન્સાની પોશાકમાં આવીને મરહબને મળ્યો. પુછ્યું : કેમ પાછા ફરો છો ? કહ્યું : મને આ વ્યક્તિનો ડર લાગે છે કારણ કે એનું નામ હૈદર છે. પછી પોતાની દાયાવાળી વાત કરી. ઈબ્લીસને દાયાની વાત ઉપર વિશ્વાસ ન હતો, એ એમ ઇચ્છતો હતો કે મરહબ સાથે લડીને જો અલી ખતમ થઈ જાય તો મુસલમાનોનું ઘણું મોટું, ન ભરપાઈ થઈ શકે એવું નુકસાન થાય. જેથી બોલ્યો: દુનિયામાં હૈદર ઘણાં બધા છે. આ તે હૈદર નથી જેનાથી તમે ડરો છો. પાછા ફરો. શક્ય છે તમે એને કતલ કરી દો. વળી હું તમારી મદદ પણ કરીશ. મરહબ હઝરત અલી (અલ.) સાથે લડ્યો. અમીરૂલ મોઅમેનીને તેને ફિન્નાર કરી દીધો.

આ રીતે તમામ મઝહબોની પાછલી પુરાની કિતાબોમાં હઝરત અલી (અલ.)ના મોઅજિઝાનુમા શખ્સીયત હોવાની વાતો નોંધાયેલી છે.

# મોઅજિઝા – ૭૩

## ખલીફાનું સ્વપ્ન

જનાબ અલી બિન હારૂન મનજીમ લખે છે કે ખલીફા અબ્બાસી રાઝી બિન મુકતદિર જે બની અબ્બાસનો વીસમો બાદશાહ હતો. તે હિજરીસન ૩૨૨ થી ૩૨૯ સુધી લગભગ ૬ વર્ષ સત્તા ઉપર રહ્યો. હું એના દરબારનો માણસ હતો. ખલીફા રાઝી મારી સાથે ઘણાખરા ધાર્મિક મુદ્દાઓ ઉપર ચર્ચા કરતો. અમૂક વખત તો અમે આ બાબત ઝઘડી પડતા. તે એમ માનતો હતો કે હઝરત અલી બિન અબી તાલિબ ગલતી પર હતા. આપે મઆવીયાની બાબતમાં કોશીશ, આયોજન પ્રયોજનથી (જે આપણે બાંધછોડ કહીશું) કામ ન લીધું.

અલી બિન હારૂન કહે છે કે મેં ઘણા બધાં દૃષ્ટાંતો દ્વારા આ વાત સાબિત કરી દીધી કે જનાબ

અમીરૂલ માઅમેનીન માટે આ શબ્દ પ્રયોગ કરવો કે આપ ગલતી પર હતા, નામુનાસિબ છે. અયોગ્ય છે. બલકે આપનું એક એક કદમ, એકએક પગલું દુરસ્ત અને યોગ્ય હતું. આપ મિનજાનિબિલ્લાહ ઈમામતના હોદ્દા ઉપર હતા, જેથી આપની આંગળીનો એક ઈશારો પણ અયોગ્ય નહીં ગણાય. તે પણ હુકમે ખુદાથી જ હતો.

મારી બધી રીતે હુજ્જત ખતમ કરવા છતાં તે માનતો ન હતો. એક વખત દરબાર વિખરાયા પછી મને બેસાડી રાખી જણાવ્યું કે આપની વાત હઝરત અલી (અલ.)ના મામલામાં સાચી છે. હવે આ બાબત હું કંઈપણ બોલીશ નહિ. તેણે જણાવ્યું કે મેં એક સ્વપ્ન જોયું : હું ઘરની બહાર છું. મારી સમક્ષ એક વ્યક્તિ રજૂ કરવામાં આવ્યો જેનું માથું કૂતરા જેવું - બાકીનું આખું શરીર ઈન્સાન જેવું હતું.

મેં પુછ્યું કે આ કોેણ છે ? તો મને કહેવામાં આવ્યું કે આ તે વ્યક્તિ છે જે મઆવીયાના મુકાબલામાં હઝરત અલી (અલ.) ને કુસુરવાર ગણતો હતો. હું સમજી ગયો કે આ વ્યક્તિ મારા માટે અને મારા જેવા બીજા અનેક લોકો માટે બોધરૂપ છે. મેં તરત જ અલ્લાહથી તોબા કરી કે હવે પછી હઝરત અલી (અલ.)ની શાનમાં કોઈપણ પ્રકારની ગુસ્તાખી-બેઅદબી કરીશ નહિ.

## મોઅજિઝા – ૭૪

## અમીરૂલ મોઅમેનીનની ભવિષ્યવાણી

ઈમરાન પોતાના પિતાજી મયસમ તમ્મારથી રિવાયત કરે છે કે એક દિવસ મને અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબે બોલાવ્યો, પછી ફરમાવ્યું :

તે વખતે તમારી શું હાલત થશે જ્યારે કે બની ઊમય્યાનો એક વ્યક્તિ તમને બોલાવશે, મારાથી છુટા પડી જવા માટે કહેશે. મારાથી નફરત કરવા માટે કહેશે. મેં વિનંતી કરી : હઝરત આ વાત હરગિઝ બની શકશે નહિં કે હું આપની મહબ્બતથી ઈન્કાર કરૂં.

હઝરતે ફરમાવ્યું : “ખુદાની કસમ ! જરૂર તેઓ તમને કતલ કરીને શૂળી ઉપર લટકાવી દેશે.” મેં વિનંતી કરી કે હઝરત હું સબર કરીશ, મારી દૃષ્ટિમાં કતલ થઈ શૂળી ઉપર ચઢી જવું અલ્લાહની રઝામંદીના બદલામાં ઘણી હલકી વાત છે.

હઝરતે ફરમાવ્યું : તમે ચોક્કસ મારી સાથે જન્નતમાં હશો. આ વાતને ઘણો સમય વીતી ગયો. અમીરૂલ મોઅમેનીનની ભવિષ્યવાણીનો એકેએક શબ્દ સાચો પડ્યો.

એક વખત મયસમ રઝિયલ્લાહો તઆલા અન્હોએ પોતાના પુત્ર ઈમરાનને કહ્યું : બનુ ઉમય્યાના ગવર્નર ઈબ્ને ઝિયાદે (જેને ઝિનાઝાદહ કહેવામાં આવતો હતો. પરંતુ આ બનુ ઉમય્યાવાળા પોતાના પ્રદેશોના ગવર્નરને દાઈ કહેતા હતા) આપને બોલાવ્યા. બિલકુલ એ જ પ્રમાણે ભવિષ્યવાણી પૂર્ણ થઈ જે પ્રમાણે મૌલાએ કાએનાત ફરમાવી ગયા હતા. કહેવામાં આવ્યું કે અલીથી બેઝારી - નફરત વ્યક્ત કરો. આ બંદે ખુદાએ સદંતર ઈન્કાર કર્યો. બલકે મૌલાની મહબ્બતનો ઈકરાર કર્યો. આ ઝાલીમે તેને અમર બિન હરિષના

દરવાજા ઉપર ફાંસી આપી. આ તે સમયમાં પણ લોકોને બની ઉમય્યાના ફિત્નાઓથી માહિતગાર કરતા રહ્યા. આ બદમાશે તેમના મોંમા લગામ નાખી દીધી. સૂળી પર લટકાવ્યા પછી આપના મોંમા લગામ આપવામાં આવી. હઝરત અલી (અલ.) એ આપના વિષયમાં જે ભવિષ્યવાણી ફરમાવી હતી તેનો એકેએક શબ્દ સાચો પડ્યો. મૌલાએ કાએનાતે જે કંઈ કહ્યું હતું કે ફલાણો માણસ તમને બોલાવવા આવશે. તમો ફલાણી જગ્યાએ હશો. તમને ફલાણી જગ્યાએ શુળી ઉપર ચઢાવાશે. તે વખતે તમારી આસપાસ આ લોકો હશે. તમારા મોંમા આ લોકો લગામ નાખશે વગેરે વગેરે. શબ્દે શબ્દ ભવિષ્યવાણી સાચી પડી.

# મોઅજિઝા – ૭૫

# હઝરત અલીએ ફરમાવ્યું : અજગરનો ભય મરતાં સુધી ઉમરના દીલમાં રહેશે

હઝરત સલમાન ફારસી રઝિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે હઝરત અલી (અલ.) ને ખબર પડી કે હઝરત ઉમર આપના શીયાઓ વિશે કંઈક વિચારે છે કે આ અલીના ચાહકોને અલીથી અલગ કેવી રીતે કરવા. મતલબ હઝરત ઉમરનો કદમ ઝુલમ તરફ ઊઠવાનો◌ે હતો કે અચાનક મદીનાના એક બાગ તરફ જતાં હઝરત ઉમરની મુલાકાત મૌલાએ કાએનાત સાથે થઈ ગઈ.

અમીરૂલ મોઅમેનીનના હાથમાં તીરની કમાન હતી. આપ મારા શીયાઓને (દોસ્તોને-ચાહકોને) હેરાન-પરેશાન કરવાનું વિચારી રહ્યા છો. હઝરત ઉમર ખામોશ રહ્યા. આપે પોતાના હાથમાની કમાન જમીન ઉપર ફેંકી દીધી. તે ઊંટના

જેવી અજગર બની ગઈ. આ અજગર હઝરત ઉમર તરફ તેમને ગળી જવા માટે આગળ વધ્યો.

હઝરત ઉમર ચીસો પાડવા લાગ્યા - અલ્લાહ ! અલ્લાહ ! અય અબુલ હસન આ શું કરો છો ? હઝરત ઉમરે આહોઝારી રડવા-કકળવાનું ચાલુ કરી દીધું. હઝરત અલી (અલ.)એ અજગર ઉપર હાથ માર્યો, તે અગાઉની જેમ કમાનમાં ફેરવાઈ ગયો. હઝરત ઉમર રડમશ અવસ્થામાં ઘેર ચાલી ગયા.

હઝરત સલમાન વર્ણવે છે કે તે જ રાતના મને હઝરત અલી (અલ.)એ બોલાવ્યો, ફરમાવ્યું કે ઉમરની પાસે ચાલ્યા જાઓ. તેમની પાસે પૂર્વના પ્રદેશોથી ઘણો બધો માલ આવ્યો છે. રાતના આ માલ આવ્યો હોઈ, આ વિગત તેમના સિવાય કોઈ જાણતું નથી. તેઓ તેને પોતાની પાસે રાખી લેવાનો

ઈરાદો કરે છે. તમે જઈને કહો કે અલી કહે છે કે જે માલ તમારી પાસે આવ્યો છે તે માલ તેના હકદારોને પહોંચતો કરવામાં આવે નહીં તો સવારમાં જ આ ભેદ ખોલી નાખવામાં આવશે.

સલમાન હઝરત ઉમરની પાસે ગયા અને સંદેશો પહોંચાડી દીધો. હઝરત ઉમરે સલમાનને કહ્યું : મને બતાવો, તમારા સાહેબને આ બાબતની ખબર કોણે આપી ? શું આવી વાતો આપથી છૂપી રહી શકે છે ? હઝરત ઉમર કહેવા લાગ્યા, સલમાન ! એક વાત મારી જરૂરથી સમજી લો, અલી બહુ મોટા જાદુગર લાગે છે, મને તેમનાથી હંમેશા ડર લાગે છે. યોગ્ય આ છે કે તમે અલીને છોડી દો, એમનો સાથ છોડી દો, મારી ટોળીમાં આવી જાઓ.

સલમાન કહે છે કે મેં કહ્યું : અયોગ્ય છે. કદીપણ આ વાત બની શકે નહિ. અય ઉંમર !

દુનિયાની મહબ્બતે, રાજગાદીની ખ્વાહિશે તમારા મગજ ઉપર કબજો જમાવી લીધો છે. અલી તો નબુવ્વતના ભેદોના વારિસ છે. મેં તો આપના કરતાં વધારે અલી સાથે સમય ગુજાર્યો છે. અનેક વાતોનો અનુભવ કર્યો છે. પછી હઝરત ઉંમરે સલમાનને કહ્યું : તમારા સાહેબને જઈને કહો કે જરાય ચિંતા ન કરે. હું તેમના હુકમને માથે ચઢાવીશ. આ માલને તેના હકદારોમાં વહેંચી દઈશ, તેમને વિશ્વાસ અપાવી દો.

સલમાન કહે છે કે હું હઝરત મૌલાએ કાએનાતની સેવામાં હાજર થયો. ફરમાવ્યું : કે હું તે વાતચીતનું વર્ણન કરૂં જે તમારી અને ઉમરની વચ્ચે થઈ છે. મેં કહ્યું : આપ મારાથી બેહતર જાણો છો. આપે તે પુરેપુરી વાતચીત બતાવી દીધી જે અમારી વચ્ચે થઈ હતી. ફરમાવ્યું : અય સલમાન !

અજગરનો ડર મૃત્યુ સુધી ઉમરના દીલમાંથી નીકળી શકશે નહિ.

નોંધ :- હું આ જગ્યાએ નોંધ જરૂરી સમજું છું. કોઈને પ્રશ્ન થાય કે આ જ હઝરત ઉમર આગ લઈને ફાતેમા સલામુલ્લાહ અલયહાનું ઘર સળગાવવા ગયા હતા. ઘરનો દરવાજો પણ સળગાવી દીધો હતો. જનાબે ફાતેમા (સલા.) દરવાજાની પાછળ જ હતાં. આ સળગતો દરવાજો માસુમા ઉપર પડ્યો. આપની પાંસળી તૂટી ગઈ. જનાબે મોહસીન (અલ.) આપના રહમ મુબારકમાં જ શહીદ થઈ ગયા. જનાબ અલી (અલ.)ને અબુબકરના દરબારમાં લઈ ગયા. બયઅત લેવડાવવા માટે.

હજી નજીકના જ દિવસોમાં હઝરત અબુબકર ખલીફા બનેલા હતા. હઝરત ઉમર

ખલીફાથી સવાયા ખલીફા એવા વઝીર હતા. હઝરત અલી (અલ.) એ અબુબકરથી બયઅત લેવાનો ઈન્કાર કર્યો. બની હાશિમના કેટલાક યુવાનો હઝરત ફાતેમા (સલા.)ના ઘરમાં એકત્ર થતા હતા. હજી અબુબકરની ખિલાફત સ્થાયી થઈ ન હતી જેથી આ લોકોને ભય લાગતો હતો કે કંઈ અમારી હુકુમત ન છીનવાઈ જાય.

ખાલીદ બિન વલીદ જેને મુસલમાનોએ બનાવટી હદીસ ઘડીને સૈફુલ્લાહ (અલ્લાહની તલવાર) બનાવ્યો છે, તે ખરેખર સૈફે અબુબકર હતો આ ઝાલિમની તલવાર હુકુમતના વિરોધીઓ અને મઝલુમ બિન મુસ્લિમો ઉપર ખૂબ જ ચાલી હતી. હઝરત ઉમર જ્યારે જનાબે ફાતેમાનું ઘર સળગાવવા ગયા ત્યારે આ ખાલીદના હાથમાં આગ

આપી હતી. ૫૦ લડાકુઓ - હથિયાર સાથે આ લોકો હુમલો લઈ ગયા હતા.

બની હાશિમના યુવાનો બહાદુર લોકો હતા. આ બધાને પહોંચી વળે તેવા હતા. પરંતુ જનાબે અલી (અલ.) એમ ઇચ્છતા હતા કે હુકુમતના બહાના હેઠળ કદી પણ ખૂન ન વહાવવું જોઈએ. આ લોકો હુકુમતને બહાનું બનાવીને હઝરત અલી (અલ.) ને મારી નાખવા માગતા હતા. પરંતુ હઝરત અલી (અલ.) આ બહાનું ન બનવા દીધું. પોતાના બેદાગ ચરિત્ર ઉપર હુકુમતની લાલચનો દાગ ન પડવા દીધો. બની હાશિમને હુકમ આપ્યો કે વિખેરાઈ જાવ. તેઓ ચાલી ગયા. આ લોકો અલી (અલ.)ની ધરપકડ કરીને હઝરત અબુબકર પાસે લાવ્યા. હઝરત અબુબકરે બયઅત માટે કહ્યું : હઝરત અલી (અલ.) એ સ્પષ્ટ અને ધરાર ઈન્કાર

કરતાં છેવટે આપને એમના હાલ ઉપર છોડી દેવામાં આવ્યા. હઝરત અલી (અલ.) એ કદી પણ કોઈપણ ખલીફાથી બયઅત લીધી નથી.

કોઈ પ્રશ્ન કરે કે આ સમયે ખાસ જરૂરત હતી કે આપ (હઝરત અલી અલ.) કોઈ મોઅજિઝા દ્વારા આ લોકોને રોકી લેત, અથવા હલાક કરત. તો તે કેમ ન કર્યું ? તો યાદ રાખે કે કોઈપણ અંબિયા કોઈપણ મોઅજિઝો ખુદાના હુકમથી જ બતાવે છે. હુકમ અલ્લાહને ત્યાંથી આવે છે. અથવા નબી પરિસ્થિતિથી મજબુર થઈને અલ્લાહથી ઈલ્તિજા કરે છે. તે અગાઉ પણ અલ્લાહ નબીને ઈજાઝત આપે છે.

બીજી વાત અંબિયાની બીજી એક સિફત છે કે તેઓ પોતાની જાત માટે, પોતાના કુટુંબ માટે કે પોતાના અંગત કહેવાય એવા કોઈપણ કાર્યો માટે

કદી મોઅજિઝો નથી બતાવતા, મતલબ એવો મોઅજિઝો જેમાં બીજાની હલાકત હોય, બીજાની તકલીફનો તાત્કાલિક છૂટકારો હોય. જે અન્ય કોઈ દુશ્મનોને અસરકર્તા હોય.

હઝરત અલી (અલ.) નો મરતબો ઘણો જ ઉચ્ચ છે. જેમ હઝરત મોહંમદ (સલ.) સરદારૂલ અંબિયા છે. તમામ નબીઓથી અફઝલ છે. એ જ રીતે હઝરત મોહંમદ (સલ.) ના વસીયો ૧૨ ઈમામો પણ રસુલુલ્લાહ (સલ.) પછી તમામ નબીઓથી અફઝલ છે. મોઅજિઝનુમાઈની રીતે તો ઈમામ અલી તમામ અંબિયાના મદદગાર રહ્યા છે. તમામ નબીઓએ પંજતને પાકના સદકામાં પોતપોતાની ઉમ્મત માટે દુઆઓ કરી છે.

ચૌદ માસુમીન એવી હસ્તીઓ છે કે તેમનાથી તર્કે ઊલા (એવી વાત જે અખલાકી રીતે

ન કરવી જોઈએ, જેને કરવાથી ગુનો પણ ન બનતો હોય) પણ શક્ય નથી. રસુલુલ્લાહ (સલ.)ને બાદ કરતાં તમામ અંબિયાથી તર્કે ઊલા થઈ શકે છે. ઘણા અંબિયાથી તર્કેઊલા છે. પરંતુ આ ચૌદ માસુમીનથી તો આ પણ શક્ય નથી.

એક વખત અમીરૂલ મોઅમેનીન પોતાના અસહાબ સાથે બેઠા હતા. કંઈક કામ પડતાં ગુલામને અવાજ આપી. જે ઘરના ઓરડામાં દિવાલની પાછળ જ બેઠો હતો. અવાજ સાંભળવા છતાં ન આવ્યો. આપે ત્રણ વખત અવાજ આપ્યો ત્યારે સામે આવ્યો. યુવાન હતો. આપે પુછ્યું કે તું ચાર બૂમો પછી હાજર થયો. શું તે અગાઉની ત્રણ બૂમ નથી સાંભળી ? તે બોલ્યો, સાંભળી હતી, યા અમીરૂલ મોઅમેનીન પરંતુ મને એટલી ખાત્રી હતી કે આપ મને ડાંટડપટ કે મારઝૂડ તો નહીં જ કરો

કારણ કે આપ અત્યંત રહમદીલ છો. જેથી આપની બધી જ અવાજ સાંભળી છતાં હું ન આવ્યો. અસહાબ કહે છે કે પ્રથમ આપ થોડા મુસ્કુરાયા, પછી આપે તે ગુલામને તરત જ આઝાદ કરી દીધો. અમે જોયું કે આપની મુબારક આંખોમાંથી આંસુના ટીપાં ચેહરા મુબારક ઉપર ટપક્યાં. અસહાબમાંથી કોઈકે પુછ્યું કે હઝરત પ્રથમ આપ મુસ્કુરાયા પછી આપની આંખોમાં આંસુ કેમ દેખાયાં ? કહ્યું કે પેલા ગુલામનો વિશ્વાસ કે હું તેને ડાંટડપટ કે મારઝૂડ નહીં કરૂં - આ વાતથી હું મુસ્કુરાયો. પરંતુ જ્યારે તેનો બીજો શબ્દ મને કહ્યો કે આપ રહમદીલ છો ત્યારે મને મારો અલ્લાહ યાદ આવી ગયો કે ખરેખરો રહમદીલ તો તે છે જે તમામ ઈન્સાનોના અગણિત ગુનાહોને માફ કરી દે છે. આ જાણીને મારી આંખોમાં આંસુ આવ્યાં.

ઈમામ જઅફર સાદીક (અલ.) માટે વર્ણન છે કે આપ સવારી કરતા હોય અને સવારીના જાનવર ઉપર ચાબૂક ઊંચકતા પછી હાથ રોકી લઈ ઈસ્તીગફાર કરતા ફરમાવતા કે અલ્લાહને ત્યાં આ ચાબૂકનો પણ જવાબ આપવો પડશે. આપના અસહાબ અરઝ કરતા કે હઝરત આપે તો ચાબૂક મારી પણ નથી છતાં તોબા કરો છો ! ફરમાવતા કે જાનવરે તો ચાબૂકને ઉંચકેલી જોઈ લીધી ને !

## મોઅજિઝા – ૭૬

## અમીરૂલ મોઅમેનીનના ખ્વાબી મોઅજિઝા

ખ્વાબી મોઅજિઝા તો આપના ઘણાંબધા છે. અહીં નમૂનારૂપ એકાદ વર્ણવવામાં આવે છે.

અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : મેં ખ્વાબમાં રસુલુલ્લાહ (સલ.) ને જોયા કે આપ (સલ.) મારા ચેહરા ઉપરથી ધુળ સાફ કરી રહ્યા છે, સાથે ફરમાવી રહ્યા છે. અલી ! તમારી કોઈ ક્ષતિ નથી. તમે જરાય ચિંતિત ન થાઓ. તમે તમારી જવાબદારીને પૂરેપૂરી રીતે નિભાવી છે, અદા કરી છે.

આ ખ્વાબ પછી ત્રણ દિવસ વીત્યા, આપ ઉપર તલવારનો વાર થયો. ત્યારે ફરમાવ્યું : કે મેં રસુલુલ્લાહ (સલ.)ને ખ્વાબમાં જોયા છે. મેં આપને બનુ ઉમય્યાએ મારા ઉપર કરેલા ઝુલ્મોની ફરિયાદ કરી, મારાથી રડી પડાયું. રસુલુલ્લાહની સામે ખ્વાબમાં હું રડી પડ્યો. આપ (સલ.) એ ફરમાવ્યું : રડો નહિ. હવે તમારી બધી જ મુસીબતો ખતમ થઈ ગઈ છે.

આપે ઈમામ હસન અને હુસૈન અલયહેમુસ્સલામને ફરમાવ્યું : જ્યારે મારો ઈન્તિકાલ થઈ જાય ત્યારે મને ગર્રાની તરફ લઈ જજો જે કુફાથી આગળ નજફમાં છે. મારા જનાઝાના તાબુતના પાછલા ભાગને ઉપાડશો. આગળના હિસ્સાને ફરિશ્તાઓ ઉઠાવશે. મને ત્યાં દફન કરી દેશો અને મારી કબરના ચિન્હો (નિશાન) મિટાવી દેશો.

ફરમાવ્યું : તમને દફનની જગ્યાની ચોક્કસ નિશાની વર્ણવું છું. તમે નજફ તરફ ચાલતા રહેજો, ગર્રાના સ્થળે પહોંચશો તો ઊંચાઈ ઉપર એક સફેદ પથ્થર દેખાશે. જે નૂરની જેમ ચમકતો હશે, ત્યાં ખોદકામ કરજો. તમને એક તખ્તી દેખાશે. જે તખ્તી ઉપર લખાણ દેખાશે કે આ કબર નૂહ

(અલ.) એ અલી બિન અબી તાલિબ (અલ.) માટે ખોદી છે.

હસનૈન અલહેમુસ્સલામે હઝરતના હુકમ ઉપર બરાબર અમલ કર્યો. આપને દફન કરીને દફનના નિશાનો સુધ્ધાં માટી ઉપરથી મિટાવી દીધાં. હઝરતની કબર મુબારક ઘરવાળાં સિવાય આમ ઈન્સાનોથી છૂપી રહી. એક મુદ્દત પછી અબ્બાસી ખલીફા હારૂન રશીદના શિકારની ઘટના દ્વારા પ્રકાશમાં આવી. જે ઘટના અમે મોઅજિઝા નંબર ૪૬ ઉપર લખી ચૂક્યા છીએ, ત્યાં વાંચો.

## મોઆજિઝા – ૭૭
## હઝરત અમીરૂલ મોઅમેનીનનું સૂરજની સાથે વાતચીત કરવું

સુલૈમ બિન કૈસ હિલાની રિવાયત કરે છે કે મેં અબુઝર જુનદુબ બિન જનાદહ ગિફારીને કહેતાં સાંભળ્યા. અબુઝરનું બયાન છે કે મેં રસુલુલ્લાહ (સલ.) ને ફરમાવતાં સાંભળ્યા.

એક રાતે આપે હઝરત અલીને ફરમાવ્યું : આવતીકાલે સવારમાં તમે બકીઅની પહાડીઓ તરફ જાઓ. ત્યાં ઊંચી જમીન ઉપર ઊભા રહો. જ્યારે સૂરજ ઊગી જાય તો તેને સલામ કરજો. તે તમને સલામ કરીને તમારી હકીકત બયાન કરશે. જ્યારે સવાર પડી ત્યારે હઝરત મૌલાએ કાએનાતની સાથે હઝરત અબુબકર, હઝરત ઉમર અને એક મોહાજેરીન અને અનસારની જમાત રવાના થયાં. બકીઅમાં પહોંચીને એક ઊંચી જગ્યાએ રોકાયા. સૂરજ તુલૂઅ થયો (સૂર્યોદય થયો) તો જનાબ અમીરૂલ મોઅમેનીન (અલ.) એ

સૂરજને આ શબ્દોેમાં સલામ કરી. (અરબી ટેક્ષ્ટનો અનુવાદ)

"અય અલ્લાહની એક નવી અને ફરમાંબરદાર મખલુક અલીના તમારી ઉપર સલામ થાય." લોકોએ આસમાનની તરફથી ભણભણાહટની અવાજ સાંભળી જે કોઈને જવાબમાં કોઈક કહી રહ્યું હોય : "તમારી ઉપર અય અવ્વલ અને આખિર (પહેલા અને છેલ્લા), ઝાહિર અને બાતિન (પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ) એ જે દરેક ચીઝનો જાણકાર છે, સલામ હો."

જ્યારે અબુબકર, ઉમર અને મોહાજેરીન - અનસારે સૂર્યની વાતો સાંભળી તો બેભાન જેવા, અવાચક થઈ ગયા. હોશકોશ ઠેકાણે ન રહ્યા. થોડાક સમય પછી જ્યારે આ લોકો હોશમાં આવ્યા તો અમીરૂલ મોઅમેનીન ત્યાંથી તશરીફ લઈ ગયા

હતા. આ લોકોએ પેગંબરે ઈસ્લામની સેવામાં હાજર થઈને વિનંતી કરી કે યા રસુલુલ્લાહ ! આપ ફરમાવતા હતા કે અલી ઈન્સાન છે. જો કે આજે સૂરજે એમની સાથે એવા શબ્દોમાં વાતચીત કરી જે અલ્લાહતઆલા પોતાના માટે ઉપયોગ કરે છે.

પેગંબરે ઈસ્લામે ફરમાવ્યું : તમે આફતાબથી શું સાંભળ્યું ? આ લોકોએ કહ્યું : અમે આફતાબને કહેતાં સાંભળ્યો : અય અવ્વલ તમારી ઉપર અમારી સલામ થાય.

રસુલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું : આફતાબે સાચું કહ્યું : અલી તે છે જે સૌથી પ્રથમ મારા ઉપર ઈમાન લાવ્યા.

આ લોકોએ કહ્યું : સુરજે કહ્યું : યા આખેરો. રસુલુલ્લાહે ફરમાવ્યું : આ પણ સૂરજે સાચું કહ્યું, અલી તે છે જેઓ છેલ્લા સમય સુધી મારી પાસે

રહેશે, મને ગુસલ અને કફન આપશે. મને કબરમાં ઉતારશે. અમે આફતાબને અલીને કહેતાં સાંભળ્યો. યા ઝાહેરો, હઝરત રસૂલે ખુદાએ ફરમાવ્યું : આ પણ આફતાબે સાચું ફરમાવ્યું છે કારણ કે મારું તમામ ઈલ્મ અલી ઉપર ઝાહેર થઈ ગયું છે. તેઓએ કહ્યું : આફતાબે અલીને કહ્યું : અય બાતિનો. રસુલુલ્લાહે ફરમાવ્યું : આ પણ ખરું છે. કારણ કે અલી મારા તમામ ભેદોનો ખજાનો છે. પેલાઓએ કહ્યું : કે અમે તો આફતાબને આ પણ કહેતાં સાંભળ્યા કે “અય તે જે દરેક વસ્તુનો આલિમ છે. રસુલુલ્લાહે ફરમાવ્યું : આ પણ ખરું છે. કારણ કે અલી હલાલ, હરામ, ફરાઇઝ (વાજીબ) સુન્નત આ સિવાય તમામ એહકામાતના આલિમ છે.

આ સાંભળીને બધા જ આમ કહેતા કહેતા મસ્જિદમાંથી બહાર નીકળી ગયા કે આજે મોહંમદે

આપણને અંધકારમાં ધકેલી દીધા છે. તેઓ મસ્જિદના દરવાજેથી ચાલી ગયા.

અબુ મોહંમદ ઉફીએ આ બાબતમાં અશઆર કહ્યા છે. મારો ઈમામ સૂરજથી વાત કરનારો, તેના નૂરને પાછું લાવનારો છે. શું કોમમાં કોઈ વ્યક્તિ સૂરજથી વાત કરનારો છે ? બતાવો, મારા જેવો કોણ છે ? (જેના ઈમામ આવા હોય.)

**નોંધ** :- બે પ્રકારના દુશ્મનોથી અલીનો સામનો હતો. પ્રથમ હરોળના મોટા ખેરખાંઓ આપથી ઈર્ષાની આગથી પીડાતા હતા. કારણ કે આ ખેરખાંઓએ ફઝીલતથી માર ખાધી હતી. દરેક પ્રકારની ઉચ્ચોચ્ચ ફઝીલત અહીં સુધી કે રીશ્તેદારીથી લઈ કૌટુંબિક જમાઈ બનવાની ફઝીલત પણ અલીને મળી. રસુલની જીભેથી જે કંઈ

ફઝીલત નીકળી તે અલી માટે જ નીકળી. વળી રસુલનો બોલ તો અલ્લાહનો બોલ જ ગણાશે.

હઝરત અલી (અલ.)ની ફઝીલતો અને કરામતથી વહાબીઓનું ટોળું પરેશાન થઈ ગયું. જોયું કે આપણા પ્રિય પાત્રો પાસે તો તે સમયની હુકુમતોના દરબારી મુલ્લાંઓએ ઘડેલી જુઠ્ઠી હદીસો સિવાય કંઈ જ નથી. તો આ ટોળું પરેશાન થઈ ગયું. એમણે કરામત અને મોઅજિઝાતનો પાયામાંથી જ ઈન્કાર કરી દીધો.

બીજી હરોળના દુશ્મનો અબુસુફયાન, મલઉન મઆવીયા અને કાફિર યઝીદ અને તેમની અવલાદો, તેમના રિશ્તેદારો, જેમણે તલવારથી માર ખાધી હતી. આ લોકોના એકેએક સુરમાઓની ગરદનો અલીએ જ ધડથી અલગ કરી હતી.

તો અમીરૂલ મોઅમેનીનને અને પોતાની એહલેબયતને આ બે ઝાલિમ ટોળીઓનો સામનો કરવો પડ્યો

(૧) ફઝીલતથી માર ખાનારા – ઈર્ષાની આગથી પીડાનારા દુશ્મનો

(૨) તલવારની માર ખાનારા દુશ્મનો.

(આ ઘટના સુલૈમ બિન કૈસ હિલાલી- પ્રકાશન હૈદરીયા નજફે અશરફમાં પણ નોંધાયેલ છે. કિતાબનો ઉર્દૂ તરજુમો પણ પ્રકાશિત થઈ ગયો છે.)

## મોઅજિઝા – ૭૮

## પ્યાલાનું વર્ણન

સાદિકે આલે મોહંમદ પોતાના વાલીદ મોહતરમથી, તેઓ હઝરત અમીરૂલ મોઅમેનીનથી રિવાયત કરે છે કે એક દિવસ જિબ્રઈલ (અલ.)

રસુલુલ્લાહ (સલ.) ની સેવામાં જન્નતનો પ્યાલો લઈને નાઝિલ થયા જેમાં જન્નતના ઘણા બધા મેવા હતા. જિબ્રઇલે આ પ્યાલો પેગંબરે ઈસ્લામની ખિદમતમાં રજૂ કર્યો. પ્યાલાએ રસુલુલ્લાહના હાથ ઉપર તસબીહ પઢી.

**લાએલાહા ઈલ્લલ્લાહ, મોહંમદુર્રસુલુલ્લાહ**

પઢવાનું શરૂ કરી દીધું. પેગંબરે ઈસ્લામે આ પ્યાલો અબુબકરના હાથમાં આપ્યો. પ્યાલો ખામોશ થઈ ગયો. પછી હઝરત અમીરૂલ મોઅમેનીનના હાથમાં આપ્યો. પ્યાલાએ હઝરતના હાથ મુબારક ઉપર તસ્બીહ, તહલીલ અને તકબીર કહેવાનું શરૂ કર્યું.

પ્યાલાએ જણાવ્યું કે મને હુકમ આપવામાં આવ્યો છે કે હું નબી અને વસી સિવાય બીજા અન્ય કોઈ ઈન્સાન સાથે વાત ન કરું. કીતાબ અનવારની

રિવાયત અનુસાર તે પ્યાલો રસુલુલ્લાહના હાથમાં આવીને આસમાનની તરફ રવાના થઈ ગયો. સ્પષ્ટ અવાજથી પ્યાલો આ આયતની તીલાવત કરી રહ્યો હતો.

**ઈન્નમા યોરીદુલ્લાહો લેયુઝહેબ અન કોમુર્ડરજસ અહલલ બયતે વ યોતહહેરકૂમ તતહીરા**

(સુરએ અહઝાબ આ. નં. 33)

**અર્થાત** : અલ્લાહ તો બસ આ જ ઇચ્છે છે કે અય એહલેબયતે નબુવ્વત તે તમોને દરેક પ્રકારની નાપાકીથી દૂર રાખે. અને તમને એવા પાક પાકીઝા રાખે જેવા કે પાક પાકીઝા રાખવાનો હક છે.

આ બાબતમાં ઊફી રઝિયલ્લાહો તઆલા અન્હોએ શએર  કહ્યા છે.

હઝરત પ્યાલાથી વાતચીત કરનારા છે. જ્યારે આપની પાસે પ્યાલો લાવવામાં આવ્યો.

મારા ઈમામે તો સજીવ અને નિર્જીવ, જિન અને પ્યાલાથી પણ વાતચીત કરી છે. એમના જેવા કોણ હોઈ શકે છે !

હઝરત ઈમામ જઅફર સાદીક (અલ.) એ પોતાના જદ્દબુઝુર્ગોથી રિવાયત કરી છે કે અલ્લાહતઆલાએ હઝરત અમીરૂલ મોઅમેનીનને ઘણી જ પાકીઝા જિંદગી આપી હતી. કરામતો આપી. એવા દલાઈલ, નિશાનીઓ અને મોઅજિઝાત આપ્યા હતા. હઝરતની ઈમાની કુવ્વત, યકીન, ઈલ્મો અમલ અને ફઝીલતો રસુલુલ્લાહ (સલ.) ના પછી સર્વે મખલુક કરતાં વધારે છે.

રસુલુલ્લાહ (સલ.) એ જ્યારે આપને ખયબરને ફતહ કરવા રવાના કર્યા ત્યારે આપે ફક્ત જમણા હાથ વડે ખયબરના દરવાજાને ઉખેડીને ૨૫ મીટર દૂર ફેંકી દીધો. જાણે એક નાના દડાને ફેંકવામાં આવે છે. જે દરવાજો એટલો વજનદાર હતો કે તેને ૪૦ શક્તિશાળી માણસો માંડ ખસેડી શકતા હતા.

પછી આપ ખંદકમાં ઊતરી પડ્યા. દરવાજાને માથા ઉપર રાખી લીધો. અહીં સુધી કે મુસલમાનોનું બધું જ લશ્કર દરવાજા પરથી પસાર થઈ ગયું. હઝરતે ફરમાવ્યું : ખુદાની કસમ ! મેં ખયબરનો દરવાજો ઉખાડીને ૨૫ મીટર દૂર ફેંક્યો તે શારીરીક શક્તિ દ્વારા નથી ફેંકાયો. બલકે મને મલકુતી શક્તિની મદદ અને અલ્લાહતઆલા તરફથી મને પ્રાપ્ત થયેલી હિંમત દ્વારા ફેંકયો હતો.

આપે ફરમાવ્યું : હું મોહંમદથી છું. જેવી રીતે એક રોશનીથી બીજી રોશની હાસિલ કરવામાં આવે. જો તમામ અરબો મારા વિરુદ્ધ એકત્ર થઈ જાય. તો પણ તેમના મુકાબલામાં હું કદી પીઠ બતાવીશ નહિ. જો હું ઇચ્છું તો તેઓની ગરદનોની નસો (રગો) કાપી નાખું. તેઓમાંથી એક પણ જીવવા ન પામે.

## મોઅજિઝા – ૭૯

## જાજમવાળી હદીસ અને અસહાબે કહફ

મને અબુ અલીએ હદીસ વર્ણવી. તેઓએ સાદિકે આલે મોહંમદથી, તેમણે તેમના વાલીદથી,

તેમણે તેમના વાલિદથી રિવાયત નકલ ફરમાવી છે કે એક દિવસ રસુલુલ્લાહ (સલ.)ની મજલિસમાં હઝરત સુલયમાન બિન દાઉદની જાજમ અને અસહાબે કહફની વાત નીકળી. આ લોકો (અસહાબે કહફ) જીવતા છે કે મૃત્યુ પામ્યા છે ?

રસુલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું : તમારામાંથી કોણ છે જે એમ ઇચ્છે છે કે ગારના દરવાજા ઉપર જઈને તેમને સલામ કરે ? હઝરત અબુબકર, ઉમર અને ઉસ્માન ત્રણેએ વિનંતી કરી કે અય અલ્લાહના રસૂલ ! અમને પણ આ ઇચ્છા છે. પેગંબરે ઇસ્લામે ઊંચા અવાજથી દરજાન બિન માલીકને બોલાવ્યા. અવાજ સાંભળતાં જ એક નવયુવાન જે ઘણો જ ખુશબોદાર સુંદર લિબાસ પહેરેલો હતો - હાજર થયો.

પેગંબરે ઈસ્લામ (સલ.) એ હુકમ આપ્યો કે હઝરત સુલયમાનની ચાદરને મારી સમક્ષ હાજર કરો. હુકમ મળતાં જ તે નવજવાને એક સફેદ વાળવાળી ચાદર જેની લંબાઈ પહોળાઈ ૨૫ ૨૫ મીટર હતી, પેગંબરે ઈસ્લામની સેવામાં હાજર કરી. દરજાન બિન માલીક તે ચાદર મસ્જિદની સેહનમાં મૂકીને અદ્રશ્ય થઈ ગયા. આપ (સલ.) એ પોતાના ગુલામ બિલાલ અને સોબાનને ફરમાવ્યું : આ ચાદરને મસ્જિદના દરવાજાની પાસે બિછાવી દો. બંને અસહાબે રસૂલના હુકમનું પાલન કર્યું.

આપ (સલ.) એ હઝરત અબુબકર, ઉમર, ઉસ્માન, અને સલમાન ફારસીને હુકમ આપ્યો કે તમારામાંથી દરેક વ્યક્તિ જાજમના ખૂણાઓ ઉપર બેસી જાય. આ ચારેય ચાદરના ચાર ખૂણાઓ ઉપર બેસી ગયા. આપ (સલ.) એ અમીરૂલ મોઅમેનીનને

ફરમાવ્યું : આપ જાજમની વચ્ચે, જાજમને ઉડવાનો હુકમ આપ્યો. તરત જ હવા જાજમની અંદર દાખલ થઈ અને ઉડીને અસહાબે કહ્ફની ગુફાના દરવાજે જઈને આ લોકોને મૂકી દીધા.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલીબે હઝરત અબુબકરને કહ્યું : આગળ વધીને અસહાબે કહ્ફને સલામ કરો. અબુબકરે પુછ્યું : અય અલી હું શું કહું ? ફરમાવ્યું : આમ કહો:

અસ્સલામો અલયકુમ યા નુજબાઅલ્લાહે ફી અરઝેહી. અબુબકરે હઝરત અલી (અલ.) ના ફરમાન મુજબ અવાજ આપ્યો. ગારનો દરવાજો બંધ હતો. અબુબકરે ત્રણ વખત અવાજ આપ્યો. કોઈએ પણ કોઈ જવાબ ન આપ્યો. છેલ્લે દૂર હટીને બેસી ગયા. કહ્યું : અય અમીરૂલ મોઅમેનીન!

મને તો કોઈ ઉત્તર મળતો નથી. અમીરૂલ મોઅમેનીને ઉમરને કહ્યું : ઊઠો અને તમે તમારા જોડીદારની જેમ સલામ કરો. ઉમરે પણ અબુબકરની જેમ ત્રણ વખત સલામ કરી પરંતુ કોઈએ પણ જવાબ ન આપ્યો. આપ પણ નિરાશ થઈને બેસી પડ્યા. છેલ્લે અમીરૂલ મોઅમેનીને ઉસ્માનને હુકમ આપ્યો કે ઊઠો તમારા બંને સાથીદારોની જેમ તમે પણ સલામ કરો. પરંતુ અગાઉની જેમ જ તેઓને પણ કોઈ જવાબ ન મળતાં નિરાશ થઈ બેસી પડ્યા.

ચોથી વખત અમીરૂલ મોઅમેનીને હઝરત સલમાન ફારસીને ફરમાવ્યું : અસહાબે કહ્ફને સલામ કરો. હઝરત સલમાને પ્રથમ ત્રણેય વ્યક્તિઓની જેમ જ ગારના મોં પાસે જઈને સલામ કરી. અંદરથી એક વ્યક્તિનો અવાજ આવ્યો.

અન્ત અબ્દુમ મુતહનલ્લાહો કલબક બિલઈમાને વ અન્ત મિન ખયરીન એલે ખયરીન લકુન્ના ઉમરેના અનલા નરૂદ્દ ઈલ્લા અલલ અંબિયાએ અવિલ અવસીયાએ.

“તમે અલ્લાહના બંદા છો. અલ્લાહતઆલાએ તમારા દીલનું ઈમ્તેહાન ઈમાનની સાથે લઈ લીધું છે. આપની શરૂઆત અને અંત બંને ભલાઈ ઉપર છે. અમને હુકમ આપવામાં આવ્યો છે કે સલામનો જવાબ અંબિયા અને અવસીયાના સિવાય કોઈને પણ ન આપીએ.” આ બધા પછી જનાબ અમીરૂલ મોઅમેનીન જાતે જ તશરીફ લઈ ગયા. આપે ફરમાવ્યું :

અસ્સલામો અલયકુમ યા નોજબાઅલ્લાહી ફી અરઝેહીલ વાફીન બેઅહદેહિમ નૈઅમલ ફીતયતો અન્તુમ વ એઝાબે અસવાતે જમાઅતીન.

વઅલયકોમુસ્સલામ યા અમીરૂલ મોઅમેનીન વ સૈયેદલ મુસલેમીન વ ઈમામલ મુત્તકીન વ કાએદલ ગોરિલ મુહજલીન ફઝુલ્લાહ મન વલાક વ ખાબ મન આદાક.

અય અલ્લાહના ચુંટી કાઢેલા - પસંદ કરેલા બંદા, તમારી ઉપર સલામ થાય. જેઓ પોતાના અહદ પર કાયમ છો, તમે શ્રેષ્ઠ નવજવાન છો. (આ સાંભળીને તરત જ જમાતે કહેવાનું શરૂ કર્યું) અય અમીરૂલ મોઅમેનીન, અય અમીરૂલ મુસ્લેમીન, અય અમીરૂલ મુત્તકીન, અય કાએદ અઝા અલમુહજલીન, ખુદાની કસમ તે વ્યક્તિ કામ્યાબ થઈ ગયો. જેણે તમને દોસ્ત રાખ્યા, તે આદમી નુકશાનમાં રહ્યો, જેણે આપથી દુશ્મની રાખી. તમારા ઉપર અમારા સલામ થાય. અમીરૂલ

મોઅમેનીને ફરમાવ્યું : તમે મારી સાથેની વ્યક્તિઓને કેમ જવાબ ન આપ્યો ?

કહેવા લાગ્યા કે અય અમીરૂલ મોઅમેનીન! અમે સજીવન છીએ, જીવતા, હયાત છીએ. અમે નબી અને વસી (નબીનો ઉત્તરાધિકારી) સિવાય કોઈની સાથે પણ વાત કરી શકતા નથી, તમારી ઉપર સલામ થાય. તમારા પછી આવનાર અવસીયા ઉપર સલામ થાય. અલ્લાહતઆલા તે લોકો દ્વારા હકને પ્રસ્થાપિત કરશે. આમ કહીને અસહાબે કહફ ખામોશ થઈ ગયા.

અમીરૂલ મોઅમેનીન (અલ.) એ હવાને હુકમ આપ્યો, તે ચાદરને ઊઠાવીને મદીના લઈ આવી. આ લોકો તે ચાદર ઉપર એ જ પ્રમાણે બેઠેલા હતા, જેવા જતી વખતે સવાર થયા હતા. આ લોકોએ સંપૂર્ણ કિસ્સો પેગંબરે ઈસ્લામ (સલ.)

ને કહી સંભળાવ્યો. અલ્લાહતઆલાએ અસહાબે કહફના વિશે કુઆર્ને કરીમમાં ઈરશાદ ફરમાવ્યો છે:

**ઈઝ અવલ ફિતયતો એલલ કહફે ફકાલુ રબ્બના આતેના મિલ્લદુન્ક રહમતંવ વ હય્યીઅ્લના મિન અમરેના રશદા**

(સુરએ કહફ આ. નં. ૧૧)

(તે સમયને યાદ કરો) જ્યારે તે તરૂણ યુવાનોએ ગુફાનો આશ્રય લીધો પછી તેમણે દુઆ કરી કે અય અમારા પરવરદિગાર ! અમને તારી પાસેથી દયા અર્પણ કર અને અમારા કાર્યોમાં અમને સફળતા આપ.

ઊફી શાયરે આ શએર કહ્યા :

(૧) હઝરત અમીરૂલ મોઅમેનીન છે જેમણે અસહાબે કહફની સાથે વાતચીત કરી.

(૨) લોકો એકત્ર હતા. હઝરત અમીરૂલ મોઅમેનીન મિમ્બર ઉપર તશરીફ ફરમાવેલ હતા. અજગરે આપથી વાતચીત કરી.

(૩) ખતરનાક સિંહે આપની સાથે વાતચીત કરી. તે આપની ફઝીલતથી વાકેફ હતો.

(૪) આપ મખલુકે ખુદાના ખલીફા મિનજાનિબિલ્લાહ છે, જેને અલ્લાહતઆલા ઇચ્છે છે. આવી જ રીતે તેના દરજ્જાઓને બુલંદ કરે છે. તેને બધાથી આગળ રાખે છે.

(૫) ફૂરાત નદીના ખતરનાક વહેણ સમયના મોઅજિઝાને યાદ રાખો.

(૬) આપે દરિયા ઉપર અસો ઊંચો કરીને ફરમાવ્યું: જેણે સાત આસમાનોને પેદા કર્યા છે. સ્થિર થઈ જા.

(૭) દરિયાના મોજાંઓ તળિયે ચાલ્યા ગયાં. પાણી ખૂબ જ વહેણમાં હતું, તેનો ત્રીજો ભાગ અદૃશ્ય થઈ ગયો.

(૮) આપના મોઅજિઝાત અસંખ્ય છે. જેને દરેક બુદ્ધિશાળીઓ જાણે છે.

## મોઅજિઝા – ૮૦
## બાદશાહ નૌશેરવાનનું જીર્ણ - જર્જરીત માથું વાતચીત કરતું થયું

કિતાબુલ અમ્મારના લેખક અબુઅલી અલહસન બિન હમામ બિન અબ્બાસ લખે છે કે મને મુસા બિન અતા અનસારીએ વર્ણવ્યું. મુસાને હિસાન બિન અહમદ અલઝરકે તેઓને તેમના પિતાશ્રીએ, તેઓને જનાબ અમ્માર સાબિત (રઝિ.) એ રિવાયત વર્ણવી.

જનાબ અમ્માર (રઝિ.) કહે છે કે હું હઝરત અમીરૂલ મોઅમેનીનની સાથે ઝુલફ બિન મુનજ્જમ કિસરાની સાથે હતો. ઝુલફની સાથે સાબાત કબીલાની એક મોટી જમાત પણ હતી. અમે કીસરાની મહેલની પાસે હતા. હઝરતે કીસરાની મહેલની આસપાસ ઘુમવાનું શરૂ કર્યું. આપ ખાસ પ્રકારનું નિરીક્ષણ કરી રહ્યા હતા. સાથે ઝુલફ કિસરાનો સૌથી નજીકનો કુટુંબી હતો. મહેલની

આસપાસ કિસરાએ બનાવેલાં બીજાં પણ અનેક નાના મોટાં મકાનો હતાં.

અમીરૂલ મોઅમેનીન દરેક મકાનની આસપાસ ઘુમી ફરીને ઘણીબધી રહસ્યમય વાતો વર્ણવતા જતા હતા. ફરમાવતા કે કિસરાનું આ મકાન આ કામ માટે ખાસ હતું. પેલું મકાન ફલાણા કામ માટે ખાસ હતા. ઝુલફ હઝરતની દરેક વાતને કબૂલ કરતો જતો હતો.

આ રીતે હઝરતે આખા મહેલને ધ્યાનથી જોયો. ઝુલફ અને તેના સાથીદારો સતત આજીજીપૂર્વક આપની વાતનું સમર્થન કરતા જતા હતા. અરજ કરતા હતા કે યા સૈયેદી યા મૌલાઈ આવું માલુમ પડે છે કે આ બધી જ વસ્તુઓને જાણે આપે પોતે જ આ જગ્યાઓએ ગોઠવી હોય. આપ ખૂબ જ સચોટ નિદર્શન કરી રહ્યા છો. અચાનક

મહેલની બહાર કચરા અને ઘાસ જેવી ખુલ્લી જગ્યામાં હઝરતે એક ખોપરી જોઈ. આપે પોતાના અસહાબમાંથી એકને તેને ઉઠાવી લેવાનો હુકમ આપ્યો. હઝરત કીસરાના દરબારી હોલમાં તશરીફ લાવ્યા. બેસી ગયા. આપે એક થાળ મંગાવ્યો, તેમાં પાણી નાખ્યું, પછી ખોપરી તેમાં મૂકી દીધી.

ખોપરીને ઉદ્દેશીને આપે ફરમાવ્યું : અય ખોપરી, હું તમને અલ્લાહની કસમ આપીને પૂછું કે, મને જણાવો હું કોણ છું ? તમે કોણ છો ? ખોપરી સ્પષ્ટ શબ્દોમાં બોલી : આપ અમીરૂલ મોઅમેનીન અને સય્યેદુલ વસીય્યીન, જાહેર અને બાતિનમાં મુત્તકીનના ઇમામ છો. આપ તારીફ કરવાથી પણ ઘણા જ ઉચ્ચ છો. (મતલબ શબ્દોમાં આપની તારીફ કે વખાણ થઈ શકતા નથી) હું અલ્લાહની બંદી અને લોંડીનો પુત્ર કિસરા નૌશેરવાન છું.

કિસરા ખોપરીએ આપની સાથે ઘણી બધી વાતો કરી. હઝરતે ખોપરીને એના જમાનાની વાતો કહી. સાથીઓ તો આ દ્રશ્ય જોઈને-સમજીને અવાચક જેવા થઈ ગયા. તે ઈલાકાના દૂર દૂરના કેટલાક ઘોડેસવારો આપની સાથે હતા. તે લોકો આ ઘટના જોઈને તરત જ દોડતા ઘોડે પોતાના વતન ચાલી ગયા. ત્યાં જઈને આ લોકોએ પોતાના સગાંવહાલાં અને અન્ય સ્વજનોને આ મોઅજિઝાથી પરિચિત કર્યા.

કેટલાક લોકોએ હઝરત અમીરૂલ મોઅમેનીનની હકીકત સમજવામાં થાપ ખાધી. આવા બધા જ લોકોનો એક સમૂહ આપની સેવામાં હાજર થયો. કહેવા લાગ્યા, આ લોકોએ તમારા વિષયમાં હકીકતો જણાવીને અમારા દીલોને ખરાબ કરી નાખ્યાં છે. અમને શકમાં નાખી દીધા છે.

અહીં સુધી કે કેટલાકે આપને સમજવામાં ભારે ભૂલ કરી દીધી, જેવી રીતે નસારાએ હઝરત ઇસા (અલ.) ને સમજવામાં ભૂલ કરી હતી. અમૂક સમજદાર લોકોએ આપને જણાવ્યું કે જો આપ આ લોકોને તેમની હાલત ઉપર છોડી દેશો તો તેઓ કાફિર થઈ જશે. હઝરતે આ સાંભળીને ફરમાવ્યું કે તમે લોકો શું ઇચ્છો છો ? હું તેઓની સાથે શું કરૂં ? આ લોકોને આગમાં નાખી સળગાવી દો. આપે આ લોકોને બોલાવ્યા. ફરમાવ્યું : તમે મારા વિષયમાં કેવો અકીદો રાખો છો ?

તેઓએ જણાવ્યું કે અમે તો પુરાણી-જર્જરિત ખોપરીને આપની સાથે વાત કરતા સાંભળી છે. આ કાર્ય અલ્લાહતઆલા સિવાય કોઈ નથી કરી શકતું. જેથી અમે જે કંઈ કહ્યું છે, તે પ્રમાણે કર્યું છે. હઝરતે ફરમાવ્યું : તમે લોકો આવી

બેહુદી વાતોથી રોકાઈ જાવ. અલ્લાહની બારગાહમાં તોબા કરો.

તેઓએ કહ્યું : અમે તો અમારી હાલતથી પાછા ફરીશું નહિ, આપ જે કંઈ કરવું હોય તે કરી લો. હઝરતે હુકમ આપ્યો, આ લોકોને સળગાવી દેવામાં આવે. જ્યારે આ લોકો સળગી ગયા તો આપે હુકમ આપ્યો કે એમની રાખને હવામાં વિખેરી દેવામાં આવે. એમ જ કરવામાં આવ્યું.

ત્રીજા દિવસે એવું બન્યું કે સાબાતના રહેવાસીઓ હઝરતની સેવામાં આવીને ફરિયાદ કરવા લાગ્યા કે અલ્લાહ ! અલ્લાહ ! જે લોકોને આપે સળગાવીને રાખ બનાવી દીધા હતા તેઓ સજીવન થઈને પોતાના ઘરોમાં પાછા ફર્યા છે. વળી તેઓના ચેહરા પણ ઘણા જ ખૂબસુરત બની ગયા છે.

હઝરતે ફરમાવ્યું : શું તમે લોકોએ તેમને સળગાવ્યા ન હતા ? તેમની રાખને પીસીને હવામાં નથી ઉડાડી ? તેમણે વિનંતી કરી, હાં હઝરત એમ જ કર્યું હતું. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : ખુદાની કસમ મેં તો એમને સળગાવી દીધા હતા. પરંતુ અલ્લાહે તેઓને જીવતા કરી દીધા. આ સાંભળીને સાબાતના રહેવાસીઓ આશ્ચર્યચક્તિ થઈને પોતાના ઘરો તરફ પાછા ફર્યા.

## મોઅજિઝા – ૮૧

## બે નવાઈ પમાડે એવી માછલીઓ

હરિસ બિન અબ્દુલ્લાહ હમદાની રઝિયલ્લાહો તઆલા અનહો બયાન કરે છે કે એક દિવસ અમે અમીરૂલ મોઅમેનીનની સેવામાં બાબે રહબા નામની જગ્યાએ બેઠા હતા. અલ્લાહની રબુબીયતની વાતો થઈ રહી હતી. હિરહથી આવનારો એક યહુદી અમારી પાસેથી પસાર થયો. તેની પાસે બે માછલીઓ હતી.

હઝરતે યહુદીને બોલાવ્યો. ફરમાવ્યું : પોતાના મા-બાપને બની ઇસરાઇલ પાસેથી કેટલા રૂપિયામાં ખરીદ્યાં છે ? આ સાંભળીને પેલો યહુદી ચીખવા-ચિલ્લાવા લાગ્યો. લોકોને કહેવા લાગ્યો. અય લોકો ! તમે અમીરૂલ મોઅમેનીન અલી બિન અબી તાલિબની વાત સાંભળો છો ? તે ઈલ્મે ગયબ જાણતા હોવાનો દાવો કરે છે. મને કહે છે કે મેં મારાં મા-બાપને બની ઇસરાઇલ પાસેથી ખરીદ્યાં છે. આ

વાતચીત દરમ્યાન ઘણાંબધા લોકો એકત્ર થઈ ગયા. હું અમીરૂલ મોઅમેનીનની તરફ જોઈ રહ્યો હતો. આપ એવા કલામ તીલાવત ફરમાવી રહ્યા હતા જેને હું સમજી શકતો ન હતો. હઝરતે એક માછલી તરફ ધ્યાનથી જોઈને ફરમાવ્યું :

હું તમને ખુદાની કસમ આપીને પૂછી રહ્યો છું કે બતાવો કે હું કોણ છું અને તમે કોણ છો ? માછલી સ્પષ્ટ ભાષામાં બોલતી થઈ :

આપ અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ છો. પછી પેલા યહુદી તરફ મોં ફેરવીને બોલી, અય જવાન ! હું તારો બાપ છું. મારૂં નામ ફલાણું ફલાણું છે. હું આ સાલમાં ગુજરી ગયો હતો. તારા માટે મેં ફલાણો ફલાણો માલ સામાન મકાન વગેરે છોડ્યું છે. તારા હાથ ઉપર આ નિશાની પણ છે. ત્યાર બાદ આપે બીજી માછલી

તરફ ઈશારો કરી ફરમાવ્યું : હવે હું તમને કસમ આપીને પુછી રહ્યો છું કે બતાવો હું કોણ છું. અને આપ કોણ છો ? માછલી હુકમે ખુદાથી બોલતી થઈ. સ્પષ્ટ અરબી ભાષામાં બોલી : અન્ત અમીરૂલ મોઅમેનીન ! પછી પેલા યહુદી તરફ ફરીને બોલી. બેટા ! હું તારી મા છું. ફલાણી વ્યક્તિની બેટી છું. હું ફલાણા વર્ષમાં મૃત્યુ પામી. તમારા હાથમાં આ પ્રકારની નિશાની છે.

તમામ હાજરજનોએ ગવાહી આપતાં કહ્યું : અમે ગવાહી આપીએ છીએ કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ (પુજવાને લાયક) નથી. મોહંમદ (સલ.) તેના બંદા અને રસૂલ છે. આપ અમીરૂલ મોઅમેનીન છો. યહુદીએ ઈમાનનો ઈકરાર કરતા કહ્યું : અલ્લાહના સિવાય કોઈ પુજવાને લાયક નથી. મોહંમદ (અલ.) તેના બંદા અને રસૂલ છે.

આપ અમીરૂલ મોઅમેનીન છો. લોકો ત્યાંથી વિખેરાઈ ગયા. લોકોમાં અમીરૂલ મોઅમેનીનની મઅરેફતમાં વધારો થયો. મતલબ આપના રૂહાની પરિચયમાં વધારો થયો. હઝરત અમીરૂલ મોઅમેનીને આ ભેદને ભેદ જ રહેવા દીધો કે આ બંને માછલીઓ આ યહુદીના મા-બાપ કેવી રીતે બની.

## મોઅજિઝા – ૮૨
## મુશ્કિલ કુશાઈ

કઠિન સમયે કે જ્યારે કોઈ સહારો ન દેખાતો હોય, એવી પરિસ્થિતિ હોય કે કોઈ કંઈપણ મદદ ન કરી શકે, સિવાય કે તે રૂહાની હોય.

હઝરત અમ્માર યાસીર રઝિયલ્લાહો તઆલા અનહોથી રિવાયત છે કે હું અમીરૂલ મોઅમેનીનની સેવામાં હાજર હતો. માહે સફરની સત્તર તારીખ હતી. મસ્જિદે કૂફાની સહેનમાં એક ઊંચા ચબુતરા ઉપર અમીરૂલ મોઅમેનીન બિરાજમાન હતા. ત્યાંથી આપ ઇન્સાફના ફેંસલા ફરમાવતા હતા.

એક દિવસ ફરમાવ્યું : અય અમ્માર, આજે તે દિવસ છે, જ્યારે કૂફાવાસીઓની બધી જ મુશ્કેલીઓ દૂર થઈ જશે. જેથી મોમેનીનમાં એકતા પણ વધી જશે. વળી મુનાફેકીનમાં નિફાક વધારે થઈ જાય. અય અમ્માર જુઓ, દરવાજા ઉપર કોણ

છે ? અમ્માર કહે છે કે હું દરવાજા પર ગયો. મેં એક નવયુવાન સ્ત્રીને જોઈ જે ઊંટ ઉપર સવાર હતી જે નીચે પ્રમાણે ફરિયાદ કરી રહી હતી :

અય ફરિયાદીઓની ફરિયાદોને સાંભળનાર, ઉમ્મીદવારોની ઉમ્મીદોને પૂર્ણ કરનાર, ચાહકોનો કાન (જે પોતાના ચાહકોને સાંભળે) અય ઝબરદસ્ત શક્તિશાળી, યતીમોને ખાવાનું આપનાર, મુફલીસને રોઝી આપનાર, જિર્ણ અને પુરાની થઈ ગયેલી હડ્ડીને જીવંત કરનાર, દરેક નેકીમાં અગ્રીમ કક્ષાએ રહેનાર, જેનું કોઈ મદદગાર ન હોય તેના મદદગાર, જેનો કોઈ સહારો ન હોય તેનો સહારો. જેનો કોઈ ખઝાનો ન હોય. તેનો ખઝાનો, તમારી સેવામાં હાજર થઈ છું. આપનો વસીલો પકડ્યો છે. મારી ચિંતા દૂર કરી દો, મને ખુશહાલ કરી દો, મારી ઉપર આવી પડેલી મુસીબતને દૂર કરી દો.

અમ્માારનું વર્ણન છે કે તે સ્ત્રીની સાથે બીજા એક હજાર ઊંટ સવારો હતા. બધાજ હથિયારોથી સજ્જ હતા. કેટલાક લોકો આ છોકરીના મદદગાર હતા જ્યારે કેટલાક એની વિરુદ્ધમાં હતા. મેં કહ્યું : તમને લોકોને અમીરૂલ મોઅમેનીન બોલાવી રહ્યા છે.

તે છોકરી અને બીજા બધા જ લોકો ઊંટો પરથી નીચે ઊતર્યા. મસ્જિદમાં દાખલ થયા. આ છોકરી જનાબ અમીરૂલ મોઅમેનીનની સામે ઊભી થઈ ગઈ. ફરિયાદ કરવા લાગી : યા અલી, આપની ખિદમતમાં હાજર થઈ છું. મારા ભેદને જાહેર કરો. મારી ઇઝ્ઝત બચાવી લો. આપ જ ફક્ત આ ભેદને જાહેર કરી શકો છો. આપ જ આ કાર્યને લાયક છો.

હઝરતે અમ્મારને ફરમાવ્યું : કૂફા શહેરમાં જાહેરાત કરી દો, જેથી લોકો આપણા ફૈંસલાથી વાકેફ થઈ જાય. સમજી લે. હઝરત અમ્મારે આ બાબતની જાહેરાત કરી દીધી. લોકો ઘણી મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા. આપે ઊભા થઈને ફરમાવ્યું :

અય શામવાળાઓ ! જે કંઈ પૂછવા ઇચ્છતા હોય તે પૂછી શકો છો.

શામીઓ દરમ્યાનમાંથી એક વ્યક્તિ ઊભો થયો જેણે શામી ચાદર ખભા ઉપર નાખેલી હતી. અદનાની પોશાક અને ઘણી જ ઉમદા પાઘડી પહેરેલી હતી, ઊભો થયો અને બોલ્યો :

અસ્સલામો અલયકૂમ ! અય લાચારોના માટે પનાહ-આશરો. અય મારા આકા ! આ મારી છોકરી છે. કોઈ પુરુષની નજીક પણ ગઈ નથી.

શાદી થઈ નથી. છતાંય સગર્ભા બની ગઈ છે. હું મારી કોમમાં ઝલીલ થઈ ગયો છું. હું એક સરદાર છું. ઈઝ્ઝત, આબરૂ, બહાદુરી વગેરેમાં ઉચ્ચોચ્ચ ગુણોનો માલીક છું. મારૂં નામ ફિલમીસ બિન હઝરીસ છે. હું દુશ્મનો માટે ઝાલિમ સિંહ જેવો છું. હું એટલો મહેમાનનવાઝ છું કે દિવસરાતના મારો ચુલો ઠંડો પડતો નથી. તેની આગ બુઝાતી નથી. મને કોઈ નુકસાન પહોંચાડી શકતું નથી. મારો પડોશી ઇઝ્ઝતથી રહે છે. હું કોઈના ઉપર કદીય ઝુલમ કરતો નથી. છતાંય મારો રોબ, મારી શરાફત-ખાનદાની અને મારી બહાદુરી અરબમાં પ્રખ્યાત છે. હું મારા પુર્વજોની આદતો-ટેવો અને સારા અખ્લાક ઉપર કાયમ છું. અમારૂં કુટુંબ બહાદુરીમાં વિખ્યાત છે. અમારો યુવાન યુદ્ધથી ડરતો નથી.

છતાંય અય આકા ! અલી (અલ.), આ મામલાએ મને હેરાન-પરેશાન કરી દીધો છે. સમાજમાં હું મોં બતાવવાને લાયક રહ્યો નથી. મારી આ મુસીબતને દૂર ફરમાવો. આનાથી મોટી મુસીબત મારા માટે કોઈ છે જ નહીં.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલ.) એ પેલી છોકરી તરફ જોઈ ફરમાવ્યું : અય છોકરી ! તમારા પિતાના આ બધા વર્ણન બાબત તમારે શું કહેવું છે. છોકરીએ ઉત્તરમાં કહ્યું : અય મારા આકા ! મારા પિતાજીએ જે કંઈ વર્ણન કર્યું છે તે બરાબર છે. હું કુંવારી છું પરંતુ મારા બાપનું આમ કહેવું કે હું સગર્ભા છું, અલ્લાહની કસમ ! મેં આ બેવફાઈ કે વિશ્વાસભંગ કદી નથી કર્યો. અય આકા ! મારા બાપને નીચું જોવું પડે, શરમાવું પડે એવું કોઈપણ કૃત્ય મેં કદીયે કર્યું નથી. આપ મારી પરિસ્થિતિને

બેહતર જાણો છો. આપ આ પણ જાણો છો કે હું જુઠું નથી બોલતી.

અય આકા ! આપ રાઝની વાતો, છૂપી વાતોના જાણકાર છો. મારા ગમને દૂર ફરમાવો.

હઝરત મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા, પછી ફરમાવ્યું :

અલ્લાહો અકબર, જાઅલ હક્કો વજહલક બાતીલ ઇન્નલ બાતેલઅ્ કાન ઝહુકા.

હઝરતે ફરમાવ્યું : કૂફાથી દાઈ (નર્સ) બોલાવવામાં આવે. એક સ્ત્રી આવી. જે કૂફાની સ્ત્રીઓમાં પ્રસુતિના કેસોનો નિકાલ કરતી હતી. જેનું નામ લુબ્ના હતું. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : પરદો નાખી દો. જેથી કોઈ જોઈ ન શકે. આ છોકરીને જુઓ જે કુંવારી હોવા છતાં સગર્ભા છે.

દાયાએ અમીરૂલ મોઅમેનીનના હુકમ ઉપર અમલ કરી કહ્યું : હાં, અય અમીરૂલ મોઅમેનીન, આ કુંવારી હોવા સાથે સગર્ભા છે. હઝરતે ફરમાવ્યું : અય કૂફાવાસીઓ, તમારા તે ઈમામો ક્યાં છે ? જેઓ મારા પદસ્થાને બિરાજમાન હોવાના દાવેદાર છે. વળી તે લોકો ક્યાં છે જેઓ એમ સમજે છે કે અમે હક ઉપર છીએ. જરા આ કોયડાને હલ કરો.

ઉમર બિન હરિસે મઝાક કરતાં કહ્યું : અબુતાલિબના પુત્ર, આપના સિવાય આવા કોયડાને કોણ ઉકેલી શકે છે ! પછી બોલ્યો : યા અમીરૂલ મોઅમેનીન, આજે આપની ઈમામત અમારી ઉપર સાબિત થઈ જશે. હઝરતે છોકરીના બાપને ફરમાવ્યું : અય અબુલગઝબ (બહાદુરોના બાપ), શું આપ દમિશ્કના રહેવાસી છો ?

અબુલ ગઝબ : હાં, યા અમીરૂલ મોઅમેનીન.

અમીરૂલ મોઅમેનીન : ઉસ્માદ નામી વસ્તીના રહેવાસી છો ?

અબુલ ગઝબ : બેશક, યા અમીરૂલ મોઅમેનીન.

અમીરૂલ મોઅમેનીન : તમારામાં કોઈ એવી વ્યક્તિ છે જે મુલકે શામથી બરફનો ટૂકડો લઈ આવે ?

અબુલ ગઝબ : યા અમીરૂલ મોઅમેનીન, બરફ અમારા મુલકમાં ઘણી જ આસાનીથી પ્રાપ્ય છે.

અમીરૂલ મોઅમેનીન : તમારો મુલક અહીંથી ૨૫૦ ફરસખ જેટલો દૂર છે. (એક ફરસખ બરાબર ત્રણ માઇલ થાય છે. ૨૫૦૮૩ = ૭૫૦

માઈલ થાય. પરંતુ અત્યારે તો માઈલ વ્યવહારમાં પણ નથી. જુનું માપ છે, માટે ૫ માઈલ = ૮ કિલોમીટર થાય છે. આ હિસાબે લગભગ - ૧૨૦૦ કિલોમીટર જેટલું અંતર સમજો.) જેથી બરફ આટલે દૂર આવી શકે નહિ.

અબુલ ગઝબ : હા, યા અમીરૂલ મોઅમેનીન.

હઝરત અમ્માર રઝિયલ્લાહો તઆલા અન્હો વર્ણવે છે કે તરત હઝરતે પોતાનો હાથ તે ઈલાકા તરફ લંબાવ્યો. આપ કૂફાના મિમ્બર ઉપર બિરાજમાન હતા. જ્યારે હાથને પાછો ખેંચી લીધો તો શામના ઈલાકાનો બરફ આપના હાથમાં હતો. જેમાંથી પાણીના ટીપા ટપકી રહ્યાં હતાં. પછી હઝરતે કૂફાવાસી દાયાને ફરમાવ્યું : આ બરફને લઈ જાવ. અને છોકરીની શર્મગાહની નજીક મૂકી

દો. તરત જ કીડો બહાર નીકળી આવશે. તેનું વજન લગભગ ૪૦૦ ગ્રામ જેટલું હશે.

અમ્માર વર્ણવે છે કે દાયા બરફનો ટુકડો લઈને મસ્જિદની બહાર ચાલી ગઈ, ત્યાંથી એક થાળી લઈ આવી. બરફ થાળીમાં મૂકીને થાળીને તેની ખાસ જગ્યાએ મૂકી દીધી. એક મોટો કીડો બહાર નીકળી પડ્યો. દાયાએ તેનું વજન કર્યું. તેનું વજન એટલું જ હતું જેટલું હઝરતે ફરમાવ્યું હતું.

દાયાએ હઝરતની ખિદમતમાં તે કીડો મૂકી દીધો. પુછ્યું, એનું વજન જોયું ? હાં, અમીરૂલ મોઅમેનીન, વજન એટલું જ થયું છે જેટલું આપે જણાવ્યું હતું. ત્યાર બાદ હઝરત અલી (અલ.) એ આ આયત તિલાવત ફરમાવી :

વઇનકાન મિષકાલ હબ્બતીમ્ મિન ખરદલિન આતયના બેહા વ કફા બેના હાસેબીન.

(સુરે અંબિયા આ. ૪૭ પેજ નં. ૩૪ - ઓયુનુલ મોઅજેઝાત)

હઝરતે અબુલ ગઝબને ઈરશાદ ફરમાવ્યો : અલ્લાહ તઆલાની કસમ ! તમારી દીકરીએ ઝિના નથી કરી, તેને લઈ જાવ. તે એક એવી જગ્યા ઉપર બેસી ગઈ હતી, ત્યાંથી એની અંદર એક કીડો દાખલ થઈ ગયો હતો. તે વખતે તેની ઉમર દસ વર્ષની હતી. આ કીડો અત્યાર સુધી એના પેટમાં ઉછળતો રહ્યો. અહીં સુધી કે હમલ હોય એટલો મોટો થઈ ગયો. છોકરીના બાપનો ચેહરો આનંદથી ખુશખુશાલ થઈ ગયો. તે એમ બોલતાં બોલતાં ઊઠ્યો :

અશહદો અન્નક તઅલમો માફિલઅરહામે વમા ફિઝઝમાએરે

હું ગવાહી આપું છું કે આપ રહમ (પેટ) અને દીલની વાતોને જાણો છો.

## મોઅજિઝા – ૮૩
## મુદરક બિન હનઝલાને ફરીથી જીવતા કર્યા

અબુ જઅફર તમીમ બિન તિમાર રિવાયત કરે છે કે હું અમીરૂલ મોઅમેનીનની સેવામાં કૂફામાં હાજર હતો. ચમકતા સિતારાઓ જેવા હોનહાર-બાહોશ અસહાબ જેઓ અરબના સરદારો હતા, આપને વીંટળાઈને બેઠા હતા. આ દરમ્યાન એક વ્યક્તિ દરવાજામાંથી અંદર દાખલ થયો. તે સુંદર અને કીંમતી પોશાકમાં સજ્જ હતો. પીળા રંગનો કિંમતી અમામો પહેર્યો હતો. બે તલવારો કમર પર લટકતી હતી. તે સલામ કર્યા વગર સવારી પરથી નીચે ઉતર્યો. કોઈની તરફ જોયા વગર આગળ વધ્યો. લોકો તેને આશ્ચર્યચકિત થઈને જોવા લાગ્યા.

હઝરત અમીરૂલ મોઅમેનીને પોતાનો મુબારક ચેહરો ઉઠાવ્યો. જ્યારે લોકો પોતાનું ભાનસાન ગુમાવી બેઠા હતા. હઝરતે ફરમાવ્યું :

મારી તલવાર હજી તો મ્યાનમાંથી બહાર જ પડી છે. પેલો વ્યક્તિ અવાચક બનીને ઊભો રહ્યો. અરબમાં બહાદુરીમાં ખ્યાતનામ કોણ છે ? ઈલ્મો જ્ઞાનમાં કોણ શ્રેષ્ઠ છે ? કોણ છે જેને સાચો સંયમી કહી શકાય ? ખાનએ કાબામાં કોણ પેદા થયો ? ચારિત્ર, અખ્લાક, અને સદગુણોમાં સૌથી શ્રેષ્ઠ કોણ છે. સખાવતમાં મશહુર કોણ છે ? જેના બાલ ઓછા હોય તેવા કોણ છે ? જંગમાં સૌથી મોખરે રહીને મુશ્કેલમાં મુશ્કેલ જગ્યાએ આગળ વધીને હુમલો કરનાર કોણ છે ? દુશ્મનોથી ખુદા માટે બદલો લેનારો કોણ છે ? અબુતાલિબના જિગરનો ટૂકડો, આપનો બહાદુર બેટો, ચોક્કસ નિશાન તાકનાર તીર, સર્વશ્રેષ્ઠ વ્યક્તિ તરીકે સન્માનિત ફરઝંદ કોણ છે ? જેના ઝરીયે મોહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મદદ કરવામાં આવી છે તે કોણ છે ?

બે ઉમરોને કતલ કરનારો અને બે ઉમરોને ગિરફતાર કરનારો કોણ છે ? જે બે ઉમરોને કતલ કર્યા તે અમર બિન અબ્દુલ્લાહ અને અમર બિન અષઅષ ફહઝુમી છે. અને જે બે ઉમરોને ગિરફતાર કર્યા તે અબુ ષોર ઉમર બિન મઅદી કર્બ અને ઉમર બિન સઈદ ગસાની છે. જેઓને બદરની લડાઈના દિવસે ગિરફતાર કર્યા હતા.

અબુ જઅફર તમી કમારનું વર્ણન છે કે હઝરતે ફરમાવ્યું : અય સઈદ બિન કુઝેલ બિન રબીઅ બિન મુદરક બિન સુલયબ બિન અસઅસ બિન અબુ સમઅ બિન રાહિલ બિન કુઝાર બિન ઢીલ બિન... આ સાંભળીને તેણે જવાબ આપ્યો : હાજર છું યા અલી... આપે તો મારી કેટલી પુશ્તોના નામો બોલી નાખ્યાં. ફરમાવ્યું : જે ઇચ્છો તે બાબત પ્રશ્ન કરો : હું છુપાયેલો ખજાનો છું. હું નેકીની સાથે

વણાયેલો છું. બુરાઈ મારી પાસે પણ ફરકી શકતી નથી. હું તે છું કે મુશ્કેલીઓએ મારા કદમ ચૂમ્યા છે. મારા હુકમથી વાદળ પણ વરસે છે. મારી તારીફ કિતાબમાં કરવામાં આવી છે. હું એક એવા ઊંચા પહાડ જેવો છું. જેની મહાનતાને કોઈ આંબી શકતું નથી. હું કાફ વલકુઆર્નીલ મજીદમાં છું. હું નબએ અઝીમ છું. હું સિરાતે મુસ્તકીમ છું. હું મારા સમકાલિનમાં ઈલ્મ અને ફઝીલતમાં ઉચ્ચ છું. હું રક્ષણ છું. હું વહેતો સમંદર છું. હું અલગ રાખવાવાળો છું. (મારા ચાહકોને જહન્નમથી અલગ રાખનારો) હું નબુવ્વત અને તેની શાનોશોકતનો સાથી છું. હું ઈલ્મવાળો છું. હુ હિકમતવાળો છું. હું હિફાઝત કરનારો છું. (મારા દોસ્તોની જહન્નમથી હિફાઝત કરીશ.) હું ઉચ્ચોચ્ચ છું. મારી ફઝીલત દરેક કિતાબમાં બયાન થઈ છે. (તમામ આસમાની

કિતાબો અને સહીફાઓમાં વર્ણવાઈ છે) મારા ઈલ્મની દરેક અકલમંદે ગવાહી આપી છે. હું રસુલુલ્લાહ (સલ.)નો ભાઈ છું. આપની બેટીનો શોહર છું.

આઅરાબીએ વિનંતી કરી “અમને ખબર પડી છે કે આપ મુરદાંઓને જીવતા કરો છો ? અને જીવતાઓને મારી શકો છો. આપ જમીનની અંદર જઈને ત્યાંની મખલુકનો ફેસલો પણ કરો છો. આપને કોઈ રોકનાર રોકી શકતું નથી. આપ મખ્લુકે જિનના ફેંસલા પણ કરો છો. જે અદૃશ્ય મખલુક છે. શું આ બધું સાચું છે ?

હઝરતે ફરમાવ્યું : જે ઇચ્છો તે પૂછી શકો છો. તે વ્યક્તિએ જણાવ્યું : કે હઝરત ! હુ સિત્તેર હાજર વ્યક્તિઓનો એલચી બનીને આપની સેવામાં હાજર થયો છું. જે વસ્તી “અકીમા” ના નામથી

પ્રખ્યાત છે. મારી સાથે એક મુરદું પણ રવાના કરેલ છે. જે વ્યક્તિ ઘણાં સમય પહેલાંથી મરી ચૂકેલ છે. આ વ્યક્તિના મૃત્યુના માટે ઘણો ઝઘડો અને ફસાદ ઊભો થઈ ગયો છે. તો અમે યકીન કરીશું કે આપ સાદિક છો, સાચા છો, આપ ઉચ્ચોચ્ચ ખાનદાની અને વિવેકી તથા સદગુણી છો. વળી અમારી ઉપર આ વાત પણ સ્પષ્ટ થઈ જશે કે "ઈન્નક હુજ્જતુલ્લાહ" છો. આપ જમીન ઉપર હુજ્જતે ખુદા (ઈમામ મિનજાનિ બિલ્લાહ) છો. (મુસલમાનોએ તો પોતાની મરજીથી જેને તેને - કોઈ મોટા ગણાતા આલીમને કે હુકુમતના ચમચાઓને પણ "ઈમામ" નું બિરૂદ આપી દીધું છે. અમારી દૃષ્ટિમાં અંબિયાની નિયુક્તિ જેમ અલ્લાહે કરેલી છે. તે જ રીતે બાર ઈમામની નિયુક્તિ પણ

અલ્લાહે કરેલી છે. પ્રથમ ઈમામ અલી (અલ.) છે. છેલ્લા બારમા ઈમામ મેહદી (અલ.) છે.)

જો આપે આ કાર્ય ન કર્યું તો હું મારી કોમ તરફ પાછો ચાલ્યો જઈશ. પછી તો અમે લોકો એમ જ સમજી લઈશું કે આપ સત્ય તરફ દોરવણી નથી કરતા, વળી એવી વાતોનો દાવો કરો છો, જેના માટે આપ શક્તિમાન નથી.

હઝરતે અબુ જઅફર મયસમે તિમારને ફરમાવ્યું : ઊંટ ઉપર સવાર થઈને કૂફાના બજારો અને મહોલ્લાઓમાં ચક્કર લગાવી એલાન કરી દો કે :

“જે વ્યક્તિ આ દૃશ્ય જોવા માગતો હોય કે પેગંબરે ઈસ્લામ રસુલુલ્લાહ (સલ.) ના ભાઈ, ફાતેમા સલામુલ્લાહ અલયહાના શોહર અને ફાતેમા બિન્તે અસદના ફરઝંદ અલી ઈબ્ને અબી તાલિબ

(અલ.) ને અલ્લાહતઆલાએ શું શું ફઝીલતો આપેલી છે, વળી રસુલુલ્લાહ (સલ.) એ આપને કેવું કેવું ઈલ્મ આપેલું છે, તે વ્યક્તિ આવતી કાલે નજફમાં આવે. જ્યારે જાહેરાત કરીને મયસમ પાછા ફર્યા ત્યારે જનાબ અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : આ આઅ્રાબીને આવતી કાલ સવાર સુધી તમારી પાસે મેહમાન રાખો. અલ્લાહ તમારી રોઝીમાં બરકત આપશે.

અબુ જઅફર મયસમ વર્ણવે છે કે મેં આઅ્રાબીને સાથે લીધો. તે સંદુક પણ મારી સાથે હતી જેમાં મય્યત હતું. હું તેને મારી સાથે મારા ઘેર લઈ ગયો. મારા ઘરવાળાંઓએ તેની સેવાચાકરી કરી.

અમીરૂલ મોઅમેનીને જ્યારે સવારની નમાઝ અદા ફરમાવી તો હું આપની સાથે નજફ

તરફ રવાના થયો. હું જોઈ રહ્યો હતો કે કૂફાની દરેક વ્યક્તિ નજફ તરફ રવાના થઈ રહી હતી. ગરીબો, માલદારો, મજૂરો, કામદારો નજફ તરફ રસ્તો કાપતા એક કતારના રૂપમાં દેખાતા હતા. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : અય અબુ જઅફર, આઅરાબી અને મય્યતને હાજર કરો. આઅરાબી મય્યતની સાથે હોદઝની બાજુમાં ચાલી રહ્યો હતો. બંને હાજર થયા.

હઝરતે ફરમાવ્યું : અય કૂફાવાસીઓ ! અલ્લાહની નેઅમત ઘણી જ કીંમતી છે. અમે જે વાતો અને રહસ્યો તમારી સમક્ષ ખુલ્લાં કરીશું તે રહસ્યો લોકોની સમક્ષ વર્ણવતા રહો. આપે આઅ્રાબીને ફરમાવ્યું : ઊંટને બેસાડી દો. મુરદાને તમે અને તમારા સાથીઓ સંદૂકની બહાર કાઢો.

મયસમ વર્ણવે છે કે તાબુતમાંથી પીળા રંગનું રેશમી કપડું લપેટેલી એક લાશ બહાર કાઢવામાં આવી. જ્યારે આ પીળા રંગના કપડાને ખોલવામાં આવ્યું તો તેની નીચેથી લીલા રંગનું એક બીજું કપડું લપેટેલું દેખાયું. તે પણ રેશમી હતું. જ્યારે આ લીલા રંગના કપડાને પણ ખોલવામાં આવ્યું તો તેની નીચે મોતી જડેલી એક ચાદર દૃષ્ટિમાન થઈ. જે ચાદરમાં એક યુવાન લપેટાયેલો હતો. જેનો ચહેરો ખૂબસુરત હતો. તેના વાળ પણ તેની ખૂબસુરતીમાં ઘણો જ વધારો કરતા હતા. જે એક ખૂબસુરત સ્ત્રીના વાળ જેવા લાગતા હતા.

હઝરત અમીરૂલ મોઅમેનીન (અલ.) એ ફરમાવ્યું : તમારા આ યુવાનને ગુજરી જવાને કેટલો સમય થયો છે ? તેઓમાંથી એકે ઉત્તર

આપ્યો. ચાલીસ દિવસ થયા છે. હઝરતે બીજો પ્રશ્ન કર્યો, તેના મૃત્યુ અંગે શું કારણ બન્યું છે ?

એક આઅ્રાબીએ વિનંતી કરી, હઝરત આ મુદડાના વારસદારો એમ ઇચ્છે કે આપ એને જીવંત કરી દો. જેથી કોણે કતલ કર્યો તે હકીકત સામે આવી જાય. આ યુવાન રાત્રે બિલકુલ સહી સલામત સૂઈ ગયો હતો. સવારમાં મરેલો દૃશ્યમાન થયો.

હઝરતે ફરમાવ્યું : એનો કિસાસ માગનારા કોણ કોણ લોકો છે ? આઅ્રાબીએ વિનંતી કરી. એની કોમના પચાસ માણસો એકબીજા પાસેથી એના કતલનો કિસાસ (ખૂંબહા-બદલો) માગી રહ્યા છે.

અય મોહમંદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબના ભાઈ શંકા-કુંશકાઓ ઉપરથી પરદો ઊઠાવી દો. તરત જ હઝરતે ફરમાવ્યું : એને એના કાકાએ કતલ કર્યો છે કારણ કે તેની છોકરી

આ મરનારની પત્ની હતી. આ રીતે તેણે પોતાની દીકરીને આનાથી છૂટકારો અપાવીને બીજે પરણાવી દીધી છે. એનું ગળુ દબાવીને કતલ કરવામાં આવ્યો છે.

આઅ્રાબીએ વિનંતી કરી : હઝરત બધાંને યકીન થઈ જાય બલકે કતલ થનાર પોતે જ બતાવે કે તેને કોણે કતલ કર્યો છે. આમ કરવાથી આ લોકોની કોમની અંદર અંદરની નફરત અને ખૂનરેજી દૂર થઈ જશે. ફીત્ના ફસાદ પણ ઓછો થઈ જશે.

હઝરત અલી (અલ.) એ અલ્લાહતઆલાની હમ્દ વસના બયાન ફરમાવી અને રસૂલલ્લાહ (સલ.) પર દુરૂદ મોકલ્યું : હઝરતે ફરમાવ્યું : યા અહલલ કૂફા મા બકરતો બની ઈસરાઈલ બેઅજલ્લે

મિન અલીય્યીન અખી રસૂલીલ્લાહે ઝુરીબ બઅઝુહલ મય્યતે ફઆશ.

અય કૂફાવાસીઓ બની ઇસરાઈલની ગાય મારાથી શ્રેષ્ઠ નથી. જે ગાયના શરીરના એક ટૂકડાને મુરદા સાથે લગાવાથી તે સજીવન થઈ જતું હતું.

વ ઈન્ની અઝરહેબુહુ બેબઅઝી લિઅન્ન બઅઝી ઈન્દલ્લાહ ખયરૂમ મિનલ બકરતે.

હું મારા શરીરના એક ભાગને મુરદા સાથે લગાવી દઈશ. મારા શરીરનો એક ભાગ ગાયથી અફઝલ છે.

“સુમ્મ હઝ્ઝ બેરીજલેહી” પછી હઝરતે તે મુરદા સાથે પગની ઠોકર લગાવી ફરમાવ્યું : કુમ બેઇઝનીલ્લાહે યા મુદરીક ઈબ્ને હન્ઝલા, ઉઠ અય મુદરીક ઈબ્ને હન્ઝલા બિન અનાન બિન બુહૈર બિન

કહર બિન સલામત તય્યબ બિન અશઅસ બિન હૌસ બિન વાહેલા બિન ઉમર બિન ફઝલ બિન હુબાબ. અલીએ અલ્લાહના હુકમથી તને જીવંત કર્યો છે.

અબુ જાફર મીસમ કહે છે કે તે ખૂબસૂરત નવજવાન આમ કહેતો કહેતો ઉભો થયો. “યા મુહયેયલ એઝામે વ હુજ્જતલ્લાહે ફીલ અનામ” અય હડ્ડીયોને જીવતી કરવાવાળા અને અય અલ્લાહની હુજ્જત હું હાજર છું.

અમીરૂલ મોમેનીન (અલ.)એ ફરમાવ્યું : અય નવજવાન ! તને કોણે કતલ કર્યો છે ? નવજવાને કહ્યું : મને હુરૈસ બિન ઝમ્આ બિન શકાલ બિન રહમે કતલ કર્યો છે. હજરતે નવજવાનને ફરમાવ્યું : તુ તારી કૌમ પાસે જવા માંગે છે ? નવજવાને કહ્યું : મારે મારી કૌમની તરફ

જવાની જરૂરત નથી. હઝરતે ફરમાવ્યું : શા માટે ? તુ કોમ પાસે જવા માગતો નથી ? નવજવાને કહ્યું : મને ભય છે કે મને બીજી વખત કતલ કરવામાં આવે. કદાચ આપ બીજી વખત હાજર ન હો કે મને બીજી વખત જીવતો કરો. નવયુવાન આઅ્રાબી તરફ જોઈને કહેવા લાગ્યો, તમે તમારા સગાંવહાલાં તરફ ચાલ્યા જાઓ. આ સહાબીએ પેલા નવજવાનને કહ્યું : હું તો તમારી સાથે રહીશ. પછી કહ્યું : અલ્લાહતઆલા તે વ્યક્તિ ઉપર લઅનત કરે જેના ઉપર હક જાહેર થઈ જાય છતાંય તેના ઉપર પરદો નાંખવાની કોશીશ કરે, હકને ન સ્વીકારે તે આઅ્રાબી અને પેલો નવયુવાન બને અમીરૂલ મોઅમેનીનની સેવામાં રહ્યા, અહીં સુધી કે જંગે સિફફીનમાં મઆવીયા વિરુદ્ધ લડતાં લડતાં શહીદ થઈ ગયા.

કૂફાવાસીઓ પોતપોતાના ઘરોમાં ચાલ્યા ગયા. આ ઘટના અને અજીબો ગરીબ (આશ્ચર્યજનક) મોઅજિઝાને જોઈ. તેમાંના અમૂક તો શકમાં પડી ગયા. તેઓમાં વાદવિવાદ પેદા થઈ ગયો. હઝરતના વિષયમાં જાતજાતની વાતો ફેલાવવા લાગ્યા.

## મોઅજિઝા – ૮૪

## હઝરતનું ઊંટ પાસે ફેંસલો કરાવવું

પ્રખ્યાત અને બુઝુર્ગ સહાબી જનાબે અમ્માર યાસિરથી રિવાયત છે કે હું હઝરત અમીરૂલ મોઅમેનીનની ખિદમતમાં હાજર થયો. ત્યાં તો અચાનક કૂફાની જામા મસ્જિદમાં એક અવાજ સંભળાઈ. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : અય અમ્માર ! મારી તલવાર લાવો જે જિંદગીઓને

ખતમ કરી નાખે છે. હું ઝૂલ્ફીકાર હઝરતની સેવામાં લઈ આવ્યો. ફરમાવ્યું : અય અમ્માર ! બહાર જઈને તે માણસને સ્ત્રી ઉપર ઝુલમ કરવાથી મના કરો. જો તે રોકાઈ ગયો તો ઠીક છે નહીં તો હું પોતે તેને તલવારથી સીધો કરી દઈશ. અમ્માર વર્ણવે છે કે હું બહાર નીકળ્યો તો જોઉં છું કે એક પુરુષ અને એક સ્ત્રી ઊંટની મહાર (લગામ) પકડીને ઝઘડી રહ્યાં છે. ખેંચાખેંચી કરી રહ્યાં છે. પુરુષ કહે છે કે ઊંટ મારું છે. સ્ત્રી કહે છે કે ઊંટ મારું છે.

મેં પેલા પુરુષને કહ્યું : અમીરૂલ મોઅમેનીન ફરમાવે છે કે આ સ્ત્રી ઉપર ઝુલમ ન કર. તેણે કહ્યું : હવે અલી આવી વાતોમાં રોકાયેલા રહેશે, જેમણે મુસલમાનોને બસરાની લડાઈમાં કતલ કર્યા હતા. એમણે આવી વાતોથી અલગ રહેવું જોઈએ. મારૂં ઊંટ છીનવી લઈને આ જુઠ્ઠીને આપી દેવા માગે છે !

અમ્માર જણાવે છે કે મેં પરત આવીને આકાને સમાચાર પહોંચાડ્યા કે પેલો પુરૂષ તો બહેકેલું બોલે છે. અમીરૂલ મોઅમેનીન બહાર તશરીફ લાવ્યા. આપનો ચહેરો મુબારક ગુસ્સામાં લાલચોળ થઈ ગયો હતો. આપે ઊંચા અવાજથી ફરમાવ્યું : આ સ્ત્રીના ઊંટને છોડી દે. તે કહેવા લાગ્યો કે આ ઊંટ મારૂં છે.

આપે ફરમાવ્યું : અય લઈન ! તું જુઠ્ઠો છે. તે બોલ્યો, અય અલી ! આ વાતની શું સાબિતી છે કે આ ઊંટ તે સ્ત્રીનો છે ? હઝરતે ફરમાવ્યું : હું એવી ગવાહી અને સાબિતી આપીશ કે તેને કૂફાનો કોઈપણ વ્યક્તિ રદ કરી શકશે નહિ. તેણે કહ્યું : જો કોઈ સાચા વ્યક્તિએ ગવાહી આપી દીધી તો હું આ ઊંટ આ સ્ત્રીને સોંપી દઈશ. પેલો શેતાન એમ સમજતો હતો કે અમે બંને તો બહારના ગામડીયાં

છીએ અને ફૂફાનું તો કોઈપણ અમને ઓળખતું નથી.

હઝરતે ફરમાવ્યું : અય ઊંટ ! તારો માલીક કોણ છે ? ઊંટ સ્પષ્ટ અરબી ઝબાનમાં બોલ્યો. અય અમીરૂલ મોઅમેનીન ! અય સૈયેદુલ વસીય્યીન ! હું આ સ્ત્રીના માલીકીપણામાં દસ વર્ષથી છું. આપે તે સ્ત્રીને ફરમાવ્યું : પોતાના ઊંટનો કબજો લઈ લે.

## મોઅજિઝા – ૮૫

## હઝરતનું શેતાનના પરપૌત્રને કતલ કરવું

પ્રખ્યાત બુઝૂર્ગ સહાબી હુઝૈફા બિન યમાનની રિવાયત છે, કહે છે કે હું પેગંબરે ઈસ્લામ (સલ.)ની સેવામાં હાજર હતો, અચાનક એક ઘણી જ મોટી અવાજ સંભળાઈ. રસુલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું : જુઓ તમારા ઉપર કઈ મુસીબત નાઝીલ થઈ છે. અમે મદીનાની બહાર ગયા. શું જોઈએ છીએ કે ચાલીસ માણસો ચાલીસ ઊંટો ઉપર સવાર છે. દરેક માણસે મોતીઓની ચાદર ઓઢેલી

છે. દરેકના માથા ઉપર કીંમતી જવાહીરથી મઢેલ કપડું નાખેલું છે.

તેમની આગળ આગળ ચાંદના ટૂકડા જેવા નવયુવાનો અવાજ આપતા દેખાય રહ્યા છે. ખબરદાર ! ખબરદાર ! ડરો, ડરો. હઝરત મોહંમદ (સલ.)ની તરફ જેઓ અલ્લાહના મોકલેલા રસૂલ છે. હુઝૈફા વર્ણવે છે કે હું પેગંબર ઈસ્લામની સેવામાં પરત આવ્યો. અને આપને વાકેફ કર્યા. આપ (સલ.) એ ફરમાવ્યું :

મારી તકલીફ દૂર કરનારા, મારા મદદગાર, અરબોને હાર આપનાર, શર્મો હયાની તસ્વીર, મોટા આલીમ, સબર કરવાવાળા, જેમનું નામ તવેરત, ઝબૂર અને ઈન્ઝિલમાં લખાયેલું છે તેમની પાસે જાઓ.

હુઝૈફા કહે છે કે હું જલ્દી જલ્દી મારા આકા જનાબ અલી (અલ.)ના હુજરા મુબારકમાં હાજર થયો, હઝરતે મને ફરમાવ્યું : અય હુઝૈફા ! તમે મને તે કોમના વિષયમાં પરિચય આપવા આવ્યા છો જેમને હું તેમના જન્મ થયાના સમયથી જાણું છું. હઝરત ત્યાં તશરીફ લાવ્યા. હું આપની પાછળ પાછળ ચાલતો હતો. આપ મસ્જિદમાં દાખલ થયા. તે લોકો રસુલુલ્લાહ (સલ.) ને વિંટળાઈને બેઠા હતા. આપને જોયા તો તઅઝીમ માટે ઊભા થયા. આપ (સલ.) એ ફરમાવ્યું : પોતપોતાની જગ્યાએ બેસી જાઓ.

તેઓમાંથી એક નવયુવાન ઊભો થયો અને કહ્યું : તમારામાં તે કોણ છે જે અંધારું છવાઈ જતાં ઈબાદતે ખુદા માટે ઊભો થઈ જાય છે. તમારામાં તે કોણ છે જે મૂર્તિપૂજાથી તદ્દન પવિત્ર રહ્યો છે.

અલ્લાહતઆલાએ જ્યારે તેને પોતાનો વલી બનાવ્યો હતો ત્યારે તેણે અલ્લાહનો શુક્ર અદા કર્યો હતો. સ્ત્રીઓની રક્ષા કરનાર, તેમની ઇઝ્ઝત અને માનમર્યાદાનો રક્ષક કોણ છે ? તલવારો અને ભાલાઓના ઝંકાર જેવા રણમેદાનમાં સબ્ર કરવાવાળો કોણ છે ? બહાદુરો, શૂરાઓને કતલ કરનારો, મજબૂત કિલ્લાઓ ફતેહ કરનારો કોણ છે?

તમામ જિન્નો અને ઈન્સાનોના ઈમામ, મોહંમદ (સલ.) ના ભાઈ કોણ છે. જંગે સિફ્ફીનમાં ઝાલીમોને વીણીવીણીને મોતના ઘાટ ઉતારનાર, સાચા રસૂલની ઝબાનથી બોલનારા આપના વસી કોણ છે ? અબુતાલિબના ફરઝંદ ઝાલિમોના દુશ્મન કોણ છે ?

જ્યારે પેલા નવયુવાનોએ આ બધા પ્રશ્નો અને જનાબે અલી (અલ.)ની તારીફમાં ઉપરોક્ત

વાક્યો બોલી નાખ્યાં તો આપ (સલ.) એ ફરમાવ્યું : અય અલી ! જવાબ આપો, અને તેની હાજત પુરી કરો.

અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.) એ ફરમાવ્યું : "અય નવજવાન તે હું છું મારી નજીક આવી જાઓ. હું તમારી જરૂરત પૂર્ણ કરીશ. બોલ, તારી શું જરૂરત છે ? તારી ઇચ્છાને એવી રીતે પૂર્ણ કરીશ કે લોકો જાણી લે કે હું જ નજાતની કશતી છું. હું જ મુસા (અલ.) નો અસા છું. કલિમએ કુબરામાં છું. બિનાએ અઝીમમાં છું. જેમાં લોકો ઈખ્તિલાફ કરે છે. વળી સિરાતે મુસ્તકીમ હું છું. જો કોઈ વાતથી ઈન્કાર કરે તો તે દોઝખમાં પડશે."

પેલા નવયુવાને વિનંતી કરી. યા અમીરૂલ મોઅમેનીન ! મારી સાથે મારો ભાઈ છે. જે

શિકારનો ઘણો જ શોખીન હતો. એક દિવસ શિકાર કરવા માટે બહાર ગયો હતો. તેણે જંગલી ગાયોની એક ટોળીનો પીછો કર્યો. જેમાં દસ ગાયો હતી. તેમાંની એક ગાયને તીર મારીને ફેંકી દીધી. ત્યારથી તેના શરીરનો અડધો ભાગ લકવાગ્રસ્ત નકામો થઈ ગયો છે. તે ગુંગો થઈ ગયો છે. બોલી શકતો નથી. ઈશારાથી વાતચીત કરે છે.

પેલા નવયુવાને પોતાની વાતચીત આગળ ચલાવતાં જણાવ્યું : અય મદીનાવાસીઓ ! અમને ખબર પહોંચી છે કે તમારા સાથી (રસુલુલ્લાહ) મારા ભાઈની આ તકલીફને દૂર કરી શકે છે. મારૂં નામ મોહતાજ બિન હલાહલ બિન અબુ ગઝબ બિન સઅદ બિન મફનઅ બિન અમલાક બિન જાહિલ બિન સઅબ છે. અમે લોકો કોમેઆદની નસલથી છીએ. મૂર્તપૂજા કરીએ છીએ. જુગાર પણ રમીએ

છીએ. અય અલી ! તમારા ભાઈ અને સાથીએ મારા ભાઈને તંદુરસ્ત કરી દીધો તો અમે એમના ઉપર ઈમાન લઈ આવીશું. અમારી સંખ્યા નવ હજાર છે. અમે લોકો બેહતરીન યોદ્ધા છીએ. બહાદુર - હિંમતવાન છીએ. અમારી પાસે મોતીઓ અને હીરા જવાહિરની ખાણો પણ છે. અમારી પાસે સોના, ચાંદી, ઘોડા, ઊંટો અને રેશમ વગેરે સારા પ્રમાણમાં છે. અમારી પાસે લાંબા ભાલાઓ અને ઊમદા સવારીઓ છે. અમે લડાઈમાં અગ્રીમ હરોળમાં રહેનારા અને ધમાસાણ લડાઈ લડનારા છીએ. અમારા હાથોની શક્તિ અપાર છે.

અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : અય નવયુવાન ! તમારો ભાઈ ક્યાં છે. ઉત્તર મળ્યો. ઊંટના હૌદજમાં પડ્યો છે. જનાબ અલી (અલ.) એ

ફરમાવ્યું : તેને મારી પાસે લાવો. હું તેનું દુ:ખ દૂર કરી દઈશ.

આ દરમ્યાન એક વૃદ્ધ સ્ત્રી હોદઝમાં ઊંટ સવાર થઈને ત્યાં આવી પહોંચી. તે સ્ત્રીએ હોદઝને મસ્જિદના દરવાજાની સામે ઊતારી દીધો. નવયુવાને કહ્યું : યા અલી ! મારો ભાઈ આવી ગયો છે. અમીરૂલ મોઅમેનીન ઊભા થયા. ઊંટના હોદઝ પાસે મસ્જિદના દરવાજે આવ્યા. જોયું તો તેમાં એક ખૂબસુરત નવજવાન છે. જ્યારે હઝરતે તેને જોયો તો તે નવયુવાન રડી પડ્યો. પછી ધીમી અવાજથી વિનંતી કરવા લાગ્યો, અય મદીનાવાળાઓ ! તમે અમારી ફરિયાદ સાંભળનારા છો, અમારો સહારો છો. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : આજે રાતે જન્નતુલ બકીઅમાં આવી જજો. તો ત્યાં અલીથી

નવાઈ પમાડે એવી (અજીબો ગરીબ) વાતો જોશો અને સાંભળશો.

હુઝયફાનું વર્ણન છે કે લોકો અસરથી લઈને રાત સુધી જન્નતુલ બકીઅમાં એકત્ર થતા રહ્યા. પછી અમીરૂલ મોઅમેનીન બકીઅમાં તશરીફ લાવ્યા. ફરમાવ્યું : મારી સાથે ચાલ્યા આવો. લોકો હઝરતની સાથે ચાલતા રહ્યા. આ દરમ્યાન બે આગ અલગ અલગ દેખાવા લાગી. એક આગ થોડી હતી. બીજી આગ વધારે પ્રમાણમાં હતી. હઝરત થોડી આગની અંદર ચાલતા રહ્યા.

હુઝયફા વર્ણવે છે કે અમે એ જ આગમાંથી વીજળીના કડાકા જેવી અવાજો સાંભળતા હતા. હઝરતે થોડી આગમાંથી અંગારા લઈ મોટી આગની ઉપર ફેંક્યા. પછી આપ મોટી આગમાં દાખલ થઈ ગયા. અમે લોકો દૂરથી બંને આગોની તરફ જોતા

રહ્યા. અહીં સુધી કે સવાર થવા આવી. હઝરત આગમાંથી બહાર તશરીફ લાવ્યા. જો કે અમે લોકો તો દૂરથી આગના અંગારા જોઈને હઝરતની જિંદગીથી માયુસ થઈ ચૂક્યા હતા. આપ બહાર આવ્યા તો આપના હાથમાં એક માથું હતું. જે ચારે તરફથી એક વેંત જેટલું હતું. આ માથા ઉપર ફક્ત એક જ આંખ હતી. હઝરત તે માથાને લઈને ઊંટની હોદઝ તરફ તશરીફ લાવ્યા. જેમાં પેલો નવયુવાન હાજર હતો. આપે આવતાંની સાથે જ ફરમાવ્યું : અય નવયુવાન ! ઊભા થઈ જાઓ. હવે તમારે ભય રાખવાની કોઈ જરૂર નથી. નવયુવાન ઊભો થઈ ગયો. તેના બંને હાથ-પગ સહીસલામત થઈ ગયા હતા. નવયુવાન હઝરતના પગમાં પડી ગયો અને આપના પગ મુબારકને ચૂમવા લાગ્યો. તેની સાથે જેટલા પણ લોકો હતા બધા જ ઈમાન લઈ આવ્યા.

આ દૃશ્યો જોઈને લોકો એટલા બધા આશ્ચર્યચકિત થઈ ગયા હતા કે વાત સુદ્ધાં કરી શકતા ન હતા.

પછી અમીરૂલ મોઅમેનીને લોકોની તરફ દૃષ્ટિ કરી ફરમાવ્યું : અય લોકો ! આ માથું અમરૂ બિન અખીલ બિન અકલીસ બિન ઈબ્લીસનું હતું. તેણે બાર જિન્નાતોના ટોળા સાથે નવયુવાનને આ રીતે બીમાર કરી નાખી - મુસીબતના શીકંજામાં જકડી લીધો હતો. મેં તે ખબીસ જિન્નાતને તે નામના ઝરીયાથી કતલ કર્યો છે જે નામ હઝરત મુસા (અલ.)ના અસા ઉપર કોતરેલું હતું. જે અસાને હઝરત મુસાએ સમંદરમાં મારીને ૧૨ રસ્તા બનાવી દીધા હતા. હવે આ બધા જ જિન્નો મરી ચૂક્યા છે. અય લોકો, હવે તમે અલ્લાહતઆલાની, તેના પેગંબર હઝરત મોહંમદ (સલ.)ની અને તેમના

વસી અલીની રસ્સીને બરાબર મજબૂતીથી પકડી રાખો.

## મોઅજિઝા – ૮૬

## એક આશ્ચર્યજનક કિસ્સો મઆવીયાની મૂછોના બાલ તોડી નાખ્યા

આ ઘટના જુદી જુદી રીતે વર્ણવાઈ છે. કીતાબ ઓયુનુલ મોઅજેઝાત પેજ નં. ૫૦ ઉપરથી

અત્રે પ્રસ્તુત છે. આ સિવાય પણ મોઅજિઝાતની બીજી અનેક કિતાબોમાં પણ આ ઘટના વર્ણવાઈ છે.

એક જમાત અમીરૂલ મોઅમેનીનની ખિદમતમાં હાજર હતી. મોમીનોમાંથી કેટલાકે આપને વિનંતી કરી કે યા અમીરૂલ મોઅમેનીન, મઆવીયાની નાલાયકીઓ અને બદમાશીઓથી લોકો ત્રાસી ગયા છે. યા અમીરૂલ મોઅમેનીન, અલ્લાહતઆલાએ આપને રૂહાની અને જિસ્માની બંને પ્રકારની શક્તિથી ખૂબ ખૂબ નવાજ્યા છે. મઆવીયા બહેકી ગયો છે. આપ લશ્કર લઈને મઆવીયાની તરફ કૂચ કરો. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : અલ્લાહે મને મુનાફેકીન, નાકેસીન, કાસેતીન અને મારેકીનથી જંગ કરવાનો હુકમ આપેલો છે. પરંતુ અલ્લાહે આ બાબતનો પણ એક સમય નિયુક્ત કર્યો છે. જે સમયગાળામાં આ કાર્ય

થઈને જ રહેશે. અલ્લાહતઆલાની કસમ ! જો હું ઇચ્છું તો મારા આ હાથો દૂર સુદૂર મુલકે શામ સુધી લંબાવીને મઆવીયાની છાતી ઉપર વાર કરૂં. તેની મુછોના વાળ ઉખેડી શકું છું. આમ કહીને અમીરૂલ મોઅમેનીને હાથ આગળ લંબાવ્યા, પછી પાછા ખેંચ્યા તો આપના હાથોમાં ઘણાબધા વાળ હતા. મજલિસમાં લોકો હઝરતના હાથમાંથી વાળ જોવા ઊભા થઈ ગયા. હઝરતની આ વાત ઉપર આશ્ચર્ય કરવા લાગ્યા.

ઘણા સમય પછી ખબર પડી કે જે દિવસે જનાબ અમીરૂલ મોઅમેનીને મઆવીયાની તરફ હાથ લંબાવ્યા હતા તે જ દિવસે મઆવીયા તખત પરથી પડી ગયો હતો. વળી બેહોશ પણ થઈ ગયો. જ્યારે મઆવીયા ભાનમાં આવ્યો ત્યારે તેણે પોતાની દાઢી અને મુંછોના કેટલાક વાળ તૂટેલા

જોયા. શું થયું ? કેમ થયું ? વગેરે પૂછવા પર મઆવીયાએ દરબારીઓને કંઈ પણ ઉત્તર ન આપ્યો.

આ તરફ લોકોએ ખૂબ આશ્ચર્ય વ્યક્ત કર્યું. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું : આ વાત ઉપર તઅજ્જુબ ન કરો કારણ કે જનાબ આસિફ બિન બરખીયા વસી હતા. વળી તેઓ પાસે કિતાબનું કેટલુંક ઈલ્મ હતું. જેમ કે કુઆર્ન કહે છે. (આ ઘટનાને કુઆર્ને વિસ્તારથી વર્ણવેલી છે) આસિફ બિન બરખીયાએ હઝરત સુલયમાન (અલ.) ની આંખ પલકારો મારે તે પહેલાં મલિકા બિલકીસના તખ્તને સબા શહેરથી બયતુલ મુકદ્દસ મંગાવી લીધું હતું. જો કે કુઆર્નના વર્ણાનુસાર જનાબ આસીફ બિન બરખીયા પાસે કુઆર્નનું ઘણું થોડું ઈલ્મ હતું.

અલ્લાહતઆલા ફરમાવે છે કે “વમન ઈન્દહુ ઈલ્મુન મિનલ કિતાબ.”

તે વ્યક્તિ જેની પાસે તમામ કિતાબનું ઈલ્મ છે. કુલ કફા બિલ્લાહે શહીદમ બયની વબયનકૂમ વમન ઈન્દહુ ઈલ્મુલ કિતાબ

(સુરએ રઅદ આયાત નં. ૪૩)

આ આયતથી અલ્લાહતઆલાની મુરાદ હઝરત અલી (અલ.) વસીએ હઝરત મોહંમદ (સલ.) છે. અમીરૂલ મોઅમેનીને ફરમાવ્યું :

ખુદાની કસમ ! જો મને ન્યાયાસન પર બેસાડી દેવામાં આવે તો હું તવરેતવાળાઓને તવરેતના હુકમાનુસાર, ઈન્જિલવાળાઓને ઈન્જિલના હુકમાનુસાર અને કુઆર્નવાળાઓને કુઆર્નના હુકમાનુસાર ફતવો આપું. તે ફતવો અલ્લાહતઆલાના હુકમ પ્રમાણેનો હશે.

હઝરતે ઉપરોક્ત ફરમાન ઘણી વખત અલગ અલગ જગ્યાએ ફરમાવેલ છે. આપના ઉપરોક્ત કલામને શીયા - સુન્ની બંને જમાતોએ વર્ણવેલ છે.

## મોઅજિઝા – ૮૭

## સયરફીના ચહેરાનું ખરાબ થઈ જવું

પ્રખ્યાત સહાબી જાબીર બિન અબ્દુલ્લાહથી રિવાયત છે કે મારો એક પુત્ર ઘણી ખરાબ બીમારીમાં પટકાઈ પડ્યો હતો. મેં પેંગબરે ઇસ્લામ (સલ.)ની સેવામાં વિનંતી કરી. તેના માટે દુઆની

ફરમાઇશ કરી. રસુલુલ્લાહ (સલ.) એ ફરમાવ્યું : અલીને કહો, અલી મારાથી છે અને હું અલીથી છું. તમારું કામ બની જશે. જાબીર કહે છે કે અલીના માટે મારા હ્દયમાં થોડોક શક પેદા થયો, છતાં પેગંબર (સલ.)ના હુકમ ઉપર અમલ કરવા માટે હું હઝરત અલીની તલાશમાં નીકળ્યો. તહકીક કરતાં મને જાણ થઈ કે આપ (હઝરત અલી અલ.) કબ્રસ્તાનમાં તશરીફ લઈ ગયા છે. હું કબ્રસ્તાન ગયો. આપની સેવામાં હાજર થયો. આપ નમાઝ પઢી રહ્યા હતા. જ્યારે આપ નમાઝથી પરવાર્યા તો મેં સલામ કરી, પછી પેગંબરે ઈસ્લામ (સલ.) ની સાથે જે વાત થઈ હતી તે વર્ણવી.

હઝરતે ફરમાવ્યું : હા. આ વાત બરાબર છે. પછી આપ ઊભા રહ્યા અને ખજૂરની પાસે આવ્યા. ખજૂર ત્યાં હાજર હતી. આપે ફરમાવ્યું :

અય ખજૂરો, હું કોણ છું ? જાબીર (રઝિ.) વર્ણવે છે કે જેવી રીતે સગર્ભા સ્ત્રીઓ પ્રસવ વેદના વખતે જે રીતે કરાહત કરે  છે તેવી અવાજો ખજૂરોમાંથી આવવા લાગી, જે મેં પોતે સાંભળી. ખજૂરો કહી રહી હતી, આપ અમીરૂલ મોઅમેનીન છો, રબ્બુલ આલમીનના - રસૂલના વસી છો. આપ આયતે કુબરા છો અને આપ હુજ્જતે કુબરા છો, આમ કહીને ખજૂરો ખામોશ થઈ ગઈ.

હઝરત મારા તરફ જોઈને ફરમાવવા લાગ્યા : અય જાબિર ! હવે તમારા દીલનો શક દૂર થઈ ગયો છે, તમારું મન પણ સાફ થઈ ગયું છે, આપ ખજૂરથી જે કંઈ સાંભળી ચૂક્યા છો તેટલું પુરતું છે, પરંતુ જે કઈ તમે ખજૂરથી સાંભળ્યું છે તેને ઓછી અક્કલના-બેવકૂફ લોકોથી છુપાવી રાખશો.

આ જ સહાબી જાબીર (રઝિ.)થી રિવાયત છે, તેઓ હઝરત અમ્માર યાસીર (રઝિ.)થી રિવાયત કરે છે, અલ્લાહતઆલા આપના દરજ્જાઓને વધારે, હું મારા આકા અમીરૂલ મોઅમેનીનની ખિદમતમાં હાજર હતો. એક માણસ હઝરતની સેવામાં હાજર થયો. વિનંતી કરવા લાગ્યો : આપ જ અમારા માટે પનાહ લેવાની જગ્યા છો, આપ જ અમારી ફરિયાદ સાંભળનારા છો. મારી તે મુસીબત દૂર કરો જે મુસીબતે મને બીમાર અને દુ:ખી દુ:ખી કરી દીધો છે.

હઝરતે ફરમાવ્યું : શું બાબત છે ? તેણે કહ્યું: યા અલી ! દોલબ સયરફી નામના માણસે મારી પત્નીને છીનવી લીધી છે. હઝરત હું આપથી મહબ્બત રાખનારો - આપનો શીયા છું. આપે તરત જ હુકમ આપ્યો. તે ફાસિક અને ફાજિરને (ખુલ્લા

ગુનેહગાર ઝાલિમને) મારી સમક્ષ હાજર કરવામાં આવે. જાબીર કહે છે કે હું તેને બોલાવવા માટે બહાર નીકળ્યો. તે ઝાલિમ બજારમાં પોતાની દોસ્તદાર ટોળી સાથે વાતો કરતો હતો. તે બજારનું નામ સૂક બની હાઝિર હતું. મેં તેની પાસે જઈને કહ્યું : તને અમીરૂલ મોઅમેનીન બોલાવે છે. તે આવ્યો, જાહિલ જેવો હતો. આવતાં જ બોલ્યો : છૂપી વાતોનો જાણકાર કોણ છે ?

આ ફાસિકને જ્યારે ઈમામ અલી ઈબ્ને અબીતાલિબ (અલ.)ની સમક્ષ હાજર કરવામાં ત્યારે ઈમામના હાથમાં લાકડી હતી.

આપે ફરમાવ્યું : અય લઅનતીના બેટા લઅનતી, શું તને ખબર નથી કે હું આંખોની ખિયાનત (ચોરી) અને દીલની છૂપી વાતોને પણ જાણું છું. હું અલ્લાહની જમીન ઉપર તેના બંદાઓ

ઉપર હુજ્જતે ખુદા છું. તું મોમીનની હુરમત અને ઇઝ્ઝત ઉપર હાથ નાખે છે. શું મારી તરત જ મળનારી અને અલ્લાહની ધીરેથી આવનારી સજાથી બચી જઈશ ?

અય અમ્માર ! તેના કપડાં ઊતારો, અમ્માર કહે છે કે મેં મારા આકાના હુકમ ઉપર અમલ કર્યો. હઝરત તેની તરફ આગળ વધ્યા, પછી ફરમાવ્યું : કસમ છે તે ખુદાની જેણે દાણાને ચીરીને તેમાંથી નવી કુંપણ (છોડ) ઊગાડી. જેણે નિર્જીવમાં જાન બખ્શી. હું મોમીનને જરૂર ન્યાય અપાવીશ. પછી પોતાની લાકડીને તેની હડપચીની નીચે મૂકી ફરમાવ્યું : મસખ થઈ જા - બદલાઈ જા-ખરાબ થઈ જા. ખુદા તારી ઉપર લઅનત કરે.

અમ્માર યાસીર (રઝિ.) વર્ણવે છે કે પેલાની શકલ (ચહેરો) કછુવા જેવો થઈ ગયો.

હઝરતે તેને ફરમાવ્યું : જા, હવે વસ્તીમાં લોકો તારાથી નફરત કરશે. જંગલ-બયાબાનમાં ભટકતો રહેજે. ચાલીસ દિવસ પછી તને એક ઘુંટ પાણી મળશે. પછી હઝરતે આ આયતની તીલાવત ફરમાવી :

**વલકદ અલિમ તોમુલ્લઝીનઅ્તદવ મિન્કુમ ફીસ્સબતે ફકુલ્ના લહુમકૂન્ કિરદતન ખાસેઇન ફજઅલ્નાહા નકાલલ લેમા બય્ન યદહા વ મા ખલ્ફહા વ મવએઝતલ લીલ્મુત્તકીન**

સૂ. બકરહ આ-૬૫-૬૬

અને તમારામાંથી જેઓ સખ્ત (શનિવારના દિવસે શિકાર ન કરવાના હુકમનું ઉલ્લંઘન કરવા) માં હદ બહાર ગયા. (તેમની શી વલે થઈ) તે તમે

ખચીત જ જાણી ચુક્યા છો. આથી અમોએ તેમને કહ્યું કે તમે હડધૂત થતા વાંદરા બની જાઓ.

પછી અમોએ આ (બનાવ)ને તેમના સાથીઓ તથા (તેમની) પાછળ આવનારાઓ માટે ધડારૂપ, અને પરહેઝગારો માટે બોધપાઠ બનાવ્યો."

નોંધ :- આ વ્યક્તિ જેની શકલ કછૂઆ-કાચબા જેવી ફેરવાઈ ગઈ તે વ્યક્તિ અતિ ઘમંડી હતો. પોતાને ખુદાએ જે ખૂબસુરતી આપી હતી તેનો ગલત ઉપયોગ કરી ભોળીભાળી મોમીન સ્ત્રીઓને ગૂમરાહ કરી ઉપાડી જતો, પછી છોડી દેતો કે ન છોડતો. બેવકૂફ પ્રકારની સ્ત્રીઓ રૂપને મોહી પડે છે. આ જે મોમીન હઝરતની પાસે રડતો રડતો ફરિયાદ કરતો હતો તેની પત્નીને પણ આ જ રીતે પટાવી-ફોસલાવીનો ઉપાડી ગયો હતો. એકાદ-બે ગુના સુધી તો ઘણી વખત અલ્લાહ પણ બંદાને

સુધરવાનો-તોબા કરવાનો મોકો આપે છે. એકદમ ઝડપથી પકડ નથી કરતો. કે ગફુરૂર્રહીમ છે. પરંતુ જ્યારે બંદો ગુના ઉપર અડી જાય, વારંવાર આવા કબીરા ગુનાહો કરી નિર્દોષ અને ગરીબ પ્રકારના મોમીનોને સતાવે-તકલીફ આપે ત્યારે તેની સજા તો આવી જ હોઈ શકે.

**સમાપ્ત**

જો મને અલ્લાહે સમય અને શક્તિ આપ્યાં, તો હું અમીરુલ મોઅમેનીનના બીજા અનેક મોઅજિઝાઓ જે અત્રે બાકી રહી ગયા છે. તેમની શોધખોળ કરી સંકલિત કરીશ.

**ઇન્શાઅલ્લાહ**